# જૈન ગૂર્જર કવિઓ

## ભાગ-૫

સંગ્રાહક અને સંપ્રયોજક
મોહનલાલ દલીચંદ દેશાઈ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન ગૂર્જર કવિઓ

## ભાગ ૫

[વિક્રમ અઢારમા શતકના ગુજરાતી ભાષાના જૈન કવિઓની
તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચી : ખંડ બીજો]

સંગ્રાહક અને સંપ્રયોજક
**મોહનલાલ દલીચંદ દેશાઈ**

સંશોધિત સંવર્ધિત બીજી આવૃત્તિના
સંપાદક
**જયંત કોઠારી**

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
**મુંબઈ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*Jain Gurjar Kavio Vol. V*
Descreptive catalogue of Jain poets and their works in Gujarati Language of V. S. 18th century : Part II
ed. Mohanlal Dalichand Desai, revised by Jayant Kothari
1988, Mahavira Jaina Vidyalaya, Bombay

બીજી સંશોધિત આવૃત્તિ મે ૧૯૮૮
નકલ ૫૦૦
122239
**કિંમત : રૂ. ૯૦**

આવરણ : શૈલેશ મોદી

વિક્રેતાઓ
આર. આર. શેઠની કંપની
૧૧૦-૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ, મુંબઈ ૪૦૦ ૦૦૨
ગાંધી માર્ગ, ફુવારા પાસે, અમદાવાદ ૩૮૦ ૦૦૧
નવભારત સાહિત્ય મંદિર
૫૩૧, કાલબાદેવી રોડ, ધોબી તલાવ, મુંબઈ ૪૦૦ ૦૦૨
ગાંધી માર્ગ, પતાસાપોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧
ગૂર્જર સાહિત્ય ભવન
ગાંધી માર્ગ, રતનપોળનાકા સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧
ગ્રંથાગાર
મ્યુનિસિપલ માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯

પ્રકાશક
સેવંતીલાલ કેશવલાલ શાહ, શાંતિલાલ ટોકરશી શાહ
હિંમતલાલ શાંતિલાલ ગાંધી
મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઑગસ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૩૬

મુદ્રક
ભીખાભાઈ એસ. પટેલ
ભગવતી મુદ્રણાલય, ૧૯, અજય એસ્ટેટ, દૂધેશ્વર રોડ, અમદાવાદ ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સાંકેતિક અક્ષરોની સમજ

[આ પૂર્વેના ભાગોમાં અપાયેલી સાંકેતિક અક્ષરોની શુદ્ધિવૃદ્ધિ રૂપે અહીં કેટલીક સામગ્રી આપવાનું પ્રાપ્ત થાય છે. અહીં પણ સાંકેતિક અક્ષરો જેને માટે પ્રયોજાયા ન હોય એવી નવી આધારસામગ્રીનો નિર્દેશ કર્યો છે. [ ]માં મૂકવામાં આવેલી સઘળી સામગ્રી બીજી આવૃત્તિના સંપાદક તરફથી મૂકવામાં આવી છે.]

## ક. આધારસામગ્રી અને તેના સાંકેતિક અક્ષરો

| | |
|---|---|
| — | અલવર રાજ્યની લાયબ્રેરી (પીટર્સન કેટલૉગ) [જુઓ પી.] |
| આ.કે.ર. | ? |
| ઉ.ખાં.ભં.ઝીં. | [ઉમેદ ખાંતિ જૈન જ્ઞાન ભંડાર, જુઓ ઝીં.] |
| — | કન્હૈયા લહિયા પાસે, અમદાવાદ |
| — | કસ્તુરસાગરજી ભં., ભાવનગર |
| — | છોટાલાલ વાડીલાલ, અમદાવાદ |
| જ. | ? |
| — | જૈન આત્માનંદ સભા, ભાવનગર [જુઓ આત્માનંદ સભા, ભાવનગર] |
| જૈ.વિ. અમ. | જૈન વિદ્યાશાળા જ્ઞાન ભંડાર [દોશીવાડાની પોળ] અમદાવાદ [જુઓ જૈ.વિ.શા.જ્ઞા.ભં. અમદાવાદ] |
| — | જૈન શાળા, વિજાપુર |
| — | જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ [મુંબઈ] |
| — | જૂનો સંઘ ભંડાર, પાટણ ફોફલિયાવાડો [જુઓ સંઘ ભંડાર, ફોફલિયાવાડ, પાટણ] |
| ડા.ત્રિ. પ્રશસ્તિસંગ્રહ | ડા. ત્રિભુવનદાસ લહેરચંદ [સંપાદિત] પ્રશસ્તિસંગ્રહ |
| — | પંડિત લાલચંદની નોંધ |
| પ્ર.વિ. અમદાવાદ | ? |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| બોટાદ. | [બોટાદ જૈન પાઠશાળા? જુઓ નીચે] |
| — | બોટાદ જૈન પાઠશાળા |
| ભુવનભક્તિ. | ? |
| લા.ભં. રાધનપુર<br>લા.વિ.ભં. રાધનપુર | ? |
| — | વડા ચૌટા ઉપાશ્રય, મોહનવિજય સંગ્રહ, સુરત |
| વર્ધમાન. | [જ્ઞાનભંડાર વર્ધમાન ભંડારસ્થ વિકાનેર હોવા સંભવ] |
| વિ.ની. અમદાવાદ | એટલે વી.ઉ.ભં. અમદાવાદ |
| — | વીકાનેર જ્ઞાનભંડાર [જ્ઞાનભંડાર વર્ધમાન ભંડારસ્થ વિકાનેર કે બિકાનેર બૃહદ્ જ્ઞાનભંડાર?] |
| — | શા જકાભાઈ ધરમચંદ, પતાશાની પોળ, અમદાવાદ |
| — | સંઘનો જૂનો ભંડાર, પાટણ [જુઓ જૂનો સંઘ ભંડાર, પાટણ ફોફલિયાવાડો] |
| — | હિંદી સાહિત્યનો સને ૧૯૦૧ની ખોજનો રિપોર્ટ |
| — | હોશિયારપુર ભં. |

## ખ. અન્ય સાંકેતિક અક્ષરો

| | | | |
|---|---|---|---|
| ચ.ક. | ચરણકમલ | ઠા. | ઠાકર |
| ચે. | ચેલા, ચેલા | સે. | સેવક |

## મહત્ત્વની શુદ્ધિવૃદ્ધિ

| પૃ./પં. | શુદ્ધિ |
| --- | --- |
| ૫૫/૧ | ૫૯૨ |
| ૧૦૦/૨૩ | **ભુવનભાનુ** |
| ૧૩૭/૨૬ | ૧૭૫૪ |

### વૃદ્ધિ

૧૧૪/૧૮ પછી ઉમેરો : હંસરત્ન સઝાય (પ્રકાશિત : જૈનયુગ પુ.૫ પૃ. ૪૦૩–૦૪)

૧૮૫/૬ 'જૈહાપ્રોસ્ટા' પછી ઉમેરો : – દીપવિજયને નામે

૨૨૧/૧૧ કૌંસમાં ઉમેરો : જૈહાપ્રોસ્ટા,

૨૩૦/૧૪ ઉમેરો : [જૈહાપ્રોસ્ટા.]

૩૧૦/૨૪ 'દિવાલી' પહેલાં ઉમેરો : ર.સં.૧૭૮૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા

[મુખ્ય સામગ્રી અને પૂર્તિમાં કોઈ કવિ સકારણ બેવડાય છે તે ઉપરાંત મુખ્ય સામગ્રીમાં પણ સરતચૂકથી કોઈ કવિ બેવડાયેલ છે. આવાં કર્તાનામો પૂર્વે ફૂદડી કરેલ છે. ક્રમાંક તો બન્ને સાથે એક જ રાખેલ છે. પૂર્તિનાં આવાં કેટલાંક કર્તાનામો ભા.૪માં પણ ગયેલ છે.]


| | | | | | |
|---|---|---|---|---|---|
| સાંકેતિક અક્ષરોની સમજ | | 3 | ૧૦૦૮. | નયનશેખર | ૧૯ |
| મહત્ત્વની શુદ્ધિવૃદ્ધિ | | 4 | ૧૦૦૯. | કેશવદાસ–કુશલસાગર | ૨૧ |
| અનુક્રમણિકા | | 5 | ૧૦૧૦. | યશોલાભ | ૨૪ |
| ૯૯૦. | શાંતિદાસ | ૧ | ૧૦૧૧. | અજિતચંદ | ૨૬ |
| ૯૯૧. | ખેતો | ૧ | ૧૦૧૨. | જ્ઞાનકીર્તિ | ૨૬ |
| ૯૯૨. | વિનીતવિજય | ૨ | ૧૦૧૩. | અભયકુશલ વા. | ૨૭ |
| ૯૯૩. | કનકવિજય | ૩ | ૧૦૧૪. | કનકવિલાસ | ૨૯ |
| ૯૯૪. | સમયમાણિક્ય | ૩ | ૧૦૧૫. | રત્નરાજ ઉપા. | ૩૦ |
| ૯૯૫. | રત્નવર્ધન | ૩ | ૧૦૧૬. | અજ્ઞાત | ૩૧ |
| ૯૯૬. | સકલકીર્તિશિષ્ય | ૫ | ૧૦૧૭. | મેઘવિજય | ૩૧ |
| ૯૯૭. | ચંદ્રવિજય | ૫ | ૧૦૧૮. | સુમતિવિજય | ૩૨ |
| ૯૯૮. | લાવણ્યચંદ્ર | ૭ | ૧૦૧૯. | દીપસૌભાગ્ય | ૩૩ |
| ૯૯૯. | પદ્મનિધાન | ૮ | ૧૦૨૦. | આનંદસૂરિ | ૩૭ |
| ૧૦૦૦. | નિત્યવિજય | ૯ | ૧૦૨૧. | હરખચંદ સાધુ | ૩૭ |
| ૧૦૦૧. | ચંદ્રવિજય | ૧૦ | ૧૦૨૨. | લક્ષ્મીરત્ન | ૩૭ |
| ૧૦૦૨. | તેજપાલ | ૧૦ | ૧૦૨૩. | તિલકચંદ | ૩૮ |
| ૧૦૦૩. | દીપવિજય–દીપ્તિવિજય | ૧૨ | ૧૦૨૪. | પ્રાગજી | ૩૯ |
| ૧૦૦૪. | જ્ઞાનધર્મ | ૧૬ | ૧૦૨૫. | અમરવિજય | ૩૯ |
| ૧૦૦૫. | રુચિરવિમલ | ૧૬ | ૧૦૨૬. | મુનિવિમલ | ૩૯ |
| ૧૦૦૬. | આણંદરુચિ | ૧૭ | ૧૦૨૭. | જીવરાજ | ૪૦ |
| ૧૦૦૭. | દયાતિલક | ૧૮ | ૧૦૨૮. | કીર્તિસાગરસૂરિશિષ્ય | ૪૦ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૨૯. માણિક્યવિજય ૪૧
૧૦૩૦. સૌભાગ્યવિજય ૪૩
૧૦૩૧. *જિનચંદ્રસૂરિ ૪૪
૧૦૩૨. જિતવિમલ ૪૫
૧૦૩૩. નયવિજય ૪૫
૧૦૩૪. ખેમ ૪૫
૧૦૩૫. માનજી મુનિ ૪૭
૧૦૩૬. અમરચંદ ૪૯
૧૦૩૭. કાંતિવિજય ૫૦
૧૦૩૮. કાંતિવિજય ૫૨
૧૦૩૯. અમૃતસાગર ૫૪
૧૦૪૦. શીલવિજય ૫૫
૧૦૪૧. યશોવર્ધન ૫૮
૧૦૪૨. કાહાનજીગણિ ૬૦
૧૦૪૩. ઋષભસાગર ૬૧
૧૦૪૪. કુશલલાભ વાચક ૬૩
૧૦૪૫. અમરસાગર ૬૬
૧૦૪૬. ખેતલ–ખેતાક ૬૮
૧૦૪૭. સુખલાભ ૭૦
૧૦૪૮. મણિવિજય ૭૦
૧૦૪૯. ચંદ્રવિજય ૭૧
૧૦૫૦. તિલકવિજય ૭૨
૧૦૫૧. વિનીતવિમલ ૭૩
૧૦૫૨. વછરાજ ૭૫
૧૦૫૩. *શ્રીદેવ ૭૫
૧૦૫૪. *ઉદયરત્ન ૭૬
૧૦૫૫. વિમલવિજય ૧૧૪
૧૦૫૬. હિમ્મત ૧૧૫
૧૦૫૭. નેમવિજય ૧૧૬
૧૦૫૮. જિનલબ્ધિ ૧૨૫
૧૦૫૯. બાલ ૧૨૫
૧૦૬૦. વિનયચંદ્ર ૧૨૬
૧૦૬૧. પ્રીતિસાગર ૧૩૨
૧૦૬૨. ઋદ્ધિવિજય વા. ૧૩૩
૧૦૬૩. કેસરવિમલ ૧૩૪
૧૦૬૪. મોહનવિજય ૧૩૭
૧૦૬૫. હંસરત્ન ૧૫૭
૧૦૬૬. ગોડીદાસ ૧૫૮
૧૦૬૭. દેવકુશલ ૧૬૨
૧૦૬૮. દાનવિજય ૧૬૨
૧૦૬૯. ભાવરત્ન–ભાવપ્રભસૂરિ ૧૬૫
૧૦૭૦. *(બ્રહ્મ) જ્ઞાનસાગર ૧૭૯
૧૦૭૧. કીર્તિસુંદર–કાન્હજી ૧૮૨
૧૦૭૨. *દીપચંદ ૧૮૪
૧૦૭૩. જશવંતસાગર ૧૮૮
૧૦૭૪. પદ્મો ૧૮૮
૧૦૭૫. મોહનવિમલ ૧૯૦
૧૦૭૬. લક્ષ્મણ ૧૯૧
૧૦૭૭. જ્ઞાનસાગર વાચક ૧૯૨
૧૦૭૮. કુશલવિનય ૧૯૪
૧૦૭૯. માવજી ૧૯૪
૧૦૮૦. લક્ષ્મીવિનય ૧૯૫
૧૦૮૧. કેશરકુશલ ૧૯૬
૧૦૮૨. લાધા શાહ ૧૯૮
૧૦૮૩. રામવિજય વા. ૨૦૨
૧૦૮૪. *દેવવિજય વા. ૨૦૮
૧૦૮૫. ખેમચંદ ૨૧૦
૧૦૮૬. લાવણ્યવિજયગણિ ૨૧૦
૧૦૮૭. લબ્ધિવિજય વા. ૨૧૧
૧૦૮૮. વિવેકવિજય ૨૧૨
૧૦૮૯. જગન–જગનાથ ૨૧૪
૧૦૯૦. અમર–અમરવિજયગણિ ૨૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૯૧. ગંગ મુનિ–ગાંગજી ૨૧૭
૯૮૮. *સુખસાગર ૨૨૦
૧૦૯૨. વિજયજિનેંદ્રસૂરિશિષ્ય ૨૨૧
૧૦૯૩. કર્મસિંહ ૨૨૧
૧૦૯૪. રામવિમલ ૨૨૨
૧૦૯૫. પ્રેમવિજય ૨૨૪
૧૦૯૬. જિનસુંદરસૂરિ ૨૨૪
૧૦૯૭. જિનસુખસૂરિ ૨૨૭
૧૦૯૮. ઝાંઝણયતિ ૨૨૯
૧૦૯૯. દુર્ગદાસ–દુર્ગાદાસ ૨૨૯
૧૧૦૦. સમર્થ ૨૩૦
૧૧૦૧. ઉદયચંદયતિ ૨૩૦
૧૧૦૨. નેમિદાસ શ્રાવક ૨૩૧
૧૧૦૩. દેવચંદ્રગણિ ૨૩૨
૧૧૦૪. પદ્મચંદ્રશિષ્ય ૨૫૭
૧૧૦૫. તેજસિંહ ૨૫૭
૧૧૦૬. કીર્તિવિજય ૨૫૮
૧૧૦૭. ભાગવિજય ૨૫૮
૧૧૦૮. વરસિંહ ૨૫૯
૧૧૦૯. ન્યાયસાગર ૨૫૯
૧૧૧૦. કાન્તિવિમલ ૨૬૪
૧૧૧૧. કીસન વા.–કૃષ્ણદાસ મુનિ ૨૬૬
૧૧૧૨. સભાચંદ ૨૬૬
૧૧૧૩. ઉદયસિંહ ૨૬૭
૧૧૧૪. પ્રીતિવર્ધન ૨૬૭
૧૧૧૫. જીવસાગર ૨૬૭
૧૧૧૬. જિનોદયસૂરિ ૨૬૯
૧૧૧૭. કાંતિવિજયગણિ ૨૭૦
૧૧૧૮. સુખસાગર ૨૭૬
૧૧૧૯. હીરાનંદ ૨૭૮
૧૧૨૦. લબ્ધિસાગર ૨૭૮
૧૧૨૧. જીવવિજય ૨૭૮
૧૧૨૨. ચતુર ૨૮૦
૧૧૨૩. રામવિજય ૨૮૧
૧૧૨૪. ગંગવિજય ૨૮૪
૧૧૨૫. *ઋષભદાસ ૨૮૭
૧૧૨૬. રાજસુંદર ૨૮૮
૧૧૨૭. ચતુરસાગર ૨૮૮
૧૧૨૮. નેમચંદ ૨૯૦
૧૧૨૯. લાલરત્ન ૨૯૦
૧૧૩૦. વલ્લભકુશલ ૨૯૨
૧૧૩૧. કેસર ૨૯૩
૧૧૩૨. નિત્યલાભ ૨૯૪
૧૧૩૩. રંગવિલાસગણિ ૨૯૮
૧૧૩૪. દેવવિજય ૩૦૦
૧૧૩૫. પ્રેમચંદ ૩૦૨
૧૧૩૬. ગજવિજય ૩૦૨
૧૧૩૭. જિનવિજય ૩૦૪
૧૧૩૮. વિમલસોમસૂરિ ૩૦૯
૧૧૩૯. લક્ષ્મીવિમલ–વિબુધવિમલસૂરિ ૩૦૯
૧૧૪૦. જ્ઞાનવિજય ૩૧૦
૧૧૪૧. જિનેંદ્રસાગર ૩૧૧
૧૧૪૨. પુણ્યવિલાસ ૩૧૪
૧૧૪૩. જિનસોમ ૩૧૬
૧૧૪૪. વિદ્યાસાગરસૂરિ ૩૧૬
૧૧૪૫. રત્નવિમલ ૩૧૬
૧૧૪૬. વિબુધવિજય ૩૧૭
૧૧૪૭. દીપચંદ ૩૧૯
૧૧૪૮. ખીમ મુનિ ૩૧૯
૧૧૪૯. અજ્ઞાત ૩૧૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧૫૦. | હર્ષનિધાનસૂરિ | ૩૨૦ | ૧૧૭૩. | શાંતિવિજય | ૩૫૬ |
| ૧૧૫૧. | તિલકસૂરિ | ૩૨૦ | ૧૧૭૪. | પુણ્યરત્ન | ૩૫૭ |
| ૧૧૫૨. | કુશલ | ૩૨૨ | ૧૧૭૫. | રાયચંદ | ૩૫૯ |
| ૧૧૫૩. | પૂર્ણપ્રભ | ૩૨૩ | ૧૧૭૬. | ખુશાલ | ૩૬૦ |
| ૧૧૫૪. | જ્ઞાનસાગર–ઉદયસાગરસૂરિ | ૩૨૯ | ૧૧૭૭. | નિહાલચંદ્ર | ૩૬૦ |
| | | | ૧૧૭૮. | ભોજસાગર | ૩૬૨ |
| ૧૧૫૫. | કલ્યાણસાગરસૂરિશિષ્ય | ૩૩૭ | ૧૧૭૯. | વીરચંદ | ૩૬૩ |
| ૧૧૫૬. | જયસૌભાગ્ય | ૩૩૭ | ૧૧૮૦. | મોતી માલુ | ૩૬૪ |
| ૧૧૫૭. | શાંતસૌભાગ્ય | ૩૩૭ | ૧૧૮૧. | લાલચંદ્ર | ૩૬૪ |
| ૧૧૫૮. | સિંહ | ૩૩૮ | ૧૧૮૨. | લક્ષ્મીવિજય | ૩૬૪ |
| ૧૧૫૯. | માણેકવિજય | ૩૩૮ | ૧૧૮૩. | દયામાણિક્ય | ૩૬૫ |
| ૧૧૬૦. | લાવણ્યવિજય | ૩૩૮ | ૧૧૮૪. | વેણીરામ | ૩૬૬ |
| ૧૧૬૧. | વિનયકુશલ | ૩૩૯ | ૧૧૮૫. | પદ્મ | ૩૬૭ |
| ૧૧૬૨. | રામવિજય–રૂપચંદ | ૩૩૯ | ૧૧૮૬. | સત્યસાગર | ૩૬૯ |
| ૧૧૬૩. | ત્રિલોકસિંહ | ૩૪૧ | ૧૧૮૭. | બુધવિજય | ૩૭૦ |
| ૧૧૬૪. | રઘુપતિગણિ–રૂપવલ્લભ | ૩૪૨ | ૧૧૮૮. | ભાનુવિજય | ૩૭૧ |
| ૧૧૬૫. | રાજવિજય | ૩૪૭ | ૧૧૮૯. | ઉદયસાગરસૂરિ | ૩૭૧ |
| ૧૧૬૬. | સુંદર | ૩૪૯ | ૧૧૯૦. | હર્ષચંદ્ર | ૩૭૨ |
| ૧૧૬૭. | જિનવિજય | ૩૪૯ | ૧૧૯૧. | ક્ષમાપ્રમોદ | ૩૭૨ |
| ૧૧૬૮. | નયરંગ | ૩૫૪ | ૧૧૯૨. | કૃપાવિજય | ૩૭૨ |
| ૧૧૬૯. | સુંદરજીગણિ | ૩૫૫ | ૧૧૯૩. | સુખવિજય | ૩૭૩ |
| ૧૧૭૦. | સિદ્ધિવિલાસ | ૩૫૫ | ૧૧૯૪. | સુબુદ્ધિવિજય | ૩૭૩ |
| ૧૧૭૧. | મહિમાવર્દ્ધન | ૩૫૫ | ૧૧૯૫. | વસ્તા (મુનિ) | ૩૭૪ |
| ૧૧૭૨. | ગુણવિલાસ પા.–ગોકુલચંદ | ૩૫૫ | ૧૧૯૬. | જ્ઞાનસાગર | ૩૭૪ |
| | | | ૧૧૯૭. | અજ્ઞાત (ગદ્યકૃતિઓ) | ૩૭૪ |


## પૂર્તિ


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૩૬. | *આનંદઘન | ૩૯૬ | ૧૧૯૯. | પદ્મચંદ્રમુનિ | ૪૦૧ |
| ૮૪૧. | *જ્ઞાનસાગર | ૩૯૭ | ૧૨૦૦. | હીરાણંદ | ૪૦૧ |
| ૮૫૫. | *જિનહર્ષ | ૩૯૮ | ૯૧૬. | *ધર્મસિંહ | ૪૦૨ |
| ૧૧૯૮. | જીવણ | ૪૦૦ | ૯૪૭. | *માનવિજયગણિ | ૪૦૩ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૫૫. *દાનવિજય ૪૦૩

૯૬૧. *જ્ઞાનવિમલસૂરિ–નયવિમલ ૪૦૪

૧૨૦૧. અજ્ઞાત ૪૦૬

૯૭૨. *જિનરંગસૂરિ ૪૦૬

૧૦૩૧. *જિનચંદ્રસૂરિ ૪૦૭

૧૨૦૨. અજ્ઞાત ૪૦૭

૧૦૫૩. *શ્રીદેવ ૪૦૮

૧૦૫૪. *ઉદયરત્ન ૪૧૧

૧૦૭૦. *(બ્રહ્મ) જ્ઞાનસાગર–જ્ઞાનસમુદ્ર ૪૧૩

૧૦૭૨. *દીપચંદ ૪૧૪

૧૨૦૩. લાભકુશલ ૪૧૫

૧૦૮૪. *દેવવિજય ૪૧૬

૧૨૦૪. સિંહવિમલ ૪૧૬

૧૨૦૫. અજ્ઞાત ૪૧૭

૧૧૨૫. *ઋષભદાસ ૪૧૭

૧૨૦૬. જિનભક્તિસૂરિ ૪૧૯

૧૨૦૭. જયસાગર ૪૧૯

૧૨૦૮. હેમસાર ૪૨૦

૧૨૦૯. રામચંદ્ર ચૌધરી ૪૨૦

૧૨૧૦. પર્વત ધર્માર્થી ૪૨૧

૧૨૧૧. ઋદ્ધિહર્ષ ૪૨૧

૧૨૧૨. લબ્ધિ ૪૨૧

૧૨૧૩. માણિક્ય ૪૨૨

૧૨૧૪. કાનો ૪૨૨

૧૨૧૫. અજ્ઞાત ૪૨૩

૧૨૧૬. અજ્ઞાત ૪૨૩

૧૨૧૭. અજ્ઞાત ૪૨૪

૧૨૧૮. અજ્ઞાત ૪૨૪

૧૨૧૯. અજ્ઞાત ૪૨૫

૧૨૨૦. અજ્ઞાત ૪૨૫

૧૨૨૧. અજ્ઞાત ૪૨૬

૧૨૨૨. અજ્ઞાત ૪૨૬

૧૨૨૩. અજ્ઞાત ૪૨૭

૧૨૨૪. અજ્ઞાત ૪૨૭

૧૨૨૫. અજ્ઞાત ૪૨૭

૧૨૨૬. અજ્ઞાત ૪૨૮

૧૨૨૭. અજ્ઞાત (ગદ્યકૃતિઓ) ૪૨૯

૧૨૨૮. અજ્ઞાત (ગદ્યકૃતિઓ) ૪૩૩


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન ગૂર્જર કવિઓ

ભાગ ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વિક્રમ અઢારમી સદી

### ૯૯૦. શાંતિદાસ (શ્રાવક)

**(૩૪૮૪) ગૌતમસ્વામી રાસ** ૬૫ કડી ર.સં.૧૭૩૨ આસો સુદ ૧૦

**આદિ** – સરસવચનદાયક **સરસતી**, અમૃતવચન મુખથી વરસતી,
સહગુરૂ કેરૂં કીને ધ્યાંન, અલવે આલે બુદ્ધિનિધાન. ૧
તીર્થંકર ચોવીસે તણા, એકમનાં ગુણ ગાઉં ઘણા,
વિહરમાન વંદું જિન વીસ, સિદ્ધ અનંતા નામું સીસ. ૨
સુમતિ ગુપતિ પાલે મન સુદ્ધ, નમું સાધ જસ નિર્મલ બુદ્ધિ,
મુઝ મતિસારૂ કરૂં અભ્યાસ, કહસ્યું **ગૌતમ**સ્વામીનો રાસ. ૩

**અંત** – સંવત **સતર બત્રીસે** લહું, આસો સુદિન દસમી કહું,
કર જોડી કહે **સાંતિદાસ, ગૌતમ** રીષી આપો સુખવાસ. ૬

(૧) સં.૧૭૩૨, લીં.ભં. (૨) સંવત ૧૮૫૨ વર્ષે દ્વિતીય ભાદ્રવ સુદિ ૮ દિને લિખિતં જતિ **માણકવિજે સૂરતબિંદર** મધ્યે સુદ્ધ દષ્ટે ભ. શ્રી હિરવિજય સૂરિસ્વરજી પ્રસાદાત્ એનમ **સાહજી દેવીચંદ** વાચનાર્થં. પ.સં.૪–૧૨, જૈ.એ.ઇ.ભં. નં.૧૧૩૩. (૩) સંવત ૧૯૩૬ના ફાગુણ સુદી ૮ દને શ્રી **વડાવલી** નયરે શ્રી મહાવીરસ્વામીપ્રસાદાત્ લખીતં. મુની પ્રેમવીજેજી ભક્તિવિજેયજી પડનાર્થં મુનીરાજ **ગૌતમસાગરજી**. પ.સં.૪–૧૪, પ્ર.કા.ભં. નં.૯૪૭. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૯૦–૯૧.]

### ૯૯૧. એતો (લોં. દામોદરશિ.)

**(૩૪૮૫) ધન્નાનો રાસ** ર.સં.૧૭૩૨ વૈ. વેરાટ(મેવાડ)માં

**આદિ** – પ્રથમ નમું પ્રભૂ **પાસ**જિણ પોહવિ માહિ પ્રસિદ્ધ,
ઇંદ્ર **પદમાવતિ** પુરવેં નામેં કરે નવનિધિ. ૧
સાર વચન દેં **સરસતિ**, તું મોટી છે માય,
તે પ્રસન હોયે થકે, કવિરાયાં કહિવાય.
ગુરૂ ગિરૂવા ગુણઆગલા, ગુરૂ વિણુ ઘોર અંધાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાઠનાવ જિમ જાણિએ સુગુરૂ ઉતારે પાર. ૩
**ધનો** ઇણિ ધરણિ હુઓ, પુન્યવંત પુરૂષ પ્રધાન,
પુરવ પુન્યથી પામિયે પગપગ પ્રગટનિધાન. ૪
કવિજન ગુણ એહના કહો સાંભલતાં સુખદાય,
**શાલિભદ્ર**ની સાંભલો પ્રગટ પોહવિ માંહિં. ૫

**અંત** – રાગ ધન્યાસરિ.
ધન **ધનો** રષિરાયા, જિણ આઠ કર્મ ખપાયા,

*

શ્રી પુજ **દામોદર** દીપતા રે, પોહવિ માંહિ પ્રસિદ્ધ,
લાયક **લુંકે** ગછ સહિ રે ગછનાયક રે જસ જગ માંહિ. ધ. ૭
તાસ સેવક સુપ્રસાદસુ રે, **ધના** તણા ગુણ ગાય,
**ખેત** કવિ ખાંતે કહે રે સુણો શ્રાવક રે તુમે ચિત્ત લાય. ધ. ૮
**મેદપાટ**મેં જાણીયે રે વાંકો ગઢ **વેરાટ**,
વિષમા ડુંગર વાંકડા રે વિષમા છે રે સહિ ઉઘટઘાટ. ધ. ૯
સંવત **૧૭ બતીસમેં** કિધા વેસાખ માસ,
ચતુર તણા મન રિઝીયે, સાંભલતાં રે સહિ પોહચેં આસ. ધ. ૧૦
એ ચોપઈ ચોપ સું રે સાંભલતાં સુખદાય,
ધનલખમી હોવે ઘણી રે ઘણી લછી રે આવે ઘર માંહે. ધ. ૧૧
જાણ જાણી આણુસી રે, રાગા સુટલ કરિ ટાલ,
પુન્યવંત શ્રાવક સાંભલે રે, કહે સાધજી રે દયાપ્રતિપાલ. ધ. ૧૨
મોહણવેલી ચોપઇ, ચઢી ચતુરાને હાથ,
મિઠી મિશ્રી સારખી રે મિલે ખીરખાંડનો સાથ. ધ. ૧૩

(૧) સં.૧૮૨૦ ભાદરવા સુદ ૧૧ વા. શુકર લિ. રષિ દિપા. રામપરા મધે. પ.સં.૧૨–૧૫, આગ્રા ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૮૬–૮૭, ભા.૩ પૃ.૧૨૮૨. ભા.૩માં આ કવિને નામે ર.સં.૧૭૪૫ની ‘અનાથી મુનિની ઢાળો’ નોંધાયેલી તે વસ્તુતઃ નાગોરી તપગચ્છના ખેમ (જુઓ હવે પછી સં.૧૭૪૫ના ક્રમમાં)ની કૃતિ છે.]

## ૯૯૨. વિનીતવિજય (ત. મુનિવિજય–દર્શનવિજય–પ્રીતિવિજયશિ.)

**(૩૪૮૬) ૧૨૪ અતિચારમય શ્રી મહાવીર સ્ત.** ૧૨૫ કડી ર.સં.૧૭૩૨ આસો સુદ ૧૩

**અંત** – **તપગચ્છ**ગયણ-દિવાકરૂ એ, શ્રી **હીરવિજય** સૂરિરાય, શ્રી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેહના રાજિમાં દીપતા એ શ્રી **મુનિવિજય** ઉવઝાય. ૧૨૧ શ્રી.
તસ ચરણાંબુજ સેવતા એ કોવિદ માંહિં પ્રધાન, શ્રી.
શ્રી **દર્શનવિજય** પ્રભુ સમરતાં એ પામીઈ નવહિ નિધાન. ૧૨૨ શ્રી.
તાસ સીસ બહુ ગુણનિલો એ જ્ઞાન તણો ભંડાર, શ્રી.
વિબુધ શ્રી **પ્રીતિવિજય** ગુરૂ એ સેવકનિં સુષકાર. ૧૨૩ શ્રી.
**ભેદ સંયમ** તણા ચિત ધરો એ **દંત** મિત સંવત સાર, શ્રી.
આસો સુદિ દિન તેરસિં એ તવન કર્યું જયકાર. ૧૨૪ શ્રી.

કલસ

શ્રી **વીર**જિનવર ભવિકસુખકર કામિતપૂરણ સુરતરૂ,
**તપ**ગચ્છનાયક સુમતિદાયક શ્રી **વિજયાણંદ** સૂરીસરૂ,
તસ પાટિ સોહઇ ત્રિજગ મોહઇ શ્રી **વિજયરાજ**સૂરિ ગણધરૂ,
પંડિત શ્રી **પ્રીતિવિજય** વિનયી **વિનીતવિજય** મંગલકરૂ. ૧૨૫

(૧) ચેનસાગરજી ભં. ઉદયપુર.
[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૯૩.]

## ૯૯૩. કનકવિજય (વૃદ્ધિવિજયશિ.)

**(૩૪૮૭) રત્નાકર પંચવિંશતિ સ્તવ ભાવાર્થ** ર.સં.૧૭૩૨ શાહપુરમાં

(૧) સુશ્રાવિકા **પુંજી** પઠનાર્થં લિ. **સાહિપુરે સં.૧૭૩૨** માઘ સિત દશમ્યાં ગણિ કનકવિજયેન લિ. પ.સં.૬, જશા.સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૩૦. લહિયા તે જ ભાવાર્થના કર્તા પણ ગણ્યા છે. તો રચનામિતિ માઘ સુદ ૧૩ પણ સંભવિત ગણાય.]

## ૯૯૪. સમયમાણિક્ય (ખ. સાગરચંદ્રશાખા મતિરત્નશિ.)

**(૩૪૮૮) મત્સ્યોદર ચોપાઈ** ર.સં.૧૭૩૨ નાગોર

(૧) સં.૧૭૩૪ લિ. પ.સં.૨૫, છત્તાબાઈ ઉપાશ્રય, વિકાનેર.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૭૯.]

## ૯૯૫. રત્નવર્ધન (ખ. જિનભદ્રસૂરિશાખા શિવનિધાન–મતિસિંહ–રત્નજયશિ.)

**(૩૪૮૯) ઋષભદત્ત ચોપાઈ** ર.સં.૧૭૩૩ વિજયદશમી મંગલવાર સંખાવતીમાં

**આદિ**– **વામાનંદન** પરગડો, તેવીસમો જિનરાજ,
**પારસનાથ** પરસાદથી, ફલઈ વંછિત કાજ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સરસતિ**માત સુપસાવલે, લહીયે નિરમલ વાણિ,
મૂરખથી પંડિત કરઇ, કેતા કરૂં વખાણ. ૨
વિનય કરી ગુરૂ સેવીયે, વંદૂ બે કર જોડિ,
આલસ અંગ ન આણીયે, આપઈ વિદ્યા કોડિ. ૩
દાન સીયલ તપ ભાવના, જિણવર ભાખ્યા ચાર,
તઉ પણિ ઇહાં વખાંણીય, સીલ તણુ અધિકાર. ૪

**અંત –** ભગવંત દાખ્યો શુદ્ધ હદ, કલ્પવૃક્ષ સમાન,
સીલરતન રાખ્યે સંકટે, દીધો અવિહડ દાન. ૨
**રિષભદત્ત રૂપવતિ** તણુ, ભાખ્યો પ્રબંધ રસાલ,
ભાવ ધરિ જે સાંભલે, ફલે મનોરથમાલ. ૩
શ્રી **ખરતર**ગચ્છ રાજીયો, શ્રી **જિનચંદ** સૂરીંદ,
ચિરં જીવો ધ્રૂ મેર જ્યું, પ્રતપો અધિક દિણંદ. ૪
સુવિહિત ચારૂ ચૂડામણી, સોહે મુનિવર-થાટ,
સર્વ શાસ્ત્ર લાભે ઘણાં, જાણે ફુલ્યા વનહાટ. ૫
શ્રી **જિનદત્ત** પરંપરા, શાખા **જિનભદ્ર**સૂરિ,
શ્રી **શિવનિધાન** પાઠક જયો, સકલ વિદ્યાના પૂરિ. ૬
તાસુ સીસ ગુણ-આગલા, મહિમા મેરૂ સમાન,
**મતિસિંઘ** સુગુરૂ મહિમાનિલો, દિનદિન ચઢતે વાંન. ૭
ગુરૂયાં ગચ્છ મહિ પરગડા, વાચકપદવીધાર,
શ્રી **રત્નજઇ** ગુરૂ સુપસાઉલે, સકલશાસ્ત્ર ઉદાર. ૮
**રત્નવદ્ધર્ન** શિષ્ય વિનય કરી, એહ રચ્યો અધિકાર,
સંવત **સત્તર તેત્તીસ** હે, વિજયદસમી ભૃગુવાર. ૯
નગરી ભલી **સંખાવતી**, જિનવર **પારસનાથ**,
ઋદ્ધિ બુદ્ધિ સુખ સંપદા, આપે બહુલી આથ. ૧૦

*

ઉત્તમ કુલ જે ઉપના, ઉત્તમ આરિજ દેસ,
ઉત્તમ સામગ્રી લહી, ઉત્તમ સુણે છે સિરદાર. ૧૨
આરાધિક જિનધર્મરા, **કોઠારી પહિરાજ**,
**વિરાગદાસ** લઘુ બાંધવ ભલો, સારે રાજના કાજ. ૧૩
એહ પ્રબંધ આગ્રહ કરી, વખાણ્યો મતિસાર,
વટશાખા જિમ વિસ્તરો, પુત્ર કલત્ર પરિવાર. ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભણે ગુણે જે સાંભલે, નરનારી એ રાસ,
રલીં રંગ વધામણા, પૂરી મનકી આસ. ૧૫

(૧) પ.સં.૨૨-૧૩, અનંત. ભં.૨.
[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧૨૮૪-૮૬.]

## ૯૯૬. સકલકીર્તિશિષ્ય

**(૩૪૯૦) બાર આરાની ચોપાઈ** ૨૧૧ કડી લ.સં.૧૭૩૪ પહેલાં

**આદિ –** જિનગુરૂવાંણીય કરીઅ પ્રમાણ, જાણઈ તુઠિ બુદ્ધિ હુઇ સુમાન,
કાલદ્વારની પરિ તુહ્મિ સુણુ, જિનવાણી તુ નિશ્ચઈ કરૂ. ૧
સુખમ સુખમ જે પહિલુ કાલ, ચ્યાર કોડાકોડિ સાગર ધાર,
ત્રિણિ પલ્ય જીવી તસુ હોઈ, ત્રિણિ ગાઉ ઊંચો દેહ જોઈ. ૨

**અંત –** આગમ શાસ્ત્ર થિકા મઈ કહ્યા, નિપુણ નિરંતર ભણજ્યો સહા,
ભણતાં સુણતાં પુણ્ય અપાર, ધરમ તણુ નિશ્ચે હુઇ સાર. ૨૧૦
પંચ ગુરૂ પ્રણમૂ નિત કરૂ સેવ, જિનવરવાણી માત નમેવિ,
શ્રી **સકલકીરતિ** ગુરૂ પ્રણમુ સાર, ભણતાં ગુણતાં પુણ્ય અપાર. ૨૧૧

(૧) સં.૧૭૩૪ મહા વદિ ૫ બુધે. પ.સં.૧૦-૧૪, હા.ભં. દા.૮૧ નં.૫૧.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૩૯-૪૦.]

## ૯૯૭. ચંદ્રવિજય (ત. ઋદ્ધિવિજય-રત્નવિજયશિ.)

**(૩૪૯૧) જંબુકુમાર રાસ** ર.સં.૧૭૩૪ પોષ શુદ ૫ મંગલ કોરડાદેમાં

**આદિ –** સકલગણિ શ્રી ૫ શ્રી રત્નવિજયગણિ ગુરૂભ્યો નમઃ

દૂહા.

**વામાનંદન પાસજી**, ત્રિભૂવનનો આધાર,
ચરણકમલ નમતાં થકાં, લહીઇ સુખ અપાર. ૧
સાત ફણે કરી સોભતા, મુખ પૂનિમનો ચંદ,
નવકર કાયા પ્રભુ તણી, લંછન જાસ ફણીંદ. ૨
મન સુધ્યે પ્રણમું સદા, આણી અધિક ઉલ્લાસ,
**અશ્વસેન**સુત ભેટતાં, પુહચઇ મનની આસ. ૩
વલી પ્રણમું સુધઇ મનઈ, **માહાવીર** ભગવંત,
જસ ચરણાંબુજ સેવથી, લહીઇ સુખ અનંત. ૪
સિંહલંછન સિંહની પરઈ, પાલ્યો જેણ ચારિત્ર,
ભવિજનતારણ ભણી, ભાખ્યા સૂત્રસિદ્ધાંત. ૫
પ્રથમ ગણધર **વીરનોં**, **પૃથિવી**નંદન જાણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમ ગૌત્ર **ગૌતમ** નમું, જસ નામઇ કોડિ કલ્યાણ. ૬
હંસવાહન હસતી વદન, કવિજનની આધાર,
**સારદ** મુઝ મયા કરી, દેજ્યો બુદ્ધિ અપાર. ૭
સરસ વચન દિઉ **સરસતિ**, કહું છું બે કર જોડિ,
**જંબૂકુમર** ગુણ ગાયસૂં, **માત** પૂરિ મઝ કોડિ. ૮
નિજગુરૂપદપંકજ નમી, કરસું **જંબુ**-વખાણ,
સાધુગુણ ગાતાં થકાં, વાધે બુદ્ધિવિજ્ઞાન. ૯
નવાણું કોડિ સોવન તજી, ધન તે **જંબુકુમાર**,
આઠ કન્યા **પ્રભવા** સહિત, લીધો સંયમભાર. ૧૦
માતપિતા કન્યા તણા, પ્રતિ બૂઝવ્યા વલી તેહ,
પંચસય સત્તાવીસ સું, લિઈ ચારિત્ર ગુણગેહ. ૧૧
બાલપણે બુદ્ધિ-આગલો, ધન તે **જંબૂસ્વામિ**,
તાસ ગુણ ગાતા થકાં, વાધઇ મહીયલ મામ. ૧૨

**અંત –** ઢાલ વધાવાનો એ દેશી.

આજ મુઝ જન્મ સફલો થયો, આજ મુજ પૂગી આસ,
દુખદોહગ સવિ દુરઇ ગયા, જવ ગાયો રે મેં **જંબૂ**નો રાસ કે
ભવિ રે ભવિ વંદો;
**જંબૂકુમર** આણંદઇ જસ સેવઈ મુનિવૃંદો. ૧
નિજ પિતામાતા સહીત, સાસુસસરો એહ,
આઠ કન્યા **પ્રભવા** સહિત, જેણે લીધો રે ચારિત્ર સસનેહ. ૨ ભ.
પાંચ સઇ સત્તાવીસ સું જેણઇ, પાલ્યો સુદ્ધ ચારિત્ર,
તપ જપ ક્રિયા બહુ કરી, જેણઇ કીધો નિજ જન્મ પવિત્ર કિ. ૩ ભ.
**શ્રી વીર**પટોધર પ્રથમ જયો, શ્રી **સુધર્મા** ગણધાર,
તસ પટ પ્રભાવક ગુણનિલો, મેં ગાયો રે શ્રી **જંબૂ** ગણધાર કે. ૪ ભ.
**નઇડ**દેસ માંહિ ભલો, **કોરડાદે** નયર સૂખવાસ,
વસઈ શ્રાવક પુન્યવંત જિહાં, જે પૂજઇ રે જિનવર શ્રી **પાસ**
કિ. ૫ ભ.
**પાસ**જિણંદ પસાઉલે, આણી અધિક ઉલાસ,
**વામાનંદન** સાંનિધે મેં ગાયો રે, **જંબૂસ્વામિ**નો રાસ કિ. ૬ ભ.
સંવત **સત્તર ચોત્રીસમઇ**, પોસ માસ સુખકાર,
સુદિ પાંચમ મંગલ દિનઈ, મન પાયો રે અતિહર્ષ અપાર કિ. ૭ ભ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તપ**ગચ્છરાજા જગજયો, શ્રી **વિજયપ્રભ**સૂરિંદ,
તસ પાટે ગુરૂ દીપતો, આચાર્ય રે શ્રી **વિજયરત્ન** મુણિંદ કે. ૮ ભ.
પંડિતપ્રવર પંડિતવરો, શ્રી **ઋદ્ધિવિજય** ગુરૂરાજ,
શ્રી **રત્નવિજય** શિષ્ય તસ તણો, જગ જાગત રે અતિ જસ સર્વ કિ.
૯ ભ.
તસ સેવક એણિ પરિ, **ચંદ્રવિજય** ગુણ ગાય,
**વીર** પટોધર **જંબૂ** તણા, ગુણ ગાતાં રે ઋદ્ધિ વૃદ્ધિ થીર થાય
કિ. ૧૦ ભ.
એ રાસ થિર થાયજો, જિહાં લગે ધ્રુ રવિ ચંદ,
જેણઈ ભણઇ ભાવિ સુણઇ એક ચિત્ત તેહનઇ ધરિ રે નિત હોઈ
આણંદ કિ. ૧૧ ભ.
ગ્રંથાગ્રંથ એ રાસનો, આઠ સઈ બાવન,
સાધુગુણ એકચિત્ત જે ભણઈ, તે પામઇ રે અવિચલ સુખધન
કિ. ૧૨ ભ.

(૧) સં.૧૭૩૪ વર્ષે ફાગુણ સુદિ ૯ દિન આત્માઅર્થ, પ.સં.૨૯–૧૫, અનંત. ભં. (૨) ડે.ભં. (૩) ચં.ભં.
[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૦૩–૦૫.]

**૯૯૮. લાવણ્યચંદ્ર** (આં. અમરસાગર–લક્ષ્મીચંદશિ.)

**(૩૪૯૨) સાધુવંદના** ૧૫ ઢાળ ર.સં.૧૭૩૪ શ્રા.શુ.૧૩ સિરોહીમાં

**આદિ–** સકલસુરાસુર વૈક્રય લબધિ રૂપ કરિ સુવિનાણ એ દેશી.
પરમપુરૂષ વર-ધર્મપ્રકાશક, જગત-મહિત અરિહંત,
અવિનાસી સિવવાસી નિરમલ, સિદ્ધ અનાદિ અનંત. ૧
કિ ભવીયણ! જિનવાંણી સદ્દહીઈ
તસ આરાધક ગુણ ગ્રહીઇ – કિ. ભવી. આંકણી.

**અંત –** ઢાલ ૧૫ રાગ ધન્યાસી. પાસ જિણંદ જુહારીઈ.
ઇણિ પરિ સાધુ થુણ્યા ઉચ્છરંગઈ, જે જિન-આગમ જાણ્યાજી
સંવરધારણ નિર્જરકારણ, તારણતરણ વખાંણ્યાજી. ૧ ઇ.
મનબલિ સાહસ ધરિ ઘર છંડી, વચન ગ્રહિઉં નિરવાહિજી
કાયા તપ ઉપસર્ગિ ન વિરતિ, ત્રિવધઈ વ્રત આરાહિજી. ૨ ઇ.
છસઇ આઠ સયલ સંખ્યાઈ, નામ કહિયાં મઈ ખાંતિજી
કેઈ બઇ ત્રિણિ વાર લિખ્યા તે, બુધ! મત જાણો ભ્રાંતિજી. ૩ ઇ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ તજી કહતાં પણિ ન બનિ, કોઈ અન્ય સરખિ નાંમિજી,
લાભ ઘણા ગિરૂઆ ગુણ ગાતાં, આતમ આણંદ પામિજી. ૪ ઇ.
મરણવિહી સંથાર-પયન્ને, આવશ્યક નિરયુક્તિજી
વલી પ્રામાંણિક બહુશ્રુત આગિ, તે મુનિ વાંદુ ભક્તિજી. ૫ ઇ.
**ભરત વિદેહ ઐરાવત** પાંચે, હૂઆ છઇ વલી હોસઈજી,
તે તિણિ ભાવિ ધ્યાવિ ગાવતાં, નિજ પાતક ધોસઇજી. ઇ. ૬
સુવિહિતતિલક **સોહમ** ગણધરથી, અડતાલીસમિં પાટિજી,
**આરિજરક્ષિત**સૂરિ પરમ ગુરૂ, **વિધિપક્ષ** ઉપમ ખાટિજી. ઇ. ૭
તાસ પરંપર **અંચલ**ગચ્છપતિ, **અમરસાગર** સૂરીંદાજી,
તસ આજ્ઞાપાલક ગીતારથ, વાચક **લક્ષ્મીચંદાજી.** ઇ. ૮
તસ શિષ્ય **લાવન્યચંદ્ર** સૂત્રરૂચિ, હરષિં રિષિગુણ નાંમિજી,
તિણિ અક્ષરસંકલના કીધા, મતિ માનિ હિતકાંમિજી. ઇ. ૯
**સતર ચઉત્રીસે** શ્રાવણ શુદિ, તેરસિ મંગલદાયીજી,
**સીરોહી** સિંહિરે ગુરૂમહિરિં, **સાધુવંદના** ગાઇજી. ઇ. ૧૦
સાજન મુનિગુણ થુણજો સુણયો, મુખિ ભણયો મનિ ધરજોજી,
આણંદ મંગલમાલા લહિયો, સમકિત નિરમલ કરયોજી. ઇ. ૧૧

(૧) જુઓ આ પછીની કૃતિને અંત.

**(૩૪૯૩) સાધુગુણ ભાસ** ૪ ઢાલ

**આદિ** – સાહસ ધરિ ઘર પરિહરી, વિચરઇ જે ખગધાર,
મન એક જિનઆણા વિષઇ, પગિપગિ તસ બલિહારિ રે. ૧
ધનધન સાધુ તે થિર સંઘયણ સુસત્ત રે

**અંત** – જાવજીવ ઇમ જોગવિ વધતિ, ગુણિ હે નહી ક્ષણ વિશ્રામ કિ.
સાધઇ મુગતિ સમાધિ સું નિતિ, પ્રણમિ હે **લાવન્ય** સિરિ નામિ કિ.

(૧) સં.૧૭૩૪ ફા.શુદિ **૧૧ પત્તન** નગરે **અંચલ** ગચ્છે વા. **નાથા**-ગણિ શિ. **ધર્મચંદ્ર** લિ. પ.સં.૯–૧૩, મ.જૈ.વિ. નં.૬૩૦. ('સાધુવંદના'-ની સાથે)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૯૦–૯૧.]

## ૯૯૯. પદ્મનિધાન (વિજયકીર્તિશિ.)

**(૩૪૯૪) બારવ્રતવિચાર** ર.સં.૧૭૩૪

**અંત** – સંવત **સતરૈ ચોતીસૈ** સમઇ રે સુભ મહૂરત સુભ વાર,
સદગુરૂને વચને કરિ આદર્યા રે ધરમઈ જયજયકાર. હિ **વશિ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલસ

ઇમ ભાવસેંતી સુણીય સુણીય ગુરૂમુખિ આણિ સુધી આસતા,
જે ટાલિ દૂષણ એહ ભૂષણ ધરૈ તસુ સુષ સાસતા;
વાચનાચારિજ **વિજયકીરતિ** સીસ **પદમનિધાન** એ,
તસુ પાસિ **પૂરિ** શ્રાવિકાયઈ ધરયા વ્રંત પરધાન એ.

(૧) સં.૧૭૩૪ વર્ષે મિગસિર સુદિ ૩. વિવેકવિજયજી ભં. ઉદયપુર.
[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૯૬.]

**૧૦૦૦. નિત્યવિજય** (ત. લાવણ્યવિજયશિ.)

**(૩૪૯૫) એકાદશાંગ સ્થિરીકરણ સઝાય** ૧૨ ઢાળ ર.સં.૧૭૩૪

**આદિ** – એહવો હું રે અનાથી – એ દેશી.

**સરસ્વતિ** માત નમીનઇ સદગુરૂચરણે નામિ શીશ,
**આચારાંગ** અનોપમ ભાષઇ, શ્રી **વર્દ્ધમાન** જગદીશ રે.
**ગોયમ !** સુણિ સૂધો આચાર, જિમ પામો ભવજલપાર રે. ગો.સુ.

**અંત** – જૈન ધર્મમાં નિજ ચિત રાખો.

**તપગચ્છ**પતિ **સોહમ** સમ જે ગુરૂ, તપ જપ સંયમ ગાજે રે,
શ્રી **વિજયસેન** સૂરીશ પટોધર, શ્રી **વિજયદેવ** સૂરિરાજઇ રે. જૈન. ૭
તાસ પાટ સોહાકર સંપ્રતિ, શ્રી **વિજયપ્રભ** સૂરિરાયા રે,
શ્રી **વિજયરત્ન** સૂરીસર જગગુરૂ, દીપઇ તેજ સવાયા રે. **જૈન. ૮**
સકલવાચકવાદી-ગજ-કેશરી, શ્રી **લાવણ્યવિજય** ઉવઝાયા રે,
નામ જપંતાં જેહનું ભવિજના પાતિક દૂર પુલાયા રે. **જૈન. ૯**
સંવત **સતર ચોત્રીસા** વરખઈ, હરખઇ જોડી હાથ રે,
**નિત્યવિજય** બુધ પભણઇ ઇણિ પરિ, પ્રણમી શ્રી **શાંતિનાથ**
**રે. જૈન. ૧૦**

—ઇતિ એકાદશાંગ સ્થિરીકરણ ચૂલિકારૂસ્વરૂપ સ્વાધ્યાય–૧૨

(૧) લિખિતશ્ચ મહોપાધ્યાય શ્રી **લાવ**ણ્યવિજયગણિ શિષ્ય સકલ-પંડિતપ્રધાન પંડિત શ્રી ૫ શ્રી **નિત્ય**વિજયગણિ શિષ્ય ગણિ **દેવ**વિજયેન. સંવત ૧૭૬૦ વર્ષે આષાઢ સુદિ ૧૧ સોમવાસરે શ્રી **સૂર્ય**પુરવાસ્તવ્ય સુશ્રાવિકા પુણ્યપ્રભાવિકા દેવગુરૂભક્તિકારિકા શ્રીજિનાજ્ઞાપ્રતિપાલિકા શ્રીસમકિતમૂળદ્વાદશવ્રતધારિકા શ્રાવિકાબાઈ **મોટી**કી પઠનાર્થં. પ.સં.૭, અમર. ભં. સિનોર.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૯૯.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧૦૦૧. ચંદ્રવિજય** (ત. લાવણ્યવિજય–નિત્યવિજયશિ.)

(૩૪૯૬) [+] **સ્થૂલિભદ્ર કોશાના બારમાસ** ૧૩ ઢાલ ૬૭ કડી ર.
સં.૧૭૩૪ આસપાસ

**આદિ –** દેશી ધનરા ઢોલાની.

આસો માસ જ આવિઓ રે, ઘરઘર મંગલ ચ્યાર, દિલરા માન્યા.
હું જોઉં સાજન વાટડી રે, ઉભી નિજ ઘરબાર, દિલરા માન્યા.
ઘર આવો હો સુજાંણ, મો ઘર આવો,
મોરા જીવન પ્રાણાધાર, મો ઘર આવો;
ઘર આવો – આંકણી.

**અંત –** ઢાલ ૧૩. તુંગિયા ગિરશિખર સોહે.

ઇમ નારિ કહ્યા પછી બોલે, **થૂલિભદ્ર** અણગાર રે,
શીલ નિજ મને ધર તું સુંદરી ! એ સંસાર અસાર રે. ૬૧
ઈમ **કોશા** કામિનિ ! સુણિ તું દેશના

*

શ્રી **તપા**ગચ્છ-તખત સોહે શ્રી **વિજયદેવ** સૂરીંદ રે,
તસ સીસ માંહે **પ્રધાન** સુંદર, વાચક સવિ સુખકંદ રે. ૬૫ ઇમ.
શ્રી **લાવણ્યવિજય** ઉવઝાય સેવક, શ્રી **નિત્યવિજય** બુધ શિષ્ય,
કહે શ્રી **ચંદ્રવિજય** નેહ ધરીને, સહુ મન અધિક જગીસ રે.
૬૬ ઇમ.

કલશ

ઈમ થુણ્યો સ્વામી શીશ નામી શ્રી **થુલીભદ્ર** ગણધરવરો,
અતિ લાભ જાણી સરસ વાણી ગાઇઓ સવિ સુખકરો;
**તપ**ગચ્છરાજા શ્રી **વિજયસેન(દેવ)**સૂરિ શ્રી **લાવણ્યવિજય**
ઉવઝાયવરો,
શ્રી **નિત્યવિજય** બુધ સેવક **ચંદ્રવિજય** જયજયકરો. ૬૭

(૧) પઠનાર્થં ગુરુણી જડાવસરીજી. પ.સં.૫–૧૨, મુક્તિ. નં.૨૩૩૧.
[પ્રકાશિત : ૧. પ્રાચીન મધ્યકાલીન બારમાસા સંગ્રહ ભા.૧.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૨૭–૨૮. કવિના ગુરુની કૃતિ આની પહેલાં જ નોંધાયેલી છે તેને આધારે અહીં સમયનિર્દેશ કર્યો જણાય છે.]

**૧૦૦૨. તેજપાલ** (લોં. ગુજરાતી તેજસિંહ–ઇંદ્રજીશિ.)

(૩૪૯૭) **રત્નપંચવીસી રત્નચૂડ ચોપાઈ** ૨૫ ઢાળ ૪૭૫ કડી ર.સં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭૩૫ નભ(ભાદરવા) ૧૩ રવિ અહમદપુરમાં

**આદિ** – આસા રાગે દૂહા.

પ્રેમ ધરી પ્રણમું પ્રભૂ, **આદીશ્વર** અરિહંત,
શ્રી **સારદ** મુઝનઈ સદા, આપો બુદ્ધિ એકંત.
દાન શીલ તપ દાખીયા, ભાવસહીત ભલ ભાય,
સરીખા છઈ તઇ પણિ સુણો, દાન સદા સુખદાય.
અન્નદાને જગિ અધિકતર, કીરતિ કરઇ કલ્લોલ,
તંબા તુરી વસુ સ્ત્રીય થકી અન્ન સુદાન અમોલ.

**અંત** – **ગુજરાતિ લોંકા**ગછિ ગાજતો, પ્રભુ **તેજસિંઘ** હો ગણિ અધિક પ્રતાપ.
દિનદિન શ્રી ગુરૂ દિલ સૂધઇ સહી સમરઇ હો તસ નાસઇ સંતાપ.૪૭૨
ગુણનિધિ ગિરૂયા શ્રી ગુરૂ પૂજ્ય **ઇંદ્રજી** હો સદા પૂજ્ય પવીત્ર,
અનુચર **તેજ** કહઇ ઇમે ચતૂર સુણો હો એહ **રત્નચરિત્ર**. ઢાં. ૪૭૩
સંવત **બાંણુ ગુણ** સુંદરૂ, **મકરાકર** હો **શસિ** વર્ષ વદીત,
તેરસિ નભ માસઇ તિહાં, **અહિમદપુરિ** હો રચ્યો વાર આદીત. ઢાં. ૪૭૪
પભણી ઢાલ પંચવીસમી રસિક જન હો ગાજ્યો કંઠિ રસાલ,
સગવટ કવિયો સાંકલી, તુક સરસઇ હોં ઇમ સ્તવઈ **તેજપાલ**. ઢાં. ૪૭૫

(૧) સં.૧૭૪૨ વર્ષે વૈશાખ વદિ ૦)) શનીવાસરે. સં.૧૯૧૬, **જૈ.** શા.અમ. દા.૧૩ નં.૪૦. (૨) પ.સં.૨૦–૧૬, ડા. પાલણપુર દા. ૩૬. (૩) પ.સં.૧૧–૨૨, વડા ચૌટા ઉ. પો.૧૯.

**(૩૪૯૮) અમરસેન વયરસેન રાસ** ૪ ખંડ ર.સં.૧૭૪૪ માધવ શુદ ૩ અહિમદપુરમાં

**આદિ** – દૂહા આસાવરી રાગે.

પ્રથમ જિનેસર પ્રણમીયે, **નાભિ** નરેસર નંદ,
પ્રણમુ નિજગુરૂ પ્રેમ સું, સુરપતિજી સુખકંદ. ૧
વરદાય સમરૂં વલી, દેવી કવિ-સુખદાય,
સરસ વચન દ્યો **સારદા**, કૃપા કરી મુઝ માય. ૨
દાન શીલ તપ દાખીયા, ભાવસહીત ભગવંત,
સરીખા છઇ તઉપણિ સુણો, આખું દાન એકંત. ૩
દાન સુપાત્રે દેયતાં, દાલિદ્ર નાસઇ દૂરિ,
દૂખવિયોગ મિટઈ દાનથી, હરિ સ્ત્રી વસઇ હજૂર. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અમરસેન વયરસેન** અતિ, આપ્યો દાન ઉદાર,
સંપતિ લહી ભવિ સાંભલઉ, વારૂ કથાવિસ્તાર. ૫
સોહગ સ્ત્રી **વયરસેનની**, પ્રવર શીલ-પ્રતિપાલ,
કવિ ચોજઈ કવીતા કહે, ઈ રમણી ચરિત્ર રસાલ. ૬
ચઉ ખંડે છઈ ચાતુરી, સુસ્વર ઢાલ શૃંગાર,
શ્રોતા સુણિયો ચૂપ સુ, અતિ સુંદર અધિકાર. ૭

**અંત** – **પડિકમણા સૂત્ર વૃત્તિ** દેખિનઈ, **પુષ્પમાલા**થી રે એહ જોઇ પ્રબંધ
કવિચાતુરી વિસ્તર કરી, શ્રી ગુરૂસાંનિધ રે એ રચિયો સંબંધ. ૧૧
ગચ્છનાયક ગુણે ગાજતાં, આચારજ રે પ્રતપો અણબીહ,
સુરતરૂ તિમ ગુરૂ **તેજસિ**, દિનદિન રે હો જયો ચઢતા દીહ. શ્રી. ૧૨
દયાધર્મી ગચ્છાંબરિ દિનમણી, વિદ્યાવર રે ગણિ શ્રી **વરસિંઘ**,
ધન **લુંકા** ગુરૂ ધીમતી, સુખકારી રે શ્રી પૂજ્ય શ્રી સંઘ. શ્રી. ૧૩
પૂજ્ય પવતી શ્રી પૂણ્યના જસ સિરે, **સહિસકરણજી** સુજાણ,
વિનય **ઝીકાજી** વિદ્યાવરૂ, વિદ્યમાન જ રે તસ વિનય વખાંણ. શ્રી. ૧૪
પ્રવર પંડિત પૂજ્ય **ઇંદ્રજી**, સ્તવ્યો ચઉથો રે ખંડ શિષ્ય **તેજપાલ**,
ભવિક સુણો ભલ ભાવ સું, અતિસુંદર એકાદશમી એ **ઢાલ**. શ્રી. ૧૫
સંવત **વેદ યુગ મુની શસી** માધવ માસ રે, તૃતીયા શુકલ સાર,
**અહિમંદપુર** આંણંદમાં કર્યો, રાસ રંગિ રે પ્રકાસ જયકાર. શ્રી. ૧૬

(૧) પ.સં.૨૨-૧૮, ખેડા ભં.૩. (૨) સં.૧૭૪૭ મહા વદિ ૮ કુજવાર શ્રી પૂજ્ય તેજપાલ પ્રસાદાત્ ઋષિ કેશવેન. પ.સં.૨૮-૧૩, લા.ભં. નં.૪૦૬.

**(૩૪૯૯) થાવચ્ચા મુનિ સ.**

(૧) ધો.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૦૫, ભા.૩ પૃ.૧૨૯૩-૯૪.]

## ૧૦૦૩. દીપવિજય-દીપ્તિવિજય (ત. વિજયદાન-રાજવિમલ-મુનિવિજય-દેવવિજય-માનવિજયશિ.)

**(૩૫૦૦) કયવન્ના (કૃતપુણ્ય) રાસ** ર.સં.૧૭૩૫ આસો શુ.૫ બુધ સિરોડી[સિરોહી ?]માં

**આદિ** – બ્રહ્મસુતા બ્રહ્મવાદની, કવિયણ કેરી માય
હંસવાહની હરખઈ કરી, પ્રણમું હું તસ પાય. ૧
પ્રથમ પૂરવ દિસિં તાહરો, **કાસ્મીરેંઈ** ઠાણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજો **મરૂધર** દેસમાં, **અજઝારીઈ** મંડાણ. ૨
**સરસતિ**નઈ સહુ કે નમઈ, માનઈ રાણારાય
કવિયણ નવરસ કેલવિ, તે **સરસતિ** સુપસાય. ૩
સેવકનિં સાનિધ કરે, માતા ગુણની ખાણિ
**કયવન્ના**-ગુણ ગાવતાં, દેવે અવિચલ વાણિ. ૪

**અંત –** ઢાલ ભમરૂલી.

**કેવંનો** સંજમ લીઇ સા. ભમરૂલી, સુપી પુત્રને રાજ તો,
છઠઅઠમાદીક તપ કરે સા. ભમરૂલી, સાધે આતમકાજ તો. ૧

*

દીધારી દેઊલ ચડે સા. નામે મંગલમાલ તો,
સંવત **સતરે** જાણીઈ સા. **પણત્રીસો** હુઉં સગાલ તો. ૮
આસો સુદિ પાંચમ દીને સા. અનુરાધા બુધવાર તો,
દાંન તણા ગુણ મેં કહ્યાં સા. **સીરોડી** ગામ મઝાર તો. ૯
જસસૌભાગ્ય વધે ઘણો સા. રાસ રચ્યો ઉલાસ તો,
**અરબુદ** ગિરિ વ જિહાં લગે સા. તિહાં લગે પ્રતપો રાસ તો. ૧૦
ગણનાયક નેં ગુણે ભર્યા સા. સૂરી શ્રી **વિજયરાજ** તો,
તેહને રાજ્ય મનોહરૂ સા. રાસ કહ્યો સુભ કાજ તો. ૧૧
**ગોયમ** ગણધર સારિષા સા. શ્રી **વિજેદાન** સૂરીરાય તો,
તાસ સીસ બહુગુણભર્યા સા. શ્રી **રાજવિમલ** ઉવઝાય તો. ૧૨
તેહના સીસ વખાણીઈ સા. સયલ વિદ્યા ભંડાર તો,
શ્રી **મુનિવિજય** વાચકવરૂ સા. સમતારસ-ભૃંગાર તો. ૧૩
તેહના સીષ્ય વલી જાંણીઈ સા. નવનિધિ (મલિ) જસ નામ તો,
**ઉસવંસ**-કુલ-ઉપના સા. વૈરાગી ગુણવંત તો. ૧૪
શ્રી **દેવવિજય** વાચક વડા સા. નામ તેહવું પરિણામ તો,
સમતારસનો (આગ)રૂ સા. વાણી અમી વરસંત તો. ૧૫
તસ ચરણાંબુજ-મધુકરૂ સા. ગુણગિરૂઆ બુધરાય તો,
શ્રી **માંનવિજય** પંડિતવરૂ સા. નિજ ગુરૂને સુખદાય તો. ૧૬
શિશુ પરૂઆણુક તેહનો સા. **દીપવિજય** ગુણ ગાય તો,
ભણે ગુણે જે સાંભલે સા. તે ઘર નવનિધિ થાય તો. ૧૭

ગાથા

ઇત્થં મહામુનેર્દાનં દેયં ભા ભવિકા મુદા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃતપુણ્યકવદ્ દૃષ્ટ્વા નિરંતરસુખપ્રદં. ૧૮

(૧) સં.૧૭૭૦ આષાઢ કૃષ્ણપક્ષે પ્રતિપદા તિથૌ પં. **માનવિજય**ગણિ શિ. પં. **નયવિજય**ગણિ **મેરુ**વિજય શિ. પં. **અમર**વિજયગણિના-લેખિ. પ.સં.૧૦–૧૬, પ્રથમનાં ૭ પત્ર નથી, જશ.સં. (૨) **જિનચંદ્ર–દાનચંદ્ર–દીપચંદ્ર** ભ્રાતૃ **દોલતચંદ** વાચનાર્થે. પ.સં.૨૮, જય. પો.૬૯.

**(૩૫૦૧) + મંગલકલશ રાસ** ૩ ખંડ ર.સં.૧૭૪૯ આસો સુદ ૧૫

**આદિ–** પ્રણમું **સરસતિ** સ્વામિની, કવિજન કેરી માય,
વીણાપુસ્તકધારિણી, કવિયણને વરદાય. ૧
**કાશ્મીરે** જગ જાણીયેં, માતાનું અહિઠાણ,
બીજું **મરૂધર** દેશમાં, **અઝારીયે** મંડાણ. ૨
મનશુધ્ધેં પ્રણમી કરી, માગું વયણવિલાસ,
જેમ મુજને સુખ ઊપજે, પૂગે મનની આશ. ૩
**મંગલકલશ**કુમારનો, રાસ રચું મનરંગ,
દેજ્યો વયણ સોહામણું, મુઝ મન બહુ ઉછરંગ. ૪
વલી પ્રણમું નિજ ગુરૂ સદા, જેહનો બહુ ઉપકાર,
તે ગુરૂ ઉપકારી સદા, જેમ જગમાં જલધાર. ૫
ઉત્તમના ગુણ વરણવે, આખંડલ મહારાજ,
દેવસભા માંહે બેસિનેં, એમ ભાખે જિનરાજ. ૬
ઉત્તમના ગુણ બોલીયેં, કીજેં તીરથયાત્ર,
દાન સુપાત્રેં દીજીયેં, નિર્મલ હોવે ગાત્ર. ૭

*

(બીજા ખંડને અંતે)
સંવત **સત્તરે** જાણજો, સા. વરસ તે **ઉગણપચ્ચાસ** તો,
આસો શુદિ પૂનમ દિને, સા. એ મેં કીધો રાસ તો.

**અંત–** ખંડ ૩ ઢાલ ૭. કાયા માયા કારમી એ દેશી.
પુણ્ય કરો તુમે પ્રાણીયા, પુન્યે નવે નિધાન.

*

**વિજયમાન** સૂરીસરૂ, **તપગ**છનો સિણગાર રે,
તેહને રાજ્યેં રંગઇ કરી, રાસ રચ્યો સુવિચાર રે.
શ્રી **વિજયદાન** સૂરીસરૂ, ઉત્તમ જેહનું નામ રે.
મુનિવર માંહિ વખાણીઈ, ભાગ્યવંત ગુણધામ રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેહના શિષ્ય સોહાંકરૂ, શ્રી **રાજવિમલ** ઉવઝાય રે.
તેહના સીસ વષાંણીઈ, શ્રી **મુનિવિજય** ઉવઝાયો રે.
તેહના શિષ્ય વષાંણીઈ, સંવેગી-સિરદાર રે.
શ્રી **દેવવિજય** વાચક વડા, ઉસવંસસિણગાર રે. ૫
પ્રાગવંસ-કુલ-ઊપના નિજ ગુરૂને સુષદાય રે,
શ્રી **માનવિજય** પંડિતવરૂ, દોલતિ અધિકી સવાઇ રે. ૬
ગુરૂનામિ સુષ ઉપજે, મતિ બુદ્ધિ સઘલી આવે રે,
**દીપ્તિવિજય** સુષ કારણિં, રાસ રચ્યો સુભ ભાવિ રે. ૭
નિજ સીસ **ધીરવિજય** તણું, વાંચવાનું મન જાંણી રે,
રાસ રચ્યો રલીયામણો, મન માંહિં ઊલટ આણી રે. ૮
સંવત **સત્તરઈ** જાંણજ્યો, વરસ તે **ઉગણપંચાસો** રે,
ભણેં ગણેં જે સાંભલઈ, કવિ **દીપ્તિ**ની ફળજ્યો આસ.

(૧) ઇતિ શ્રી મંગલકલસ રાસે તૃતીય ખંડ સમાપ્તઃ સંવત ૧૮૧૩ વર્ષે મિતી પોસ માસ સુદિ ૧ બુધવાર સંપૂર્ણ.? (૨) સં.૧૭૮૮સીયા વર્ષે ભાદ્ર. શુદિ ૫ દિને પં. હર્ષવિજયગણિ શિ. પં. શ્રી **પ્રેમ**વિજયગણિ શિ. પં. **રાજ**વિજય લિ. **રાનેર** બંદિરે. પ.સં.૩૧-૧૪, ઘો.ભં. (૩) સંવત ૧૮૫૬રા મૃગશિર વદિ ૧૧ રવિ. શ્રી **ભાડૂ**દા મધ્યે શ્રી લિ. **ધીર**વિજયગણી. ચેનસાગરજી ભં. ઉદયપુર. (૪) લખ્યા સં.૧૭૬૪ શ્રા. વ.૬ કુજવાર.

સંવત્ સતરે એ સહિ, ચોસઠિ ચિત લાય,
શ્રાવત વદિ ષષ્ઠી **કુજા**, લખીઓ રાસ મુનિ **રૂ**પ.
પં. શ્રી **દીપ્તિ**વિજય તણો, વિવેકી વિદ્યમાન,
શ્રી **ધીર**વિજય તણા, સીસ સબલ પ્રધાન. ૨
**ચતુ**રવિજય ગણિરાજને, સેવાકારી ભૃત્ય,
**લાલ**વિજય ઋવીધ્યાર મુંકં, દોલિતિ ને ઋદ્ધિ હુવે નિત્ય. ૩

પ.સં.૨૫-૧૫, ખેડા ભં.૩. (૫) પં. **કેસર**વિમલ શિ. પં. **ભાગ્ય**વિમલ શિ. પં. **ભોજ**વિમલ શિ. **સુમતિ**વિમલ લ.સં.૧૮૧૪ મૃગસિર સુદ ૧૦ મંગલ **મ**ણાઉંદ્ર નગરે. પ.સં.૨૮-૧૬, ખેડા ભં.૩. (૬) પ.સં.૨૬-૧૮, વી.ઉ.ભં. દા.૧૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૧૫-૧૭, ભા.૩ પૃ.૧૩૬૫-૬૭. આ કવિને નામે મુકાયેલ 'શંખેશ્વરજીનો સલોકો' વસ્તુતઃ દીપવિજયશિષ્ય દેવ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજય (હવે પછી સં.૧૭૬૦ના ક્રમમાં)ની કૃતિ હોઈ અહીંથી રદ કરેલ છે.]

**૧૦૦૪. જ્ઞાનધર્મ** (ખ. રાજસારશિ.)

**(૩૫૦૨) દામન્નક ચોપાઈ** ર.સં.૧૭૩૫ વિજયદશમી

જુઓ નં.૮૭૬ જ્ઞાનહર્ષકૃત નોંધેલ 'દામન્નક ચોપાઈ' નં.૩૧૧૧ ભા.૪ પૃ.૧૭૦. આ બંને એક તો નથી? – એ શંકા બંનેને જોઈ મેળવતાં દૂર થાય તેમ છે. બંનેના રચનાસંવતો જુદા નોંધાયેલ હોવાથી જુદાજુદા નંબર તેમને આપેલા છે.

(૧) પ.સં.૫, જિનસાગરસૂરિશાખા ભં. વિકાનેર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૮૦.]

**૧૦૦૫. રુચિરવિમલ** (ત. માનવિમલ–કેશરવિમલ–ભોજવિમલશિ.)

**(૩૫૦૩) મત્સ્યોદર રાસ** ૩૩ ઢાળ ર.સં.૧૭૩૬

**આદિ** – શાંતિકરણ જિન **શાંતિજી**, સુખદાયક સંસાર,
નામ થકી નિત પામીએ, સુખસંપત્તિભંડાર. ૧
સરસ વચણ રસ વરસતી, સમરી **શારદમાય**,
વચણ અનોપમ આપજ્યે, જિમ જગમાં જસ થાય. ૨
**કાલિદાસ** કવિતા લહે, તે તાહરો ઉપગાર,
માતા તિમ મુઝ ઉપરે, ધરજ્યો હેજ અપાર. ૩
ગુરૂ ગિરૂઓ સંસારમાં, આપે વિદ્યાદાન,
**ભોજવિમલ** કવિરાજનો પામી અવિહડ માંન. ૪
પુણ્યે ઉપર સંબંધ એ, સુણયો સહુ નરનાર,
સુણતાં અચિરિજ ઉપજે, વાધે બુદ્ધિ અપાર. ૫
પુણ્યે ધણ કંચણ લહે, પુણ્યે ઇષ્ટ સંયોગ,
પુણ્યે સુરસેવા કરે, પુણ્યે પુરણ ભોગ. ૬
**મચ્છોદર** પુણ્યે કરી, પામ્યો સુખ ભરપૂર,
તે સંબંધ સુણતાં સદા, વાધે અધિકો નુર. ૭

**અંત** – ચવી સહુએ તિહાં થકી, જાસ્યે મોક્ષદ્વાર,
**શાંતિચરિત્તે ધનદનો**, સંબંધ અપાર. સા. ૧૭
મેં ભાષ્યો સંષેપ સ્યું, ભવિજન-કૌતિક કાજ,
અધિકું ઓછું જે કહ્યો, તે ષમયો કવિરાજ. ૧૮
સંવત **સત્તર છત્તીસમે**, એ ભાષ્યો સંબંધ,
સુણતાં અચરિજ ઉપજે, વાધે અતિ આણંદ. ૧૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તપગચ્છ**નાયક ગુણનીલો, શ્રી **વિજયપ્રભ**સૂર,
નામ જપંતાં તેહનૂ, સુખસંપત્તિ ભરપૂર. ૨૦
શ્રી આચારિજ જગજયો, શ્રી **વિજયરત્ન** ગણધાર,
નામપ્રભાવે પામીઇં, દુસ્તર ભવનો પાર. ૨૧
પંડિત માંહિ સિરામણી, **માનવિમલ** મુનીરાય,
શિષ્ય પંડિત કરી કેસરી, **કેસરવિમલ** કહેવાય. ૨૨
વિદ્યાગુરૂ ગુરૂનો ગુરૂ, સમરંતાં સુખ થાય,
તાસ પટાધર દીપતો, **ભાજવિમલ** બુધિરાય. ૨૩
ઢાલ તેત્રીસમી એ કહી, **રૂચિરવિમલ** સૂપરાંણુ,
ભણેં ગુણેં જે સાંભલે, તસ ઘરિ કોડિ કલ્યાણુ. ૨૪

(૧) લિ. શ્રી **પાટણનગરે** પં. **ગંગવિજયેન**. સં.૧૭૭૯ માર્ગ સુદિ ૩ દિને વાર શુક્રે. પ.સં.૨૩–૧૭, લીં.ભં. (૨) લિ. મુનિ **કૃષ્ણવિમલેન** શ્રી **રતલામનગરે** અર્જા શ્રી **રતનાજી** અર્જા શ્રી હીરાદેવી વાચનાર્થં સંવત ૧૭૪૭ વર્ષે શાકે સોલેબ્બારા પ્રવર્ત્તમાને દ્વિતીય વૈશાખ વદિ અષ્ટમ્યાં રવિવાસરે તિથૌ. પ.સં.૨૫–૧૭, વિ.ને.ભં. નં.૪૪૯૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૫૨–૫૪.]

**૧૦૦૬. આણંદરુચિ** (ત. ઉદયરુચિ–પુણ્યરુચિશિ.)

**(૩૫૦૪) ષટ્ આર [છ આરા] પુદ્ગલપરાવર્ત સ્વરૂપ સ્તવન**
ર.સં.૧૭૩૬

આમાં છ આરા, પુદ્ગલ-પરાવર્તન, સમ્યક્ત્વ, ૧૪ ગુણસ્થાન વગેરેનું વર્ણન છે.

**આદિ –** દૂહા.

શ્રી **સિદ્ધાચલ** નિત નમી, **ઋષભ** જિનેસર દેવ,
ભવભયવારણુ જિનવરૂ, સેવ કરી નિતમેવ. ૧
વીનત કરૂં મિ માહરી, રલીઉ ભવ અનંત,
સંસારસાગર માંહિથિકઉ, અવ્યક્ત મિથ્યાતી હુંત. ૨
જનમમરણ કર્યાં ઘણા, કહત ન લાભે પાર,
પુદ્ગલપરાવરત અનંત જે, સૂક્ષ્મ તેહ વિચાર. ૩

**અંત –** **તપ**ગચ્છ-ગગનંગણુ ઉદયઉ રવિ અનુકાર,
શ્રી **વિજયપ્રભ**સૂરિ સાસન જિન સિણુગાર,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચારિજ શ્રી **વિજયરત્ન**સૂરિ યતીશ,
તેહનઈ ગચ્છવાસી ગાયઈ **શત્રુંજ** ઈશ.

કલશ.

સંસારતારણ દુખવારણ કલ્યાણકારણ જિનવરો,
**શત્રુંજ**નાયક મુક્તિદાયક પાપ-તાપ દૂરી કરો,
જે વાદિ ગજદલસીહ સાદુલ **ઉદયરૂચિ** પંડિત જયવરો,
તસ સીસ સુહારક જ્ઞાનસાગર **પુણ્યરૂચિ** પંડિત ગુરો,
તસ સીસલેસિ સ્તવીઉ ઉલસી **આણંદરૂચિ** આદીસરો,
**ઇંદુ મુનિ ગુણ રસ** સંખ્યા એહ સંવત્સર ચિત ધરો,
ત્રિણ જગ માંહિ તીરથ એહવઉ અવર ન કોઈ જાણીઉ,
જૈન શૈવ જવન શાસ્ત્રિ, મહિમા તાસ વખાણીઉ.

(૧) મુનિ હમીરરૂચિ પઠનાર્થં. ટબા સહિત, પ.સં.૨૮, વિ.ને.ભં. (૨) સં.૧૭૪૯ આસાઢ વદિ ૬ પં. **ઋદ્ધિકુશલેન** લિ. **વેલાકૂલ બંદિરે** ગ. **રંગકુશલ** વાચનાર્થં. પ.સં.૩૮, ઝીં. પો.૪૧ નં.૨૧૧. [મુપુગૂહસૂચી.]
[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૫૪-૫૫, ભા.૩ પૃ.૧૩૨૬-૨૯.)

## ૧૦૦૭. દયાતિલક (ખ. જિનચંદસૂરિ-રત્નજયશિ.)

**(૩૫૦૫) ધનાનો રાસ** ૧૭ ઢાળ ૨.સં.૧૭૩૭ કાર્તિક

**આદિ-** **વીર** જિનેસર પાય નમી, પ્રણમી નિજ ગુરૂપાય;
હંસગમણી ચિતમૈં ધરી, કહિસિં કથા ચિત લાઇ. ૧
દાન સીલ તપ ભાવના, ધરમના મારગ એહ,
ઇહાં તઉ દાંન બખાંણિસ્યું, દઇણહાર સિવગેહ. ૨
ભલઇ પાત્ર જે દાંન ઘે, નિજ શક્તઈ શુભ ભાવ;
તે નર થાયે સુખ ભવનૈ, જિમ **ધનૌ** વડદાવ. ૩
દાન દેઇ મુનિવર ભણી, પછઇ કરઇ પછતાઇ;
તે દુખ ભજૈ ન જગિ હુવે જિમ **ધન્ના**ના ભાઇ. ૪

**અંત -** ઢાલ ૧૭ ધન્યાસિરી.

દાનઇં સુપરિ દીજીયે......

*

સંવત **મુનિ ગુણ રિષિ રસી**, કાતીનૌ ચૌમાસ;
તિણ દિન પૂરી મઇં કરી, એ ચૌપઇ ઉલ્લાસ. દા. ૫
શ્રી **ખરતર**ગચ્છ-રાજીયઉ, શ્રી **જિનચંદ** સુરિંદ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિપઉ અવિચલ પુજીજી, જાં લગિ રવિ પ્રભુ ચંદ. ૬
સકલ વિદ્યા કરિ સોભતા, વાચકપદવીધાર;
શ્રી **રતનજય** મુઝ ગુરૂ ભલા, ભાવિક-કમલ-દિનકાર. ૭
તસ પરસાદે મેં કરી, એહ કથા પરસિધ;
**દયાતિલક** કહે જે સુણે, તિયા ઘરિ અવિચલ સિદ્ધિ, ૮
**સાલિભદ્ર ધના** પરઇ, દીજઇ ઇણ પરિ દાન;
પરભવ જાતા તે લહઈ, અવિચલ કોડિ કલ્યાણ. ૯

(૧) લિ. જીયો કીસનગઢ મધ્યે આત્મા અર્થં શ્રી પુજજી શ્રી નાથુરામજીરૈ પ્રસ્યાદ લિ. સં.૧૮૩૧. પ.સં.૯–૧૬, ઘો.ભં. (૨) પ.સં. ૧૫, ચતુ. પો.પ.

**(૩૫૦૬) ભવદત્ત ભવિષ્યદત્ત ચો.** (પંચમી અધિકાર) ર.સં.૧૭૪૧ જે.શુ.૧૧ ફતેહપુર

(૧) કવિની સ્વયંલિખિત પ્રત, ફક્ત આદિપત્ર નથી, જિ.ચા.

**(૩૫૦૭) વિક્રમાદિત્ય ચોપાઈ**

(૧) અપૂર્ણ, વીકા.

[પ્રથમ આવૃત્તિ ભા.ર પૃ.૩૫૦–૫૧, ભા.૩ પૃ.૧૩૨૫. ગુરુનામ પહેલાં ‘રત્નવિજય’ બતાવાયેલું તે પછીથી સુધાર્યું છે. કૃતિની રચના-મિતિ ત્યાં સુદ ૯ દર્શાવી છે, પણ એ માટે કૃતિના ઉદ્ધૃત ભાગમાં કોઈ આધાર નથી.]

## ૧૦૦૮. નયનશેખર (અં. પાલીતાણા શાખા સુમતિશેખર–સૌભાગ્ય-શેખર–જ્ઞાનશેખરશિ.)

**(૩૫૦૮) યોગરત્નાકર ચો.** ર.સં.૧૭૩૬ શ્રા.શુ.૩ બુધ

વૈદકનો ચોપાઈબદ્ધ સારો ગ્રંથ છે.

**અંત** – ગ્રંથસમુદ્ર અછે અપાર, જેહ તણો નવિ લાગે પાર,
તેહ ગ્રંથ થકિ એ ઉધરી, પ્રાકૃત ભાષા ચોપઇ કરી. ૮૪
કોઇક યોગ અછે અનુભવ્યો, કઇક લિખિત પ્રમાણે ઠવ્યો,
કોઇક સુગુરૂ મુખેં સાંભલી, તેહ તણી ચોપઇ સંકલી. ૮૫
ઝાઝા યોગ તણો માંહિ ઠાંમ, **યોગરત્નાકર** ચોપઇ નાંમ,
શ્રુતસાગરથી લીધી મથી, બુદ્ધિ માત્ર એ ચોપઇ કથી. ૮૬
વિભક્ત છંદ અને અલંકાર, લઘુ દીરઘ નવિ જાંણુઉ સાર,
ઝમકબંધ નહીં તેહવો જેહ, પંડિત હાસ્ય મ કરજો તેહ. ૮૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચક્ષણ અર્થ કરે અતિ ભલા, હું નવિ જાંણું માઇકાકલા,
તે શુદ્ધ વાંણી કહું કિમ હુઇ, પુણિ શુદ્ધ કહેજો ધીવંત સોઇ. ૮૮
પું સ્ત્રી કલીવ તણો જે વેદ, પદ અક્ષરમાં નહી શુદ્ધ ભેદ,
વ્યાકરણસંસર્ગ મે નવિ કીઓ, રેખ દોષ તે મુજને દીયો. ૮૯
છુટક યોગ હુતા તે તઠા, ચોપઇ માંહિં કીધા સાંમઠા,
જૂજૂઆ ગુરૂમુખિં સાંભલી, તેહની ચોપઇ કીધી વલી. ૯૦
સંવત **સતર છત્રીસઈ** જાંણિ, ઉત્તમ શ્રાવણ માસ વષાંણિ,
સુકલ પક્ષ તિથિ ત્રીતિયા વલી, બુધ્ધવારઈ શુભવેલા ભલી. ૯૧
શ્રી **અંચલ**ગચ્છિ ગિરૂઆ ગચ્છપતી, મહા મુનીસર મોટા યતી,
શ્રી **અમરસાગર** સૂરીસર જાંણ તપતેજઇ કરિ જીપઈ ભાણ. ૯૨
સુવિહિત ગચ્છ તણા સિણગાર, જીણઈ જીત્યું કામવિકાર;
મોહરાય મનાવ્યો હારિ, કષાય દૂરઈ કીધા ચ્યાર. ૯૩
આચાર્યના ગુણ છત્રીસ, તિંણિ કરિ સોહઇ વિસવા વીસ,
યુગપ્રધાન બિરૂદ જેહનઈ, રાયરાણા માનઈ તેહનઈ. ૯૪
તાસ તણઇ પષિ શાખા ઘણી, એક એક માંહિ અધિકી ભણી,
પંચ મહાવ્રત પાલઇ સાર, ઇસા અછઈ જેહના અણગાર. ૯૫
તે શાખા માંહિ અતિ ભલી, **પાલીતાણી** શાખા ગુણનિલી,
**પાલિતાચાર્ય** કહીઇ જેહ, હૂઆ ગછપતિ જે ગુણગેહ. ૯૬
અનુક્રમે તેહને પાટે જાણિ, શ્રી **પુણ્યતિલક** સુરીસ વખાંણુ,
તેહને વંશિ સોલમે પાટ, **સુમતિશેખર** વાચક ગુણ-થાટ. ૯૭
સાત શિષ્ય છે વાચકપદે, **સૌભાગ્યશેષર** પુન્યવંત હદે,
તાસ ચરણાંબુજ સેવે જેહ, **જ્ઞાનશેષર** વાચક ગુણ જેહ. ૯૮
સતર ભેદ સંજમના સાર, પાલે નિત જે પંચાચાર,
સતાવીસ ગુણે અભીરાંમ, **જ્ઞાંનશેષર** તે વાચક ગુણધામ. ૯૯
તે સહીગુરૂનો લહી પશાય, હીએ સમરી **સરસતી** માય,
**યોગરત્નાકર** નાંમે ચોપઇ, **નયણશેખર** મુંનિ ઇણ પરિ કહી. ૧૦૦
ઓછોઅધીકો અક્ષર જેહ, કવિજન માફ કરજો તેહ,
કર જોડીને કરૂ વીનતી, શુદ્ધ કરજો જન સૂભમતિ. ૧૦૧
આયુર્વેદનો જિ હોઇ જાંણ, કરે સહુ કો તાસ વષાંણ,
પરોપગાર ચિકિત્સા કરે, તેહનો ઝાઝો જસ વિસ્તરે. ૧૦૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણી સંસાર અસાર, કીજે કાંઇક પરઉપગાર,
ગાંધી સું મ કરજ્યો ભાગ, ગુણ ઉપને લીજે લાગ. ૧૦૪
અતિત અભાગત દુર્બલ જેહ, પુણ્યહેતે પડી ગોતેહ,
ઇહ ભવિ જશ બોલે સહુ કોઇ, દેવ તણા સુખ પરિભવ હોઇ. ૧૦૫
ગુણ કીધે જે નીગુંણ થાઈ, મરી પાપે તે દુર્ગતિ જાઇ,
પુણિ એ ઉપદેશ અમ તણો, પરોપકાર કરજ્યો ઘણો. ૧૦૬
વલી સીષ સુણો સજન, એ ઉપગાર કરે તે ધન્ય,
એ ઉપગારે ટલે સવિ શૂલ, પરોપગાર ધર્મનું મૂલ. ૧૦૭
ધર્મ તણી મતિ હીઇ ધરી, જીવદયા વલી પાલો ષરી,
સૂષસંપતિ વલી ભોગ રસાલ, જેહથી લહિજે મંગલમાલ. ૧૦૮

(૧) કસ્તુરસાગરજી ભંડાર, ભાવનગર. (૨) લ.સં.૧૮૩૬, શ્લો. ૯૦૦૦, પ.સં.૧૪૧, લીં.ભં. દા.૪૩ નં.૧. (૩) સં.૧૮૪૨ વર્ષે આશુ શુદિ ૧૩ પંડિત **શાંતિ**કુશલગણિ શિ. પં. પુન્યકુશલગણિ શિ. પં. **ભાણ**કુશલગણિ લીપીકૃતં મુનિ હંશકુશલ વાંચનાર્થં. શ્રી **ઘોરાજી**નગરે શ્રી ઋષભદેવ પ્રસાદાત. પ.સં.૨૦૫–૧૭, પ્રથમ પત્ર નથી, જશ.સં. [આલિસ્ટઑઇ ભા.૨, કૅટલૉગગુરા, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૪૮૭, ૫૬૭ – નયશેખરને નામે).]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૫૧–૫૨, ભા.૩ પૃ.૧૩૨૫–૨૭.]

## ૧૦૦૯. કેશવદાસ–કુશલસાગર (ખ. જિનભદ્રશાખા સાધુકીર્તિ–મહિમસુંદર–નયમેરુ–લાવણ્યરત્નશિ.)

**(૩૫૦૯) કેશવબાવની** અથવા **માતૃકાબાવની** (હિં.) ર.સં.૧૭૩૬ શ્રાવણ શુ.૫ મંગળ

**આદિ** – ૐકાર સદા સુખ દેઉતહીં નિત સેઉત વંછિત ઇચ્છિત પાવૈં,
બાઉન અક્ષર માંહિ શિરોમણી યોગ યોગીસર હીઈ સ ધ્યાવૈં.
ધ્યાનમેં ગ્યાનમેં વેદપુરાણમેં કીરતિ જાકી સબેં મન ભાવૈ,
**કેશવદાસ**કું દીજીઇ દૌલત ભાવ સૌં સાહિબકે ગુણ ગાવૈં. ૧

**અંત** – ક્ષાલ વિનોદ વિદ્યા જબ કો કરે, જ્યું લોક આયજુ રે ષેત પાકો,
મુંસીયમાર ગરીબ સો દીશત, કોઊ ન પુછત નાંઉં જું તાકો,
ઠીગીય માર દેષી સબ ડરપતિ દેઉત હીઉસ આદદ જાકો,
**કેશવદાસ** તો સાચૂં કહે ભયા, ખાંડેકી પૃથ્વી નેં દાન વિદ્યાકો. ૫૮
બાઉન અક્ષર જોર કરી ભયા, ગાઉ **પચ્ચાસહી**મેં મન ભાવે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સતર સોત છત્રીસકો** સાઉન સુદિ પાંચુ ભૃગુવાર કહાવે.
સુખસોભાગ નીકો તિતંકો હુવે બાઉન અછર જો ગુન ગાવે;
**લાવનરત્ન** ગુરૂ સુપસાઉ સો **કેશવદાસ** સદા સુખ પાવે. ૬૦

(૧) શ્રી કેશવદાસકૃત બાવની સંપૂર્ણ. શ્રી ૬ શ્રી પૂજ્યજી ઋષિ. શ્રી (પછી ભૂંસીને ઉપર લખ્યું છે) ૬ કેશવ તત્‌શિ.ઋ. ભૂપતજી લપીકૃતં. છેલ્લું પત્ર, મારી પાસે. (૨) સં.૧૮૪૮ રાધ માધવમાસે લ. લક્ષ્મિકલ્લોલેં. ભ્રાતૃ ઉમેદવિજયગણી પઠનાર્થં ઇલાદુર્ગે. પ.સં.૬-૧૩, ખેડા ભં.૨ દા.૭ નં.૫૫. (૩) જુઓ નીચેની કૃતિમાં ત્રીજી હસ્તપ્રત.

**(૩૫૧૦) શીતકારકે સવૈયા** (હિંદીમાં) ૭ સવૈયા

(૧) જુઓ ઉપરની કૃતિની બીજી હસ્તપ્રત. (૨) સં.૧૮૧૪ પ્ર. આસો શુદિ ૪ શનિ પં. આનવિજય લિ. ચ્યે. દેવજી વાચનાર્થં. પ. સં.૧૩, તેમાં પ્રથમ તો ૯ પત્રમાં 'કૃષ્ણદાસ બાવની' છે તે સાથે, ખેડા ભં.૨ દા.૩ નં.૧૫૪.

**(૩૫૧૧) વીરભાણ ઉદયભાણ રાસ** ૬૫ ઢાળ ર.સં.૧૭૪૫ વિજય-દશમી સોમવાર નવાનગરમાં

**આદિ**– સદગુરૂજી સાનિધ કરો, શ્રી **જિનકુશલ** સૂરીંદ
પરતાપૂરણ તું પ્રભુ, પરતિખ સુરતરૂકંદ. ૧
જસ મહિમા જગ તાહરિ, સયલે મહકી વાસ,
સમર્યાં આસ્થા પૂરવે, સેવકમન ઉલ્હાસ. ૨
બિરૂદ ઘણા છે તાહરા, મેં કહો કિમ કહિવાય,
ખીરસમુદ્ર જલ સુ ભર્યો, કહો કિમ બિંદુ ગણાય. ૩
અરજ સુણેજ્યો સાહિબા, પ્રણમું બે કર જોડી,
સાધુ તણા ગુણ ગાઇવા, મુજ મનમેં છે કોડિ. ૪
એ આસ્યા મુઝ પૂરવો, સાંભલી મોરા સ્વામિ,
જોડિ સરસ વાંણી સરસ, સફલ હોસે તુઝ નામ. ૫
મંદ બુદ્ધિ છે માહિરિ, જોડી કરણ પણ હૂંસ,
થાંસું કયું છાંનો નહિ, જૂઠ કહું તો સુંસ. ૬
**વીરભાણ ઉદેભાણ**નો, ચરિત્ર સુણો ચિત લાય,
જિમ ઉતપતિ આગલ થઇ, કહિસે સંબંધ બનાય. ૭
**વીરભાણ** તો દાનથી, લાધી લીલા ઋદ્ધિ,
**ઉદેભાંણ** સેવા કરી, સાધૂ તણી મન સુદ્ધિ. ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવા દાન પ્રભાવથી, ફલીયાં વંછિત કાજ,
ઉત્તમ કુલ તે અવતર્યા, પાયા દોનો રાજ. ૯
મહા મુનિસર ગાવતાં આરતિ ચિંતા નાય,
દુખદોહગ દૂરે ટલે, નવનિધ લક્ષ્મી થાય. ૧૦
સરસ કથા સુણજો ચતુર, વિકથા છોડી વાત,
સાંભલતાં સુખ ઊપજે, નિર્મળ થાસ્યે ગાત્ર. ૧૧
કિણુ દેશે કિણુ નગર એ, કુંણુ રાજા કુંણુ નામ,
તે ભવિયણુ તુમે સાંભલો, મન રાખીને ઠામ. ૧૨

**અંત** – ઢાલ ૬૪ ધનાસી. ધનધન આર્દ્રકુમરવર સજની એ દેશી.
ધનધન **વીરભાણ ઉદેભાણ** મુનીવરૂ, નામ થકી નિસ્તાર,
માહા મુનીસરનાં ગુણ ગાવતાં, પામીજે ભવપાર. ૧ ધન.
**વિક્રમચરિત** થકી એ ઉધર્યો, સરસ કથા રસ જોય,
ઓછોઅધિકો જે મેં ઈહાં કહ્યો, મિછા દુકડ સોય. ૨ ધન.
મેં ચતુરાઈ કરીને માહરી, કીધો એહ પ્રબંધ,
ઓછોઅધિકો જિહાં તુમે દેખો, કહિજ્યો મેલસંબંધ. ૩ ધન.
એ અરજ છે રે કવિયણુ માહરી, થેં છો ચતુર સુજાણુ,
માહરી શોભા વધસ્યે તુમ થકી, વાચ્યાં સરસ વખાણુ. ૪ ધન.
**સતર પસતાલે** સંવસરે, વિજ્યાદશમી સોમવાર,
પુરણુ રાસ કર્યો મેં તિણુ દિને, વર્ત્યા જયજયકાર. ૫ ધન.
**નવાનગર** માહે એ મેં કરી, ચોપાઈ મન-આણુંદ,
મૂલનાયક શ્રી સંઘને સુખકરૂ, **ધર્મનાથ** સુખકંદ. ૬ ધન.
શ્રી **ખરતરગછ** દિનદિન દીપતો, દાદાને સુપસાય,
જેહને નામે નવનિધિ સંપજે, આરતિ ચિંતા જાય. ૭ ધન.
**જિનભદ્ર**સૂરીની શાખા પરગડી, જેહના શિષ્ય વિનીત,
સુધો સંયમ પાલે દિન પ્રતે રૂડી જેહની રીત. ૮ ધન.
શ્રી **સાધુકીર્તિ** પાઠક સુખકર, જેહનો જશ વિખ્યાત,
ચોપરવી પોસો જિણુ થાપીયો, જગ સહુ જાણે રે વાત. ૯ ધન.
**મહિમસુંદર** વાણારસ તેહના, શિષ્ય મહા પ્રવીણુ,
અધિક પંડિત ચતુરાઈ અતી ઘણી, સીલ ગુણેં લયલીણુ. ૧૦ ધન.
તેહના શિષ્ય વાચક **નયમેરૂ**જી, જેહની અમૃત વાણુ,
૨૫ કલા ગુણ સોહે અતિ ભલા, દેખી રીઝે રાયરાણુ. ૧૧ ધન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેહના શિષ્ય વાણારસ દીપતા, **લાવણ્યરત્ન** સુજાણ,
તે ગુરૂ માહરા ત્યાં લગે પ્રતપજો, જાં લગે ધ્રુભાણ. ૧૨ ધન.
તેહનો શિષ્ય સુવિનીત છે, **કુશલસાગર**ગણી જાણ,
સાધુ તણા ગુણ ગાયા સુદ્ધ મને, અધિકી આસતા આણ. ૧૩ ધન.
ભણે ગુણે જે ભવિયણ સાંભલે, તેહની ફલસે આસ,
આરત વિઘન ચિંતા દૂરે ટલે, એ સાંભલતાં રાસ. ૧૪ ધન.
ગુરુ **લધાજી**ના પરસાદથી, રાસ રચ્યો શ્રીકાર,
**કેસવ**ને સુખસાતા છે ઘણી, દિનદિન હરખ અપાર. ૧૫ ધન.

(૧) લિ. ૧૮૭૮ શક ૧૭૪૪ વૈ.શુદ ૧૩ ગુરૂ. રાજકોટ પૂ.અ. (૨) સંવત ૧૮૮૩ના વર્ષે આસાઢ વદિ ૧૩ સોમે. શ્રી જખઉ મધ્યે......શ્રી અજિતનાથ પ્રસાદાત. પ.સં.૪૪–૧૭, વ.રા. મુંબઈ. (૩) લ.સં.૧૮૭૧, ઘો.સ.ભં. (૪) સં.૧૭૯૭ કા.વ.૭ બુધે પં. **અમરવિજય** લ. પ.સં.૮૧–૧૨, ખેડા ભં.૩. (૫) સં.૧૮૫૩, પ.સં.૪૪, પંન્યા જીરા ભં. દા.૧૨ નં.૧૪. (૬) સં.૧૯૯૨ કા.વ.૧૩ શુક્રે **મોહન** મુનિ–**જિનયશસૂરિ–રાજ**મુનિ–રત્નમુનિ લિ. કચ્છ **લાઈજા**માં. પ.સં.૪૨–૧૫, જિનદત્ત ભં. મુંબઈ.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૫૪ અને ૩૬૬–૬૯, ભા.૩ પૃ.૧૩૨૮ અને ૧૩૩૩. 'કેશવદાસ બાવની'ના કર્તા કેશવદાસ તથા 'વીરભાણ ઉદયભાણ રાસ'ના કર્તા કુશલસાગર(કેશવ)ને પહેલાં જુદા ગણેલા, પરંતુ પછીથી એક કર્યા છે, જે યોગ્ય જણાય છે. કવિનાં બે નામ છે એમ જ 'વીરભાણ ઉદયભાણ રાસ'માંથી સમજાય છે. એ રાસમાં ઉલ્લિખિત ગુરુ લધાજી તે કવિના વિદ્યાગુરુ હોવાનો સંભવ છે.]

## ૧૦૧૦. યશોલાભ (ખ. સાગરચંદશાખા સમયકલશ–સુખનિધાન–ગુણસેનશિ.)

**(૩૫૧૨) સનત્કુમાર ચોપાઈ** ર.સં.૧૭૩૬ શ્રા.શુ.૧૧

(૧) સં.૧૭૬૩ માગ.શુ.૧ નવહર મધ્યે વા. **જ્ઞાન**નિધાન શિ. **જ્ઞાન**નંદન **આણંદધીર જ્ઞાન**વિજય લિ. પ.સં.૩૧, કૃપા. પો.૪૭ નં.૮૬૬.

**(૩૫૧૩) ધર્મસેન ચોપાઈ** ૩૬ ઢાળ ર.સં.૧૭૪૦(૩૦?) જે.શુ.૧૩ નાપાસરમાં

**આદિ**– ચરણકમલ શ્રી **પાસના**, પ્રણમું બે કર જોડિ,
સેવક જાસ પ્રસાદથી, શીઘ્ર લહે સુખ કોડિ. ૧
સાચી માતા **સરસતી**, અવિરલ આપો વાંણિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરસ વચન રચના કદી, રીઝે ચતુર સુજાંણ. ૨
ધરમાચારિજ જ્ઞાનગુરૂ, કુમતિ-વિણાસણહાર,
સકલ પ્રકાસક સાસ્ત્રમતિ, જ્ઞાનહંસ-દાતાર. ૩
તીર્થંકર ગણધર થવિર, ઉપદેસ ધર્મ અધિકાર,
ચ્યારિ ધર્મ માહે દાનધર્મ, એ મોટો સંસાર. ૪
કથા અપૂરવ અધિક રસ, મીઠી જાંણિ નિ વાત,
સુઘડ હુસ્યે તે રીઝસ્યે, સુણતાં અચરિજ વાત. ૫

**અંત** – ઢાલ ૩૬ શાંતિ જિન તારે ભાંમડલૈ જાઉં – દેશી
દાનધરમ શ્રીકાર સહૂમેં, આદરિ તિણ મનમૈં વે,
શ્રી **ધર્મસેન** રિષીસર રાયા, પ્રણમું ઊઠી નિત પાયા વે. શ્રી. ૧
સંવત્ **સતરહ સૈ ચાલીસૈ**, જેઠ સુદિ તેરસ દિવસે વે,
**સુપાસ** તણો દિક્ષા-દિન-ઉચ્છવ, સુરનર કરૈ મહોત્સવ વે. શ્રી. ૨
**નાપાસર** જિનભુવન વિરાજે, **અજિત શાંતિ** જિન રાજે વે,
**ખરતર**ગચ્છ સુરતરૂ સમ સોહે, દાન-અમૃતફલ મોહે વે. ૬
ગચ્છ ચોરાસી સિર રવિ છાજે, સૂરિ **જિનચંદ** વિરાજે વે,
તસુ રાજે મેં ચરિત એ રચીયો, સાધુગુણે મન મચીયો વે. ૭
**સાગરચંદ**ની સાખ ઉદારા, સાધુ વડાં ગુણધારા વે,
વાચકપદવી પાટવિ રાજૈ, **સમયકલસ** ગુરૂ છાજે વે. શ્રી. ૮
**સુખનિધાન** વાચકપદધારા, ગુણમણિરતનભંડાર વે,
તાસ સીસ ગુણે કરિ સોહે, ભાવિક જીવ પડિબોહે વે. શ્રી. ૯
શ્રી **ગુણસેન** વિદ્યાભંડારા, પરઉપગારી ઉદારા વે,
તાસ સીસ ચરિત એ ભાખ્યો, **જાદવહીંડ** મેં દાખ્યો વે. ૧૦
............................**નેમીસર**ને માધવ પૂછ્યો,
ભણતાં ગુણતાં સબ સુખ પાવે, અલય-વિઘન દૂરિ જાવે વે. ૧૧
**યશોલાભ** સાધુગુણ ગાવે, મનવંછિત ફલ પાવે વે.
સકલ સંઘને આનંદકારી, મંગલમાલ જયકારી વે. શ્રી. ૧૨

(૧) સં.૧૮૦૯ ફા.વ.૬ રવિ પં. લિ. કનકમાણુકય મુનિ વિકાનેર મધ્યે. પ.સં.૨૭–૧૫, મહિમા. પો.૧૨. (૨) સં.૧૮૫૯ ફા.વ.૨ રત્નધર્મ-માનવિજય ચિ. સવાઈ સહ લિ. કાલૂ મધ્યે. પ.સં.૨૬, દાન. પો.૧૪ નં.૨૬૭.

**(૩૫૧૪) અમરદત્ત મિત્રાનંદ રાસ**

**આદિ**– સ્વસ્તિ શ્રી જિણવર સકલ, ચરણ નમું ચિત લાય,
મનવંછિત ફલઇ મન તણા, થિર રિદ્ધિ સંપતિ થાય. ૧
વરદાયક વાગેશ્વરી, સાચી સકતિ સુહાય,
શ્રી ગુરૂ મુઝ સાનિધ કરો, નમતાં નવનિધ થાય. ૨
ધરમ ચ્યાર ધ્યાવો સદા, ભાખઈ ભગવંત એમ,
સુખસાતા લાભઈ સુથિર, નરભવ સફલ જન્મ. ૩
કડૂઆ ફલ કષાયના, પરતિખ પ્રાણી પાપ,
ઈમ જાણી જિણ ઉપદિસ્યઈ, સેવ્યા હોઈ સંતાપ. ૪
ચ્યાર કષાય એ ચઉગણા, વરજઉ આણિ વિવેક,
**મિત્રાનંદ અમરદત્ત** જિમ, કીધા કરમ અનેક. ૫

(૧) પ.ક્ર.૧થી ૩૨, અપૂર્ણ, નાહટા.સં. નં.૨૫૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૨૧–૨૩. 'ધર્મસેન ચોપાઈ'નો ર.સં. ૧૭૪૦ કૃતિમાં સ્પષ્ટ મળે છે, પછી (૩૦ ?) શા માટે મૂકયું છે તે સમજાતું નથી. 'અમરદત્ત મિત્રાનંદ રાસ'ના ઉદ્ધૃત ભાગમાં કવિનામ નથી, શ્રી દેશાઈને એ માહિતી નાહટા પાસેથી મળેલી હોવી જોઈએ.]

## ૧૦૧૧. અજિતચંદ (તપ–ઉપકેશગચ્છ અમીચંદશિ.)

**(૩૫૧૫) ચંદન મલયાગીરી રાસ** ર.સં.૧૭૩૬ આશ્વિન શુદ ૧૦ રેવાતટે હોડિયો નગરમાં

ધર્મપુરના શ્રાવક અભેચંદના કહેવાથી રચ્યો.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૫૫.]

## ૧૦૧૨. જ્ઞાનકીર્તિ (વિનયદેવસૂરિ–વિનયકીર્તિસૂરિ–વિજયકીર્તિસૂરિશિ.)

વિનયદેવસૂરિ માટે જુઓ નં.૨૩૭ ભા.૧ પૃ.૩૨૧.

**(૩૫૧૬) ગુરુરાસ** (ઐ.) ૧૯ ઢાળ ર.સં.૧૭૩૭ માઘ શુ.૬ ખંભાતમાં

**આદિ– આદિનાથ** આદિં નમું આપેં અવિચલ શર્મ.
નીતિપંથ પ્રગટાઇકે, વારિઉ યુગલાધર્મ. ૧

**અંત–** ઢાલ ૧૯ રાગ ધન્યાસીરિ.
**વિજયકીરત્તિ**સૂરિ વંદિઇ ગુણગિરૂઉ ગુરૂરાજ રે,
નામે જેહને નવનિધિ થાઈ, સીઝે સઘલાં કાજ રે. વિ. ૧
**બ્રહ્મા**રૂષિથી ગચ્છ **બ્રહ્મામતી, વિનયદેવ** તસ નામ રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરિશિરોમણિ સમતાદરિઓ, સવિ ગુણનુ વિશ્રામ રે. વિ. ૨
તેહને પાટિ દીપક મદજીપક, **વિનયકીરતિ**સૂરિ જાણુ રે,
ગુરૂ ગુણ સકલવિદ્યાનું આગર, તે હુઓ આગમજાણ રે. વિ. ૩
તસ પટ સોહે જનમન મોહે, મોટો મહિમાવંત રે,
સાધુ ક્રિયા તપ જપનુ દરિયુ, શ્રી **વિજયકીરતિ**સૂરિ સંત રે. વિ. ૪
તસ સીસ **જ્ઞાનકિરતિ** ભાષે, ગાયુ ગુરૂગુણ રાસ રે,
ગુરૂ નામેં સુખસંપદ લહીઈ, પુંહચે સઘલી આસ રે. વિ. ૫
**સાયર ગુણ ઋષિ ચંદ્ર** સંવચ્છરિ, માઘ માસિ સુદિ જાણુ રે,
**થંભણ**નયરે સંઘઆદેશે, છઠ્ઠિ દિન ચઢયો પ્રમાણ રે. વિ. ૬
ભણતાં ગુણતાં સંપતિ થાઈ દુઃખદાલિદ્ર સબ જાઈ રે,
નવનિધિ સિદ્ધિ ઘણેરી આઈ, હઇઈ હર્ષ ન માઇ રે. વિ. ૭

**અંત** – પૂજ્ય શ્રી **તેજસંઘજી**, **સૂરત** નગર ચોમાસે,
વરસ **સત્તર અઠાવને**, ગણી **કાંહાનજી** ઇમ ભાસે.

(૧) પ્ર.કા.ભં.
[પ્રકાશિત : ૧. લોંકાગચ્છીય શ્રાવકસ્ય સાર્થ પંચપ્રતિક્રમણસૂત્ર.]

**(૩૫૬૪) નેમનાથ સ્ત.** ૬ કડી ર.સં.૧૭૬૭ ફા. જંબુસર

**(૩૫૬૫) મેઘમુનિ સ.** ૭ કડી ર.સં.૧૭૭૦ કાલાવડ

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૪૭, ભા.૩ પૃ.૧૩૯૫.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૦૪૩. ઋષભસાગર (ત. ચારિત્રસાગર-કલ્યાણસાગર-ઋદ્ધિસાગરશિ.)

**(૩૫૬૬) ગુણમંજરી વરદત્ત ચોપાઈ** ર.સં.૧૭૪૮(?) કા.શુ.પ સોમ આગ્રામાં

**આદિ** -

દૂહા.

પ્રણમું જગદાનંદકર, જગનાયક જિનરાજ,
સંભારતાં સંપજૈ, સકલસુખસિરતાજ. ૧
ગુણધર ગણધર લબધિકર, શ્રુતપુરવધર સાર,
કંચન કંજાસન સરસ, ધ્યાન ધરઈ ધીધાર. ૨
દેવી સુપ્રસન હુવૈં જદી, સેવૈં ગુરૂના પાય,
મનુષ્ય હુવૈં મૂરિખને, કૃપા થકી કવિ થાય. ૩
ગીર્વાણા નહિં ગુરૂ વિના, વલિ વિદ્યા સંસાર,
પય પ્રણમું જિનગુરૂ તણા, ગુરૂ મોટા દાતાર. ૪
વલિ પ્રણમું વિદ્યાગુરૂ, પંડિત શ્રી **જસરાય,**
મહવાન હુઇ મુઝનઇં, પંડિત કીયો પઢાઇ. ૫
ભવિકજીવ-ઉપકાર ભણિ, જ્યૂં કહ્યો પૂરવ સૂરિ,
કાતિ સુદિ પંચમિ તણો, કહિસ્યું મહિમા પૂર. ૬
પરમ ગ્યાન જગમૈં કહ્યૌ, ગ્યાન સાધક સહુ અરથ,
ગ્યાંનઈ અનિષ્ટ નિશ્ચય નહીં, સહુમૈં ગ્યાન સમરથ. ૭
ગ્યાન થકી પાવૈં મુગતિ, ગ્યાંનઇ પરમાનંદ,
ગ્યાન કલપતરૂ સમ કહ્યૌ, સૂણો ભવિકજનવૃંદ. ૮
સુજસ સુલછી સંપજૈ, જો હુવૈં ઘટમેં ગ્યાંન,
ગ્યાંનઈ સુરસુખ સેવઈ, ગ્યાંન વિના સ્યો ધ્યાંન. ૯
તિકો ધ્યાન તો પાંમિજઇ, જો તપ પંચમિ હોય,
પરિહરિનઈ પરમાદનઈ, તપ વિધ કરજ્યો જોઇ. ૧૦
**વરદત્ત ગુણમંજરી,** પંચમિ આરાધિ જિણ ભાંતિ,
તે દષ્ટાંત કહસ્યું ઇહાં, ખરી ધરી મન ખાંતિ. ૧૧
તિથિ પનરે જગમઈ જિકે, સહુ અછૈં સિરદાર,
પિણિ કાતિ સુદ પંચમિ તણૌ, મહિમા અગમ અપાર. ૧૨
**ગુણમંજરી વરદત્તનો,** સગલો હિં સંબંધ,
કહિસ્યું હું તિણિ વિધિ ઇહાં, નવનવ ઢાલૈ બંધિ. ૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સજ્જનનઈ સુખ ઊપજઈ, દુર્જન હુવઇ મલીન,
છઇ જેહવી તેહવી કહી, રૂષકી વાત રખીન. ૧૪
સરસ એહ સંબંધ છઈ, સુણત દુરિત સહુ જાય,
પંચ પ્રમાદ છોડી પરા, તિણ સુણિજ્યો ચિત્ત લાઇ. ૧૫

અંત – ઢાલ ૧૧મી રાગ ધન્યાસી.

ઇણ પરિ ભાવભગતિ અતિ આંણી, ગુણવંતના ગુણ જાંણી રે,
અમૃત થકી મીઠી અધિકાંણી, કથા યથાર્થ કહાંણી રે. ૧
ઇણ પરિ સુદ પંચમી ગુણ ગાયા, અધિક અધિક સુખ પાયાજી,
જે જન જગમેં નામ ગવાયા, ધન્ય ધન્ય જનની આયાજી. ૨ ઇણ.
ઇહાં **ગુણમંજરિ વરદત્ત** અધિકારા, નામ સુણત વિસ્તારાજી,
આચરીયા જિણ ધર્મ અપારા, સુખ પાંમ્યા શ્રીકારાજી. ૩ ઇણ.
તપ તણા ફલ પરતખિ દેખો, ઠામઠામ છેં લેખોજી,
સુકૃત થકી તુમે સુખીયા દેખો, મત કોઈ કરો અદેખોજી. ૪ ઇણ.
પંચમિ પંચ ગ્યાંનનેં આપઇ, પંચ પંચ સુમતિ સમ્નપઇજી,
પંચ મહાવ્રત પંચમિથી હુવેં, પંચમ અનુતર અપેંજી. ૫ ઇણ.
**ગુણમંજરી વરદત્ત** ગુણ ગાવેં, ભાવઈ જે નરનારીજી,
પરથલ સુખ તે તેહ પાવેં, દાવેં કરો વિચારીજી. ૬ ઇણ.
એહથી અધિક અસાતા આંણી, પુણ્ય કરો સૌ પ્રાંણીજી,
જ્યું પરણો શિવની પટરાંણી, એ છેં આગમવાંણીજી. ૭ ઇણ.

*

ગુણનિધિ ગીરૂઓ **તપગચ્છ** ગાજેં, સકલ બિરૂદ તસ છાજેંજી,
**વીર** પરંપર **વિજૈમલસૂરીસર**, પરગટ તસ પટ રાજેંજી. ૯ ઇણ.
તાસ પટોધર **વિજૈરત્ન** સૂરીસર, **ક્ષમા** પંડિતમેં ખ્યાતાજી,
વડેં વખત વડવખત વિરાજ્યા, દેખત હોવેં સાતાજી. ૧૦ ઇ.
**તપ**ગચ્છ માંહિં વિશુદ્ધશિરોમણિ, **ચારિત્રસાગર** ચાવાજી,
**કલ્યાણસાગર** તસ સીસસિરોમણિ, વિદ્યાવિશારદ વાવાજી. ૧૧ ઇ.
તાસ પરંપર પાટ પરગડા, **ઋદ્ધિસાગર** ગુરૂરાયાજી,
પંચમહાવ્રત પરતખિ પાલેં, પંડિતપદવી પાયાજી. ૧૨ ઇ.
તસ પદપંકજનેં પરસાદેં, સુણી સંબંધ સવાદેંજી,
**ઋષભસાગર** કહેં મનનેં રાગેં ભલ મિલિયા મુઝ ભાગેંજી. ૧૩ ઇ.
નગર **આગરઈ** સરસ સુઠામઈ, સંઘ વસૈ સુભ નામેંજી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉસવંસ નિજનિજ ગોત્રા, પરતિખ પુણ્ય પવિત્રાજી. ૧૪ ઇ.
**આણંદ કામદેવ** સા હૂન્ન, કરૈં દેવગુરૂપૂજાજી,
**સુલસા રેવઈ** સરસી કાંતા, સહુ શ્રાવિકા સાંતા દાંતાજી. ૧૫ ઇ.
તિણ કહ્યો વિનતી અમ માનીજૈ, પંચમિ ચૌપઇ કરિ દિજૈંજી,
તસ વચન મનિ આંણી ફલ બહુ જાંણી, એ ચઉપઇઅ રચાંણીજી.
૧૬ ઇ.
**મિત્રભાવ જુગભાવ મદરપતિ, સસિ** તઇ સંવચ્છર ધારજૈંજી,
**ઋષભ આગરૈં** ચરિત રચ્યૌ એ, કાતિ સિત સર તિથિ સસિ-
વારૈંજી. ૧૭ ઇ.
ધરમી પાવૈં ધરમ પ્રતિં બહુ, અરથી પાવૈં અરથૈંજી,
અભિલાષુક પાવૈ અભિલાષૈ, સુણસી જેહ સમરથઈજી. ૧૮ ઇ.
રોગી તણા રોગ સૌ જાવૈં, છુટૈં બંધનથી બંધ્યોજી,
ભીરૂ પુરૂષ તે ભયથી છુટૈં, સુખ ઇણ સું જિણ સંધ્યોજી. ૧૯ ઇ.
**ઋષભસાગર** નિજમતિ અનુસારૈં, એ કહી ઇણ પ્રકારૈં,
ભણૈં ગુણૈં એ ચરિત પવિતઇ, આનંદ હુવૈં તસ ચિત્તઈજી.

(૧) ઇતિ શ્રી પંચમી તપ વિષયે ગુણમંજરી વરદત્ત ચૌપાઇ સંપૂર્ણં. પ.સં.૨૦–૧૨, ધો.ભં. (૨) સં.૧૭૭૯ કા.કૃ.૧ **આગરા** લિ. **લક્ષ્મિસિદ્ધિ.** પ.સં.૨૨, દાન. નં.૧૦૧૧. (૩) પ.સં.૨૦, જય. પો.૬૬. (૪) પ.સં. ૨૨–૧૨, ગુ. (૫) સં.૧૮૭૮ લિ. પ.સં.૨૦–૧૫, ગુ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૩).]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૮૦–૮૩. કૃતિ વિજયરત્નના રાજ્યકાળમાં એટલે સં.૧૭૩૨થી સં.૧૭૭૩ સુધીમાં રચાયેલી છે. મદરપતિ = ૭ જ અભિપ્રેત હોઈ શકે પણ એ કેવી રીતે બને તે સ્પષ્ટ નથી. મંદર = સ્વર્ગ = ૭ અથવા પર્વત કે સાગરના અર્થનો કોઈ શબ્દ હશે? યુગ = ૪, પણ મિત્ર = સૂર્ય = ૧ અથવા ૧૨ થાય; ૮ કેવી રીતે થાય એ સ્પષ્ટ નથી. સંકેતશબ્દોનું અર્થઘટન સંદિગ્ધ જ રહે છે. આ કવિને નામે 'વિદ્યાવિલાસ રાસ' મુકાયેલો તે પછીથી ૧૯મી સદીના ઋષભસાગરની કૃતિ ઠરતાં અહીંથી રદ કર્યો હતો.]

## ૧૦૪૪. કુશલલાભ વાચક (ખ. જિનમાણિક્યસૂરિ–કલ્યાણધીર–કલ્યાણલાભ–કુશલધીરશિ.)

**(૩૫૬૭) ધર્મબુદ્ધિ ચોપાઈ** ૩૫ ઢાળ ર.સં.૧૭૪૮ પોષ વદિ ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવલખીમાં

**આદિ** – આદિચરણ પ્રણમી કરી, **શાંતિ** નમું મુખચંદ,
**નેમનાથ** મનમેં ધરી, પ્રણમું **પાસ** જિણંદ. ૧
**વર્દ્ધમાન** જિનવર નમું, સાસણનો સિણગાર,
ગુરૂ **ગૌતમ સરસતિ** નમું, સમરી શ્રી નવકાર. ૨
એ સહૂને પ્રણમી કરી, ધરમ તણો ધરિ રાગ,
ધરમકથા કહિસ્યું હિવઇ, મોક્ષ તણો જે માગ. ૩
રોગ ન પહવે ધરમથી, ગ્રહ નવિ પાડે કોઈ,
વૈર ન વૈરી કરિ સકે, જગ માહે જસ હોઇ. ૪
ધરમ કરો સહૂ પ્રાંણીયા, જ્યું ધરમઈ ધન હોઈ,
મંત્રી **સુબુદ્ધિ**ની પરે, સુખી હવો સહુ કોઈ. ૫
કિણ થાનક તે ઊપનો, રિદ્ધિસિદ્ધિ લાધી કેમ,
સહૂ ભાષૂં સહૂ કો સુણો, જઠે હૂઓ છે જેમ. ૬

**અંત** – ઢાલ ૩૫ ગીતા છંદની જાતિ
ધરમ કરઉ ભવિ પ્રાંણીયા, જ્યું ધરમઇ ધન હોઇ

*

એ ગ્રંથ દેખી કિરીય ચઉપી કરમ મેટણ કારણઇ
એ સાધુ ઇંદ નરિંદ વંદઈ જાઉં તેહનઈ વારણઇ. ૨
**ખરતર** અતિ દીપતા ભટ્ટારક વડભાગ
શ્રી **જિનમાણિક** સુખકર જગ મહિ અધિક સોભાગ
સોભાગ જેહનઉ ચિહું ખંડે, પ્રતપીયઉ જિણવર જિસઉ
તસુ સીસ વાચક શ્રી **કલ્યાણધીર**, સાધુગુણે સગુણાં તિસઉ,
તેહના શિષ્ય સુદક્ષ વાચક, શ્રી **કલ્યાણલાભ** કહીજીયઇ
જસુ રૂપ ગુણ કરિ જગત મોહેં નામઇ સુખ લહીજીયઇં. ૩
શિષ્ય તેહના જગિ પરવડા, મહોપાધ્યાય કહાયોજી
શ્રી **કુશલધીર** કલાનિલઉ, સહુ જીવાં સુખદાયોજી
સુખદાઈ સગલાં જીવ સેતી, પ્રતપીયઉ તે દહ દિસે
તસુ સીસ વાચક **કુશલલાભેં**, જોડિ કરિ મનનઈ રસઈ
શિષ્ય **કુશલસુંદર હીરસુંદર** તણઈ આગ્રહિ એ કરી
ચઉપઇ રચના કથા સુણતા ચતુર જનનઈ મન હરી. ૪
શ્રી **ખરતર**ગચ્છ ગચ્છપતી, શ્રી **જિનચંદ** સુરિંદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજઇ તેહનઈ એ રચી, સહુઅ જનાં સુખકંદ
સુખકંદ ચઉપી જગતમા રે, વાચતાં એ સુધ મનઈ
સંવત **સતરઇ સઇ અઠતાલઇ**, પોસ વદઇ દસમી દિનઈ
એ થઈય પૂરી અતિ સનૂરી કથા કવિનઇ સુખકરી
સુધ ઢાલ સુણિનઈ કવિ કહૈ જ્યો સીખ એહ હીયૈ ધરી. ૫
નગર મનોહર **નવલખી** દેહરાસર સુખકાર
**શાંતિ** જિણસિર સોલમો સુરતરૂનઈ અવતાર
અવતાર સુરતરૂ થકી અધિકઉ સંઘના સંકટ હરઇ
રિધિસિધિદાતા જગવિખ્યાતા સેવીયાં ભવજલ તરઇ
તિહાં વસે સંઘ સનૂર **સુખીયા** દેવગુરૂરાગી સદા
દિનદિન અધિક પ્રતાપ હુઈજ્યો **કુશલલાભ** કહઇ મુદા. ૬

(૧) પ.સં.૩૧-૧૪, ડા.પાલણપુર દા.૩૬.

**(૩૫૬૮) વનરાજર્ષિ ચોપાઈ** ૩૯ ઢાળ ર.સં.૧૭૫૦ આષાઢ શુ.૧૫ ભટનેરમાં

**આદિ** - દૂહા.

આદિ જિણેસર **આદિદેવ**, ચોવીસે જિણચંદ
પ્રણમું તે દિનદિન પ્રતેં, સહુ જીવાં સુખકંદ. ૧
ભાવ ધરી નિત ભેટતાં, સીઝે સગલા કાજ
સુરનરના સુખ એ દીયે, અનુક્રમિ અવિચલ રાજ. ૨
**પુંડરીક ગૌતમ** પ્રમુખ, પ્રણમી સહુના પાય
વાગેસરિ પ્રણમું વલી, સિદ્ધિરીદ્ધિબુદ્ધિ-દાઇ. ૩
સુગુરૂ વલી સાંનિધિ કરી, દેજ્યો વચનવિલાસ
જિનપૂજાફલ વરણવૂં, એ મુઝ પૂરો આસ. ૪
પૂજા દોઇ પ્રકારની, દ્રવ્ય ભાવ કહવાય
દ્રવ્ય અનેક પ્રકાર છે, ભાવ એક શિવદાય. ૫
દાન શીલ તપ ભાવ એ, ભાવે બહુ ફલ હોઇ
તિણ કારણિ ભવીયાં તુમ્હે, ભાવ ભજો સહુ કોઈ. ૬
ભાવસ્તુતિ પૂજા થકી, રાજ લહ્યો **વનરાજ**
તે સંબંધ ઇહાં હિવે, હું કહિસ્યું હિતકાજ. ૭
મનચિંતા સહૂ મુંકિનઇ, આલસ ઉંઘ નિવારિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાત સકલ થે વરજિને, સુગુણ ચણો સુખકાર. ૮

અંત – ઢાલ ૩૯મી

ઇહલોક પરલોક સુખ પામસી રે, લહ્યા **વનરાજઈ** જેમ
ઇમ જાણી જિનવરપૂજા કરઉ રે, શિવપુરસુખ લહઉ તેમ. સ.૧૪
વર્ત્તમાન ગચ્છનાયક જગમઇ દીપતા રે, જુગવર શ્રી **જિનચંદ**
રાજઇ તેહનઇ ચોપઈ એ રચી રે, ધમંઠ ઘણુઇ આણંદ. સ.૧૫
**ખરતર**ગચ્છ જ્ઞાનમહોદધિ રે, શ્રી **જિનમાણિકચ**સૂરિ
તાસુ સીસ વાચકપદશ્રીયુતા રે, **કલ્યાણધીર** ગુણભૂરિ. સ.૧૬
તેહના શિષ્ય રે વાચકપદધરૂ રે, **કલ્યાણલાભ** કહાય
તસુ પાટઇ તેજઈ સૂરિજ સારિખા રે, શ્રી **કુશલધીર** ઉવઝાય. સ.૧૭
તસુ પદપંકજ અતિ જિમ સેવતાં રે, અકલિ લહી મઈ એહ
**કુશલલાભ**ગણિ વાચક ઈમ કહે રે, ચઉપઇ એ સસનેહ. સ.૧૮
**કુશલસુંદર**ને અતિ આગ્રહ કરી રે, ચોપઈ કી સુવિચાર
**હીરસુંદર** હરષે કરી વાચજ્યો રે, **કુસલધીર** સુખકાર. સ.૧૯
સંવત **સતરૈં સઇ પંચાસૈ** સમેં રે, આસાઢ માસ ઉદાર
અજૂઆલી રે પૂનમ પૂરી થઇ રે, ચઉપઈ એ સુખકાર. સ.૨૦
નગર ભલો રે **ભટનેર** વખાંણીયે રે, નગરાં માંહિ પ્રધાન
શ્રાવક સુખી સખરા જિહાં રે, ધરે સદા ધ્રમધ્યાન. સ.૨૧
મૂલનાયક છે જિહાં **મુનિસુવ્રત** વીસમો રે, એ શિવપુરપંથ સુહાય
સઘલા સંઘ પ્રતઇ તે સુખકરૂ રે, દિનદિન દોલતિ દાય. સ.૨૨
ઇહાં ચોમાસે રે આવી કીધી ચઉપઈ રે, શ્રી **જિનકુશલ** પસાય
ઇહાં તે થૂભ વિરાજઇ સાસતઉ રે, **કુશલલાભ** સુખદાય. સ.૨૩
ભણતાં ગુણતાં રે સાંભલતાં ય ચોપઇ રે, સંઘ સદા સુખકંદ
રિદ્ધિવૃદ્ધિ હુવો સગલે ઘરે રે, પામો પરમાણંદ. સ.૨૪

(૧) અપૂર્ણ ગા.૪૧૮ સુધી, પ.સં.૧૮, ભુવન. પો.૧૨. (૨) સં. ૧૭૬૧ મા.વ.૧ **મુલતાણ** મધ્યે પં. **રંગધર્મ** લિ. કલ્યાણમૂર્તિ પઠનાર્થં. પ.સં.૩૦, જય. પો.૬૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૩૯–૪૨.]

## ૧૦૪૫. અમરસાગર (ત. ધર્મસાગર ઉ.–ગુણસાગર–ભાગ્યસાગર–પુણ્યસાગરશિ.)

**(૩૫૬૯) રત્નચૂડ ચોપાઈ** [અથવા **રાસ**] ૬૨ ઢાળ ર.સં.[૧૭૪૮] મધુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માસ શુદ ૧૦ ગુરુ માલવાના ખિલચીપુરમાં વિજયરત્નસૂરિરાજ્યે

**આદિ**– **સરસતિ** માત મયા કરી, ઘો વાંણી વરદાંન,
સંરસ કથા શ્રવણે સુણી, કવિ કરૈ જેમ વષાંણ. ૧
**આદિદેવ** આદિ નમું, તીરથ માંહિ પ્રધાન,
જેહનો મહિમા જાગતો, મહિયલ મેરૂ સમાન. ૨
**માલવદેશ મગશી**-ધણી, **પાસ** જિણંદ દયાલ,
સંકટ સગલા પરિહરે, તે પ્રણમું તિણકાલ. ૩
મૂઢપણે મોહી રહ્યો, જાણું નહિ કોઇ મર્મ,
જ્ઞાન તણેં દીવેં કરી, દેખાયો જિણધર્મ. ૪
તે સદ્‌ગુરૂ સમરૂં સદા, સકલસાધુસિણગાર,
જે મૂખ અક્ષર ઉચ્ચરૂં, તેહનો એ ઉપગાર. ૫
કહીશ કથા કૌતિક ભણી, સાંભલિજ્યો નરનારિ,
**રત્નચૂડ** ગુણવંતની, દાન તણે અધિકાર. ૬

**અંત** – ભેટચો ગિરિરાજ એ દેશી. ઢાલ ૬૩મી
સરસ કથા જાણી કરી, કીધી સારી રે મતિ-અણુસારિ કિ. ૧
ધનધન એ **રત્નચૂડનો** આં. જિણ પરિહર્યાં મિથ્યામતિ કૂડ કિ. ધ.
**ઉપદેશ રત્નાકર** ગ્રંથથી, મે જોઇ રે સંબંધ,
બાસઠિ ઢાલ દૂહે કરી, લોકભાષાઇ રચ્યો એહ સંબંધ કિ. ધ. ૨
તીનસહસ્ર નવ સત્તર ઊપરે, સત્તસઠિ શ્લોકા જાણિ,
મધુ માસ સિત દશમી દિને, ગુરૂવારે રે ચોપઇ ચઢી પ્રમાણ કિ. ધ. ૩
**માલવ** દેશમે અતિભલું, **ખિલચીપુર** પુણ્યવાસ,
શિષ્ય તણા આદર થકી, કીધી ચૌપઇ રે તિહાં રહીય ચોમાસ કિ.ધ.૪
અમીય રસાયણ સારિખી, કવિયણ વાણિ દેખિ,
વિરસ વાણી જાણી માહરી, મોટા મુનિવર હો મત ઉવેખિ ધ. ૫
પંડિતની જોડી આગલૈં, તે આગલિ માહરી જોડિ,
જિમ મેરૂ ગિરવર આગલે, કિમ સરવર રે કરે તેહની હોડિ કિ. ધ. ૬
કવિયણની બુદ્ધિ આગલિ, એ માહરી કહો કુણ બુદ્ધિ,
ખોટી હોઇ તે ખરી કરી, તુમ્હે વાંચિજ્યો રે મુનિવર મન શુદ્ધિ કિ. ધ. ૭
સકલ ભટ્ટારક સોભા ધણી, તસ લાલ તિલક સમાન,
શ્રી **વિજયદેવ સૂરીસર**, ગિરૂવા ગચ્છપતિ રે હૂવા યુગપ્રધાન કિ. ધ. ૮
તસ પાટ ઉદયાચલ પ્રભાતિ, ઉદયો અભિનવો સૂર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપાગચ્છતખત વિરાજતો, જયવંતો રે શ્રી **વિજયપ્રભ**સૂરિ કિ. ધ. ૯
તસ પટ્ટ પ્રભાકર અતિ ભલો, જસ વદન વિરાજિત ચંદ,
સુવિહિત સૂરિશિરોમણી, આચારિજ રે **વિજયરત્ન** સૂરીંદ. કિ. ધ. ૧૦
વાચક-ચક્ર-ચૂડામણિ, શ્રી **ધર્મસાગર** ઉવઝાય,
કલિકાલ માંહે જિણુ કર્યો, જિનશાસન રે ઉદ્યોત સવાય. કિ. ૧૧
તસુ સીસ પણુયાલીસ આગમ, સૂત્રધાર અરથભંડાર,
પંડિત **ગુણસાગર** ગુરૂ જગ માંહે રે, કવિ-કુલ-સિણગાર. કિ. ૧૨
તસ સીસ સાધુશિરોમણિ, શ્રી **ભાગ્યસાગર** ગુરૂરાય,
બાલપણે વ્રત આદરી, જિણુ કીધા રે ઘણાં ધરમનાં કાજ. કિ. ૧૩
તસ સેવક વલી સહોદર, **પુણ્યસાગર** ગણિરાય,
અતિ ભદ્ર ભાવી પુન્ય પ્રભાવતે, ગુણુ ગિરૂઆ રે તપ
નિરામય કાય. કિ. ૧૪
તસ ચરણુપંકજ રસિક મધુકર, **અમરસાગર** સીસે,
શિષ્યને હિત કારણુઈ કીધી ચઉપઇ રે, પુહતી મનહ જગીસ. કિ. ૧૫

(૧) સં.૧૭૯૧ પોષ શુ.૧૧ બુધે લિ. જહાનાબાદ મધ્યે લિખાપિતં શીલાલંકારધારિણી સાધ્વીશ્રી સુજાણુવિજયાજીકાનાં તત્‌સિષ્યણી મહામતિધારણી સાધ્વીશ્રી દીપવિજયાજીકાનાં વાચનાય. પ.સં.૭૫-૧૩, ગુ. નં.૧૧-૧૦ (હવે બંડલ નં.૫૫ નં.૬૬૧). (૨) સં.૧૭૪૦, પ.સં.૧૦૧, પંજાબ જીરાનો ભં. ડબા ૧૧ નં.૧૨. (૩) સં.૧૭૭૭, પ.સં.૫૪, પંજાબ જીરાનો ભં. ડબ્બા ૧૧ નં.૨૩. (૪) વસુમતિ સંજ્ઞા નિધિ મહી (૧૯૪૧) સંવત્સરે આ.સુ.૭ મંગલે દેશ બંગાલ મકસૂદાવાદમાં પાર્શ્વચંદ્રગચ્છે ઇંદ્રચંદ્ર શિષ્ય અબીરચંદ્ર શિ. છત્રચંદ લિ. પ.સં.૭૧-૧૯, કુશલ. નં.૯૩૧ પો.૨૩. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૭૮)-બન્નેમાં ર.સં.૧૭૪૮.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૮૬-૮૮. કૃતિનો રચનાસમય વિજયરત્નસૂરિરાજ્યે તેથી સં.૧૭૩૨ અને સં.૧૭૪૯ વચ્ચે દર્શાવેલો પણ અન્યત્ર ર.સં.૧૭૪૮ મળે છે.]

## ૧૦૪૬. એતલ-એતાક (ખ. યતિ)

(૩૫૭૦) [+] **ચિતોડ ગઝલ** (હિંદીમાં) ૬૩ કડી ર.સં.૧૭૪૮ આ.વ.૧૨

**આદિ** -

દોહા

ચરણ **ચતુર્ભુજ** લાઈ ચિત, ઠીક કરે ચિત ઠૌડ
ચ્યાર દિશિ ચિહું ચક્કરમેં, આવો ગઢ **ચિતોડ**. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગઢ **ચીત્રોડ** હૈ વંકા કિ, માનું સમંદમૈ **લંકા** કિ
વેડછ પૂર તલ વહતીક, અર ગંભીર ભી રહતીક. ૨

*

**ખરતર** જતી કવિ **ખેતાક,** આખૈ મૌજ સ્યું એતાક
સંવત **સતરે સૈ અડતાલ,** શ્રાવણ માસ ઋતુ વરસાલ
વિધિ પખ બારમી તેરીક, કીની ગજલ પઢીયો ઠીકિ. ૬૧

રેખતા

પઢૌ ઠીક બારીક સ્યુ પંડિતા રે, જિન્હા રીત યૈ ગીતકી ઠીક પાઇ
ચ્યારૂં કુટ માલુમ **ચિતોડ** ચાવા, જહાં ચંડિકા પીઠ **ચામુંડ** માઈ. ૬૨

કાંલી વાવસૈ જુકત ઝરણા રે ઝંગી, જુડ દરખત જોર જાઇ
કહૈ કવિ **ખેતલ** સુકવિતા રે ગજલ **ચિતોડકી** ખૂબ ગાઇ. ૬૩

(૧) સં.૧૭૬૦ ચૈ.શુ.૧૩ પં. **નેમ**મૂર્ત્તિ લિ. **પલ્લિકા નગરે.** (૨) સં.૧૭૮૮ માહ સુદિ ૧ લિ. **રિણી નગર** મધ્યે પં. **ભાગ્ય**સમુદ્રેણ. **નાહ-ટા**જીની ઉતારેલી નકલ પરથી. (૩) પ.સં.૨, કૃપા. પો.પર નં.૧૦૩૪. [રાહસૂચી ભા.૧.]

[પ્રકાશિત : ૧. ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક વર્ષ ૫ અંક ૪.]

**(૩૫૭૧)** [+] **ઉદેપુર ગઝલ** (હિંદીમાં) ૮૦ કડી ર.સં.૧૭૫૭ માગ.વ.

**આદિ** – જપું આદિ **ઇકલિંગજી, નાથદુવારૈ** નાથ
ગુણ **ઉદીયાપુર** ગાવતાં, સંતા કરો સનાથ. ૧

*

સમરૂં દેવતા સગલાંક, **ગણપતિ** આદિ દસ અગલાક
હાજર માત **હરસિદ્ધીક, સારદ** માત વરસિદ્ધીક. ૪

**અંત** – **ખરતર** જતી કવિ **ખેતાક,** આખૈ મૌજ સ્યું એતાક
રાણા **અમર** કાયમ રાજ, કીર્ત્તિ પસરી સમંદા પાજ. ૭૮
સંવત **સત્તર સત્તાવન,** મિગસર માસ ધુરિ પખ ધન્ન
કીન્હી ગજલ કૌતુક કાજ, લાયક સુનઉ જસુ મુખ લાજ. ૭૯

કલશ

લાયક જસુ મુખ લાજ સુનત હુ તારીફ સહરકી
ગુનયન સુનિ હૈ ગજલ, નિજર કરિ નેક મહરકી
ફતે જંધ હર પૂજઇ રિધૂ, **અમરસિંહ**જી રાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદયાપુર જ્યું અનૂપ, અજબ્ કાયમ કમઠાના
વાડી તલાવ ગિર બાગ વન, ચાક્રવત્તિ ઢુલતે ચમર
અનભંગ જંગ કીરતિ અમર, **અમરસિંહ** જુગજુગ અમર. ૮૦

(૧) પ.સં.૩, અભય. નં.૨૧૬૧. [રાજસૂચી ભા.૧.]
[પ્રકાશિત : ૧. ભારતીય વિદ્યા વર્ષ ૧ અંક ૪.]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૬૮-૬૯. ત્યાં કવિનામ 'ખેતલ-ખેતા' આપેલું પરંતુ કૃતિમાં 'ખેતલ-ખેતાક' મળે છે તેથી એમ જ રાખ્યું છે.]

**૧૦૪૭. સુખલાભ** (ખ. કીર્તિરત્નશાખા સુમતિરંગશિ.)

**(૩૫૭૨) જયસેનરાજા ચોપાઈ** (રાત્રિભોજન ત્યાગ પર) ર.સં.૧૭૪૮ ભા.વ.૮ જેસલમેર

(૧) પ.સં.૨૩, રામલાલ સંગ્રહ, વિકાનેર.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૪૨.]

**૧૦૪૮. મણિવિજય** (ત. કપૂરવિજયશિ.)

[વિજયપ્રભસૂરિનો રાજ્યકાળ સં.૧૭૧૦-૧૭૪૯.]

**(૩૫૭૩)** [+] **૧૪ ગુણસ્થાનકભાસ** [અથવા **સઝાય, સ્તવન**] ૧૭ ભાસ વિજયપ્રભસૂરિના વારામાં

**આદિ** – શ્રી **શંખેસર**-પુર-ધણીજી, પ્રણમી **પાસ** જિણંદ
નાંમ જપંતા જેહનું જી, આપઇં પરમાણંદ. ૧
ભવિકજન સાંભલો એહ વિચાર
**કર્મગ્રંથ** માંહિ કહ્યો જી, એ સઘળો અધિકાર. ભવિક.

**અંત** – ૧૭મી ભાસ. દીઠો દીઠો રે વામા કો નંદન દીઠો એ દેશી
પૂજો પૂજો રે પ્રભુ **પાસજી** પૂજો
**સંખેસર** પરમેસર સાહિબ, એ સમ દેવ ન દૂજો રે. ૧
જેહનઇં નામઇં નવનિધિ પામઇં, મુગતિવધૂ તસ કાંમઇં
સુર નરનારિ બે કર જોડી, આવિનઇં સિરિ નામઇં રે. પૂ. ૨
તેહ તણઇં સુપસાઈ હરષઈ, ગુણઠાંણા સુવિચાર,
બંધ ઉદય ઊદીરણા સત્તા, ભાખી પરઉપગાર રે. પૂ. ૩
**સ્યાપુરમંડણ શાંતિ** જિણેસર, મહિમા મહિયલ ગાજઈ
**પાસ ચિંતામણિ** ચિંતા ચૂરઈ, **સાકસકલો** જિન રાજઈ રે. પૂ. ૪
કેસર ચંદન મૃગમદ ઘોલી, પૂજઈ જે નરનારિ,
ભાવના ભાવઇં જિનવર આગઇં, તેહની દુરગતિ વારી રે. પૂ. ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તપગચ્છનાયક** પૂણ્યઇં પૂરો, શ્રી **વિજયદેવ** સૂરિંદ,
તસ પટ્ટધારક કુમતિવારક, શ્રી **વિજયપ્રભ** મુણિંદ રે. પૂ. ૬
સકલપંડિતશિરમુગટ-નગીનો, **કપૂરવિજય** ગુરૂસીસ
**મણિવિજય** બુધ ઇણિ પરિ જંપઈ, પૂરો સંઘ જગીસ રે. પૂ. ૭

(૧) પ.સં.૯-૧૩, પ.ક્ર.૧થી ૭, ખેડા ભં. દા.૨. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ. ૨. ચૈત્ય. આદિ સં. ભા.૧ અને ૩. તથા અન્યત્ર.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૨૮-૨૯.]

**૧૦૪૯. ચંદ્રવિજય** (ત. હીરવિજય-કલ્યાણવિજય-સાધુવિજય-જીવવિજયશિ.)

વિજયપ્રભસૂરિ આચાર્યપદ સં.૧૭૧૦ સ્વ. સં.૧૭૪૯.

**(૩૫૭૪) ધન્ના શાલિભદ્રની ચો.** ૫૦૫ કડી

**આદિ** – **વર્દ્ધમાન** જિન ગુણનિલો, ઉપશમરસભંડાર,
ભૂરિ ભગતિભાવઈં કરી, પ્રણમી સુખદાતાર. ૧
સમરી **સરસતિ** સામિની, તિમ વલી **ગૌતમ**સ્વામિ,
નામ જપંતાં જેહનઈં, લહીઈં વંછિત કામ. ૨
નિજગુરૂધ્યાન ધરી મુદા, **ધન્નાનુ** અધિકાર,
ગ્રંથ માંહિં નિરખી અને, પભણિસુ હું વિસ્તારિ. ૩

**અંત** – **મહાવિદેહિ** અવતરી, પુહચસ્યઇં મુગતિ મઝાર,
સકલ સુખ લહસ્યઈં તિહાં, એહું મુનિવર રે નામિં જયકાર કિ. ૪૯૭
શ્રી **હીરવિજયસૂરિ** ગુણનિલો, **તપગચ્છ**-ગગનનો ભાણ,
શ્રી **વિજયસેન** સૂરીસરૂ, તસ પાટિ રે અતિ ચતુર સુજાણ કિ. ૪૯૮
તસ પાટિ પ્રતપઇં સુખકરૂ શ્રી **વિજયદેવ** સૂરીંદ,
શ્રી **વિજયપ્રભ** સૂરીસરૂ આચારિજ રે તપતેજિ દિણંદ,
કિ. ૪૯૯ દોઇ.
શ્રી **હીરવિજય** સૂરીંદનો શિષ્ય લબધિનો ભંડાર,
શ્રી **કલ્યાણવિજય**ગણિ વાચકવરૂ રે કવિજનસિરદાર, કિ. ૫૦૦ દોઇ.
પંડિત **સાધુવિજય** નામિં તેહનો શિષ્ય પ્રધાન,
તેહના સીસ બિ ગુણનિલા, દોઈ જોડિલી રે શશિ સૂર સમાન,
કિ. ૧ દોઇ.
પંડિત **જીવવિજય** પ્રથમ સીસુ તે વૃંદ માંહિં લીહ,

**લાવણ્યવિજય** પંડિત નામિં બીજુ શિષ્ય રે વાદીમૃગ-સિંહ,
કિ. ૨ દોઈ.
પંડિત **જીવવિજય** તણો સીસ **ચંદ્ર** નિજ કર જોડિ,
કહઇ મુનિવર ગુણ ગાવતાં સહી પુહતાં રે માહરાં મનકોડ.
કિ. ૫૦૩ દોઇ.
દાન સુપાત્રિં ભવિકજન, દયા ધરી શુધ ભાવ,
તેહથી વંછિત પામીઈં ભવજલનિધિ રે તરવા વડ નાવ. ૫૦૪
**ધન્ના** નિ **શાલિભદ્ર** મુનિ તણું એહ ચરિત્ર બોલ્યું રસાલ,
જેહ ભણઇ નઈં વલી સાંભલઇ, તેહ પામઇ રે સવિ સુખ
સુવિશાલ કિ. ૫૦૫

(૧) ઈડર બાઈઓનો ભંડાર. (૨) પં.**ચં**દ્રવિજયગણિ લિખિતં. **ઘો**રાજી નગરે. કવિની સ્વહસ્તલિખિત પ્રત, પ.સં.૧૮–૧૫, ઈડર ભં. નં.૨૦૨. [બન્ને પ્રત એક જ હોવાનું સમજાય છે.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૦૨–૦૩, ભા.૩ પૃ.૧૨૯૨–૯૩.]

## ૧૦૫૦. તિલકવિજય (ત. લક્ષ્મીવિજયશિ.)

વિજયપ્રભસૂરિ આચાર્યપદ સં.૧૭૧૦ સ્વ.સં.૧૭૪૯.

**(૩૫૭૫) [+] બાર વ્રત સઝાયો** ૧૨ ઢાળ સં.૧૭૪૯ પહેલાં

**આદિ –** પ્રથમા ગુણવ્રત સ્વાધ્યાય

રાગ મલ્હાર. જીહો રાય દેશ રળિયામણો લાલ એ દેશી
જીહો પહિલાં સમકિત ઉચ્ચરી લાલા પચ્છે વ્રતઉચ્ચાર
જીહો કીજેં લીજે ભવ તણો લા. લાહો હરષ અપાર. ૧
સુગુણ નર ! એવો એ વ્રત બાર જિમ પામો ભવપાર સુ. આંચલી

*

શ્રાવકકુલ અજુઆલિયે લા. પાલિયેં એ વ્રત સાર. જિ.
**લષમીવિજય** ઉવઝાયનો લા. **તિલક** લહે જયકાર. સુ. ૬

(બીજી પ્રતમાં)

રાગ સામેરી. મનમધુકર મોહી રહ્યો એ દેશી
જિનવાંણી ઘન વૂઠડો, ભવિ-મનખેત્ર રસાલ રે
સુગુરૂ સુદેવ સુધર્મનું, વાવ્યું બીજ વિશાલ રે
સમકિત સુર તરૂવર તિહાં.

**અંત –** ઢાલ ૧૨ રાગ સારિંગ રસિયાની દેશી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રસિયા સાચો રે દાન તણે રસે વસિયા સમકિત વાસ, સોભાગી.
જાગી મતિ જો સાધુભગતિ તણી, ખજમતિ કીજે રે ખાસ. સો. ૧

*

**તપગચ્છ**નાયક દાયક વ્રત તણા શ્રી **વિજયપ્રભ** ગણધાર, સો.
વાચક **લષિમીવિજય** સુપસાયથી, **તિલકવિજય** જયજયકાર.
સો. ૫

(૧) પં. **અમૃતવિજયગણિ** લ. પ.સં.૪-૧૩, જ. (૨) પ.સં.૬-૧૩, ડા. પાલણપુર દા.૩૯ નં.૩૧. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૦, ૫૬૨).]

[પ્રકાશિત : ૧. અપ્રગટ સજ્ઝાય સંગ્રહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૪૨-૪૩.]

## ૧૦૫૧. વિનીતવિમલ (ત. શાંતિવિમલશિ.)

સં.૧૭૪૯ પહેલાં. [વિજયપ્રભસૂરિ સ્વ. સં.૧૭૪૯.]

**(૩૫૭૬) + આદિનાથનો શલોકો** [અથવા **ઋષભદેવનું ગીત**]
અથવા **શત્રુંજય શલોકો**

**આદિ** – **સરસતિ** માતા દ્યો મુજ વાણી.

**અંત** – ઇમિ વિધિ જાત્રા કરી ઘર આવો, ચક્રી મનમાં આનંદ પાવો.
પાલીની પાખની **પોરવાડ** ચાવો, નામ **નગો** ને ગામ **હિમાવો.**
પંડિત **શાંતિવિમલે** ચારિત્ર દીધો, પછી શ્રીપૂજ્યે પન્યાસ કીધો.
ધર્મના ઉદ્યમ બહુલા ત્યાં થાય, પાપકર્મ તે દૂર પલાય.
**તપગચ્છ**નાયક શ્રી **વિજયપ્રભ**સૂરિ, ગિરૂઓ ગચ્છનાયક પુણ્યાઇ પૂરી,
કહે **વિનીતવિમલ** કર જોડી, એ ભણતાં આવે સંપત્તિ કોડી.

(૧) જુઓ કૃતિક્રમાંક ૨૫૭૮ નીચે.

[પ્રકાશિત : ૧. પ્રાચીન સ્તવન રત્ન સંગ્રહ ભા.૨. ૨. સલોકા સંગ્રહ.]

**(૩૫૯૭) વિમલમંત્રીસરનો શલોકો** ૧૧૧ કડી

**આદિ** – **સરસતિ** સમરૂં બે કર જોડી, વાંદુ **વરકાંણો ગિરનાર ગોડી,**
જાઇ **સેત્રુંજ સંખેસર** દોડી, કવિતા નેઉ સે કલ્યાણ કોડી. ૧
**મરૂધર** માંહે તો તીરથ તાજા, **આબુ** નવકોટિ ગઢનો રાજા,
ગામ ગઢ ને દેવલ દરવાજા, ચોમુષ ચંપો ને ઉપરે છાજા. ૨

**અંત** – ઝૂઝરી વાત જતિ ન વખાણે, સંબંધ સંખેપે થોડો સો આણે
**પોરવાડ** પ્રાક્રમી હૂઓ પ્રસીધો, પંડિત **શાંતિવિમલે** ચરિત્ર દીધો. ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછે શ્રીપૂજ્યે પનાસ કીધો, શલોકો જોડી સોભાગ લીધો
પિતા **વરજાંગ કનકાદે** જાયો, ગામ **હેમાવ** સહૂઉ સવાયો. ૧૧૦
નામ પિણુ સાહ **નગો** કહાયો, પંડિત **વિનિતવિમલ** ગુણુ ગાયો
સાહ **અંબાએ** સદગુરૂ પસાયો, ભણે ગણે તે પામે સૂજસ સવાયો.૧૧

(૧) સં.૧૮૨૪ શાકે ૧૬૮૯ ફા.વ.૫ સોમે લિ. **નેમ**વિજયગણિ વાચનાર્થે **સા**હિપુરા મધ્યે. પ.સં.૯–૯, ગુ. નં.૬૬–૨૦, હવે બંડલ નં.૪૩ નં.૪૭૬. (૨) લિ. **અગા**સી બંદિરે સં.૧૮૩૪ શ્રા.વ. ૪ શુક્રે લિ. મુનિ **રાજે**ન્દ્રસાગરજી ચોમાસૂં રહ્યા હતા તારે **મુ**નિસુવ્રતસ્વામી પ્રસાદાત. પ.સં.૨, પ્રથમ પત્ર નથી, ગો.ના.. (૩) પં. **જી**વવિજયગણિ લિ. પ.સં. ૪–૧૬, મુક્તિ. નં.૨૪૫૩. (૪) સં.૧૮૫૦ માઘ શુ.૧૩ બુધે **પં**ચપદરા મધ્યે લિ. **સુ**કના. પ.સં.૧૧–૧૫, અનંત.ભં.૨. (૫) સં.૧૭૯૬ **માં**ડિલનગરે વા. કુર્ગદાસ શિ. જગરૂપ પઠનાર્થે. પ.સં.૫, પ.ક્ર.૨થી ૩ નથી, મહિમા. પો.૬૩. [મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૧, લીંહસૂચી.]

**(૩૫૭૮) નેમિનાથ શલોકો** ૬૫ કડી

**આદિ** – **સરસતિ** સમરૂં બે કર જોડી, **યાદવ** જોરાવર છપનકુલ કોડી,
તે માંહિ ઠાકુર **કાંહાંન** કહવાઈ, **મથૂરા** મૂકીનેં **દુયારિકાં** આવૈ. ૧
એ વાત જગ સઘલેહી જાંણી, તે માટે એહમાં થોડીસી આણી,
પાયેં લાગું છું માતા **બ્રહ્માણી, નેમી**ગુણ ગાઉં દેયો વાંણી. ૨

**અંત** – ઇમ **યાદવ**રો સંબંધ ઝાઝો, સોલ હજાર સબલ રાજા
તેહની વાત મેં કયુંહું કહવાય, ગ્રંથ જોડું તો ગાડાં ભરાય.
**દ્વારાવતી** ને **મથુરાં**નો આગેં, યસ જોડું તો બહુ દિન લાગે,
ચઢતો સલોકો સબલ થાયે, નાહના નિરબોધી વતી ન ભણાય.
આરા નેં મેલેં અકલ થોડી, કેવલીનેં ગુણ અનંત જોડી,
**ગિરનારિં** કીજે દરિસણ દોડી,
કહે **નગરાજ** સહૂથી આછી, પોતે **પોરવાડ હમાવસનો** વાસી,
પિતા **વરજાંગ કનકાદે** જાયો, નાહનપણે નામ **નગો** કહાયો.
સાહ **હમાવસ** હૂઓ સવાયો, પંડિત **વિનીતવિમલ** ગુણ ગાયો. ૬૫

(૧) પ.સં.૩–૧૬, મુક્તિ. નં.૨૩૮૯. (પ્રથમ આ કવિકૃત 'આદિનાથ શલોકો – શત્રુંજય શલોકો' છે, ને પછી આ 'નેમિનાથ શલોકો' છે ને છેવટે ૭ કડીની 'શાંતિનાથ સ્વાધ્યાય' તે જ કવિની છે.)

**(૩૫૭૯) અષ્ટાપદ શલોકો** ૫૫ કડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આદિ** – **અજાહરિ** આગલ ઉલગ જાયે, પાયે લાગે તે પંડિત થાયે
મોક્ષગામી ને મન શુદ્ધ ગાઈ, તે તો પુરૂષોત્તમ પુરૂષ કહિવાઈ. ૧
**સમતશિખર** ઉપરિ આયા, વીસ તીર્થંકર વૈકુંઠ પાયા
પગલા થાપીનિ તીરથ કીદ્ધા, ચ્યાર તીર્થંકર ચિહૂં ઠામે સિદ્ધા. ૨
**અષ્ટાપદ** ઉપર **આદીસર** આયા જાણો, **ચંપા વાસપૂજ્ય** બારમો વખાંણો
**ગિરનાર** ઉપર **નેમીસર** સ્વામિ, **પાવા** પાખતી **વીર** સિદ્ધિ પામી. ૩

**અંત** – પૂરો પંડિત તે વિચારે જોઈ, જુનો શાસ્ત્ર તો ઝૂઠો ન હોઇ
ગુરૂના વચનથી વાંચીને જાણ્યો, તે માટે મ્હેં તવનમેં આણ્યો. ૫૪
શ્રી **બિજેરતન**સૂરિ ગચ્છનાયક વારે, ચોસઠમેં પાટ શ્રીપૂજ્ય ત્યારે,
કહે **વિનીતવિમલ** કર જોડી, એ ભણતાં આવે સંપત દોડી. ૫૫

(૧) સં.૧૮૪૦ આસાઢ વદિ ૧ ભૃગુવારે. એક ચોપડી, પ.સં.૪, યતિ જયકરણ વિકાનેર.

**(૩૫૮૦) શાંતિનાથ સ્વાધ્યાય** ૭ કડી

(૧) જુઓ કૃતિક્રમાંક ૨૫૭૮ નીચે.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૮૩, ભા.૩ પૃ.૧૩૪૩-૪૫.]

## ૧૦૫૨. વછરાજ (લોં.)

**(૩૫૮૧) સુબાહુ ચોઢાળિયું** ર.સં.૧૭૪૯ વિકાનેર

(૧) **કાકડા** મધ્યે લિ. ઋષિ **વછરાજ ગોકલ** વાચનાર્થં આર્યા **લોહાગદેજી સદાજી**. પ.સં.૨, અભય. નં.૨૮૩૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૪૭.]

## ૧૦૫૩. શ્રીદેવ (જ્ઞાનચંદશિ.)

**(૩૫૮૨) થાવચ્ચા મુનિ સંધિ** ર.સં.૧૭૪૯ મા.શુ.૭ જેસલમેર
શિષ્ય કલ્યાણની સહાયથી.

(૧) સં.૧૭૬૩ દ્વિ.જે.શુ.૬ **યોગિનીપુર** મધ્યે **રાજસિંહ** શિ. બા. ઋષિ લિ. પ.સં.૧૪, જિ.ચા. પો.૮૦ નં.૧૯૮૯.

**(૩૫૮૩) નાગશ્રી ચોપાઈ**

**આદિ** – સ્નાન કરી શુધોદકઈ, બઇસિ રસોડઈ તેહ
ભાઈ તિને એકઠા, જીમે ધરતા નેહ. ૧

**અંત** – આયા અવાસે આપણો, બિલસઇ તે વંછિત ભોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રીદેવ** કહે ભદ્ર શ્રી ધર્મથી, સંપજઈ સુખ સંજોગ.

(૧) પ.સં.૧૦-૧૮, ધો.ભં.

**(૩૫૮૪) સાધુવંદના** ૧૩ ઢાળ

**આદિ** – ચોપાઈ

પાંચ **ભરત** પાંચ **ઇરવએ** જાણુ, પાંચ **મહાવિદેહ** વખાંણુ,
જે અનંત હુવા અરિહંત, તે પ્રણમું કર જોડિ સંત. ૧
જે હિવણાં વિહરે જિણચંદ, ક્ષેત્ર **વિદેહ** સદા સુખકંદ,
કર જોડિ પ્રણમું તસ પાય, આરત વિઘન સહુ ટલ જાય. ૨

**અંત** – ઢાલ ૧૩

કાલ અનંતે મુનિવર જે મુકતેં ગયાજી, સંપ્રતિ વરતે જેહ,
નાણ-દંસણ ને ચરણ-કરણ ધુરંધરા રે, **શ્રીદેવ** વંદે તેહ. ૧૨

કલશ.

ચોવીશ જિનવર પ્રથમ ગુણધર ચક્ર હલધર જે હુવા,
સંસારતારક કેવલી વલી શ્રમણ-શ્રમણી સંજુયા,
સંવેગ શ્રુતધર સાધુ સુખકર, આગમવયણે જે સુણ્યા,
**જ્ઞાનચંદ** ગુરૂ સુપસાયથી, **શ્રીદેવ** મુનિ તે સંથુણ્યા. ૧૩

(૧) ઋ. ભાગ્યચંદ મુનિના દિષણ દેશે **જોગાઈકા આંબા** મધ્યે બજાર **શનીવારામેં બાલાજીકે** દેવલ મધ્યે સં.૧૯૦૭કા મિતિ જેષ્ટ શુકલ-પક્ષ તિથૌ દ્વિતીયા. પ.સં.૯-૧૪, માં.ભં. (૨) **જોધપુર** મધ્યે સં.૧૯૧૩ આ.વદ ૧૪ ભૌમ. પ.સં.૬-૧૯, વિજાપુર જ્ઞા.ભં. નં.૧૮૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૪૬-૪૭. 'સાધુવંદના' દેવચંદ્રને (હવે પછી સં.૧૭૬૬ના ક્રમમાં) નામે મુદ્રિત મળે છે. પણ કૃતિ શ્રીદેવની જ જણાય છે. આ માટે જુઓ દેવચંદ્રની સંપાદકીય નોંધ.]

## ૧૦૫૪. ઉદયરત્ન (ત. વિજયરાજસૂરિ–વિજયરત્નસૂરિ–હીરરત્ન-સૂરિ–લબ્ધિરત્ન–સિદ્ધરત્ન–મેઘરત્ન–અમરરત્ન–શિવરત્નશિ.)

ઉદયરત્નજી ખેડાના રહીશ હતા. એમ કહેવાય છે કે તેમનું મરણ મિયાંગામમાં થયું. 'સ્થૂલિભદ્ર નવરસો' લખ્યા તેથી તેમના આચાર્યે સંઘાડા બહાર કર્યા, તેનું કારણ એ કે આ રસો એટલાબધા શૃંગારથી રસભરિત હતા કે દરેક નરનારીના કંઠે રહેતા. તેથી પછી 'નવવાડ બ્રહ્મ-ચર્ય'ની રચી ત્યારે તેમને સંઘાડામાં પ્રવેશ કરાવ્યો. એવી દંતકથા છે કે તેમને ઇંદ્રજાળની શક્તિ એટલીબધી હતી કે શ્રી તીર્થંકરનું સમોવસરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી શકતા હતા અને બીજા તેને જોઈ શકતા હતા. ખેડામાં ત્રણ નદીની વચમાં કાઉસગ્ગ ચાર માસ સુધી અખંડ કર્યો તેથી ત્યાં બેટકું થઈ ગયું. તેનાથી ૫૦૦ ભાવસાર – વૈષ્ણવ આદિ જૈન થઈ ગયા તેમણે સોજીત્રામાં પટેલનાં ઘરો છે તેમને જૈન બનાવ્યા હતા.

ખેડાનો રત્નો નામનો ભાવસાર કવિ ઉદયરત્ન પાસે શીખેલ છે, (જુઓ કાવ્યદોહનમાં) કે જે રત્નાએ સં.૧૭૯૫માં વિરહના બારમાસ, શૃંગારનાં પદ રચ્યાં છે. હાલ ખેડામાં શાંતિનાથના દેરા પાસે ભંડાર છે. તેમની પરંપરાના હાલ સુમતિરત્ન ગોરજી જેવા, ખેડામાં હમણાં જ સ્વર્ગસ્થ થયા છે. (આટલું બુદ્ધિસાગર મહારાજ મુંબઈમાં હતા ત્યારે તેમની પાસેથી સાંભળી લખ્યું છે.)

તેમણે ૧૭૮૯ ચૈત્ર સુદ ૧૨ શત્રુંજયની યાત્રા કરી હતી.

ઉદયરત્ને પોતાની ગુરુપરંપરામાં થયેલા આચાર્યો માટે ટૂંકી ભાસ રચી છે તે મુનિ માણેકના એક ચોપડામાંથી શેઠ જીવણચંદ સાકરચંદ દ્વારા મળી છે તેમાંથી સારભૂત હકીકત નીચે પ્રમાણે છે:

હીરરત્નસૂરિ – સીથામાં જન્મ. ઓસવાલ નાતમાં પિતા જસવીર, માતા ખીમાદે. તેમની સ્થાપના શ્રીપુરની વાડીમાં છે.

જયરત્નસૂરિ – શ્રીમાલી, માતા હીરાદે, પિતા હીરજી, જન્મ કંબોઈમાં.

ભાવરત્નસૂરિ – પોરવાડ જ્ઞાતિમાં પિતા સાહ દેવરાજ ને માતા નવરંગદે, ગઢ ગામમાં જન્મ. તપગચ્છના નાયક હીરરત્નસૂરિ છે.

દાનરત્નસૂરિ – ઓસવાલ દૂગડગોત્ર, દુગેલીમાં મહેતા કમોસિંઘ એ પિતા, અને આણંદબાઈ માતા. નાગોરમાં જન્મ. ભાવરત્નસૂરિની પાટે.

**(૩૫૮૫) જંબુસ્વામી રાસ** ૬૬ ઢાળ ર.સં.૧૭૪૯ બીજા ભાદ્ર.શુ.૧૩ ખેડા હરિયાલા ગામમાં

**આદિ** – દૂહા.

પરમ જ્યોતિ પરકાસકર, પરમ પુરૂષ પરબ્રહ્મ,
ચિદ્રૂપી ચિત્ત માંહિ ધરૂં, અકલ સ્વરૂપ અગમ્ય. ૧
સંકલ સિદ્ધિ સાંનિધ કર, ત્રિભુવનતિલક સમાન,
**સિદ્ધારથ**કુલિં કેશરી, વંદુ શ્રી **વર્દ્ધમાન.** ૨
નીરજ અંગજ નંદિની, નિત મુખિ જેહનો વાસ,
હંસાસણિ હરષિં કરી, ત્રિવિધિં પ્રણમું તાસ. ૩
જગઉપગારી જગગુરૂ, શ્રી **હીરરત્ન** સૂરીરાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરસ કથી રસ કેલવું, પામી તાસ પસાય. ૪
સંબંધ **જંબુ**સ્વામીનો, કથાબંધ કલ્લોલ,
ચિત્ત શું શ્રવણે ચાખતાં, અભિનવ અમૃતઘોલ. ૫
ભરયૌવન માંહે ભામિની, આઠ તજી મદ મોડિ,
જિણિં સોનઈયા સામટા, તજ્યા નવાણું કોડિ. ૬
**સોહમ** સાંમિ સમીપ જિણે, સંયમ લીધ સુજાંણ,
ચોખું ચારિત્ર પાલીનિં, પામ્યો પંચમ નાંણ. ૭
કર્મ આઠે ક્ષય કરી, પામ્યા પદ નિર્વાણ,
તાસ ચરીત્ર સુણતાં સદા, ભાજિં ભવબંધાણ. ૮
કિણી વિધિ સંયમ આદર્યો, માતપિતા કુણ ગામ,
કવી ચતુરાઈ કેલવી, રાસ રચું અભિરામ. ૯

**અંત** – ઢાલ ૬૬. રાગ ધન્યાસી. શાલિભદ્રધન્નો ઋષિરાયા એ દેશી.
**જંબુ**સ્વામી તણા ગુણ ગાયા, સંઘ તણિં સુપસાયાજી,
તપ જપ ષપ કરી કસિ જેણિં કાયા, કેવલનાંણ ઉપાયાજી. ૧
ધર્મ આરાધિ કર્મ ષપાયા, મન શું મૂકી માયાજી,
કર જોડી પ્રણમું સુરરાયા, શાશ્વત શિવસુખ પાયાજી. ૨
**જંબુ**સ્વામીનું ચરિત્ર નિહાલી, દૂષણ દૂરિ ટાલીજી,
ઘટતા ઘટતો અર્થ સંભાલી, વારૂ વાત રસાલીજી. ૩
ચરિત્ર તણો સંબંધ મિં ભાલી, રચના કરી રઢીયાલીજી,
એ ચૌપાઇ રચી ચોસાલી, દુર્મતિ દૂરિં ટાલીજી. ૪
કવિકેલવણી કરી મેલવણી, અધિકું ઓછું આષ્યુંજી,
રચનાનિં રસિં નઇ પરવસિં, ડિંગલ ડોલી નાંષ્યુંજી. ૫
ચતુરવિધ સંઘ તણી તે સાષિં, મિચ્છામિ દુકડ દાષ્યુંજી,
હવ્યકવ્યની વાત ન જાણું, મતિ અનુસારિં ભાખ્યુંજી. ૬
શુદ્ધાશુદ્ધ સંબંધ વિચારી, સુધા જન શોધિ લેયોજી,
મંદ કવિ હું કાંઇ ન જાણું, મુઝ દૂષણ ન દેયોજી. ૭
મદ મોડી કહું છું કર જોડી, અપરાધ માહરો ષમયોજી,
શ્રોતાજન એ સુણી ચોપઈ, ઉપશમરસમાં રમયોજી. ૮
નવરસ સરસ સંબંધ મનોહર, એ મે રાસ બનાયાજી,
ચતુર તણિં કરિં ચડસ્યે એ તવ, લહિસ્યે એ મૂલ સવાયાજી. ૯
સમકતિનું ફલ માગી લીજિં, **જંબુ** પ્રતિ કર જોડીજી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમે પાસ્યા તે મૂઝનિં દેજ્યો, ભવના બંધન છોડીજી. ૧૦
સંવત **સત્તર ઉગુણપંચાસિ**, દ્વિતીય ભાદ્રપદ માસિંજી,
સિત તેરસિં સદા સુભ દિવસે, રાસ રચ્યો ઉલ્લાસિંજી. ૧૧
**વામાનંદન** ત્રિભોવનજનવંદન, **ભીડભંજન** સાંનિધિંજી,
પૂરણ રાસ રચ્યો ચડચો પરમાંણિ, સુણતાં ધન-સુખ વાધિંજી. ૧૨
**વાત્રક** નદીય તણેં ઉપકંઠિં, **પેડું હરીયાલું** બિં ગામજી,
સુંદર ઠાંમ મનોહર મંદીર, ધનદ તણો વિશ્રામજી. ૧૩
શ્રાવક સર્વ વસિં તિહાં સુખીયા, વીતશોકા વડભાગીજી,
ત્યાગી ભોગી નિગુણ રાગી, સમકીતવંત સોભાગીજી. ૧૪
જિનની ભગતિ કરિ મન શુદ્ધિં, સદ્ગુરૂની કરે સેવાજી,
આઠે પુહરેં ધર્મ આરાધિં, દાન દીઈ નીતમેવજી. ૧૫
આસ્તિક સૂત્ર સિદ્ધાંતના શ્રોતા, સાંભલવા રસીયાજી,
જીવાદિક નવ તત્ત્વને જાણે, ધર્મ કરે ધસમસિયાજી. ૧૬
સંઘ તણો આગ્રહ પામીનિં, રાસ રચ્યો મનરંગેજી,
સૂધા સાધૂ તણા ગુણ ગાયા, ઉલ્લટ આણી અંગેજી. ૧૭
**તપ**ગચ્છ-ગયણાંગણ-દીપાવણ, દીણયરનિ પરિ દીપેજી,
શ્રી **રાજવિજય**સૂરીશ્વર સદ્ગુરૂ, સકલ સૂરીનિં જીપેજી. ૧૮
તાસ પાટિ શ્રી **રત્નવિજય**સૂરિ, તેજનો અંબારજી,
શ્રી **હીરરત્ન**સૂરીશ્વર જગગુરૂ, સોહિં તસ પટોધારજી. ૧૯
તસ પાટિં તરણી તણી પરિં, પ્રતપિં શ્રી **જયરત્ન**સૂરિંદોજી,
જયવંતા શ્રી **ભાવરત્ન**સૂરી, ભવીયણ ભાવેં વંદોજી. ૨૦
શ્રી **હીરરત્ન**સૂરીશ્વર કેરા, ગિરૂઆ પ્રથમ ગણધારજી,
પંડીત **લબ્ધીરત્ન** મહામુનિવર, ભવજલ-તારણહારજી. ૨૧
તસ અન્વય વાચકપદધારી, શ્રી **સિદ્ધરત્ન** ઉવઝાયાજી,
તસ ગણધર વંદું ગુણવંતા, શ્રી **મેઘરત્ન** મુનિરાયાજી. ૨૨
તાસ શિષ્યશિરોમણિ સુંદર, શ્રી **અમરરત્ન** સુપસાઈજી,
**જંબુ**કુમર તણા ગુણ ગાયા, ઉલ્લટ ધરી મન માંહિજી. ૨૩
જિહાં લગેં ધ્રૂ મંડલ રહિં અવીચલ, જિહાં લગેં મેરૂ ગિરીંદોજી,
જિહાં લગે ઇંદ્રાસણ ગયણાંગણ, જિહાં લગેં સાત સમુદ્રોજી. ૨૪
જિંહાં લગે **અવની** ગ્રહગણતારા, નાગલોક નાગિંદોજી,
તિહાં લગે એ ચોપાઇ થીર થાયો, જિહાં લગેં સુર ને ચંદોજી. ૨૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઢાલ છાસઠિમી રાગ ધન્યાસી, પૂરણ પૂગી આસોજી,
**ઉદયરત્ન** કહેં શ્રવણે સુણતાં, કમલા કરે ઘરિ વાસોજી. ૨૬
એ સંબંધ જે ભાવેં ભણસિં, એકમનાં સાંભલસિંજી,
રોગ શોગ દુખ દોહગ ટલસિં, મનના મનોરથ ફલસિંજી. ૨૭

(૧) તપગચ્છાધિરાજ ભટ્ટાર્ક શ્રી **દાન**રત્નસૂરીશ્વર તત્‌શિ. પં. **કલ્યાણ**રત્નજી તત્‌શિ. પં. **કુશલ**રત્નજી તત્‌શિ. પં. **રંગ**રત્ન લિપીકૃતં. શ્રી ઉતેલીયા ગ્રામે શ્રી ચંદ્રપ્રભુ પ્રાસાદાત્ શ્રી **લિંબડી** નગરે સંઘમુખ્યં **વોહરા જેરાજ જેઠા** વાંચનાર્થે. સંવત ૧૮૬૩ના કા.વ.૧૩, ગ્રંથમાન ૨૫૦૦, પ.સં.૮૪-૧૫, લીં.ભં. દા.૨૫ નં.૫. (૨) **હીરરત્નસૂરિ** સંતાને મહો. ઉદયરત્ન શિ. ઉત્તમરત્ન શિ. **જિનરત્ન** શિ. **એમારત્ન** શિ. **રાજરત્ન** શિ. **મયાંકરત્નેન** લિ. **ખેટકપુરે રસુલપુરા** મધ્યે **ઋષભ** પ્રસાદાત્ સં. ૧૮૯૬ આસાડ સુદિ ૬ વાર ચંદ્રપુત્રે. ખેડા ભં. (૩) સં.૧૮૧૪ જે.શુ.૧૩ રવિ પં. **જિનરત્ન** શિ. મુ. **મતિરત્ન** લ. પ.સં.૧૦૬-૧૩, સીમંધર. દા.૨૦ નં.૨૩. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

**(૩૫૮૬) [+] અષ્ટપ્રકારી પૂજા રાસ** ૭૮ ઢાળ ૨.સં.૧૭૫૫ પોષ શુદ ૧૦ અણહિલપુર પાટણમાં

**આદિ** – દૂહા.

અજર અમર અકલંક જે, અગમ્ય રૂપ અનંત,
અલષ અગોચર નિત નમું, જે પરમ પ્રભુતાવંત. ૧
સુષસંપતિ આવી મિલિ, જગમાં જેહનિં નાંમ,
પ્રણમું તે પ્રભુ **પાસ**નિં, કર જોડિ શ્રુતકામિ. ૨
કમલનયના કમલાનના, કમલ સુંકોમલ કાય,
તનયા કમલભૂ તસ નમું, ચરણકમલ ચિત લાય. ૩
અમરસરોવર જે વસે, તે છઇ વાહન જાસ,
સા **સરસતિ** સુપસાય કરિ, મુઝ મુષિં પૂરયો વાસ. ૪
ગુરૂ દિણયર ગુરૂ દીવડો, દુષભંજન ગુરૂ દેવ,
પશુ ટાલિ પંડિત કરેં, નમીઈ તિણે નિતમેવ. ૫
જગ સઘલિ જોતાં વલી, મુઝ ગુરૂ મહિમાવંત,
શ્રી **હીરરત્ન**સૂરી સેવતાં, ભાંજિ ભવભય-તંત. ૬
જ્યોતિરૂપ શ્રી **પાસ** જિન, **સરસતિ** સદગુરૂ સાર,
તાસ પસાઈ હું કહું, અર્ચાનુ આધકાર. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્ચા અરીહંત દેવની, અષ્ટપ્રકારી જેહ,
ભાવભેદ-યુગતિં કરી, વિધિ શું વષાણું તેહ. ૮
પૂજા અષ્ટપ્રકારની, વિવિધિ વાત વિનોદ,
સુશ્રાવક તે સાંભલી, મનમાં લહસ્યે મોદ. ૯
ભક્તિ ભાવ વધસ્યૈ વલી, સાંભલી કથાસંબંધ,
એક પૂજા અનિં શ્રવણરસ, સોનું અને સુગંધિ. ૧૦
કવિ કેલવણ કેલવી, વાંણિં વિવિધ વિલાસ,
ભવિયણનિં હિત કારણિં, રચસું પૂજા રાસ. ૧૧

**અંત** – રાગ ધન્યાસી. દીઠો દીઠો રે વામાનો નંદન દીઠો એ દેશી.
ગાયા ગાયા રે જિનપુજા-ગુણ એમ ગાયા,
વિવિધ કથા સુ મેં કરી મેં, શ્રી જિનરાજ વધાયા રે. ૧ એમ.
અષ્ટપ્રકારી ચરીત્રમાં નીર્મલ, **વિજિયચંદ્ર** મુનીરાયા,
**હરિચંદ** નૃપના હેતનઈ કાજઇં, એ સંબંધ બતાયા રે. ૨ એમ.
ગાથાબંધ મેં ચરીત્રથી જોઈ, ભેદ સવે દિલમાં લાયા,
જિનપૂજાફલ દઢ થવા હેતઇં, દ્રષ્ટાંત એહ દેખાયા રે. ૩ એમ.
મુલચરિત્ર રચના દેખી, ત્રિવિત્રિધિ ભાવ ભેલાયા,
પ્રેમ જિનપુજા ગુણ ગાતાં, દુકીત દુરેં ગમાયા રે. ૪ એમ.
સકલ મનોરથ સફલ ફલ્યા, અબ પુન્યે ભંડાર ભરાયા,
કુસલલતા શત શાખા પ્રસરી, મંગલ કોડિ ઉપાયા રે. ૫ એમ.
આદિચરિતથી ન્યુનઅધિક જે, સંબંધ એહ રચાયા,
મિછા દુકડ હોજો મુઝનેં, સંધની સાખિ સુણાયા રે. ૬ એમ.
જિનગુણ ગાવાને બુદ્ધિ જાગી, તેણિ મેં સત દોડાયા,
મંદિ મતિ હું કાઈ ન જાણું, સોધી લેયો કવિરાયા રે. ૭ એમ.
સંવત **સતર પંચાવના** વરષેં, પોસ માસઈ મનૂ ભાયા,
રચ(વિ)વાંસરે દિશમી દિવસઇં, પુરણ કલસ ચઢાયા રે. ૮ એમ.
શ્રી **તપ**ગણ-ગયણાંગણ-ભુષણ, દિનદિન તેજ સવાયા,
સકલ સૂરીસર ગ્રહગણ દિનકર, શ્રી **રાજવિજય** સૂરિરાયા રે. ૯ એમ.
તસ પાટે શ્રી **રતનવિજય**સૂરી, નરપતિ જેણે નમાયા,
શ્રી **હીરરત્ન**સૂરિ તસુ પાટે, મનવંછિત સુખદાયા. ૧૦ એમ.
શ્રી **જયરત્ન**સૂરી તસૂ પાટિં, શ્રી **તપા**ગછ જેણઇં દીપાયા,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપ્રતિ **ભાવરત્ન**સૂરી વંદો, ભવિજન ભાવ-સખાયા રે. ૧૧ એમ.
શ્રી **હીરરત્ન**સૂરીશ્વર કેરા, સીષ્ય પ્રથમ સોહાયા,
પંડીત **લબ્ધિરત્ન** મુનીવર સુધા, શિરતાજ કહાયા રે. ૧૨ એમ.
તસ અંતદય અવતંસ અનોપમ, શ્રી **સિદ્ધરત્ન** ઉવઝઝાયા,
તસ શિષ્ય **મેઘરત્ન**ગણિ ગિરૂ પાયા, જીત્યા જેણે કષાયા રે. ૧૩ એમ.
તાસ વિનયગુણાકર ગણિવર, **અમરરત્ન** અભીધાયા રે,
ગણિ **શિવરત્ન** તસુ સીષ્ય પ્રસીધા, પંડિત જેણે હરાયા રે. ૧૪ એમ.
પૂરણ રાસ ચડયો પરમાણ તે, મુઝ ગુરૂ સુપસાયા,
બોધબીજ મઇ નીર્મલ કીધ્યું, જીત-નિસાણ બજાયા રે. ૧૫
**અણહલપુર પાટણ**માં એ મેં, સરસ સંબંધ બણાયા રે,
**પંચાસર** પ્રભુ **પાસ**ની સાનિધિ, અગણિત સુખ ધરિ આયા રે. ૧૬ એમ.

**ઉદયરત્ન** કહિ આઠોતિરમી, ઢાલે ધન્યાસી ગવાયા,
સંઘ ચતુર્વિધ ચઢત દિવાજા, સુખસંપતિ બહુ પાયા રે. ૧૭ એમ.

(૧) સં.૧૭૮૧ જે.વ.૧ રવિ લ. મુનિ **વ(વિ)**નયવિજે પ.સં.૧૧૬–૧૪, વી.ઉ.ભં. દા.૧૮. (૨) પં. **પદ્મ**વિજયગણિ શિ. **ધ્યાન**વિજયગણિ શિ. **માણિક્ય**વિજય શિ. પં. **જીવ**વિજય શિ. **કુશલ**વિજય પં. **મોહન**વિજય પં. **સુંદર**વિજય પં. **ચતુર**વિજયગણિ લિ. સં.૧૭૯૦ કા.કૃ.૭ ગુરૂ **સાદડીનગર** મધ્યે. પ.સં.૭૪–૧૩, જૈનાનંદ. નં.૩૩૦૭. (૩) સં. ૧૮૪૮ પોસ કૃ.૧૩ શનિ **સૂર્યપુર** મધ્યે. શ્રી **શાંતિજિન** ચરણે ભ. **કીર્ત્તિરત્નસૂરિ** શિ. મુનિ **બુદ્ધિરત્નેન** લિ. પ.સં.૬૪–૧૭, ખેડા ભં.૩. (૪) સં.૧૮૫૩ કા.વ.૫ શનૌ ભ. **હીરવિજયસૂરિ** શિ. પં. **આણંદ**વિજયગણિ શિ. પં. **મેરૂ**વિજયગણિ મહો. **લાવણ્ય**વિજય શિ. પં. **જ્ઞાન**વિજય શિ. **નય**વિજય શિ. પં. **શુભ**વિજય શિ. પં. **પ્રેમ**વિજય પં. **સુબુદ્ધિ**વિજય શિ. પં. **નિત્ય**વિજય પં. **રૂપ**વિજય શિ. પં. **વિદ્યા**વિજય તત્‌ભ્રાતૃ પં. **ખુસ્યાલ**વિજય લ. પં. **વિદ્યા**વિજય વાચનાર્થં **ઇલ્લોલ** મધ્યે. પ.સં.૬૭–૧૬, ખેડા ભં.૩. (૫) સં.૧૮૯૦ ચૈત્ર શુ.૧ ગુરૂ **સૂર્ય**પુર મધ્યે શ્રી **શાંતિનાથ** પ્રાસાદાત્ લ. મુ. **તેજરત્નેન**. પ.સં.૮૨–૧૩, ઝીં. પો.૩૮ નં.૧૭૬. (૬) સં.૧૮૯૯ કા.શુ.૧૧ રવિ **નડીઆદ** ગ્રામે લિ. મુ. **લખમીરત્નેન** શ્રી **રાજવિજયસૂરિ**ગચ્છે **ગોડી પારસનાથ** પ્રાસાદાત્. પ.સં.૧૦૫–૧૩, ખેડા ભં. (૭) સં.૧૯૦૪ ફા.વ.૩ બુધે લખાવીતં પં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનોપરત્નેન લ. તેજવિજય પાદલિપ્ત મહાતીર્થે. પ.સં.૧૦૧-૧૪, ખેડા ભં. (૮) પ.સં.૭૬-૧૩, ખેડા ભં. (૯) પં. ગુણવિજય શિ. કેશરવિજય લિ. કડી નગરે સં.૧૭૭૭ ચાતુર્માસ. પ.સં.૫૮-૧૬,-વડાચૌટા ઉ. પો. ૧૫. (૧૦) સં.૧૮૩૬ આસો શુ.૧૪ દિને. પ.સં.૮૦-૧૪, ગુ. નં.૧૧-૧. (૧૧) ઇતિશ્રી અષ્ટપ્રકારી પૂજા રાસ સંપૂર્ણ સકલષ. પ.સં.૭૫-૧૪, આ. ક.ભં. (૧૨) સં.૧૮૧૨ માગસર સુદ ૧ લિ. પ.સં.૮૨-૧૭, રત્ન.ભં. દા.૪૧. (૧૩) સં.૧૮૫૧ વર્ષે પોષ સુદ ૨ વાર બુધે લ. શ્રી રાજનગર મધ્યે શ્રી ચિંતામણ પ્રસાદાત્ પં. ભાણવિજયગણિ લખિતં. પ.સં.૮૫-૧૩, લીં.ભં. (૧૪) સર્વ ગ્રંથાગ્રંથ શ્લો.૩૦૦૦ લખ્યા સં.૧૮૫૫ ફાગણ વદ ૧૦. પ્રે.ર.સં. [આલિસ્ટઑઇ ભા.૨, ડિકૅટલૉગભાઇ વૉ.૧૯ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૧, ૨૫૮).]

[પ્રકાશિત : ૧. જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહ ભા.૨ પૃ.૨૪૨-૪૨૪.]

**(૩૫૮૭) [+] સ્થૂલિભદ્ર રાસ** [અથવા **સંવાદ**] અથવા **નવરસો** ૯ ઢાળ ર.સં.૧૭૫૯ માગશર શુદ ૧૧ (૧૫ સોમવાર) ઉના ગામમાં

**આદિ** - દૂહા.

સુખસંપતદાયક સદા, પાયક જાસ સુરિંદ,
સાસણનાયક સીવગતી, વાંદુ **વીર** જિણંદ. ૧
**જંબૂદ્વિપના ભરતમાં, પાડલીપૂર** નૃપનંદ,
**સિકડાલ** મહેંતો તસ પ્રીયા, **લાછલદે** સુખકંદ. ૨
**ન્યાગર** ન્યાતિ સીરોમણિ, નવ તેહને સંતાન,
સાત સૂતા સુત દોય સું, વંશવધારણ વાંન. ૩
શ્રી **સ્થૂલભદ્ર** ભોગી ભ્રમર, મૂંનીવરમાં પીણ સિંહ,
વેશ્યાવિલૂંધો તે સહી, ન લહે રાત નિં દીહ. ૪

**અંત** - ઢાલ એહી.

આવ્યા ગુરૂ પાસ દુકરે રે, દુકરકાર ગૂરૂ ઉચરે રે.

*

**ઉદયરતન** કહે એમ મનના રે મનના મનોરથ વેગે ફલ્યા રે.
(અન્ય પ્રતમાં) ઢાલ ૯ રાગ મેવાડો ધન્યાસી.
પામી તે પ્રતિબોધ **એશું** રે (૨) વ્રત ચોથું વલી ઉચરે રે

*

**સત્તર સેં ઉગણસાઠ** માગશિર રે (૨) શુદી મૌન એકાદશી રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પા.) પૂનિમ વાર શશી રે,
શીલ તણા ગુણ ગાયા રે (૨) ઉનાઉઆ નિ(ન)યરમાં રે. ૮
(પા.) ગુણ એહ ગાયો રે ગાયો રે ઉનાઉયામાં ઉલસી રે
**થૂલભદ્ર** રિષિરાય ગાતાં રે (૨) મુંહ માંગ્યા પાસા ઢલા રે
**ઉદયરત્ન** કહે એમ મનમાં રે (૨) મનોરથ સઘલા ફલા રે. ૯

(૧) ઇતિશ્રી થૂલભદ્ર મુંની અણગારનો ગ્રંથ પંચ મહાવ્રત બાર વ્રતધારક કોસ્યા બારે વ્રત ધારક સીલગુણ સંપૂર્ણ સંવત્ ૧૮૫૪ના વર્ષે મતિ વૈશાખ સૂદી ૪ દીવસે લષીતં ભગવાન્ આત્મા અર્થ ષાધૂ નગરે. આ.ક.ભં. (૨) લીં.ભં. (૩) પ.સં.૬–૧૦, ધો.ભં. (૪) પ.સં.૩–૧૭, મારી પાસે. (૫) દીપવિજયના દુહાઓ સાથે : સંવત ૧૮૪૯ શાકે ૧૭૧૩ પ્રવર્ત્તમાને ફાગણ સુદિ ૧૧ રવિવારે લિખિતં પં. ખુમાણવિજયેન પરતાપગઢ મધ્યે. પ.સં.૨–૧૦, ધો.ભં. (૬) દીપવિજયના દુહાઓ સાથે : લ.સં.૧૮૮૬ ચૈત્ર વદ ૬ ઋ. સુંદરજી સંઘજી, જીર્ણગઢમાં. મારી પાસે. (૭) દીપવિજયના દુહાઓ સાથે : લિ. ધમડકા નગરે ઋ. રાજસી ઋ. ચાંપસિ. ઋ. સુંદરજી વૈરાગી પ્રેમજી લપીકૃત. પ.સં.૮, અમર.ભં. સિનોર. મારી પાસે. (૮) સં.૧૭૮૫ શાકે ૧૬૩૯ વૈ.વ.૮ શુક્રે વા. અભય-માણિક્ય શિ. લક્ષ્મીવિજયગણિ શિ. પં. રતનસી લિ. સાધ્વી કસ્તુરાં વાચનાર્થં. પ.સં.૩, અભય. નં.૩૫૧૧. (૯) પ.સં.૬, જય. પો.૪૮ નં. ૧૦૭૫. (૧૦) સં.૧૮૬૦ ચૈ.શુ.૭ લ. મુક્તિવિજય સા. જોઈતા વેણીદાસ પઠનાર્થં વીરમગામે. પ.સં.૭–૧૨, વિરમગામ સંઘ ભં. (૧૧) ભ. ઉદય-સાગરસૂરિ શિ. પં. પદ્મસાગર પઠનાર્થં ભ્રાતૃ પં. વિવેકસાગર ભ્રાતૃ સરૂપચંદ આદિસર પ્રસાદાત્ માહા શુદ બીજે લ. પ.સં.૭–૧૯, મુક્તિ. નં.૨૪૭૫. (આની પછી ૧૨મા પત્ર સુધી જિનહર્ષકૃત 'અવંતીસુકુમાલ સ.' છે.) (૧૨) લિ. પૂરણકલસ હેતવે સં.૧૮૪૯ જે.શુ.૧૪ સોમ, ગુટકો, પ.સં.૫, અભય. (૧૩) સં.૧૭૬૯ પો.શુ.૧ અંચલગચ્છે જયસાગર લિ. રાધાબાઈ પઠનાર્થં. પ.સં.૧૦, વીકા. (૧૪) નંદાબ્ધ્યનેકપભૂ મિતે હાયને વાહુલે માસે પૂર્વપક્ષે સૂરાચાર્યાભિધે ઘસ્ત્રે ચતુર્થાં કર્મવાટ્યામલિખન્મુનિ દીપચંદ્રઃ પિતૃવ્ય મોહન રામજી પઠન હેતવે વિશ્વંભરાખ્ય પુરે. પ.સં.૬–૧૩, પુ.મં. (૧૫) સં.૧૮૩૧ ચૈ.શુ.૧૫ રવિ. પ.સં.૮–૧૨, જશ.સં. (૧૬) પ.સં.૭–૧૩ વી.ઉ.ભં. દા.૧૮. (૧૭) પ.સં.૫–૧૨, વી.ઉ.ભં. દા.૧૮. (૧૮) શ્લો.૧૭૦, પ.સં.૪–૧૫, હા.ભં. દા.૮૩ નં.૯૮. (૧૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં.૧૮૩૦ આ.શુ.૧૪ લિ. સુરત બિંદર મધ્યે મુ. અમૃતવિજયેન. પ.સં. ૫–૧૦, વડાચૌટા ઉ. પો.૩. (૨૦) પ.સં.૯–૧૦, અનંત.ભં.ર. (૨૧) પ.સં.૪, અપૂર્ણ, ગો.ના. [આલિસ્ટઑઇ ભા.૨, જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૪૫, ૩૩૦, ૫૦૩, ૫૭૨, ૬૨૯).]

[પ્રકાશિત : ૧. પ્રકા. ગુલાબચંદ લખમીચંદ ખેડાવાળા. ૨. સંપા. જશભાઈ પટેલ.]

**(૩૫૮૮) + શંખેશ્વર પાર્શ્વનાથનો શલોકો** [અથવા **છંદ**] ર.સં. ૧૭૫૯ વૈ.વ.૬

**આદિ**– માત **ભુવનેશ્વરી** ભુવનમાં સાચી.

**અંત** – **ઓગણસાઠ** ને ઉપર **શતર** વરસે, વઈશાખ વદી છઠીને દિવસે,
એહ શલોકો હરખે મેં ગાયો, સુખ પાયો ને દુરગતિ પલાયો.
નિત્યનિત્ય નવલી મંગલ લાલા, દિનદિન દીજે દોલત રસાલા,
**ઉદયરત્ન** કહે **પાસ** પસાયે, કોડિ કલ્યાણા સન્મુખ થાય. ૨૩

પ્રકાશિત : ૧. શલોકા સંગ્રહ (ભી.મા.). [૨. પ્રાચીન છંદ સંગ્રહ.]

**(૩૫૮૯) મુનિપતિ રાસ** ૯૩ ઢાળ ૨૮૨૧ કડી ર.સં.૧૭૬૧ ફા.વ. ૧૧ શુક્ર પાટણમાં

**આદિ** – દૂહા.

સકલસુખમંગલકરણ, તરણ બુદ્ધિભંડાર;
સર્વ વસ્તુ વાદે સદા, આદિપુરૂષ-અવતાર. ૧
સ્વર્ગ અને શિવ પંથનો, પ્રગટ પ્રરૂપક જેહ;
પુરૂષોત્તમ ત્રિભુવણપતિ, ત્રિવિધેં પ્રણમું તેહ. ૨
સુરલલનાનેં લોચને, ન ચલિં જેમ ગરિંદ;
શાસનનાયક તે **નમૂં**, શ્રી **વર્ધમાન** જિણંદ. ૩
જડ પણિ જાસ પસાયથી, મૂખર હુઇ તતખેવ;
દુરમતિ દુર નિવારણી, સમરૂં **સરસતિ** દેવી. ૪
આગમપંથપરંપરા, પામઈ ગુરૂ સુપસાય;
જ્ઞાનઉપાયક ગુણનિધિ, પ્રણમું તેહના પાય. ૫
વિઘનહરણ સંપતિકરણ, નમસ્કાર એ ચાર;
મંગલરૂપ મનોહરૂ, સકલ સભા સુખકાર. ૬
શ્રી **હિરરત્ન**સૂરિંદના, પ્રણમિ પદ-અરવિંદ;
રચસું **મણિપતિ** રાયનો, રાસ રસિક સુખકંદ. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંત –** ફાગુણ વદિ એકાદસી દિવસે, **સતર સે એકસહા** વરસે,
શુક્રવાસર નેં શ્રવણ નક્ષેત્રે, સર્વ યોગે મનહર્ષઈ રે. તે મુનિ. ૧૫
**પંચાસર** પ્રભુ **પાસ** પ્રસાદે, શ્રી **મણિપતિ** મુનિ ગાયો,
**અણહિલપુર પાટણ**માં એ મેં, પૂર્ણ કલસ ચઢાયો રે. તે મુનિ. ૧૬
કુશલલતા શત શાખા પ્રસરી, જીતનિસાંણ વજાયી,
જયકમલા ગેલે મુઝ ગેહે, આજ ચાલીનેં આવિ રે. તે મુનિ. ૧૭
**તપગચ્છ**-કમલ-વિકાસન દિનકર, શ્રી **રાજવિજય**સૂરિ રાજે,
તસ પાટે શ્રી **રત્નવિજય**સૂરિ, ગુણરત્નાકર છાજે રે. તે મુનિ. ૧૮
જવહર જાતિમાં હઈ જિમ હીરો, તિમ સૂરિવરમાં સાચઓ.
શ્રી **હીરરત્ન**સૂરી તસ પાટઈ, જાંણો હીરો જાચઓ રે. તે મુનિ. ૧૯
તસ પાટઇ ઉપઇ જયકારી, શ્રી **જયરત્ન** સૂરિંદઓ,
શ્રી **ભાવરત્ન**સૂરી તસ પાટઈ, ભવિજન સંપ્રતિ વંદઉઓ રે. તે મુનિ. ૨૦
શ્રી **હીરરત્ન**સૂરિસર કેરા, શિષ્ય પ્રથમ સોહંદા,
વિબુધસિરોમણી સમતાસાગર, શ્રી **લબ્ધિરત્ન** મુણિંદો રે. તે મુનિ. ૨૧
તસ અનુચર વાચકપદધારી, શ્રી **સિદ્ધરત્ન** સોહાયા રે,
તસ અન્વય અભિનવગુણમંદિર, શ્રી **મેઘરત્ન** સવાયા રે. તે મુનિ. ૨૨
સેવક તાસ દીપે વ્રત જેહનાં, દૂષણ રહિત સદાઈ,
**અમરરત્ન**ગણિ તસ વિનયથી, **શિવરત્ન** સવાઇ રે. તે મુનિ. ૨૩
એ મુઝ રાસ ચડો પરમાણઈં, તે શ્રી ગુરૂ સુપસાઇ,
ઢાલ ત્રાણુંમી રાગ ધન્યાશ્રી, સુણતાં સુખ થિર થાઇ રે. તે મુનિ. ૨૪
**ઉદયરત્ન** કહઈ આજ અનોપમ, મનવંછિત સુખ મિલિયા,
શ્રી જિનધર્મ તણઈ પ્રસાદઈ, સ્વયં મનોરથ ફલિયા રે. તે મુનિ.૨૫

(૧) સર્વગાથા ૨૮૨૧ ઢાલ ૯૩ ગ્રંથાગ્રંથ શ્લોકસંખ્યા ૪૦૦૫. સં.૧૮૨૧ શ્રાવણ કૃષ્ણ પક્ષ ૯ દિને ભૂમિવાસરે લિખિતં ફતેચંદ સુરસંઘ શ્રી **પાલણપુર** મધ્યે. પ.સં.૮૧, પ્ર.કા.ભં. (૨) સં.૧૮૨૨ માગશર વદ ૧૨ ચંદ્રે **બલોલ** ગ્રામે પં. **લક્ષ્મિવિજયગણિ** તત્‌શિષ્ય પં. **જીવણવિજય** લખિતં. પ.સં.૬૯–૧૭, લા.ભં. નં.૪૦૫. (૩) ગ્રં.૪૦૦૫ ગાથા ૨૮૧૧ ઢાલ ૯૩, સં.૧૭૯૪ પો.શુ.૯ સોમે લિ. **પાટણ** મધ્યે ખેડા ભં. (કવિની હસ્તલિખિત પ્રત લાગે છે.) (૪) સં.૧૮૧૯ શ્રા. વદિ ૧૧ સોમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી **ત**પાગચ્છ **રા**જવિજયસૂરિ પાટે ભ. રત્નવિજયસૂરિ–**હીર**રત્નસૂરિ–જયરત્નસૂરિ–**ભા**વરત્નસૂરિ–**દા**નરત્નસૂરિ–**કી**ર્ત્તિરત્નસૂરિ તથા પંન્યાસ **મ**લૂકરત્ન શિ. **રા**જરત્નેન લિ. કાકાગુરૂ **કી**ર્તિરત્નસૂરિ વાંચવા અર્થે લિષ્યો છિ....શ્રી ગુર્જર દેશે શ્રી **ખે**ડા હરીયાલા ગ્રાંમે. પ.સં.૧૧૦–૧૪, ઝીં. પો.૩૭ નં.૧૭૩. (પ) સં.૧૮૮૭ આ.શુ.૧ ભોમ **ર**ત્નવિજય શિ. **તે**જવિજય અર્થે લ. મુ. **દા**નવિજય **લીં**બડી નયરે શ્રી **શાં**તિનાથ પ્રસાદાત્. પ.સં.૭૬–૨૦, સંઘ ભં. પાલણુપુર દા.૪૬ નં.૧. (૬) સં. ૧૮૯૫ માગશર શુદ ૧૧ શ્રી ભ. **કી**ર્ત્તિરત્નસૂરિ તથા પંન્યાસ પં. **મ**યારત્ન તથા પંન્યાસ પં. **સો**ભાગ્યરત્ન શિ. પંન્યાસ પં. **રા**જેંદ્રરત્ન શિ. મુનિ **તે**જરત્ન શિ. મુનિ ગુણુરત્નને વાંચવા સારૂ લખાવ્યો છે...લ. **ભો**જક **પ**રમા **જે**ઠા ગામ **પા**ટડીના. પ.સં.૧૧૭–૧૫, ખેડા ભં. દા.૬ નં.૭. [મુપુગૂહસૂચી.]

**(૩૫૯૦) રાજસિંહ રાસ** અથવા **નવકાર રાસ** અથવા **પંચપરમેષ્ઠી** ૩૧ ઢાળ ૮૮૦ કડી ર.સં.૧૭૬૨ માગશર શુદ ૭ સોમ અમદાવાદમાં

**આદિ** – અરિહંત આદિ દેઇને, પરમેષ્ટી જે પંચ
પહિલેં પ્રણુમું તેહને, જિમ લહીઇ સુખસંચ. ૧
શાસનપતિ ચોવીસમો, જિણુવર **ત્રિશલા** જાત,
વિઘનવિડારણુ વંદીએ, **વર્ધમાન** વિખ્યાત. ૨
વલી વંદું વાગેશ્વરી, કવીજન કેરી માય,
શ્રુતસાગર તરતાં સદા, તરી સમ જેહ સખાય. ૩
સુમિતઉપાયક કુમતિહર, ફેડણુ દુરગતિફોજ
તિણુ નમીઈ ત્રિવિધિ કરી, શ્રી ગુરૂચરણુ-સરોજ. ૪
શ્રી **હીરરત્ન** સૂરીંદના, પ્રણુમું પદ-અરવિંદ,
આશા પૂરિ **આશારૂઇ**, સદ્‌ગુરૂ જે સુખકંદ. ૫
ભવસાગર તરવા ભણી, ભરવા સુકૃતભંડાર
નવરસમય નવકારનો, રાસ રચૂં સુખકાર. ૬
શ્રોતાજન સુણુજ્યો તુમે, આદર કરી અપાર
જિમ ઉદ્યમ એ માહરો, સફલ હુઇ નિરધાર. ૭
સર્વગાથા ૮૬૧

**અંત** – ઢાલ ૪૧ [૩૧ ?] શાંતિ જિન જાઉં ભામણે એ દેશી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી નવકાર તણા ગુણ ગાયા, મનવંછિત સુખ પાયા, બે.
ભીલ તણા દૃષ્ટાંત બતાયા, પ્રગટ ફલ દેખાયા, બે. ૧ શ્રી.
નવનિધિ ચૌદ રત્ન ઘરિ આયા, અષ્ટ મહાસિદ્ધ ઉપાયા, બે.
દુર્ગતિનાં દુઃખ દૂર ગમાયા, પુણ્યભંડાર ભરાયા, બે. ૨ શ્રી.
પંચકથાગર્ભિત ગુણધારી, એ ભીલચરિત મનોહારી, બે.
સુણી નવકાર જપો નરનારી, સુરનર શિવસુખકારી, બે. ૩ શ્રી.
ભવભયભેદક ભાવે ભવિયાં, દાયક સુખ અણમવિયાં, બે.
પંચ મંગલ મહા મંત્ર પસાયે, ધ્યાવો દૃઢ ચિત્ત થાઇ. બે. ૪ શ્રી.
**વૃંદારૂ વૃત્તિ** તણિ અનુસારે, જિન-આગમ આધારે, બે.
એ મેં રાસ રચ્યો વિસ્તારે, થિર ચિત રાખી ઠારે, બે. ૫ શ્રી.
અધિકીઓછી રચના રચાઇ, મૂલ ચરિત્રથી કાંઇ, બે.
પંડિત તે પરખીને લેજો, તે મિચ્છા દુક્કડ મુઝ હોયે. બે. ૬ શ્રી.
શ્રી ગુણસાગર નવકાર કહાવે, કોઇ પાર ન પાવે, બે.
મિંડા હરી મતીની માનીએ, રાસ રચ્યો ઉચ્છાહે. બે. ૭ શ્રી.
સંવત્ **સત્તર બાસઠ** વર્ષે, માગશિર શુદિ સાતમે હરખે બે.
સોમવાર નક્ષત્ર ધનીષ્ટા, હર્ષણ યોગ ગરિષ્ટા બે. ૮ શ્રી.
ગુર્જરમંડલ માહિં ગાજે, ગઢ ચોફેર બિરાજે, બે.
**અહમદાવાદ** નગીનો જે, ભૂષણ **સાબરમતિ**નો બે. ૯ શ્રી.
શ્રાવકલોક વસે સોભાગી, જિહાં જિનધર્મના રાગી, બે.
સંઘ મુખ્ય સાહા **વર્દ્ધમાન** વારૂ, દોલતવંત દિદારૂ બે. ૧૦ શ્રી.
તેહનો સુત સાહા **જગસી** જાણો, સમકિતવંત શાણો બે.
તેહ આગ્રહે મે એહ, રાસ રચ્યો ગુણગેહ બે. ૧૧ શ્રી.
**શાંતિનાથ** તણે સુપસાયા, પુરણ કલશ ચઢાયા બે.
સકલ લીલા સુખસંપતિ લાધી, વલી શુભ વાસના વાધી બે. ૧૨શ્રી.
જ્યાં લગિ અવનિ ગ્રહગણતારા, જ્યાં લગે શ્રી નવકારા બે.
તિહાં લગે એ ચૌપાઈ, થિર થાયો ભવિયણ ભાવે. ૧૩ શ્રી.
શ્રી **તપ**ગચ્છગયણ વિષણ ભાંણું, શ્રી **રાજવિજય**સૂરિ જાણું બે.
શ્રી **રત્નવિજય**સૂરિ તસ પાટે, સોહે સુંદર ઘાટે બે. ૧૪ શ્રી.
તાસ પટે ઉપાવણ વીરો, શ્રી **હીરરત્ન**સૂરિ હીરો, બે.
તસ પાટે **જયરત્ન** સૂરીંદા, દીપે જેમ દીણંદા. બે. ૧૫ શ્રી.
સંપ્રતિ **ભાવરત્ન**સૂરિ વંદો, તસ પાટે સોહે ચંદો બે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી **હીરરત્ન** સૂરીશ્વર કેરા, વારૂ શિષ્ય વડેરા બે. ૧૬ શ્રી.
પંડિત **લબ્ધિરત્ન** ગુરૂરાયા, **સિદ્ધિરત્ન** ઉવઝાયા, બે.
તસ અન્વય ગણિવર સોહેંદા, શ્રી **મેઘરત્ન** મુણીંદા બે. ૧૭ શ્રી.
તસ અનુચર **અમરરત્ન** ગણીશ, **શિવરત્ન** તસુ સીસ બે.
મુજ ગુરૂની સાનિધ્યે એ મેં, કહી કથા મન પ્રેમે, બે. ૧૮ શ્રી.
એકત્રીસમી ઢાલે ભાયા, રાગ ધન્યાસી ગાયા,
**ઉદયરત્ન** કહે મંગલમાલા, વાધે જય સુવિશાલા, બે. ૧૯ શ્રી.

(૧) ઇતિ પંચપરમેષ્ટીનો રાસ સંપૂર્ણ. સર્વગાથા ૮૮૦. શ્લોકસંખ્યા ૧૧૫૧ સંવત્ ૧૮૫૭ના વર્ષે ભાદ્રવા વદિ ૧ દને બૃહસ્પતિ વાસરે પૂર્વા ભદ્રપદ નક્ષત્રે લષિતં પં. શ્રી ૧૦૮ પં. શ્રી **શાંતિ**વિજયગણિ તત્‌શિષ્ય પં. શ્રી ૫ પં. **ખુશાલ**વિજયગણિ તતશિષ્ય મું. **ધન**વિજયેન લપીચક્રે મીદં પરોપકારાય શ્રી **અણુવદપૂરા** નગરે શ્રી અજિતનાથ પ્રાસાદાત્. પ.સં.૩૪-૧૫, મો.સેં.લા. (૨) સં.૧૮૦૭ ચૈત્ર શુ.૧૩ ગુરૂવાસરે વાચનાર્થં મુનિ **પદ્મ**વિજય. પ.સં.૪૫-૧૪, રત્ન.ભં. દા.૪૨ નં.૨૯. (૩) લિ. હંસરત્ન મુનિના સં.૧૭૬૨ ચૈ.વ.૧૩ રવિ હરીયાલા ગ્રામ મધ્યે **ભીડ**ભંજન **પાર્શ્વ**નાથ પ્રસાદાત્. પ.સં.૨૮-૧૫, ખેડા ભં.૩. (૪) સં.૧૭૯૬ શાકે ૧૬૬૨ ફા.શુ.૧૦ મંગલ લ. **દયાહંસ**. પ.સં.૨૬-૧૭, ખેડા ભં.૩. (૫) સં.૧૮૪૪ માઘ શુ.૮ ભૃગૌ **શાંતિ**નાથ પ્રસાદાત્ **અમરાવતી** નગરે. પ.સં. ૩૬-૧૨, ખેડા ભં.૩.

**(૩૫૯૧) + બ્રહ્મચર્યની** [અથવા **શિયળની**] **નવવાડ સઝાય ૧૦**
ઢાલ ૨.સં.૧૭૬૩ શ્રાવણ વદ ૧૦(૨) બુધ ખંભાત

**આદિ**– શ્રી ગુરૂને ચરણે નમી, સમરી **સારદ** માત,
નવવિધ સીયલની વાડીનો, ઉત્તમ કહું અવદાત. ૧

**અંત**– ઇમ જાણી નરનારિ સીયલની સદ્દવહણા શુદ્ધ દિલમાં ધારજો,
એહ દુરગતિનું મૂલ અબ્રહ્મ સેવામાં હો, જાતાં દિલને વારજો.
**તપ**ગચ્છગયણ-દિણંદ વંછિતફલદાતા હો રે **હીરરત્ન** સૂરીસરૂ
પામી તાસ પસાય વાડ ભલી ભાંખી હો સીયલની એહ મનોહરૂ
**ખંભાતિ** રહી ચોમાસ **સત્તર ત્રેસઠે** હો શ્રાવણ વદિ (બીજ) દશમી બુધે ભણી,
**ઉદયરત્ન** કર જોડિ સીયલવંત નરનારી હો તેને જાઉં ભાંમણે.

(૧) પ.સં.૩-૧૭, મારી પાસે. [આલિસ્ટઑઇ ભા.૨, જૈહાપ્રોસ્ટા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૮, ૧૬૧, ૨૬૭, ૨૮૩, ૩૨૬, ૪૧૧, ૪૨૮, ૫૧૦, ૫૪૭, ૫૪૮, ૫૫૧, ૬૨૪).]

પ્રકાશિત : ૧. સ.મા.ભી. [૨. બૃહત્ કાવ્યદોહન ભા.૨.]

**(૩૫૯૨) બારવ્રત રાસ** ૭૭ ઢાળ ૧૬૭૧ કડી ર.સં.૧૭૬૫ કા.શુ.૭ રવિ અમદાવાદમાં

**આદિ –** દૂહા.

વદું અરિહંત સિદ્ધને, આચારય ઉવઝાય,
સાધુ સવેનિં નિત નમું, શિવપથિ જેહ સખાય. ૧
**ઋષભાદિક** જિનરાજના, પદ પ્રણમું મદ મોડિ,
**સરસતિ** સદગુરૂ બોધકર, વંદું બિ કર જોડિ. ૨
ગુણનિધિ ગાજે ગછપતિ, ભાજે ભવભય ભૂરિ,
શ્રી **હીરરત્ન** સૂરિવર નમું, ઉલ્લટ આણી ઉરિ. ૩
દેશવિરતિનો ધર્મ જે, સમકિતમૂલ વ્રત બાર,
રાસ રચું હું તેહનો, આલોવા અતિચાર. ૪
શ્રોતા સાંભલજ્યો સહુ, વરજી વિકથા વાત,
મૂલ થકી માંડી કહૂં, શ્રાવકવ્રત અવદાત. ૫

**અંત –** શ્રી **તપ**ગણગગનાંગણભૂષણ, દૂષણરહિત દિણંદો,
રાજસભારંજન ગુણે રાજિ, શ્રી **રાજવિજય** સૂરિંદો રે. ૯
તાસ પાટિ શ્રી **રત્નવિજય**સૂરી રત્નચિંતામણિ સરિષો,
તસ પટ્ટોધર **હિરરત્ન**સૂરી જાચો હિરો પરષો રે. ૧૦
જયકારિ **જયરત્ન**સૂરિ વર પટ્ટોધર પ્રસીધા,
સંપ્રતિ **ભાવરતન**સૂરી ભજતાં જગ માંહે જસ લીધો રે. ૧૧
શ્રી **હીરરત્ન** સૂરીશ્વર કેરા શિષ્ય વડેરા સોહાયા,
પંડિત **લબધિરત્ન**-પદ-અનુચર **સિદ્ધિરત્ન** ઉવઝાયા રે. ૧૨
તસ વિનયી તપતેજ વિરાજે શ્રી **મેઘરતન** મુનિરાજા,
તસ સીસ **અમરરતન** પદ સેવક, **શિવરત્ન** હો તાજા રે. ૧૩
એહ પ્રબંધ રચ્યો મે પાવન, ગુરૂપદપંકજસેવા,
રૂપ અનુએ પ્રસાદ લહિનિ, દુર્મતિ દૂરે કરેવા. ૧૪
**ગૂર્જર**મંડલ માંહિ ગિરૂઉ, નગર નિરૂપમ રૂપેં,
શ્રી **અમદાવાદ** સહિર અનોપમ અમરપુરી સ્યો ઉપિ રે. ૧૫
દુર્ગકોટ અગમ જિહાં ખાઇ, સુગમ સુભગ પુરસેરી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હજાર ગમે બાજાર વિરાજિ, શોભા જિહાં **સાભ્રમતી** કારી રે. ૧૬
ઈશાન કુંણિ જિહાં તિર્થ છિ અદભુત, **અસારૂઇ** આસા પુરિ,
શ્રી **હીરરત્ન** સૂરીશ્વર જગગુરૂ, ચિંતાસંકટચુરિકારી રે. ૧૭
**જવહરી-વાટક**માં વસિ જાલિમ, ઝવહિરી લોક જિહાં ઝાઝા,
ત્યાગિ ભોગિ નૈ સોભાગી, જેહના નવ ખંડે આઝા રે. ૧૮
હાટક જિહાં વેચાઇ હાટિ, **રત્નપોલ**નેં ઘાટેં,
સોલસમો નેં ચોવિસમો જિનવર, જિહાં પૂજાઇ સુધાટિ રે. ૧૯
શ્રીપૂજ્યનો આદેસ લહિનેં, તિહાં મે ચોમાસું કિધું,
શ્રી **શાંતિનાથ** તણું સુપસાઈ, જીત-નગારૂં દીધું રે. ૨૦
કાર્તિક શુદિ સાતમિ રવિવારે, **સત્તર સેં પાંસઠા** વરષે,
ઉત્તરાષાઢ નક્ષત્ર ધૃતિ યોગિં, સંઘને આગ્રહને હરષે રે. ૨૧
પૂરણ કલસ ચડયો પરમાણિ, મનોહર મંગલીક માલા,
શિવસંપદગર્ભિત સુષલીલા, સુયસ વશાયા વિસાલા રે. ૨૨
જિહાં લગિ ધર ભૂધર ધરણિધર, રવિ સસિ સિંધુ સુરેંદા,
તિહાં લગિ એ ચોપઈ થાયો, ગાયો સુધિ જનવૃંદા રે. ૨૩
સત્તોત્તરમિ ઢાલ સોહાવી, **ઉદયરતન** કહિ આજ,
કલ્યાણનિ મેં કોડી ઉપાઈ, પાંમ્યો અવીચલ રાજ રે. ૨૪
ભાવિ સમકિત સુરતરૂ સેવો.

(૧) સર્વગાથા ૧૬૭૧ ગ્રં.૨૫૨૫, સં.૧૮૦૪ વૈ. શુદ્ધીતિમિ દિવસૈ રવિવાસરે દ્વિપ્રહરે પં. પ્રતાપવિજય શિ. મોહનવિજય લ. શિ. માણિકચવિજય લ. શિષ્ય ગણિ ઈશ્વરવિજય લખાવિંત. વટપલ્યાં ગ્રાંમ મધ્યે. પ.સં.૩૭–૨૭, વડાચૌટા ઉ. પો.૧૮. (૨) સર્વગાથા ૧૬૬૫ શ્લો.૧૭૫૮ સં.૧૮૫૪ માર્ગશિર વ.૪ બુધે પં. **ક્ષમારત્ને**ન લિ. પ.સં.૭૬–૧૨, પ્રથમ પત્ર નથી, ખેડા ભં.૩. (૩) છેલ્લાં પાનાં નથી, પ.સં.૩૯–૧૩, રત્ન. ભં. દા.૪૩ નં.૨૮. (૪) ગાથા ૨૫૦૦, પ.સં.૫૫, અમ.

**(૩૫૯૩) મલયસુંદરી મહાબલ રાસ** અથવા **વિનોદવિલાસ રાસ**
૧૩૩ ઢાળ ૨૯૭૫ કડી ૨.સં.૧૭૬૬(૬૨) માગ.શુ.૮ સોમ
ખેડા હરિયાલા ગામમાં

**આદિ** – સકલસમીહિતશ્રેયકર, જસુ કર-પદ-નખકંતિ,
દુરિત-તિમિર-આકર દલિં, સો સાહિબ નમું **શાંતિ**. ૧
અમેય ગુણેં **વામેય** જિન, **પારસનાથ** પ્રસિધ,

વંદુ વિપદવિહારણો, સંપતિદાયક સિધ. ૨
ચોવિસે જિનરાજના, સુવિધિં ચરણસરોજ,
નીત નમીઈ મંગલનિધી, મંગલદાયક મોજ. ૩
**ગૌતમ** આદિ ગણધરૂ, વિહરમાન જિન વીસ,
**સરસતિ** સદગુરૂ સંતના, પદ પ્રણમું નિશદીસ. ૪
કોડયં ગમે વર કામના, સફલ ફલે જસ નામ,
શ્રી **હીરરત્ન** સૂરિષો નમું, કર જોડિ શુભ કામ. ૫
ભવિકજીવના હિત ભણી, રત્નત્રય આખ્યાંન,
જ્ઞાન દર્શન ચારિત્રના, આખું ગુણ અસમાંન. ૬
તસ શિષ્ય **આણંદવિજય** બુધ, ગિરૂયા **મેરૂવિજય** બુધ સાર. મેં. ૧૩
શ્રી **લાવણ્યવિજય** સુગુરૂ ઉવઝાયા, વાચક **લખિમી** સાધાર,
કવિકુલ કોટીર ધીર મહાકવિ, જિનાગમ સહચાર. મેં. ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તિલકવિજય** બુધ બુધજનસેવિત, ભૂરમણી-ઉરહાર,
તાસ ચરણરજરેણુ સેવાકર, **નમિવિજય** જયકાર. મે. ૧૫
સંપ્રતિકાલેં ભાગ્ય વિશાલ, પ્રતિરૂપાદિ ગુણલાર,
શ્રી **વિજયદયા**સૂરિ નૂર અનોપમ, મૂરતિ કામણગાર. મે. ૧૬
સૂરિ સવાઈ અધિક પુણ્યાઈ, શ્રી **વિજયક્ષમા** ગણધાર,
તસ પદ પાટિ પ્રભાકર પ્રતપો, જૈન તણો સિરદાર. મે. ૧૭
તેહને રાજ્યેં રાસ એ કીધો, સરસ કથા અધિકાર,
મિચ્છાદુક્કડ અલિક જે ભાખ્યું, સાખી કરી સંઘ ચ્યાર. મે. ૧૮
સંવત **સંયમ માતા પ્રવચન સુનય** ચિત અવધારી,
કાતી માસ સુવાસ કૃષ્ણયોગેં, તેરસિ નેં ગુરૂવાર. મે. ૧૯
એ **દાનચંદ્ર** શિષ્ય **દોલતિચંદને**, કથનેં કીયો અધિકાર,
પંડિત વાંચીને સુદ્ધ કરયો, ભવિક જીવે હિતકાર. મે. ૨૦
જિહાં લગેં ભૂપીઠ સસિ રવિ પ્રતપેં, ગ્રહ નક્ષત્ર યોગતાર,
તિહાં લગેં એ રાસ થિર થાયો, **નેમિ** સદા સુખકાર. મે. ૨૧

(૧) સંવત્ ૧૮(૭)૮૭ વર્ષે **કંબોઈ** નગરે ફાગુણ શુદિ ૨ શનિવારે લિખિતં. મહોપાધ્યાય ચૂડામણિચક્રવર્ત્યોપાધ્યાય શ્રી **લક્ષ્મીવિજયગણિ** શિષ્ય સકલપંડિતસભાભામિનીભાલસ્થલતિલકાયમાન પંડિત શ્રી ૧૫ શ્રી **તિલકવિજયગણિ** શિષ્ય ચરણરજરસિક ષટ્પદાયમાન પં. **નેમિવિજયેન** લિખિતં. શ્રી **દોલતચંદજી** વાંચનાર્થં. પરોપકારાય પુણ્યાર્થં. કવિની સ્વહસ્તલિખિત પ્રત, પ.સં.૧૯, પ્ર.કા.ભં. વડો. (૨) સર્વગાથા ૧૯૫૮ સર્વઢાલ ૩૯ સં.૧૮૮૦ શાકે ૧૭૪૫ શ્રા.વદ ૭ સુર ગુરૂવાસરે પ્રભાત સમયેં શ્રી **અણહિલપુર** પાટકાખ્યે ચતુર્માસકં સ્થિત. પં. **કૃષ્ણવિજયગણી** શિ. પં. **રંગવિજયગણી** શિ. લિ. **ઋષભવિજયગણીનાં** સી. મુ. **દયાવિજયગણિ** વાંચનાર્થં શ્રી **પંચાસર પાસ** પ્રસાદેન. પ.સં.૪૨–૧૩, જશ.સં. નં.૧૩૦. (૩) સર્વગાથા ૧૯૬૫ ઢાલ ૩૯ પં. **નયવિજયગણિ** શિ. પં. **શુભવિજય** શિ. **પ્રેમવિજયગણી** શિ. **સુબુદ્ધિવિજય** આત્માર્થે લિ. સં.૧૭૯૪ કા.શુ.૨ શુક્રે. પ.સં.૨૪–૨૦, ઈડર ભં. નં.૧૬૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૪૯–૫૪, ભા.૩ પૃ.૧૩૯૬–૧૪૦૦. ત્યાં આ કવિને નામે નોંધાયેલી 'ચોવીસી' જ્ઞાનવિજયશિષ્ય નયવિજય (નં.૧૦-૩૩)ની ઠરતાં અહીંથી રદ કરી છે. 'સુમિત્ર રાસ'ના ઉદ્ધૃત પાઠમાં અંતે ભડિયાદ ગામનામ છે ત્યાં નડિયાદ સૂચવ્યું છે તે ભડિયાદ નામ અજાણ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગવાથી સૂચવ્યું જણાય છે.]

**૧૦૫૮. જિનલબ્ધિ** (ખ. જિનહર્ષસૂરિશિ.)

**(૩૬૨૬) નવકાર માહાત્મ્ય ચોપાઈ** ર.સં.૧૭૫૦ વિજયદશમી ગુરુવાર જયતારણમાં

**અંત** – શ્રી **ખરતર**ગચ્છ ગુહિરો ગાજૈ, ચઢતે દિનદિન સાજે બે
શ્રી **જિનદત્તકુશલ** પૂઠિ રાજઇ, અરિ ભાજૈ ઓ ગાજૈ બે
શાખ **આચારજિઆ** તિણ માંહિ **સાકુચંદ** કુલ માંહિ બધાકુ બે
શ્રી **જિનદેવ** સૂરીસર રાયા, કલિ કેવલિ બિરૂદ કહાયા બે
તસ પટ **જિણસિદ્ધ**સૂરિ જણાયા, શ્રી **જિનચંદ** સૂરિરાયા બે
**કરપટહેટક** પાટ પ્રભાવી, પતિસાત(હ)ઇ અગાર પલાવી બે
બાજા **મરૂધર** માંહિ બજાવી, ચિહું ખંડ કીરતિ કી ચાવી બે.
તસ પટ્ટ શ્રી **જિનહરષ** તવેસર, વંદે બોહિ નર જહાંગીર બે
આગલિ વાદ સુ કરિવર હે, લૈહરાયો મિસર બે.
તાસ સીસ **જિનલબ્ધિ** મુનીંદા, આતમક જિન ધરિંદા બે
હેજૈ ગાવે શ્રીપદ હદા, ઇણ પરિ ગુણગણવૃંદા બે.
સંવત **સતર પંચાસા** વરસઇ, વિજયદસમિ દિન દરસઇ બે
સુગુરૂવાર વિરાજઇ સરસઇ હી, ચૌમાસ ભલ ચરસૈ બે.
સહર **જયતારણિ** માહે સુખદાઇ, **વિમલનાથ** વરદાઇ બે
સુનિજ ગ્રાઇ તાસ સવાઈ, ચોવીર ચીત્ત લાઈ બે.
અદસકેન પંચ પ્રાજે ભાવૈં, મુણિ નવકાર મલ્હાવે બે
અલિયવિઘન તસ દૂરિ પુલાવૈ, સુખસંપતિ સવિ પાવૈ બે
શ્રી **જિનલબ્ધિ** કહે ચિત્ત લાઇ, સાખ **ષડાવશ્યક**ની પાઇ બે,
એણૈ ગુણૈ જે સુણઈ સુણાવે, ચિર દોલિતિ થિયાં થાવે બે.
શ્રી નવકાર તણા ગુણ ગાયા.

(૧) સં.૧૯૦૭ શાકે ૧૭૭૨ ભાદ્રવા વદી ૩ ભોમે લિ. **જાલનાપુર** મધ્યે. રો.એ.સો. (ડા. ત્રિભોવનદાસના પ્રશસ્તિસંગ્રહમાંથી)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૬૯–૭૦.]

**૧૦૫૯. બાલ**

**(૩૬૨૭) પાંચ ઇંદ્રિય ચોપાઈ** ૧૫૪ કડી ર.સં.૧૭૫૧ ભાદ્ર.શુ.૨ આગ્રામાં

**આદિ** દોહા.

પ્રથમ પ્રણમ જિનદેવકોં, બહુરિ પ્રણમી શિવરાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધ સકલકે ચરણકોં, પ્રણમૌ શીશ નમાય. ૧
નમૌ જિનેશ્વર **વીર**કોં, જગતજીવ-સુખકાર;
જસુ પ્રસાદ ઘટપટ ખુલૈ, લહિયૈ બુદ્ધિ અપાર. ૨
ઈક દિન ઈક ઉદ્યાનમેં, બૈઠે શ્રી મુનિરાજ
ધર્મદેશના દેત હૈ, ભવ્ય જીવકૈ કાજ. ૩
સમદષ્ટિ શ્રાવક તહાં, ઔર મિલે બહુ લોક;
વિદ્યાધરિ ક્રીડા કરત, આય ગયે બહુ થોક. ૪
ચલી બાત વ્યાખ્યાનમેં, પાંચૈ ઇંદ્રી દુખ,
ત્યૌં ત્યૌં એ દુખ દેત હૈ, જ્યૌં જ્યૌં કીજે પુષ્ટ.

*

સીસ નમત જગદીસકૌ, પ્રથમ નમત હૈ નાક;
તૌહી તિલક વિરાજતો, સત્યારથ્ય જગવાક. ૧૬

(આમ હિંદીમાં મંગલાચરણ શરૂ કરી પછી ગુજરાતીમાં ઢાલ આવે છે.)

ચોપઇની ઢાલ ગુજરાતી ભાષા.

નાક કહે જગ હું વડો, મુઝ વાત સુણોં સબ કોઇ રે,
નાક રહે પત લોકમાં, નાક ગયે પત ખોઇ રે. ના. ૧૭

**અંત** – સંવત **સતરહ એકાવને ૧૭૫૧**, નગર **આગરે** માંહિ;
ભાદો સુદિ શુભ દુજકોં, **બાલ** ખ્યાલ પ્રગટાંહિ. ૧૫૨
સુરસ માંહિ સબ સુખ વસૈ, કુરસ માંહિ કછુ નાહિ,
કુરસ વાતઇ ના વહે, પુરસ પ્રગટ સમુ કાંહિ. ૧૫૩
ગુણ લીજો ગુણવંત નર, દોષ ન લીજો કોય;
જિનવાંણી હિરદૈ વસૈ, સબકૌં મંગલ હોય. ૧૫૪

(૧) પ.સં.૩-૨૧, અનંત.ભં. (૨) પ.સં.૩-૨૧, આગ્રા ભં.

**(૩૬૨૮) સીતા રાસ**

(૧) સં.૧૭૬૦, લીં.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૨૧-૨૨.]

**૧૦૬૦. વિનયચંદ્ર** (ખ. સમયસુંદર-મેઘવિજય-હર્ષકુશલ-હર્ષનિધાન-જ્ઞાનતિલક-પુણ્યતિલક અને હર્ષસાગરશિ.)

**(૩૬૨૯)** [+] **ઉત્તમકુમાર રાસ** ૪૨ ઢાળ ૮૪૮ કડી ર.સં.૧૭૫૨ ફા.શુ.૫ ગુરુ પાટણમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ 'ઉત્તમકુમાર રાસ'નું નામ 'મહારાજકુમાર ચરિત્ર' અપાયું છે (જુઓ 'અનેકાર્થ રત્નમંજૂષા'ની પ્રસ્તાવના) તે બરાબર નથી.

**આદિ** – ૐ અક્ષર અતુલબલ, ચિદાનંદ ચિદ્રૂપ
સકલ તત્ત્વ સંપેખતાં, અવિચલ અકલ અનૂપ. ૧
અજર અમર અવિકાર નિત, જોતિ તણઉ જે ઠામ,
સત્ત્વરૂપ આરાહિયઇ, વંછિતપૂરણ કામ. ૨
જેહનઇ નામસ્મરણથી, ફીટઈ સઘલા ફંદ
મંદમતિ પંડિત હુવઈ, દૂરિ ટલઈ દુખદંદ. ૩
યોગી ધ્યાવે યુક્તિ સું, ભક્તિ કરી ભરપૂર
સંપઇ તેહનઇ વ્યક્તિ ગુણ, શક્તિ સહિત સનૂર. ૪
મંત્ર મુખ્ય બીજક કહ્યો, સાર સહિત સુવિલાસ
અરિહંતાદિક પંચનો, અંતર જાસ નિવાસ. ૫
અભ્ર માંહિ જિમ ધ્રૂ અડગ, શેષનાગ પાતાલ
મૃત્યુલોકમાં મેરૂ જિમ, તિમ એ વરણવિલાસ. ૬
તે અક્ષર તો છે વલૂ, મન પિણ આગે વાણ
**સરસતિ** માતા આપજે, મુઝને અમૃતવાણિ. ૭
શ્રી **જિનકુશલ** સૂરીંદ ગુરૂ, પૂરો મુઝ મન-આસ
અંતરજામી જાણિને, કરીયે નિજ અરદાસ. ૮
જોડિ તણીકા બુદ્ધિ નહિ, હું અતિ મૂઢ અજાણ
તુમ્હ સુપસાયેં જે કહું, ચાઢો તેહ પ્રમાણ. ૯
દાન સુપાત્ર સમો ન કો, મુક્તિ તણો દાતાર
ઊલટિ ધરિ દ્યે તે તજે, સલિલનિધિ સંસાર. ૧૦
**શાલિભદ્ર** આદિક ઉપરિ, દાન તણે અધિકાર
જિનશાસનમાં જોવતાં, વરિ તે નાવે પાર. ૧૧
તો પિણ **ઉત્તમકુમાર**નો, ચરિત સુણો મનરંગ
સાધુ પ્રસંશિત દાન જિણ, દીધોજી આણિ ઉમંગ. ૧૨
વાતચિત કો મત કરો, છોડો કુમતિકલેશ
વાંચતાં કવિતા તણો, મન જિમ થાય વિશેષ. ૧૩

*

નિજમતિ વિસ્તરિવા ભણી, મેં કીધો રે એ પ્રથમ અભ્યાસ
**વિનયચંદ** કહે દાખીસ્યું, આગે પિણ હે એ પ્રથમ પ્રકાસ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંત –** ઢાલ ૧૪ ગૂજરી રાગે

વસ્ત્રદાંને ઊપરે રે, **ઉત્તમચરિત્ર**કુમાર,
સુણુ સંપતિ લહી સુખ પામ્યા શ્રીકાર
ઈમ જાણીને દાન દ્યો રે, મન ધરિ હરષ અપાર. સુ. ૧
ગુણ ગાયા મુનિરાયના રે ધન્ય દિવસ મુઝ આજ સુ.
રાસ કીયો મનરંગ સું રે, સીધાં વંછિત કાજ. સુ. ૨
**ચારૂચંદ્ર** મુનિવર કીયો રે, **ઉત્તમકુમરચરિત્ર,**
તે સંબંધ નિહાલિને રે, જોડયો રાસ વિચિત્ર. સુ. ૩
ઉછોઅધિકો જે કહ્યો રે, કવિચતુરાઇ હોઇ
મિથ્યા દુષ્કૃત વલિ કહું રે, તે સુણિજ્યો સહુ કોઇ. ૪
વચન પ્રમાણે જાણિને રે, મનથી ટાલી રેખ
ઢાલ ભલી દેશી ભલી રે, કહિજ્યો ચતુર વિશેષ. ૫
શ્રી **ખરતર**ગચ્છ જગત્માં રે, પ્રતપે જાણિ દિણંદ
સહુ ગચ્છ માહે સિરતિલો રે, ગ્રહગણમાં જિમ ચંદ. ૬
ગુણગિરૂઓ તિહાં ગચ્છપતિ રે, શ્રી **જિણચંદ** સૂરીંદ
મહિમા મોટી જેહની રે, માને વડા નરિંદ. ૭
જ્ઞાનપયોધિ પ્રબોધિવા રે, અભિનવ સસિહર પ્રાય
કુમુદચંદ્ર ઉપમા વહે રે, **સમયસુંદર** કવિરાય. ૮
તત્પર શાસ્ત્ર સમર્થવા રે, સાર અનેક વિચાર,
વલિ કલંકિકા કમલિની રે, ઉલ્લાસન દિનકાર. ૯
તસુ પ્રશિષ્ય પાઠક ભલા રે, ગુણનિધિ **હર્ષનિધાન,**
પરમ અધ્યાતમ ધારિવા રે, જે યોગીંદ્ર સમાન. ૧૦
તીન શિષ્ય તસુ જાણિયે રે, પંડિત ચતુર સુજાણ,
સાહિત્યાદિક ગ્રંથના રે, નિર્વાહક ગુણજાણ. ૧૧
પ્રથમ **હર્ષસાગર** સુધી રે, **જ્ઞાનતિલક** ગુણવંત,
**પુણ્યતિલક** સુવખાંણતાં રે, હીયડઉ હેજઇ ઉલ્હસંત. ૧૨
તાસ ચરણસેવક સદા રે, મધુકર પંકજ જેમ,
પ્રમુદિત ચિતની ચુંપ સું રે, રાસ રચ્યો મેં એમ. ૧૩
સંવત **સતરહ બાવને** રે, શ્રી **પાટણ** પુર માંહિ,
ફાગણ સુદિ પાંચિમ દિને રે, ગુરૂવારે ઉચ્છાહિ. ૧૪
ઢાલ બાયાલીસ અતિ ભલી રે, નવનવ રાગ પ્રધાન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અડતાલીસ ને આઠસેં રે, ગાથાનો છે માન. ૧૫
એહ ચરિત સુણતાં સદા રે, વાધે મહીયલ મામ,
સુખસંપતિ બહુ પામીયે રે, અનુક્રમિ મનવિશ્રામ. ૧૬
ઢાલ ચવદમી મન ગમી રે, સહુ રીઝયા ઠામઠામ,
**જ્ઞાનતિલક** ગુરૂ સાંનિધેં રે, **વિનયચંદ્ર** કહે આમ. ૧૭

(૧) સર્વ ઢાલ ૪૨, સર્વ ગાથા ૮૪૮ ગ્રંથાગ્ર સંખ્યા ૧૨૬૦ સં. ૧૭૫૩ આશ્વિન વદિ ૧૦ સાહીશ્રી **માં**ગજી ભાંડાગારે. પ.સં.૩૪-૧૩, તિલકવિજય ભં. મહુવા નં.૬૧. (૨) સં.૧૮૧૦ ચૈ.શુદિ ૧૧ શુક્રે મહો. પુણ્યચંદ્ર શિ. પુણ્યવિલાસગણિ શિ. વા. પુણ્યશીલગણિ લિ. બાકરોદ ગામે. ચુનીજી ભં. કાશી નયાઘાટ. (૩) અમ. (૪) રત્ન.ભં. (૫) ડે.ભં. [ડિકેટલૉગભાઇ વૉ.૧૯ ભા.૨.]

[પ્રકાશિત : ૧. વિનયચંદ્ર-કૃતિ-કુસુમાંજલિ.]

**(૩૬૩૦)** [+] **વીશી** સં.૧૭૫૪ વિજયાદશમી રાજનગરે

**અંત – સતરે સે ચૌપન** વર્ષે, **રાજનગરમેં** રંગેજી,
**વીસી** ગીત વિજયદશમી દિન, કિયા ઉલટ ધરી અંગેજી. ૪
ગચ્છપતિ શ્રી **જિનચંદ** સૂરીન્દા, **હર્ષનિધાન** ઉવઝાયાજી,
**જ્ઞાનતિલક** ગુરૂને સુપસાયે, **વિનયચંદ્ર** ગુણ ગાવેજી. ૫

(૧) વીકા.ભં.

[પ્રકાશિત : ૧. વિનયચંદ્ર-કૃતિ-કુસુમાંજલિ.]

**(૩૬૩૧) શત્રુંજય તીર્થ બૃહત્સ્ત.** ૨૦ કડી ૨.સં.૧૭૫૫ પોષ ૧૦

**આદિ** – ઘણી રી બીંદલી લાગો એ દેશી.
હાં રે મોરા લાલ, **સિદ્ધાચલ** સોહામણઉ,
ઉંચો અતિહિ ઉત્તંગ મોરા લાલ.
સિદ્ધવધૂ વરવા ભણી, માનું ઉન્નત કરિ ચંગ —૧ મોરા લાલ.

**અંત** – કલશ.
ઈમ ભક્તિપૂર્વક યુક્તિ સેંતિ થૂણ્યઉ **શેત્રુંજ** તીર્થને;
સંવત **સતર પંચાવનઇ** વર પોસ દશિમી દિને;
શ્રી પૂજ્ય **જિણચંદ**સૂરિ પાઠક **હર્ષનિધાન** હર્ષઈ ઘણઈ,
પરિવારિ સું જિણ યાત્ર કીધી, **વિનયચંદ્ર** ઈસું ભણઈ. ૨૦

(૧) મારી પાસે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૩૬૩૨)** [+] **૧૧ અંગની સ્વાધ્યાય** દરેક અંગ પર એમ ૧૧ સઝાય ર.સં.૧૭૫૫ શ્રાવણ **માસ** વદ ૧૦ અમદાવાદમાં

**અંત –** હરખ અપાર ધરી હીયે સ. **અહમદાવાદ** મઝાર કિ,
ભાસ કરિ એ અંગની, સ. વરત્યા જયજયકાર કિ. ૪ સ.
સંવત **સત્તર પંચાવનૈ,** સ. વર્ષાઋતુ નભ માસ કિ,
દશમી દિન વદિ પક્ષમાં સ. પુરણ થઈ મનઆસ. ૫ સ.
શ્રી **જિનધર્મ**સૂરિ પાટવી સ. શ્રી **જિનચંદ્ર** સૂરીસ.
**ખરતર**ગચ્છના રાજીયા સ. તસુ રાજે સુજગીસ. ૬ સ.
પાઠક **હર્ષનિધાન**જી સ. **જ્ઞાનતિલક** સુપસાય કિ
**વિનયચંદ્ર** કહે મેં કરી સ. અંગ ઈગ્યારે સિઝાય. ૭ સ.

(૧) પંચાયતી જૈ.શ્વે.ભં. જયપુર પો.૬૪. (૨) પ.સં.૮–૧૬, મુનિ સુખસાગર. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૪૨).]

[પ્રકાશિત : ૧. વિનયચંદ્ર-કૃતિ-કુસુમાંજલિ.]

**(૩૬૩૩)** [+] **ચોવીશી** ર.સં.૧૭૫૫(૫૭) વિજયાદશમી રાજનગરે

**આદિ –** ઋષભ ગીત. ઢાલ મહિંદી રંગ લાગઉ.
આજ જનમ સુકિયારથે રે, ભેટ્યા શ્રી જિનરાય,
પ્રભુ સું મન લાગો.
ખિણ ઇક દૂરિ ન થાય, પ્રભુ સું મન લાગો. ૧

*

મીઠી અમૃતની પરે રે, **રિષભ** જિણેસર સંગ પ્રભુ.
**વિનયચંદ** પામી કરી રે, રાખો રસભરિ રંગ. પ્રભુ. ૭

**અંત –** સંવત **સતરે પંચાવન** (પા. **સત્તાવન**) વર્ષે, વિજયાદશમી મન હર્ષે,
**રાજનગર**માં નિજ ઉત્કર્ષે, રચી ભક્તિ અમરષેજી,
શ્રી **ખરતર**ગણ સુગુણ વિરાજૈ, અંબર ઉપમા છાજૈજી;
તિહાં **જિનચંદ** સૂરિશ્વર ગાજે, ગચ્છપતિ ચંદ દિવાજૈજી,
પાઠક **હર્ષનિધાન** સવાઇ, **જ્ઞાનતિલક** સુખદાઇજી,
**વિનયચંદ્ર** તસુ પ્રતિમા પાઇ, એ **ચોવીસી** ગાઇજી.

(૧) પ.સં.૮, અંતે કલશ અપૂર્ણ, અભય. પો.૧૦ નં.૯૩૬. (૨) પ.સં.૭, હોશિયારપુર ભં. દા.૨૭ પો.૫૭. (૩) વીકા.ભં.

[પ્રકાશિત : ૧. વિનયચંદ્ર-કૃતિ-કુસુમાંજલિ.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૩૬૩૪) રાહા કથા ચોપાઈ** ૬ ઢાળ

**આદિ** – સકલ સુરાસુર જેહને, ચરણ નમાવે સીસ,
વંદુ શ્રી **સીમંધરૂ**, જયવંતા જગદીસ. ૧
સર્વ કલા માંહિ ધર્મકલા, પ્રગટપણે પ્રધાંન,
સર્વ કથા માંહિ ધર્મકથા, ભાખી શ્રી **વર્દ્ધમાન.** ૨
પિતા સમઝે એહમેં સુગુણ, જે હોવે બુદ્ધિનિધાન,
વિના પાસ કહો કિમ ચઢેં, વસ્ત્ર ઉપર વાંન. ૩
ચિહુ ભેદે બુધિ વરણવી, આપ મુખે જિનરાય,
**નંદીસૂત્ર** માંહી કહી, ન્યારા અરથ લગાય. ૪
બુધિ ઉત્પાતિકી વિનયકી, કર્મિયાં કરતાં કાજ,
વાધૈ જવ પરિણામી, વાવય વાધ્યાં કે સાજ. ૫
પિણ ચિહુંમેં ઉત્પાતકી, બુદ્ધિ શિરે કહીવાય,
ઇણ પુઠલ તિનું ભલી, સહજે ઉપજે આય. ૬
સરાહૈ તેહને સહૂ, બુદ્ધબલ જેહ કરંત,
તિણ ઊપર ભવિ સો ભલો, **રાહાનો** દષ્ટાંત. ૭

**અંત** – ઢાલ ૬

એ **રાહાની** કથા ભલી, સહુ **નંદીસૂત્ર** માંહિ ચાલી એ,
સુણતાં પૂગે મનરલી એ, અવર હી કથા છે કેતલી એ. ૧૪
**વિનયચંદ** કહે એમ એ, સાંભલજ્યો ચિત ધરિ પ્રેમ એ,
વિપરીત ભણ્યો પદ જેમ એ, મુઝ મિથ્યાદુકૃત તેમ એ. ૧૫

(૧) પ.સં.૪, અભય. નં.૧૦૬૮. (૨) પ.સં.૪, અભય. નં.૧૦૯૫.

**(૩૬૩૫) ધ્યાનામૃત રાસ**

**(૩૬૩૬) મયણરેહા રાસ**

**(૩૬૩૭) + નેમિરાજુલ બારહ માસા** (હિંદીમાં)

**આદિ** – રાગ હીંડોલા.

આવઉ હો ઇસ રિતિ હિસેં **યાદવ**કુલચંદ દઉ મોહિ પરમાનંદ.
આવઉ.
રસ રીતિ **રાજુલ** વદન પ્રમુદિત, સુનૌં **યાદવ**રાય,
છોરિકેં પ્રીતિપ્રતીતિ, પ્રિયુ તુમ કયું ચલે રીસાય;
ચિહું ઓર ઘોર ઘટા ............ત ગૈંન,
ધરિ અધિક ગાઢ અસાઢ ઉમટયૌ ઘટયૌ ચિતસૈં ચૈન. આ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંત** – ઇમ ભાંતિ મનકી ખાંતિ, બારહ માસ વિરહવિલાસ,
કરિકે પ્રિયા પ્રિય પાસ, ચારિત ગ્રહ્યૌ અતિ ઉલ્હાસ;
દોઉં મિલે સુંદર મુગતિમંદિર, ભદ્ર જહાં અતિ નંદ,
મૃદુ વચન તાકૌ રચહી ભાખત, **વિનયચંદ** કવીન્દ. ૧૩ આ.

(૧) ૫.સં.૩૦, વીકાનેર જ્ઞાન ભંડાર.

પ્રકાશિત : ૧. જૈન જ્યોતિ, જ્યેષ્ઠ ૧૯૮૮, પૃ.૨૯૨–૯૩. [૨. વિનયચંદ્ર-કૃતિ-કુસુમાંજલિ.]

**(૩૬૩૮) + રાજુલ રહનેમિ સ.**

**આદિ** – **શિવાદેવી**નંદન ચરણુ...

પ્રકાશિત : ૧. શ્વેતાંબર જૈન, તા. ૧૩–૬–૨૯નો અંક. [૨. વિનયચંદ્ર-કૃતિ-કુસુમાંજલિ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૨૩–૨૪, ભા.૩ પૃ.૧૩૭૦–૭૫. ‘રોહા ચોપાઈ’માં ગુરુપરંપરા નથી. એને અગરચંદ્ર નાહટા સ્થાનકવાસી વિનયચંદની કૃતિ માને છે (વિનયચંદ્ર-કૃતિ-કુસુમાંજલિ, પ્રસ્તા. પૃ.૯). ‘મયણરેહા-રાસ’ પણ અનોપચંદશિષ્ય વિનય (જુઓ હવે પછી સં.૧૮૭૦ના ક્રમમાં)-ની, આ વિનયચંદ્રને નામે ચડી ગયેલી કૃતિ તો નહીં હોય ને, એવો વહેમ જાય છે.]

## ૧૦૬૧. પ્રીતિસાગર (ખ. નયસુંદર–દયાસેન–પ્રીતિવિજય–પ્રીતિસુંદર અને પ્રીતિલાભશિ.)

**(૩૬૩૯) ઋષિદત્તા ચોપાઈ** ૨.સં.૧૭૫૨ જેઠ શુદ ૨ રવિ રાજનગરમાં

**આદિ** – **પાસ** જિનેસર પય નમી, મનમેં ધરી આણંદ,
નામ લીયંતા જેહનો, થાયઇ પરમાનંદ. ૧
અવર દેવનઇ સેવતાં, સુખ વંછિત દ્યઇ સાર,
એ પ્રભુનો અતિશય વડો, નામ થકી નિસ્તાર. ૨

**અંત** – **ઋષિદત્તા** રાય શિવસુખ પામીયા રે, સીલ તણૈ પરમાણ,
સીલપ્રભાવૈ નિકલંક હુઇ સતી રે, સતીયાં-સિરોમણિ જાંણિ. ૧
**સુધર્મ**સ્વામિ-પરંપરા રે જાણીયે રે, **ચંદ્ર**કુલ શાખા **વયરી** જાંણ,
**કોટિક**ગણ ગચ્છ **ખરતર** વડો રે, જાણે સહૂ રાયરાંણ. ૨
વર્ત્તમાન ગુરૂ ચિરજીવી હોજ્યો રે, યુગપ્રધાનપદધાર,
ભટ્ટારક શ્રી **જિનરંગ** સૂરીશ્વરજી, **ખરતર** ગણધાર. ૩
**બૃહત્ જિનરાજ**સૂરિ શાખા માંહઇજી, વાચકપદવીધાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સદ્ગુરૂ શ્રી **નયસુંદર** ગુણનિલાજી, દુખીયાના આધાર. ૪
તસુ પટ્ટઇ શ્રી **દયાસેન** વાચક ભલાજી, ગંભીર ગુણભંડાર,
તસુ શિષ્ય પાઠકપદવીધારક વડા રે, શ્રી **પ્રીતિવિજય** સુખકાર. ૫
તસુ શિષ્ય ઉવઝાય **પ્રીતિસુંદર** તણાજી, બાંધવ **પ્રીતિલાભ** નાંમ,
તસુ અન્તેવાસી **પ્રીતિસાગર** રચ્યોજી, સંબંધ **ઋષિદત્તા** નામ. ૬
સંવત **સતરઈ બાવન** સમઇજી, જેઠ સિત પક્ષ જાંણુ,
તિથિ બીજી રવિવાર શુભ અતિ ભલોજી, શુભ ચંદ્ર હુંતો સુખડાંણુ. ૭
સીલસંબંધઇ અધિકાર રચ્યોજી, સુણતાં હોવૈ ઉલ્લાસ,
ઓછાઅધિકો તિણ માંહઇ કહ્યૌજી, મિછા દુકડ તાસ. ૮
એ સંબંધ રચ્યૌ અતિ હરષ સ્યુંજી, શ્રી **રાજનગર** મઝાર,
સુખીયા શ્રાવક જિહાં વસૈ ઘણાજી, પરઉપગારી સાર. ૯
એ સંબંધ ભણતાં ગુણતાં ભલાંજી, સાંભલતાં સુખ થાય,
ઋધિ સિધિ નવનિધિ ઘર હોવૈ સદાજી, રોગવ્યથા સહુ જાય. ૧૦
**ઋષિદત્તા** ચૌપઇ કીધી રંગ સ્યુંજી, સુણતાં હુવૈ સુષકાર,
**પ્રીતિસાગર** મુનિવર ગુણ ગાવતાંજી, આણંદ જયજયકાર. ૧૧

(૧) લિ. ઋ. **નેણચંદ** **અજીમગંજ** મધ્યે સં.૧૮૭૮ શ્રા.સુદી ૭ રવિ. પ.સં.૩૨-૧૪, ગુ. નં.૧૩-૧. (૨) વિ.ધ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૭૬-૭૭.]

## ૧૦૬૨. ઋદ્ધિવિજય વા. (ત. વિજયપ્રભસૂરિશિ.)

**(૩૬૪૦) જિનપંચકલ્યાણક સ્ત.** ૧૦ ઢાળ ર.સં.૧૭૫૪ ઔરંગાબાદમાં

**આદિ** – **સારદ** માત નમી કરી, પ્રણમી સદગુરૂપાય,
પંચકલ્યાણક જિન તણા, ભણતાં સિવસુખ થાય. ૧
ચ્યવન જનમ દિક્ષા દિવસ, નાંણ સિદ્ધિ ગતિ નાંમ,
પંચકલ્યાણક જાંણુયો, એ જિનના અભિરાંમ. ૨
માસ પૂનિમીઆ સૂત્રમેં, તે તિથિનો અધિકાર,
જાંણિને યુગતે કરો, ભવિયણ તપવિસ્તાર.

**અંત** – ઢાલ ૧૦ ગિરિ સું નદીયાં ઉત્તરે રે લાલ એ દેશી
**સતર ચોપને** પ્રેમ સું રે લાલ, કર્યો ચોમાસો રંગ રે, ચ.
શ્રી **અવરંગાબાદમાં** રે લા. જિહાં જિનઘર ઉત્તંગ રે. ચ. ૬૬
સંઘ તણી સુણી વીનતી રે લા. તવન રચ્યો અતિસાર રે, ચ.
સંઘે પણ સુંણી આદર્યો રે લા. તપ જપ ધરમ પ્રકાર રે. ચ. ૬૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે કલ્યાણક તપ કરે રે લાલ, તે પાંમે કલ્યાણ રે, ચ.
દિનદિન સુખલીલા લહે રે લાલ, એહવી જિનની વાંણિ રે. ચ. ૬૮
શ્રી **વિજયપ્રભ**સૂરીજી રે લાલ, શ્રી જિનશાસન જયકાર રે, ચ.
વાચક **ઋદ્ધિવિજય** નમે રે લાલ, શ્રી જિનગુરૂ સુષકાર રે,
ચતુરનર, ગણુણો કલ્યાણકનો ગણો રે. ચ. ૬૯

(૧) લિ. કલ્યાણવિજય. પ.સં.૨-૧૯, આ.ક.ભં. (૨) સં.૧૭૬૩ ચૈત્ર સુદિ ૧૩ ગુરૂ લિ. પં. કુલધર્મજી લિ. પ.સં.૪-૧૩, પાદરા ભં. નં.૯૬.

**(૩૬૪૧) ૧૮ નાતરાં સઝાય**

**આદિ** – પહિલા તે સમરૂં રે **પાસ પંચાસરૂ** રે

(૧) પ.સં.૨-૧૨, હા.ભં. દા.૮૩ નં.૧૦૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૨૩-૨૪, ભા.૩ પૃ.૧૪૩૬-૩૭. આ નામે મુકાયેલ 'રોહિણી રાસ' વિજયાણંદ-વિજયરાજશિ. ઋદ્ધિવિજય (નં.૮૫૦)નો ઠર્યો છે.]

## ૧૦૬૩. કેસરવિમલ (ત. શાંતિવિમલના ભાઈ)

આ કવિના શિષ્ય દાનવિમલે એક પ્રત સં.૧૭૬૦માં લખેલી છે તેમાં સ્વગુરુપરંપરા આપી છે કે: ત. આનંદવિમલસૂરિ-વિજયવિમલ (વાનરર્ષિ)ગણિ-આનંદવિજયગણિ-હર્ષવિમલ-શાંતિવિમલ-કેશરવિમલ શિ. (ડો.અ. સંઘ ભં. ભાવનગર) આ કવિના શિષ્ય કાંતિવિમલ થયા છે તે માટે હવે પછી જુઓ.

**(૩૬૪૨) + સૂક્તિમાલા** અથવા **સુક્તમુક્તાવલિ** ૨.સં.૧૭૫૪

**આદિ** – સકલસુકૃતવલ્લીવૃંદ જે મૂર્તિમાલા,
નિજમનસિ નિધાય શ્રી જિનેંદ્રસ્ય મૂર્તિં
લલિતવચનલીલાલોકભાષાનિબદ્ધૈ-
રિહ કતિપયપદ્યે **સૂક્તમાલા** તનોમિ. ૧
તત્વજ્ઞાન મનુષ્ય સજ્જન ગુણ ન્યાય પ્રતિજ્ઞા ક્ષમા,
ચિંતાદ્યં ચ કુલે વિવેક વિનયો વિદ્યોપકારોદ્યમા,
દાનક્રોધદયાદિ તોષ વિષયા સાક્ષ પ્રમાદાસ્તથા,
સાધુ શ્રાવક ધર્મ્મવર્ગ વિષયા જ્ઞેયા પ્રસંગા અમી. ૨

આમ બે શ્લોક આદિમાં સંસ્કૃત આપી પછી ભાષાના ૩૭ છંદો છે તેમાં આદિનો

સકલકરમવારી, મોક્ષકર્માધિકારી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિભુવનઉપગારી, કેવલજ્ઞાનધારી;
ભવિજન નિત સેવો, દેવ તે ભક્તિભાવે,
ઇહ જ જિન ભજતાં, સર્વ સંપત્તિ આવે. ૧

**અંત** – ભવવિષય તણા જે ચંચલા સૌખ્ય જાણી,
પ્રિયતમ પ્રિયયોગા ભંગુરા ચિત્ત આણી,
કરમદલ ખપેઇ કેવલજ્ઞાંન લેઇ,
ધનધન નર તેઇ મોક્ષ સાધે જિ કેઈ. ૩૭
ઇત્યેવ મુક્તા કિલ સૂક્તમાલા, વિભૂષિતા વર્ગશ્ચતુષ્ટયેન
તનોતુ શોભામધિકં જનાનાં, કંઠે સ્થિતા મૌક્તિકમાલકેવ. ૩૮
આસીત્ સદ્‌ગુણસિંધુપાર્વણશશી શ્રીમ**ત્તપા**ગચ્છેશ,
સૂરિ શ્રી **વિજયપ્રભા**ભિધ ગુરૂ જાયા જગદ્‌વંદનઃ
તત્પટ્ટોદય ભૂધરે વિજયતે ભાસ્વાનિવોયત્પ્રભઃ
સૂરિ શ્રી **વિજયાદિરત્ન** સુગુરૂ વિદ્વજ્જનાનંદભૂ. ૩૯
વિખ્યાતાસ્તદ્રાજ્યે, પ્રાજ્ઞા શ્રી **શાંતિવિમલ**નામાનિ,
તત્સોદરા બભૂવુ, પ્રજ્ઞો શ્રી **કનકવિમલા**ખ્યા. ૪૦
તેષામુભૌ વિનેયૌ, વિદ્વત્**કલ્યાણવિમલ** ઇત્યાદ્ય,
તત્સોદરો દ્વિતીયઃ, **કેશરવિમલા**ભિધો વરજઃ. ૪૧
તેન ચતુર્ભિવર્ગૈ, વિરચિતા ભાષાનિબદ્ધ રૂચિરેયં,
સૂક્તાનામિહમાલા, મનોવિનોદાય બાલાનાં. ૪૨
**વેદેંદ્રિયર્ષિચંદ્રે** (સંવત્ **૧૭૫૪**) પ્રમિતે શ્રી વિક્રમાગદ્દતે વર્ષે,
અગ્રંથી **સૂક્તમાલા, કેશરવિમલેન** વિબુધેન. ૪૩

(૧) સંવત ૧૮૧૧ વર્ષે વૈશાખ વદિ ૧૨ રવૌ પં. **શ્રી**રત્નેન **વા**રાહી નગરે લિ. પ.સં.૮–૧૬, પ્ર.કા.ભં. નં.૨૪૦. (૨) સંવત્ ૧૯૧૧ના વર્ષે આસાઢ વદ ૫ દને લખ્યૌ છે. પ.સં.૯–૧૨, પ્ર.કા.ભં. (૩) સંવત ૧૮૬૮ વર્ષે પોસ વદ ૬ ભૃગૌ સકલપંડિતપ્રવર પંડિત પં. શ્રી શ્રી ૧૦૮ પં. શ્રી **ભો**જવિજયજી તત્‌શિષ્ય પં. ઉત્તમવિજયજી તત્‌સિષ્ય પં. શ્રી **વ**નિતવિજયજી તતસિષ્ય ચેલા **લ**ખમીચંદ પઠનાર્થં. મુ. **અ**મરવિજય પં. **મે**ઘસક્ત લખીતં **રો**હિડા મધ્યે શ્રી **શાં**તિનાથજી પ્રાસાદાત્ શુભં ભવતુ. પ.સં.૧૬–૧૩, ના.ભં. (૪) સકલપંડિતચક્રશક્રચૂડામણિ પંડિતોત્તમ પંડિત શ્રી ૧૦૮ શ્રી શ્રી **જ**સવંતવિજયજી શિષ્ય ચરણસેવી પં. **ધન**-વિજયજી લિપિકીત્વા. ભાવચારિત્રીયા **મો**તિચંદ વાંચનાર્થં આત્માર્થં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં.૧૮૬૦રા મિતિ માહાબ્દ સપ્તમ્યં તિથૌ બુધવાસરે લીખીત્વા ગ્રામ દેવરિયા નગરે ઉદાવત રાજશ્રી ભૂપાલસિંઘજી રાજ્યાત્. પ.સં.૧૧-૧૪, ગો.ના. (૫) પં. ઉમેદવિજે પં. રવિસત્ક. પ.સં.૧૨-૧૪, સંઘ ભં. પાલણપુર દા.૪૭ નં.૧૬. (૬) લિ. મુ. **લાલવિજય** ગ. **અમરરાયપુર** મધ્યે સં.૧૮૮૮ જ્યે.શુ.૫. પ.સં.૧૨-૧૫, પુ.મં. (૭) મુ. દેવચંદ પઠનાર્થં મુ. **વિજયહર્ષેણ** **ગોધરા** ગ્રામે લિ. રો.એ.સો. મુંબઈ. (૮) સં.૧૮૦૫ વૈ.વ.૯ લિ. પં. **સુખહેમગણિના**. પ.સં.૭, અભય. નં.૨૪૫૧. (૯) સં. ૧૮૪૭ પો.શુ.૧૨ પં. **હેમવિજય** શિ. **રૂપચંદ** લિ. **વાસાનગરે** સાધ્વી **જ્ઞાનશ્રી** પઠનાર્થે. પ.સં.૧૭, અભય. નં.૩૭૫૮. (૧૦) ભાં.ઇ. સને **૧૮૭૦-૧** નં.૩૧૯. (૧૧) લિ. **સૌભાગ્યરત્નેન** ગ્રામ **ભોલાડા**. ગ્રીં. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૦, ૩૧૬, ૪૯૧, ૪૯૮, ૫૮૧ - કલ્યાણવિમલને નામે પણ).]

[પ્રકાશિત : ૧. સત્તરમા શતકનાં પ્રાચીન ગૂર્જર કાવ્ય.]

**(૩૬૪૩) વંકચૂલ રાસ** ર.સં.૧૭૫૬

**આદિ** -

દૂહા

ત્રિભુવનનાયક ગુણતિલો, પ્રણમું **આદિ** જિણંદ;
જગજનતિમિર નિવારવા, ઉદયો પુંનિમચંદ. ૧
નીલમણિ પરિ નીલ દ્યુતિ, પ્રણમું **પાસ** જિણંદ;
ભવિયણ-વાંછિત પૂરવા, પરતિષ સુરતરૂકંદ. ૨
**સિદ્ધારથ**-નૃપ-કુલતિલો, **ત્રિસલાનંદન** **વીર**,
પ્રણમું જિન ચોવીસમો, સુરગિરિ જેમ સુધીર. ૩
સારદ શશિ જિમ નિરમલી, પ્રણમું **સારદ** માય
ભાવે નમું વલી નિજ ગુરૂ, જે મનવંછિત દાય. ૪
**વંકચૂલ** નરરાયનો, નિયમ તણે પરસંગિ;
તસ સંબંધી કહું હવે, સુણયો જન મનિરંગ. ૫

**અંત** - ઢાલ. આજ અમારે આંગણ કે હૂં જાણું સુરતરૂ ફલિઓ રે એ દેશી.
ભવિયણ નિયમ તણાં ફલ દેષો, નિયમ થકી સુષ હોવે રે;
નિયમ તણાં વ્રત સાધ જે-જે, શિવરામા તસ જોવે રે. ૧ ભ.
ભોગ અને ઉપભોગ તણા જે, નિયમવ્રત આરાધે રે;
શ્રી **વંકચૂલ** તણિ પરિ તે નર, સરગ તણાં સુષ સાધે રે. ૨ ભ.
વિનય કરી ગુરૂ પાય નમીજે, રાજઋદ્ધ સુષ લીજે રે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંગત સરસા ફલ પામીને, સદગુરૂ સંગત કીજે રે. ૩ ભ.
શ્રી **વંકચૂલ** ચરિત્ર વષાંણ્યો, નિયમ તણે પરસંગે રે;
મનવંછિત ફલ હોય નિરંતર, સાંભળતાં મનરંગે રે. ૪ ભ.
સંવત **સતરે છપ્પને** ગાયો, શ્રી **વંકચૂલ** નરેસો રે;
સુંદર મંદિર મતિ બંદિર, શ્રી સંઘ તણે આદેશો રે. ૫ ભ.
**તપ**ગછગયણ-દિવાકર સરિસો, શ્રી **વિજયપ્રભ** સૂરીસો રે;
સંપ્રતિ **ગોયમ** ગણહર સરિસો, શ્રી **વિજયરત્ન** મુનીશો રે. ૬ ભ.
તેહ તણે રાજે જયવંતા, શ્રી **શાંતિવિમલ** કવિરાયા રે;
તાસ સહોદર ઈણ પરસંગે, **કેસરવિમલ** ગુણ ગાયા. ૭ ભ.
ગુણ ગાતાં ગુણવંતા કેરાં, ફલય મનોરથમાલા રે;
ઇમ વ્રતધરના ગુણ ગાતાં, નિવસે ઘરેઘરે લછિ વિશાલા રે. ૮ ભ.

(૧) લિ. **વિવેક**સાગરેણ **જા**વાલપુરે સં.૧૭૯૨ શ્રા.વ.૧૫, પ.સં.૬–૧૨, સંઘ ભં. પાલણપુર. દા.૪૬ નં.૧૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૪૨–૪૫, ભા.૩ પૃ.૧૩૮૭. ત્યાં કવિને શાંતિવિમલશિષ્ય તરીકે ઓળખાવાયેલા, પરંતુ 'સૂક્તમાલા'માં કવિ પોતાને શાંતિવિમલના બીજા ભાઈ (પહેલા કનકવિમલ) તરીકે અને 'વંકચૂલ રાસ'માં તો સ્પષ્ટ રીતે શાંતિવિમલના ભાઈ તરીકે ઓળખાવે છે. કલ્યાણવિમલને શાંતિવિમલ અને કનકવિમલ એ બે ભાઈઓના શિષ્ય તરીકે ઓળખાવ્યા જણાય છે.]

## ૧૦૬૪. મોહનવિજય (ત. વિજયસેનસૂરિ–કીર્તિવિજય-માનવિજય–રૂપવિજયશિ.)

આ કવિના હાથથી લખેલ 'પ્રશ્નોત્તર સમુચ્ચય – હીરપ્રશ્ન'ની સં.૧૭૮૨ વૈ.શુ.૧૫ની પ્રત અનંત.ભં.માં છે. તેના શિ. પં. હેમવિજય શિ. તિલકવિજય શિ. પં. ભાણુવિજયની સણુનાનગરે સં.૧૮૪૨ ચૈ.શુ.૫ ચંદ્રવાસરે લખેલી 'વંદારૂ વૃત્તિ'ની પ્રત તે અનંત.ભં.માં છે.

**(૩૬૪૪) + નર્મદાસુંદરીનો રાસ** ૬૩ ઢાળ ર.સં.૧૮૫૪ પોષ વદિ ૧૩ શુક્ર સમીનગરે

**આદિ –** દૂહાં.

પ્રભુચરણાંબુજ-રજ તણી, વજ્જીને (વજીને) હોઈ ઢોક,
માયો વલી જગ જેહનો, બીહૂં અક્ષરનેં શ્લોક. ૧
ધારક અતિશય એહવા, જિન સુરિગિરી પરિ(પરં) ધીર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હૂં પ્રણમૂં તે **વીરને**, **ગૌતમ** જાસ વજીર. ૨
કવિ સુરતરૂ સોભાવવા, પરભૃત તનયા પૂત,
જ્ઞાંન ચંદ્ર ને ચંદ્રિકા, કૃપા કરી અતી નૂત. ૩
જડતા લય મુદ્રા ભણી, જનૂ રૂપા સ્વયમેવ,
શબ્દોદધિતારણ તરી, સા **ભારતિ** પ્રણમેવ. ૪
ગુરૂ ગૂણિમણી હારાવલિ, ધરિઈ હૃદય તટેણ,
કીધો તજી પીપિલિકા, મત્ત મત્તંગ જલેણ. ૫
જિન ગણહર ભારિતિ સુગુરૂ, પ્રણમી ચરણ રસેણ;
ધર્મોદ્યમ કીંજે સદા, સવી સુષ લહિઇં જેણ. ૬
ચ્યાર ભેદ તે ધર્મના, દાન શીલ તપ ભાવ
તેમેં શીયલ વિશેષ છેં, કપ રત્નાગર નામ. ૭
ચક્ષૂશ્રવણ શીલેં કરી, થયો કુસુમની માલ,
પાવક પણ પાણિ થયો, શીલેં સીહ સીયાલ. ૮
સીલરૂપ સન્નાહથી, મનમથ નૃપનાં બાંણ,
વેધી ન સકે વૃક્ષને, રે મન મૃષા મ જાંણ. ૯
શીલ તણે અધિકાર અથ, **નમયાસૂંદરી** ચરિત્ર
રચિસ શાસ્ત્ર અનૂંસારથી, વર્ણવ કરી વિચિત્ર. ૧૦
સાંભલયો શ્રોતા નર, મિત્ર પુત્ર થિર લાય
પિણ પીતાં કરતાં રષે, મહીષી કિન્નર ન્યાય. ૧૧

**અંત –** ઢાલ. રાગ ધન્યાસી. દેસાવગાસિક વ્રત છે દશમું એ દેશી.
**નમયાંસુંદરી** ગુણ મહાસે સૂધો સંજમ પાલેંજી
ધ્યાનાનલ સંયોગે સુપરેં, કર્મ સમિધિ પ્રજાલેંજી. ૧ ન.

*

એહ સંબંધ છે **શીલકુલકમેં**, જોયો સુગુણ જગીસેંજી
**ભરહેસરબાહૂબલી વૃત્તિ**, પ્રગટ સંબંધ એ દીસેંજી. ૧૨ ન.
એ સંબંધ છેં સાચો પણ કોઈ, કલ્પિત કરી મત જાણોજી,
આવીભૂર્ત સંબંધ અપર જે, કવિરચના તે પ્રમાણોજી. ૧૩ ન.
ધનધન **નમયા** મહાસતી કેરી, સરસ કથા મેં ગાઈજી
કીધી પાવન સુંદર રચના, સરસ સુસ્વાદ ઉપાઈજી. ૧૪ ન.
એહ મહાસતીની પરિં કોઇ, પાલસે શીલ અભંગજી
તે પિણ વંછિત સુખ અનુભવસેં, લહસ્યૈ ગ્યાનતરંગજી. ૧૫ ન.

Jain Education International • For Private & Personal Use Only www.jainelibrary.org

ચોથું વ્રત નિવૃત્તિનું કારણ, તિમ સૌભાગ્યપ્રદાતાજી
યતિ ઉપદેસ્યૈ ઈમ મુખ હુંતિ, સીલે મહોદય સાતાજી. ૧૬ ન.
**નમયાસુંદરી** કેરૂં રચ્યું છે, ચરીત્ર અનોપમ એહજી
કવિકુલ કોઇ હાંસુ ન કરસ્યો, કરજો શુચિ સસનેહજી. ૧૭ ન.
મે તો સુકવિ ભરૂસો આણી, રાસ રચ્યો છે સાચેંજી
નહી તો સી મતિ માહરી જે હૂં, હોડિ કરૂ કરી વાચેજી. ૧૮ ન.
તેહ કારણ એ રાસ રસીલો, **નમયાસુંદરી** કેરોજી
કંઠાભરણ પણેં સહૂ કરેજો, પિણ દુષણ મત હેરોજી. ૧૯ ન.
**વિધિમુષ શેંવમુ (શિવમુખ) ઋષિ** ઈંદુ સંવત સંજ્ઞા એહીજી
માસ પોસ વદિ તેરસ દિવસૈ, ઉસના વાર ગુણગેહેજી. ૨૦ ન.
**તુંગીયા** નગરી ઉપમ પાંમૈ, **સમી**નયર સુવિસેસજી
ચતુરપણેં ચોમાસું કીધૂં, સદગુરૂને આદેશેજી. ૨૧ ન.
**તપ**ગછગગનિ વિકાસ દિનમણિ, **વિજયરત્ન**સૂરિ રાજેંજી,
રચના રાસ તણી એ કીધી, આગ્રહ સંઘને પ્રાજૈજી. ૨૨ ન.
શ્રી **વિજયસેન** સૂરીશ્વર સેવક, **કીર્તિવિજય** ઉવઝ્ઝાયાજી
તસપદપંકજષટપદ ઉપમા, **માંનવિજય** કવીરાઆજી. ૨૩ ન.
તાસ સીસ કવિકુલવક્ષસ્થલ-મંડણ ભૂષણ દીવ્યજી
**રૂપવિજય** પંડિત સુપસાઇ, કીર્ત્તિ સુધા સમ સવ્યજી. ૨૪ ન.
કૃપાપ્રસાદ લહીનેં તેહનો, **મોહનવિજયે** ઉલાસજી
ત્રેસઠમી ઢાલેં કરી ગાયો, **નર્મદા** કેરો રાસજી. ૨૫ ન.
જે કોઈ ભણસેં ગુણસ્યૈં સુણસ્યૈ, તે લહેં પરમાણંદજી
મંગલ પ્રાપતિ સદા ઘરિ અંગણૈ, સોભસ્યૈ સોભાવૃંદજી. ૨૬ ન.
ઘરઘર મંગલ લિલાલછેં, ઘર પ્રગટેં પુન્યપ્રકાસજી
શ્રોતાજન શ્રુતિ ધરજ્યે સહૂકો, **મોહન** વચનવિલાસજી. ૨૭ ન.

(૧) સં.૧૭૮૭ કા.વ.૨ રવિ. પ.સં.૫૫-૧૭, ઈડર ભં. નં.૧૪૩. (૨) પં. દેવવિજયગણિ શિ. **દર્શનવિજય** લિ. **રાજનગરે**. પ.સં.૩૮-૧૮, ઈડર ભં. નં.૧૩૧. (૩) સં.૧૭૯૪ શાકે ૧૬૫૯ ફા.વ.૧ ભૃગુવારે **રાજનગરે તપાગચ્છે રાજવિજયસૂરિ** નામ્ને ભ. **ભાવરત્નસૂરિ** શિ. પં. **શાંતિરત્ન** શિ. પં. **હસ્તિરત્ન** શિ. ગણિ **કનકરત્નેન** પં. **લાલવિજય** શિ. પં. **માણકવિજય** અર્થે. પ.સં.૪૯-૧૪, ખેડા ભં.૩. (૪) સં. અભ્ર પૂર્ણ સિદ્ધિ શશાંક વર્ષે (૧૮૦૦) લ. પ.સં.૫૨-૧૫, સીમંધર. દા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૨ નં.૨૭. (૫) સં.૧૮૧૮ આશ્વિન શુ. ભોમે લિ. ચિરં. **સામદાસેન માંડવ્યાં.** પ.સં.૫૪–૧૫, રાજકોટ મોટા સંઘ ભં. (૬) ભ. **વિજયધર્મસૂરિ** શિ. પં. **હેમવિજયગણિ** શિ. **શુભવિજય** લિ. **મનાવર** નગરે **અમીઝરા પાર્શ્વ**પ્રસાદાત્ **નીમાડ** દેશે રાવજી શ્રી **સવાઈસીઘજી** રાજ્યે. પ.સં. ૮૮–૧૩, ખેડા ભં.૩. (૭) સં.૧૮૩૧ ચૈ.વ.૧ રવૌ પં. **જશવિજયગણિ** શિ. પં. **મોહનવિજય** લિ. કેરવાડા ગ્રામે. પ.સં.૪૬–૧૬, જૈનાનંદ નં. ૩૩૦૧. (૮) ગ્રં.૨૦૮૬ સં.૧૮૮૦ આ.શુ.૪ રવિ. પ.સં.૬૧–૧૬, ખેડા ભં.૩. (૯) ગ્રં.૧૪૫૪ લ. વકીલ **વરજલાલ વેણીદાસ ખેડા** સં.૧૯૨૯ અસાડ વ.૧૦ શનિ. પ.સં.૩૯–૨૦, ખેડા ભં. દા.૮ નં.૯૨. (૧૦) ગ્રં. ૧૩૦૭ લ. વકીલ **વરજલાલ વેણીદાસ ખેડા** સં.૧૯૩૩ માગસર શુ.૧ ગુરૂ. પ.સં.૩૮–૧૭, ખેડા ભં. દા.૮ નં.૧૧૫. (૧૧) પ.સં.૩૦–૧૩, ડા. પાલણપુર. દા.૩૬. (૧૨) લિ. સં.૧૭૮૩ ભા.વ.૭ બુધે મુનિ હસ્તિસાગરેણ **શેખપુરે સુમતિનાથ** પ્રસાદાત્. વિ.ની.અમદાવાદ એટલે વી.ઉ.ભં. (૧૩) સર્વગાથા ૧૪૫૪ સંવત ૧૭૯૬ના માહ શુદિ ૧ દિને વાર શુક્ર લિખિતા પં. **અમીવિજયેન**. પ.સં.૪૦–૧૭, પાલણપુર ભં. [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમસિંહ માણક.

**(૩૬૪૫) હરિવાહન રાજાનો રાસ** ૩૧ ઢાળ ૨.સં.૧૭૫૭(૮) કાર્તિક વદ ૯ શુક્રવાર મહેસાણામાં

**આદિ** – દૂહા.

પરમાનંદમઈ પ્રભુ, ચિદ્રૂપી વિજ્ઞાન,
જગહીતધર્ત્તા જ્યોતિમય, તેહનો ધરિઈ ધ્યાન. ૧
અધ્યાતમ-અભ્યાસથી, અનુભવ ઉદયીક હોય,
તેહથી શમ-અમૃત પીયો, જેહથી દૂખ ન કોય. ૨
એહ દીશા તો ઉપજે, જો ગુરૂકરુણા હોય,
જ્ઞાનદશા પ્રગટે તદા, સૂદ્ધ સદાગમ જોય. ૩
આગમમેં જિનેં ઉપદિસ્યો, દર્શન લક્ષ સમૂલ,
અતિ વિશૂદ્ધ ગતેં આદર્યા, આતમ હૂઈ અનૂકુલ. ૪
લક્ષણતા સમ્યક્ત છઈ, નીદુર્ષણ તસ સૂદ્ધિ;
લક્ષણ પંચ પ્રકાસ કૃત, બોધ ધરે હિતબૂદ્ધિ. ૫
ઉપસમાખ્ય આદિમ કહ્યો, સંવેગાખ્ય અધીકય;
નીર્વેદાનુકંપાખ્ય વલી, અંતિમાખ્ય આસ્તીકય. ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શનનો શબ્દાર્થ એ, જોવો સાસન અન્ય;
કર્મમોદનો ક્ષય કરે, સમકિત વિના ન અન્ય. ૭
સકલ ક્રીયા પરિશીલના, કર્યે નહી સિધ્યર્થ,
જો નહીં સમકિતસૂદ્ધતા, સવી તો સૂકલા વ્યર્થ. ૮
આરાધે મન સૂદ્ધથી, દર્શન સમકિત સાથ,
તો નિશ્ચે શીવપુર તણી, પ્રભૂતા તેહનેં હાથ. ૯

*

નીરવેદ જો અનુભવ્યો નૃપ **હરીવાહનેં** પવિત્ર;
સૂષ પાર્‍યો તિણેં સાસ્વતો સાંભલજ્યો એ ચરિત્ર. ૧૩

**અંત –** ઢાલ ૩૧ જકડિની ચાલિ.

મેં અભ્યાખ્યો રે, **હરીવાહન** તણો;
ચરિત્ર અપૂરવ અનઅ સુહાંમણો,
(ચાલી) સોહાંમણો મેં ચરિત્ર ભાષ્યો, **સમકત્વ તરી** માંહેથી;
માહરી મેં બુદ્ધિસાર, વર્ણ લેઈ જિહાંતિહાંથી.
કવિકલા નથી મુઝ તેહવી, કોઇ હાસી મત કરો.
કરી મેં એ બાલક્રીડા, રીસ કોઇ મત કરો. ૫
કર્ણે નિસુણ્યા છે વ્યાકર્ણને ઓલષતો નથી હૂં કાંઇ વર્ણને;
(ચાલી) વર્ણનેં કાંઈ ઓલખૂં નહીં મંદમતિ હૂં માંનવી,
તેહ માટે સુકવી કોપેં નવિ હો હાસી માંનવી,
વર્ણ ષોષરો હોઈ તેહ જ સુગણુ તેહ સુધારયો,
સુકવિપદરજ સમો કહૂં છૂં ષોટ હૂઈ તે વારયો. ૬
સંવત **૧૭ સંયમ ગીરી પાંડવ** મીતં, વર્ષે વર્ષા ધૂરી માસાકિતં,
(ચાલી) માસ પહિલો સરદ ઋતુનો અસીત પક્ષ પ્રલક્ષએ,
કર્મવાટી નવમી વારૂ વાર કવિ મિત્યૂક્ત એ;
તૂર્ય માંસું રયા સુપરેં દ્રંગ **મહિસાંણક** મહિં,
એહ ચરીત્રની કરી રચના, ગુંણી નિસુણી ગહગહેં. ૭
નૃપ **હરીવાહન** કેરૂ ચરિત્ર એ, વર્ણવી રચના માંહે વિચિત્ર એ,
(ચાલી) વિચિત્ર રચના ચરિત્ર કેરી, નિસુણી પ્રાંણી હરષીઈ;
અન્ય વિકથા છાંડો પરીહી, ગ્નાંન આગમ પરષીઇ,
**કીર્ત્તિવિજય** ઉવઝાય જીતેંદ્રીયી, જસ પદસેવા સુગુણુ આશ્રઈ,
(ચાલી) આશ્રઇ તસ ચરણુસેવા, **માંનવિજય** પંડિતવરૂ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તસ સીસ પંડિત **રૂપ** પ્રગટીત સ્વકૂલ દીહ દીવાકરો,
**હરી**નૃપના ચરિત્ર કેરી, એકત્રીસમી ઢાલ એ,
કરી રૂડે **મોહનવિજયે** હોઈ મંગલમાલ એ.

(૧) સં.૧૭૬૪ ફા.વ.૬ લ. પં. રંગવિજય **ભુજનગરે આદિનાથ** પ્રસાદાત્. પ.સં.૨૫–૧૩, અશુદ્ધ પ્રત, મ.જૈ.વિ. નં.૪૫૮. (૨) સં.૧૮૫૬ શાકે ૧૭૨૨ પોષ શુ.૯ રાત્રૌ લિ. પં. ઉમેદવિજયેન પં. **દીપસત્કેન**. પ.સં. ૨૩–૧૫, ઈડર ભં. નં.૧૩૩. (૩) પ.સં.૩૦, જય. પો.૬૬. (૪) ઇતિશ્રી હરિવાહન નૃપ ચરીત્ર રાસ સંપૂર્ણં. લિષતોયં **કટારિ** ગ્રામ મધ્યે સંવત્ ૧૭૮૮ વા પોસ વદિ ૧ દિને. પ.સં.૧૯–૧૭, ભાવ.ભં. (૫) લ.સં. ૧૭૫૮ **વિદ્યુતપુરે**. ભા.ભં. (૬) **ધમડકા** ગામ મધ્યે સકલ પં. શ્રી **હિત**-વિજયગણિ શિ. પં. **ભાણુવિજય** ગુરૂ ભ્રાતૃ ગ. **જિનવિજયેન** લિ. સં. ૧૭૭૩ વર્ષે શાકે ૧૬૩૮ કાર્તિક વદિ ૬ ગુરૂ પુષ્યે શ્રી મહાવીર પ્રસાદાત્. પ.સં.૨૧–૧૪, માં.ભં. [મુપુગૂહસૂચી.]

**(૩૬૪૬) + રત્નપાલનો રાસ** ૪ ખંડ ૬૬(૮) ઢાળ ૧૩૮૯ કડી
ર.સં.૧૭૬૦ માગશર શુ.પ ગુરુ અણહિલપુર પાટણમાં

**આદિ** – સકલ શ્રેણિ મેદુર(મેદુલીલા) તણી, દાયક અનુદિન જેહ,
તે જે કોઇ રૂપ છે, તેહથી ધરીઈ નેહ. ૧
અવિનાસી અવ્યય અરૂજ, અક્ષય વલી અલક્ષ,
નિરાકાર નિરૂપાધિ ગુણ, નવિ તસ કાંઈ પક્ષ. ૨
આદિ અનાદિ નીરૂપ તન, ન્યારો વલી નિર્વેદ;
રૂપારૂપી રૂપનો, કુણ દાખી સકે ભેદ. ૩
નિત્ય અરૂપી પિણ નથી, છે રૂપી ભગવાંન;
નિકટ ઘણી કો નવિ લખે, યથા નયનયુગ કાંન. ૪
રાચ્યો હું રૂપસ્થથી, માચ્યો જ્ઞાનથી નિત્ય,
આતમપદ હવે ઓલખ્યો, ગ્રહી હવે સમકિતવૃત્તિ. ૫
ભાવાતીતા ભક્તને, છે એ તસ અનુકૂલ,
મિથ્યામતી ગ્રાહક મનુજ, તેહથી તો પ્રતિકૂલ. ૬
અધ્યાતમ આવાસમેં, અનુભવગોખ પ્રલક્ષ;
જ્ઞાનનયનથી ઊપજે, તિહાં તસ રૂપ પ્રત્યક્ષ. ૭
સ્યું પ્રાંણી ભૂલા ભમો, નમો નાથ જિનરૂપ;
ગમો દુખ ભવસંબંધીયા, રમો અનુભવથી અનૂપ. ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દયા સુક્તિ મુક્તિક મનુજ, પ્રાયે ગુણ સમ્યક્ત;
ઉક્તિ મુક્તિ પ્રતિયુક્તિથી, લહીઈ થઈ અવ્યક્ત. ૯
શ્રી જિન ચ્યાર પ્રકારનો, ભાખ્યો દાખ્યો ધર્મ;
દાન શીલ તપ ભાવના, એહ ધર્મનો મર્મ. ૧૦
દાન થકી કેઈ નર તર્યા, દાનથી લહીઇ સૂખ,
દાને સવિ સંકટ ટલે, દાને ન હોઇ દુખ. ૧૧
દેતાં દાન સુપાત્રને, નવિ કરીઈ કાંઇ વાંણિ;
ચિત્ત વિત્ત ને પાત્ર યુત, લહીઈ પદ નિરવાંણિ. ૧૨
દાન ઉપર સંબંધ અથ, કહિશ પ્રમાદ નિવાર;
**રત્નપાલ** કેરૂ ચરિત, સુણો સહુ કરિ મન ઠાર. ૧૩

**અંત** – ઢાલ ૧૮ રાગ ધન્યાસી. આદરિ જીવ ખિમાગુણ આદરિ એ દેશી.
સંવત **ખાંગ સંયમ** કરી જાણો, માગસિર માસ સુહાયોજી;
તિથિ પંચમી ગુરૂવાર તણે દિન, વિજય મૂહુર્ત મન ભાયોજી.
**તપ**ગચ્છમંડણ કુમતિખંડણ **વિજયરત્ન** ગુરૂ રાજેજી.
જાસ દિવાજે પીસુણ તણા મદ, સહસા દૂરે ભાજેજી.
વાચક **કીર્ત્તિવિજય** પયસેવક, **માનવિજય** કવિરાયાજી;
તાસ સીસ બુધ **રૂપવિજય** ગુરૂ, તેહના પ્રણમી પાયાજી.
**મોહનવિજયે** રાસ એ ગાયો, પુરવર **પત્તન** માંહિજી;
**રત્નપાલ** મુનિરાય તણા ગુણ, ચ્યારે ખંડે ભાયાજી.
ચોથે ખંડ અઢારે ઢાલે, પૂરો થયો સુવિશાલ;
ચ્યારે ખંડે સુપરે મેલી, નૌતન છાસઠિ(અડસઠિ) ઢાલજી.
વર્ણવીને જો કહિસ્યે વક્તા, હિત ધરી શ્રોતા સુણસ્યેંજી;
તો ઉપજસ્યે રસ સહીજનનેં, દુખદોહગ અવગણસ્યેંજી.
હોસ્યે ઘરિઘરિ મંગલમાલા, સાંભળતાં એ રાસજી;
ધણ કણ કંચણ લીલા લચ્છી, **મોહનવિજય** વિલાસજી. ૨૫

(૧) **હીર**વિજયસૂરિ શિ. મહો. **કન**કવિજય શિ. મહો. **કૃ**ષ્ણવિજય શિ. પં. **ગુ**ણવિજય શિ. પં. હર્ષવિજય શિ. પં. **માન**વિજય શિ. પં. **વિમલ**વિજય શિ. પં. **વીર**વિજય લિ. **વાં**કુલી મધ્યે સં.૧૭૮૬ પો.શુ.૫ શુક્રે. પ.સં.૩૮–૧૮, જૈનાનંદ. નં.૩૩૨૬. (૨) વા. **તેજ**શ્ચંદ્રગણિ શિ. પં. **તારાચંદ્ર** પં. **તત્વ**ચંદ્ર શિ. કેસરચંદ્ર **પ્રેમ**ચંદ્રાભ્યાં લિ. સં.૧૭૮૮ આશ્વિન શુ.૨ બુધે **લાશિ** નગરે. પ.સં.૫૪–૧૫, જૈનાનંદ. નં.૩૩૦૬. (૩) સં.૧૮૧૮ જ્યે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુ.૧૩ ગુરૂ ગેરીતા ગ્રામે નેમિનાથ પ્રસાદાત્. પ.સં.૫૦–૧૩, ઈડર ભં. નં.૧૪૮. (૪) સં.૧૮૨૩ ચૈ.વ.૮ સોમ વિક્રમપુર મધ્યે. પ.સં.૩૩, જિ. ચા. પો.૮૧ નં.૨૦૫૩. (૫) સં.૧૮૪૫ મૃગશિર વ.૬ સોમે સ્થંભતીર્થે મુ. પ્રેમસાગર લ. પ.સં.૭૮–૧૩, સીમંધર. દા.૨૨ નં.૨૦. (૬) પં. ભાણુવિજયગણિ શિ. પં. ભીમવિજય લ. પ.સં.૪૯–૧૫, મો. સુરત પો.૧૨૪. (૭) ગ્રં.૧૮૮૪ સં.૧૮૨૩ આ.શુ.૫ રવિ લિ. પં. મોહનરત્નેન. પ.સં. ૫૩–૧૪, છેલ્લું પાનું – બીજાં પાનાં ત્રુટક પાનામાં હશે, ખેડા ભં.૩. (૮) સં.૧૮૬૬ શાકે ૧૭૩૧ ફા.વ.૩ ગુરૂ નિશાસમયે ચિત્રા નક્ષત્રે લ. હંસવિજય હરષવિજય શ્રી આણંદસૂરિગચ્છે જાંમ ગામ મધ્યે. પ.સં.૫૨–૧૯, રાજકોટ મોટા સંઘ ભં. (૯) લિ. પં. શિવલાભ બૃ. આચાર્ય ખરતરગચ્છે હરિદુર્ગ મધ્યે સં.૧૮૭૦ મૃગસિર શુ.૩. પ.ક્ર.૨૩થી ૧૬૮, નાનો ગુટકો, યશોવૃદ્ધિ. પો.૨૬. (૧૦) સં.૧૮૭૫ આ.શુ.૧૨ બીકાનેર મધ્યે લિ. પ.સં.૫૫, મહિમા. પો.૩૬. (૧૧) વડતપગચ્છે રાજવિજયસૂરિ પરંપરા કીર્તિરત્નસૂરિ શિ. મયારત્ન–સોભાગ્યરત્ન રાજેંદ્રરત્ન તેજરત્ન–ગુણરત્ન સં.૧૮૯૪ આ.શુ.૨ લ. ભોજક પ્રરમચંદ જેઠા સુર્યપુર (=ઝીંઝુવાડા) મધ્યે પાટડીના રેવાસી. પ.સં.૫૩–૧૩, ઝીં. પો.૪૦ નં.૧૯૮. (૧૨) લિ. પં. પ્રમોદસાગર શિ. સુવિધસાગર શિ. ભાંણુસાગરગણિ લિ. સં.૧૭૯૨ વૈ.ફ.[?] ૫ ભોમે જશોલનગરે. હુકમ મુનિ ભં. સુરત. (૧૩) સં.૧૮૯૯ આષાઢ શુદિ ૧૧ ચંદ્રજે દિને લિ. અણહિલ્લપુર પત્તને પં. કેસરીસિંઘ લ. પ.સં.૮૪–૧૪, ગોડીજી ભં. મુંબઈ નં.૪૧૨. (૧૪) સર્વ ઢાલ ૬૬ સર્વ ગાથા ૧૩૭૨, પ.સં.૪૦–૧૭, મો.ભં. (૧૫) સંવત્ ૧૭૮૬ વર્ષે શુકલપક્ષે ચૈત્ર શુદ ૧૫ દિને વાર સોમે લખીતંગ ભાલદેસે ગંગપૂરે ગ્રામે લષીતં મહોપાધ્યાયશ્રી ૧૦૮ શ્રી શ્રી શ્રી શ્રી સિદ્ધચંદ્રગણી તત્શિષ્ય પંડિત શ્રી ૧૯ શ્રી સભાચંદ્રગણી તતશિષ્ય સકલપંડિતોત્તમ શ્રી ૫ શ્રી ભાગ્યચંદ્રગણી તત્સીસુ ખૂસ્યાલચંદ્રેણ લપીકૃતં ભ્રાતા લખમીચંદજી વાંચનાર્થં. પ.સં.૩૧, પ્ર.કા.ભં. વડો. નં.૬૫૫. (૧૬) સંવત ૧૭૯૬ વર્ષે પોષ સુદી ૧૧ શનૌ શ્રી પાર્શ્વચંદ્રસૂરિ ગચ્છાધિરાજ ભટ્ટારક પૂજ્ય શ્રી અખયચંદ્રસૂરીણાં શિષ્યર્ષિ પ્રતાપચંદ્રેણ લિખિતં સ્ત્રવાચનાર્થે ખંભાયત બંદિરે. પ.સં.૫૬, પ્ર.કા.ભં. નં.૬૫૧. (૧૭) સર્વગાથા ૧૩૮૭ શ્લોકસંખ્યા ૨૦૦૦ સં.૧૮૨૨ આસાઢ શુદિ ૧ ભોમે શ્રી પાર્શ્વનાથ પ્રસાદાત્. પ.સં. ૫૧–૧૫, ધો.ભં. (૧૮) પ.સં.૪૮–૧૭, પાલણપુર ભં. (૧૯) સર્વગાથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩૮૯ સંવત ૧૮૧૭ વર્ષે પોસ માસે શુક્લપક્ષે પાંચમિ દિન રવિવારે, પં. શ્રી ૫ શ્રી પંન્યાસ **દિપતિવિજય** પં. શ્રી હર્ષવિજયગણિ **અમર-વિજયજી** સેવક **રૂપવિજય** લખીતં શ્રી **માણિકચપુર** માહા ગ્રામે આપ સ્વાર્થેનઃ શ્રી શુભં ભવતુ, શ્રીરસ્તુ. પ.સં.૭૦–૧૨, અનંત.ભં. (૨૦) સંવત્ ૧૮૫૬ના વર્ષે સાકે ૧૭૨૨ના પ્રવર્તમાન જ્યેષ્ટ માસે સુકલપક્ષે સપ્તમી તિથૌ ભૃગુવાસરે **તપાગછે** ભટ્ટારક શ્રી **હીરરત્ન** સૂરીશ્વર તત્‌શિષ્ય ગણી શ્રી ૫ **ધનરત્નજી** તત્‌શિષ્ય શ્રી ૫ **તેજરત્નજી** તત્‌શિષ્ય શ્રી ૫ **જોધરત્નજી** તતશિષ્ય પં. શ્રી ૫ **લાવન્યરત્નજી** તત્‌શિષ્ય મુનિ **ગોવિંદ-રત્નજી** ભાવચારીત્રીયા **મનછારામ** લિપીકૃતં આત્માર્થે **સાયલા** ગ્રામે ચોમાસું રહિને લખ્યૂં છે. શ્રી અજિતનાથ પ્રસાદાત્. પ.સં.૩૫–૧૭, મો.સેં.લા. (૨૧) સં.૧૮૮૬ આસુ શુક્લ માસ તીથ વાર ૩ શુક્ર. શ્રી **ગોવિંદવિજયજી** શિ. **મોહનવિજય** તતશિષ્ય મુનિ હુકમવિજયેન **રાયપુર** સેર મધ્યે લિ. શ્રી શાંતિનાથજી પ્રસાદાત્ શ્રી માણભદ્રજી પ્રસાદાત્. પ.સં. ૫૯–૧૩, વિ.ને.ભં. નં.૩૨૯૭. (૨૨) લ.સં.૧૯૨૫, પ.સં.૩૪–૧૮, રો.એ.સો. બી.ડી.૧૫૬ નં.૧૯૫૪. (૨૩) પ.ક્ર.૧૧થી ૩૬ પં.૧૮, રો.એ.સો. બી.ડી.૧૫૪ નં.૧૯૫૫. (૨૪) રત્ન.ભં. (૨૫) ડે.ભં. (૨૭) લીં.ભં. (૨૮) માણેક ભં. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૪૮, ૪૯૯).]

પ્રકાશિત : ૧. પ્રકા. સવાઈભાઈ રાયચંદ અમદાવાદ.

**(૩૬૪૭) + માનતુંગ માનવતીનો રાસ** ૪૭ ઢાળ ૧૦૧૫ કડી ર.સં. ૧૭૬૦ અધિક માસ શુ.૮ બુધ પાટણમાં

વિષય – મૃષાવાદ-પરિહાર.

**આદિ** – દૂહા.

**ઋષભ** જિણંદ પદાંબુજે, મનમધુકર કરિ લીન,
આગમ ગુણ સૌરભ્ય વર, અતિ આદરથી કીન. ૧
યાનપાત્ર સમ જિનવરૂ, તારણ ભવનિધિ તોય,
આપ તર્યાં તારે અવર, તેહનેં પ્રણિપતિ હોય. ૨

(પછી સરસ્વતી, ગુરુની સ્તુતિ છે.)

દ્વિપ્રભેદ તે ધર્મ છે, આગારી અણગાર,
વ્રત પણ દ્વાદશ પંચ તિહાં, તેહના વિવિધ પ્રકાર. ૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃષાવાદ વ્રત દ્વિતીય એ, મૃષા તણો પરિહાર,
સત્ય વચન આરાધિયે, તો વરિયે શિવનાર. ૯
કૂટ મૃષા તજતાં થકાં, ધરિયે ઇમ પ્રતિબંધ,
સત્ય વચન ઉપર સુણો, **માનવતી** સંબંધ. ૧૦
અતિહિ કૌતુકની કથા, સાંભલજો ચિત લાય,
મત કરજો શ્રોતા સકલ, બધીર ગીતનો ન્યાય. ૧૧

**અંત –** ઢાલ ૪૭મી. વાથાના ભાવનની દેશી.
શમ દમ ખંતિ તણા ગુણ પૂરા, સંયમરંગે રંગાણા હે,
સસનેહા ભવિજન, બીજું વ્રત ચિત્ત લાઇયે – આંકણી.

*

સત્ય વચનનાં એહવાં ફલ છે, મન માનો તે ચાખો હે, સ.
મૃષાવાદ પરહરવા કેરી, પ્રજ્ઞા સહુકો રાખો હે, સ. ૯ સસનેહા.
**માનતુંગ** ને **માનવતી**નો, રાસ રચ્યો મેં રૂડો હો, સ.
લેજો કવિજન એહ સુધારી, હોયે જે અક્ષર કુડો હે. સ. ૧૦
મેં તો કરી છે બાલક્રીડા, હું શું જાણું જોડી હે, સ.
હાંસી કોઇ મ કરજો કોવિંદ, મત કો નાખો વખોડી હે. સ. ૧૧
ચઉવિહ સંઘના આગ્રહ થકી મેં, કીયો(ધો) રાસ રસીલો હે, સ.
જે કોઇ ભણશે સુણશે પ્રાણી, તે લહેશે શિવચીલો હે. સ. ૧૨
**પુરણ કાય મુનિ ચંદ્ર** સુવર્ષે (૧૭૬૦), વૃદ્ધિમાસ શુદ્ધ પક્ષે હે.
અષ્ટમી કર્મ્મવાટી ઉદયિક, સૌમ્યવાર સુપ્રત્યક્ષે હે. સ. ૧૩
શ્રી **વિજયસેન**સુરિ-પયસેવક, **કીર્ત્તિવિજય** ઉવજાયા હે, સ.
તાસ શીસ સંયમગુણલીના, **માનવિજય** બુદ્ધરાયા હે. સ. ૧૪
તાસ શિષ્ય પંડિત મુકુટમણિ, **રૂપવિજય** કવિરાયા હે. સ.
તાસ ચરણ કરૂણાથી કરિને, અક્ષર ગુણ મેં ગાયા હે. સ. ૧૫
**અણહિલપુર પાટણ**માં રહીને, **માનવતી**-ગુણ ગાયા હે. સ.
**દુર્ગાદાસ રાઠોડ**ને રાજ્યે આણંદ અધિક ઉપાયા હે. સ. ૧૬
સડતાલીશેં ઢાલે કરિને, કીધો રાસ રસાલા હે. સ.
**મોહનવિજય** કહે નિત હોજો, ઘરઘર મંગલમાલ હે. સ. ૧૭
સસનેહા.

(૧) પ.સં.૪૯–૧૫, ખેડા ભં. દા.૬ નં.૧૫. (કવિની હસ્તલિખિત લાગે છે.) (૨) પં. **કાં**તિવિમલ સતીર્થ્ય પં. **મો**હનવિમલ શિ. ગણિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃષ્ણવિમલેન લિ. સં.૧૭૮૫ ચૈ.વ.૧૦ અણુહિલ્લપુર પત્તને પંચાસરા પાર્શ્વ પ્રસાદાત્. પ.સં.૨૯-૧૭, મો. સુરત પો.૧૨૬. (૩) ભ. હીરવિજયસૂરિ મહો. કીર્ત્તિવિજય શિ. પં. અમૃતવિજયગણિ શિ. પં. રત્નવિજય શિ. પં. રવિવિજય શિ. પં. ચતુરવિજય ભાઈ કેસરવિજય ભાઇ હસ્તિવિજય લિ. સં.૧૭૮૮ કા.વ.૨ બુધે. પ.સં.૩૧-૧૬, જૈનાનંદ. નં.૩૩૧૦. (૪) સં.૧૭૯૯ વૈ.વ.૨ શુક્રે ભ. વિજયસિંહસૂરિ શિ. મહો. ઉદયવિજયગણિ શિ. પં. નયવિજય શિ. પં. ભાણવિજય શિ. પં. કલ્યાણવિજય શિ. પં. જીવણવિજય લ. સાબલી નગરે. પ.સં.૪૪-૧૩, ડા. પાલણપુર. (૫) પ.સં.૩૨-૧૯, ડા. પાલણપુર દા.૩૮ નં.૧૯. (૬) પ.સં.૧૦-૧૫, ડા. પાલણપુર દા.૩૧ નં.૨૬. (૭) પં. ભીમવિજયગણિ શિ. વીરવિજયગણિ શિ. વૃદ્ધવિજય લિ. સં.૧૮૦૩ મૃગશિર શુ.૫ ગુરૂ સંતપુર સ્થાને. પ.સં.૩૭-૧૫, વી.ઉ.ભં. દા.૧૯ પો.૪. (૮) સં.૧૮૧૩ આ.શુ.૯ આજમ નગરે સીરીચંદ શિ. ભાગચંદ્ર નાગોરી લિ. પ.સં.૪૮, મહિમા. પો.૩૭. (૯) સં.૧૮૧૭ પોષ, પ.સં.૬૨, ક્ષમા. નં.૨૯૮. (૧૦) સં.૧૮૧૭ માહા શુ.૮ ગુરૂ માહા વડસામાત્ લ. મુ. લબ્ધિચંદ્ર પ્રથમ પ્ર. પ.સં.૨૭-૧૯, ઝીં. પો.૩૭ નં.૧૭૨. (૧૧) સં.૧૮૨૩ કા.વ.૧૦ ભોમે ભ. તપાગચ્છે વિજયદયાસૂરિ શિ. પં. મુક્તિવિજય શિ. ડુંગરવિજયેન લ. બાદરડા નગરે. પ.સં.૩૮-૧૪, તિલક. ભં. પો.૭. (૧૨) સં.૧૮૨૪ ચૈ.વ.૫ ગુરૂ લિ. ઉચોશણ મધ્યે પં. રવિવિજય (છેકી સુધારેલ) પં. લબ્ધિ (સુધારેલ) સત્ક લિ. પન્યાસ સુરસાગર વાચનાર્થં. પ.સં.૪૧-૧૫, ખેડા ભં.૩. (૧૩) સં.૧૮૨૭ જે.શુ.૧૨ લિ. કનકધર્મેન. પ.સં.૫૭, જિ.ચા. પો.૮૦ નં.૧૯૮૩. (૧૪) લ. પં. મોહનવિજયગણિ શિ. પં. માણિક્યવિજયગણિ લ.સં.૧૮૩૦ આસો વ.૨ શનૌ વલાસણા નગરે. પ.સં.૩૦-૧૬, ઈડર ભં. નં.૧૪૭. (૧૫) સં.૧૮૩૫ આસો શુ.૧૪ લિ. ઋ. ગંગારામ સિરચારી ગ્રામે. પ.સં.૩૩-૧૬, ગુ. નં.૫૫-૧૧. (૧૬) પં. વિનયવિમલ પટ્ટે નિત્યવિમલ શિ. કલ્યાણવિમલ શિ. ચેલા પરસોતમ લ.સં.૧૮૪૪ આસાઢ વ.૫ ગુરૂ. પ.સં.૫૨-૧૧, ખેડા ભં. દા.૬ નં.૧૪. (૧૭) સં.૧૮૪૫ પો.શુ.૫ ગુરૂ ડાવલ મધ્યે ચિરં. દલીચંદ લિ. પ.સં.૪૩-૧૫, વી.ઉ.ભં. દા.૧૯ પો.૪. (૧૮) સં.૧૮૪૫ જ્યે.વ.૩, પ.સં.૪૭-૧૩, ખેડા ભં.૩. (૧૯) સં.૧૮૪૭ વૈ.શુ.૩ ભૃગુવારે સાચોર મધ્યે પં. દૌલત લિ. ચિ. ઉદૈભાણ પઠનાર્થં. પ.સં.૩૪,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિ.ચા. પો.૮૦ નં.૧૯૮૨. (૨૦) સં.૧૮૫૦ આશ્વિન શુ.૧ રવિ ભ. કીર્ત્તિરત્નસૂરિ શિ. પં. મયારત્નેન લિ. ચૂડા ગ્રામે. પ.સં.૩૬-૧૪, ઝીં. પો.૩૭ નં.૧૭૧. (૨૧) સં.૧૮૫૩ કા.શુ.૫ પં. જસવિજય શિ. નાયકવિજય લિ. ધનારી મધ્યે. પ.સં.૩૧-૧૫, ખેડા ભં.૩. (૨૨) લિ. મુ. ભોજવિજય સં.૧૮૬૫ પો.વ.૧૨, પ.સં.૩૨-૧૭, જૈનાનંદ. નં.૩૩૧૧. (૨૩) સં.૧૮૬૯ પો.વ.૩ આદિતવાર મુનિ ખરતર જતી માણકચંદ લિ. (પછી ઉમેરેલ છે કે:) સં.૧૮૭૩ ફા.વ.૫ ગુરૂ રાત્રે પોહર ૧ાા રજની જતાં લિ. દીપહંસ વડલી મધ્યે રીષભદેવ પ્રસાદાત્ ઠાં. રાજશ્રી સાલમસિંઘજી રાજ્યમેં. પ.સં.૩૨-૧૯, પુ.મં. (૨૪) સં.૧૮૮૭ વૈ.શુ.૩ રવિ નાલ મધ્યે ગુણકલ્યાણ શિ. યુક્તિધર્મ લિ. પ.સં.૨૬, કૃપા. પો.૩૯ નં. ૬૩૧. (૨૫) સં.૧૮૮૯ શ્રા.શુ.૧ થાવરવારે પં. જીવકુસલ શાંતિકુસલ શિ. દોલતકુસલ વાચનાર્થં સોરઠ. પ.સં.૮૦-૧૨, મુક્તિ. નં.૨૪૬૨. (૨૬) સં.૧૯૦૫ જ્યે.વ.૧૦ દક્ષણ દેશે ઢમઢેરીયા તલે ગ્રામે લ. પં. નેમવિમલ અર્થે ચંદ્રપ્રભુ પ્ર. રેવાસી લુણાવાડાના વિજયરાજસૂરિગચ્છે ભ. અમૃતરત્નસૂરિ રાજ્યે. પ.સં.૪૪-૧૩, ભાગ્યરત્નમુનિ, ખેડા દા.૨ નં.૧૫. (૨૭) સં.૧૯૧૧ મહા ફાગણ [?] વ.૩ ગુરૂ રાજ્યદ્રંગે પં. મયાસાગર શિ. પ્રેમસાગર લિ. પ.સં.૪૮-૧૪, સીમંધર. દા.૨૦ નં.૯. (૨૮) વરસાલ બંદરે મહાવીર સ્વામી પ્રાસાદે લ. પં. લખમીવિજય સં.૧૯૨૮ શ્રા.શુ. ૧૦ બુધ સોમાચી વરસાલના રેવાસી. પ.સં.૭૦-૧૦, પાલણપુર ભં. દા.૪૫ નં.૧. (૨૯) સં.૧૯૩૨ આસો વ. ભુતિઝા તિથૌ ભ. જિનહંસસૂરિ રાજ્યે બૃ.ખ. મહો. નેમિસુંદર શિ. લોકવલ્લભ શિ. જીવણ શિ. રામચંદ્ર શિ. સુખરામ શિ. સુમતિશેખર શિ. હીરાચંદ શિ. ચતુર્ભુજ શિ. ઉદયચંદ લાલચંદ પઠનાર્થં દેશણોક મધ્યે. પ.સં.૧૪, અભય. નં. ૩૦૧૬. (૩૦) પ.સં.૪૩, મહિમા. પો.૩૪. (૩૧) પં. ઉદેરત્નગણિ પં. રૂપરત્નગણિ પઠનાર્થં. પ.સં.૨૯-૧૪, ઘોઘા ભં. દા.૧૬ નં.૧૬. (૩૨) સં.૧૭૬૮ ફા.શુ.૬ રવૌ ગણિ લાલવિજયેન લિ. મઢાડિનગરે. પ.સં.૩૨-૧૩, મો.સુરત પો.૧૨૭. (૩૩) સં.૧૭૬૬ પો.શુ.૧ ગણિ જય (?) લ. પ.સં.૪૬-૧૪, હા.ભં. દા.૭૯ નં.૧૮. (૩૪) પ.સં.૩૧, પ્ર.કા.ભં. (૩૫) સંવત્ ૧૭૮૩ વર્ષે માસોત્તમ પોષ માસે શુકલપક્ષે પ્રતિપદા ૧ તિથૌ કુજવાસરે લિપીકૃતં શ્રીમદ્ અનહલ્લપુર પત્તને સુભં ભવતુ. પ.સં.૪૮-૧૪, આ.ક.ભં. (૩૬) સં.૧૮૩૫ કા.શુ.૨ સોમ પં. વિવેકવિજયેન લિ. શ્રાવક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવગુરૂભક્તિકારક હરખચંદ પઠનાર્થે, પાદરા નગરે શ્રી શાંતિનાથ પ્રસાદાત્. પ.સં.૫૮-૧૨, ભ.ભં. (૩૭) સર્વગાથા ૧૦૧૫ સં.૧૮૦૭ માઘ વદિ ૬ ભોમ પં. પુણ્યવિજયગણિ શિ. રત્નેન લિ. સત્યપુરે મરૂધરે. પ.સં. ૩૪-૧૫, ગારીયાધર ભં. (૩૮) પં. શ્રી શ્રી માણિકયવિજયજીના તત્ સીષ્ય મુ. જ્ઞાંનવિજે લષીતંગ શ્રી વડાવલી નગરે શ્રી માહાવીર સ્વામી પ્રસાદાત્. રવીવારે પાછીલે દીવસ પોહરે સંવત ૧૮૪૨ શ્રાવણ સુ.૯. પ.સં.૪૫-૧૩, પાલણપુર ભં. (૩૯) પ.સં.૩૪-૧૭, છેલ્લું પાનું નથી, પ્રત જૂની છે, પાલણપુર ભં. (૪૦) પ.સં.૪૨, અમર.ભં. સિનોર. (૪૧) સં. ૧૮૫૬ માગશીર માસે સુક્લપક્ષે ૧૩ તિથૌ સોમવાસરે લિંબડી ગ્રામે વોહોરા ડોસા તત્સૂત વોહેરા ચેઠા તત્સૂત વોહરા જયરાજનિ કાજિ રાસ લખાવ્યો છિ. પ.સં.૬૫-૧૦, લીં.ભં. (૪૨) પ.સં.૩૫-૧૫, રો.એ.સો. બી.ડી. ૧૫૭ નં.૧૯૪૭. (૪૩) સં.૧૮૬૯ ભાદ્રવા વદિ લિ. મુની રંગસાગરેણ વિસલપુર મધ્યે. પ.સં.૩૩-૧૫, વિ.ને.ભં. નં.૪૫૨૩. (૪૪) વિ.ને.ભં. નં.૪૫૨૨. (૪૫) સંવત ૧૭૮૬ વર્ષે મહા શુદિ ૫ દિને લિ. શ્રી પૂજ્ય શ્રી ઋષિ શ્રી ૬ કેશવજી તત્‌શિષ્ય પૂજાજી ઋષિશ્રી રાજસીહજી તત્‌શિષ્ય શ્રી પંડિત પુજ્યજી ઋષિ શ્રી ૫ વસ્તાજી તત્‌શિષ્ય શ્રી ૫ કર્મચંદજી ઋ. ધનજી ઋ. વાઘજી ઋ. હીરજી ઋ. સીત્રજી વૈ. કલ્યાણજી વૈ. બાથાલિ મુનિ ધનજી. પ.સં.૨૮-૧૫, કોટ ઉ. પો. નં.૧૪૫. [આલિસ્ટઑઇ ભા.૨, કૅટલૉગગુરા, જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૬૯, ૨૭૫, ૪૯૯, ૫૦૧, ૫૮૪, ૬૨૭).]

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમશી માણક. ૨. પ્રકા. સવાઈભાઈ રાયચંદ.

**(૩૬૪૮) પુણ્યપાલ ગુણસુંદરી રાસ** ૭૫૭ કડી ર.સં.૧૭૬૩ – શુ.૧૧ ગુરુ પત્તનમાં

**આદિ** – સકલસિદ્ધિદાયક સદા, ગુણનિધિ **ગોડી પાસ**
**અશ્વસેન**-કુલ-દિનમણિ, નિત્યાનંદ પ્રકાસ. ૧
વાહન હંસ સભા તજિ(?), વીણ પુસ્તક હાથિં,
તે વરદાઈ પ્રણમીઈ, આપે વિદ્યા-આથિ. ૨
અક્ષર છે ચાલીસ ઇહ, તેહની અદ્‌ભુત શક્તિ
અવિચ્છિન્ન રચના થકો, તોહિ નહિ અવ્યક્ત. ૩
સદ્દગુરુગુણ કુણ ગણિ સકે, જ્ઞાનનેત્રદાતાર
ગજાણ(?) તણો ગયવર કરે, એ મોટો ઉપકાર. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રચના આદિ ચરિત્રથી, કથા મંગલ ચ્યાર
ઋદ્ધિ વૃદ્ધિ લહે સદા, ધર્મ તણો અધિકાર. ૫
ચ્યાર ભેદ જિનધર્મના, દાંન શિયલ તપ ભાવ
સિલ સમાંન નહી કેહાં, સીલ ભવોદધિ નાવ. ૬
**ગુણસુંદરિ** પુરવભવે, પાલૂં સિયલ વિશેષ
તેહથિ નૃપપુત્રી થઇ, પામી સૂખ અસેષ. ૭
કિધી કર્મપ્રસંસના, અવગૂણિઓ નિજ તાત
કર્મ થકિ લછિ વરિ, થઈ વલિ વિખ્યાત. ૮
કહસૂ **ગુણસુંદરિ** કથા, સીલ મીશ્રિત વલિ જેમ
કર્મ ઉપરિ અધિકાર અથ, શ્રોતા બૂઝે તેમ. ૯

**અંત** – **શીલ તરંગણી** ગ્રંથ થકી એ, ચરિત્ર રચ્યું સુવિશાલજી
ભવિજન શ્રોતાજનને હેતેં, એહ સંબંધ રસાલજી. ૧૦
શ્રી **વર્દ્ધમાન** જિન પટ્ટપ્રભાકર યસધન દિસોદિસિ ગાજેજી,
શ્રી **વિજયરત્ન**સૂરીસર કેરા અતિ રમણિક રાજેજી. ૧૧
કીધી રાસ તણી પરિ રચના **ગુણ રસ સંજમ** વર્ષેજી,
શુદિ એકાદશી સુરગુરૂ દિવસે **પત્તન** માહે હર્ષેજી. ૧૨
શ્રી **વિજયસેન** સૂરીસર સેવક **કીર્તિવિજય** ઉવઝાયજી,
પંડિત **માનવિજય** તસ સેવક સાધુ તણા ગુણ ગાયાજી. ૧૩
તાસ સીસ પંડિતમુગટમણિ **રૂપવિજય** ગુરૂરાયાજી,
**મોહનવિજયે** રાસ રચ્યો એ પામી ચરણ પસાયાજી. ૧૪
પંડિત **લબ્ધિવિજય** તણો સેવક **માણિકવિજય** ઉપદેશે,
કીધો રાસ સંબંધ સલુણો આણી હેત વિશેષેજી. ૧૫
શ્રોતાજન સાંભલિને (સહજે) સેરવ સંપતિ તે સરસ્યજી
કીધો રાસ સંબંધ સલૂણો, શિલ તણો વલિ ખપ કરશે. ૧૬
જે કોઇ ભણશે ગુણશે સુણશે, લહસે સુખ વિશાલજી,
ચઉવિહ સંઘ ભણી તે હોજ્યો, ધણકણ મંગલમાલ. ૧૭

(૧) સં.૧૮૩૮ પૂનર્વસૂ માસે વદ ૧૧ સૂરગુરૂવારે પં. **રૂપવિજય**-ગણિ શિ. પં. **મેઘવિજય**ગણિ શિ. મુનિ હંસવિજય લ. **ચોબારી** મધ્યે શ્રી **ગોડિજી** પ્રસાદાત્. પ.ક્ર.૫૫થી ૭૩ પં.૧૮, ડાહ્યાભાઈ શેઠ ખેડામાં. (૨) સર્વગાથા ૭૫૭ શ્લોકસંખ્યા ૧૦૨૦ સં.૧૮૮૪ વૈ.શુ.૮ ભૌમે **માંડવી** બંદરે **અંચલગચ્છે** લિખાવતં ચેલા **હેત**ચંદ **ગુણ**ચંદ લિખતં ચેલા **મેઘજી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ભૂજની પોસારવારા શ્રી **માંડવી** બંદરે શ્રી **શાંતિનાથ** પ્રસાદાત્. પ.સં. ૩૫-૧૩, મ.જૈ.વિ. નં.૪૪૮. (૩) પ.સં.૨૫, પ્ર.કા.ભં. (૪) ભ.ભં.

**(૩૬૪૯) + ચંદ રાજાનો રાસ** [અથવા **ચંદ્ર ચરિત્ર**] ૪ ખંડ ૨.સં. ૧૭૮૩ પોષ શુદ ૫ શનિવાર રાજનગરમાં

**આદિ-** દૂહા.

પ્રથમ ધરાધવ તીમ પ્રથમ, તિર્થંકર **આદેય,**
પ્રથમ જિણંદ દિણંદ સમ, નમો નમો **નાભેય.** ૧
અમીત કાંતિ અદ્‌ભુત સિખા, સિર ભુષીત સોછાહ,
પ્રગટ્યા પદમદ્રહ થકી, સિંધુ-સલિલપ્રવાહ. ૨
ક્ષુધા સહિ કેવલ લહી, દીધૂ પ્રથમ જ માત,
જનનીવછલ એમ જે, તે જગ જાત સુજાત. ૩
જાસ વંશ અવતંસ સમ, પ્રભુ તીયુક્તિ સુભૂક્તિ,
વિલસી મુકૂર નિવાસની, વરી વધૂ જે મુક્તિ. ૪
લઘુવયૈ ઇચ્છા ઇક્ષુની, પારણુદિન પણુ તેહ,
મિષ્ટ ઇષ્ટ પ્રભુનેં સદા, મીઠું મંગલ એહ. ૫
ગણધર દ્વાદસ અંગીકા, ધારક સૂત્ર કહેવ,
જંગમ નાંણુ તણા જલધિ, **પુંડરીક** પ્રણુમેવ. ૬
તું વરદાતા **શારદા,** સચરાચર આભાસ,
કહેતાં શીયલ સંબંધનો, વસિ મુઝ મુખ-આવાસ. ૭
ગુરૂદરીયો ભરીયો ગુણેં, તરીયો કિણુ વિધ જાય,
જાસ અકથ ઉપગારભર, પ્રણુમું તેહના પાય. ૮
**ચંદ** નરિંદ તણો રચું, સીયલ ગુણેં સુચરિત્ર,
શ્રોતા શ્રુતિ ભૂષણુ નિપુણુ, પરમ ધરમ સુપવિત્ર. ૯
એહ કથારસ આગલેં, મુધા સુધા આયાસ,
તે સાંભલિયો રસ-રસિક, કવિજન વચનવિલાસ. ૧૦
મધુર કથા રચના મધુર, વક્તા મધુર તિમ હોય,
મધુર એ તો દ્યેં મધુરતા, હુઇ જો શ્રોતા કોય. ૧૧

**અંત -** ઢાલ ૩૩.

**તપગચ્છનાયક** ગુણગણિ લાયક, **વિજયસેન** સુરિંદાજી,
પ્રતિબોધ્યો જિણે **દિલ્લીનો** પતિ **અકબરસાહ** ભૂમિંદાજી. ૧૬
તાસ ચરણ શતપત્ર સુમધુકર, **કીર્તિવિજય** ઉવઝાયાજી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાસ શીષ કવિકુળમુખમંડન, **માનવિજય** કવિરાયાજી. ૧૭
તસ પદસેવક મતિશ્રુતસાગર, લબ્ધિપ્રતિષ્ઠ કહાયાજી,
પંડિત **રૂપવિજય** ગુણગિરૂઆ, દિનદિન સુયશ સવાયાજી. ૧૮
તેહને બાળકે **મોહનવિજયે**, અઠોત્તરસો ઢાળેજી,
ગાયો **ચંદ**ચરિત્ર સુરંગો, ચરિત્ર વચન પરનાલેજી. ૧૯
કીધો ચોથો ઉલ્લાસ સંપૂરણ, **ગુણ વસુ સંયમ** વર્ષેજી,
પોષ માસ સિત પંચમી દિવસે, તરણિ જ વારે હર્ષેજી. ૨૦
**રાજનગર** ચોમાસું કરીને, ગાયો **ચંદ**ચરિત્રજી,
શ્રવણ દેઇ શ્રોતા સાંભળશે, થાશે તેહ પવિત્રજી. ૨૧
જે કોઈ ભણશે ગણશે સુણશે, તસ ઘર મંગલમાલાજી,
દિનદિન વધતી વધતી થાશે, નિર્મળ કીર્ત્તિ વિશાલાજી. ૨૨
અધિકું ઓછું જે કહેવાણું, મિચ્છા દુક્કડ તેહજી.
ધ્રુવ જગ અચલ હોજો ધરણીતલ, **ચંદ** તણા ગુણ એહજી. ૨૩

કળશ.

એ ચરિત્રસાગર હુંતી નિરખી યત્ન સુરગિરિ આદર્યો,
**ચંદ**નૃપસંબંધરાશિ જિમ અતિહી પ્રભાકર ઉદ્ધર્યો;
શ્રી **વિજયક્ષેમ** સુરિંદ રાજ્યે, કરી પરમ ગુરૂવંદના,
કવિ **રૂપ**સેવક **મોહનવિજયે**, વર્ણવ્યા ગુણ **ચંદ**ના. ૧

(૧) મહો. **ધર્મચંદ્ર**ગણિ શિ. પં. **ભક્તિ**ચંદ્ર શિ. **મયા**ચંદ શિ. પં. **રંગચંદ્રેણ** લિ. સં.૧૭૯૧ માઘ શુ.૧૪ રવિ. પ.સં.૫૫-૧૯, ઈડર ભં. નં.૧૨૫. (૨) પં. **દેવ**વિજયગણિ શિ. પં. **દર્શન**વિજયગણિ લિ. સં. ૧૭૯૫ કા.વ.૭ **પાર્શ્વ**નાથ પ્રસાદાત્ **નંદાસણ** સ્થાને. પ.સં.૬૦-૨૩, ઈડર ભં. નં.૧૨૬. (૩) ભ. **વિજયરત્ન**સૂરિ શિ. **નિત્ય**વિજય શિ. પં. **જિન**વિજય શિ. **પ્રમોદ**વિજયેન લિ. સં.૧૭૯૯ આસો શુ.૧૩ **આડીસર** નગરે **શ્રેયાંસ**નાથ પ્રસાદાત્ મુનિ **જીવણ**વિજય વાચનાર્થં. પ.સં.૭૩, પાદરા ભં. નં.૧૦. (૪) સં.૧૮૦૦ મહા શુ.૨, પ.સં.૭૫-૧૫, સંઘ ભં. પાલણપુર દા.૪૪ નં.૨. (૫) સં.૧૮૦૨ કા.શુ.૧૩ માર્ત્તંડવાર **સણવા** મધ્યે **આદિ**નાથ પ્રસાદાત્ ભ. **વિજયપ્રભ**સૂરિ શિ. **લબ્ધિ**વિજય શિ. **દીપ**વિજય શિ. **માન**વિજય લિ. પ.સં.૧૧૦-૧૩, તિલક.ભં. (૬) સં.૧૮૦૪ પો.શુ.૧૨ શુક્રે **અંકલેશર** ગ્રામે મુનિ **રાજેન્દ્ર**વિજયેન લ. પ.સં.૧૧૨-૧૩, સુ.લા. ખેડા. (૭) સં.૧૮૧૭ ચૈ.શુ.૩ **ઝવાસરૈ** ભ. **વિજયરત્ન**સૂરિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિ. પં. **સીહ**વિજય શિ. પં. **અ**મૃતવિજય શિ. પં. જયવિજય ભ્રાતા પં. **દેવેં**દ્રવિજય શિ. **સં**ઘજી લિ. **સાં**ડેરીનગરે. પ.સં.૮૭-૧૫, જૈનાનંદ. નં.૩૩૦૪. (૮) ભ. **હીર**વિજયસૂરિ શિ. પં. **શુભ**વિજય શિ. પં. **ભાવ**વિજય શિ. **ઋદ્ધિ**વિજયગણિ શિ. પં. **ચતુર**વિજય શિ. પં. **વિવેક**-વિજય શિ. પં. **પ્રમોદ**વિજય શિ. પં. **ન્યાંન**વિજય લિ. શિષ્યાર્થં શિ. પં. રવિવિજય ભ્રાતૃ ગણિ **દર્શન**વિજય શિ. પં. ખુસ્યાલવિજય શિ. **ખેમ**વિજયગણિએ અધૂરો પૂરો કર્યો છે ભાઇબંધાઇએ કરીને સં.૧૮૧૮ લખવા માંડચો હતો સં.૧૮૨૪માં પૂરો કર્યો છે **નં**દાસણમાં લખવા માંડચો **ક**ડીમાં પૂર્ણ કર્યો છે. પ.સં.૮૮-૧૫, સંઘ ભં. પાલણપુર દા.૪૪ નં.૩. (૯) લ. મુનિ **અ**મરવિજે સં.૧૮૨૦ માર્ગશિર શુ.૫ શુક્રે પંન્યાસ **દે**વવિજય શિ. પં. **કુ**શલવિજય પઠનાર્થં. પ.સં.૧૧૪-૧૪, વડાચૌટા ઉ. પો.૧૨. (૧૦) પં. **કૃષ્ણ**રૂચિ શિ. પં. **રૂપ**રૂચિ શિ. પં. **શાં**તિરૂચિ વાચનાર્થં સં.૧૮૨૪ શાકે ૧૬૮૯ આસાઢ વ.૪ બુધે **ભાણ**વડ નગરે **શાં**તિનાથ પ્રસાદાત્. પ.સં.૯૮-૧૨, સીમંધર. દા.૨૨ નં.૪. (૧૧) **ક**ત[બ]પુરાગચ્છે ઉપા. **ધીર**વિમલ શિ. પંન્યાસ **આણં**દવિમલ શિ. ગણિ હર્ષવિજેન સં.૧૮૨૫ આશ્વિન શુ.૧૪ સોમે **રા**મપૂરા પધ્યે. પ.સં.૯૩-૧૬, વિરમગામ સંઘ ભં. (૧૨) ભ. **વિજય**પ્રભસૂરિ શિ. પં. **સુ**મતિવિજય શિ. પં. **ગ**જવિજય શિ. પં. **કું**અરવિજય શિ. પં. **ગુ**લાલવિજય લ.સં.૧૮૨૫ આસો વદિ ૭ મંગલવારે. પ.સં.૧૬૦-૧૮, વડાચૌટા ઉ. પો.૧૨. (૧૩) સં.૧૮૩૧ વૈ.વ.૫ ચંદ્રવારે ઉત્તરા નક્ષત્રે મહો. **રામ**વિજય શિ. પં. **મ**હિમાવિજય શિ. પં. હર્ષવિજયેન લિ. **રા**ધનપુરે **આ**દિશ્વર પ્રસાદાત્. પ.સં.૧૧૨-૧૫, ખેડા ભં.૩. (૧૪) સં.૧૮૩૧ વૈ.શુ.૨ **વી**કાનેરે. પ.સં.૬૬, જિ.ચા. પો.૭૯ નં.૧૯૫૭. (૧૫) સકલવાચકચક્રચૂડામણિ મહો. શ્રી ૧૦૮ **ભાનુ**-ચંદ્રગણિ શિ. પં. **દે**વચંદ્રગણિ સતીર્થ પં. **વિવેક**ચંદ્રગણિ શિ. પં. **તે**જચંદ્ર ભ્રાતૃ પં. **જિન**ચંદ્ર શિ. **જીવણ**ચંદ્ર સતીર્થ પં. **દાન**ચંદ્ર શિ. પં. **દોલત**-ચંદ્ર સતીર્થ પં. **પ્રતાપ**ચંદ્ર શિ. પં. **ભાવ**ચંદ્ર ભ્રાતૃ પં. **વિદ્યા**ચંદ્ર શિ. મુનિ **મુક્તિ**ચંદ્ર ભ્રાતૃ **વખત**ચંદ્ર ભ્રાતૃ **તારા**ચંદ્ર પડનાર્થં સં.૧૮૪૪ વૈ. અક્ષયતૃતીયા જીવવાસરે તૃતીય પ્રહરે લિ. પં. **ભાવ**ચંદ્ર વાચનાર્થં **શાં**તિ-નાથ પ્રસાદાત્. પ.સં.૧૪૦-૧૨, યશોવૃદ્ધિ. પો.૧૨. (૧૬) પં. **ક**લ્યાણ-વર્ધન શિ. **મેઘ**વર્દ્ધન શિ. **વિવેક**વર્દ્ધન શિ. **ધન**વર્દ્ધન ચેલા **ખુ**શાલ લિ. સં.(૧૮)૪૫ વૈ. બુધે. પ.સં.૧૩૫-૧૨, સંઘ ભં. પાલણપુર દા.૪૪ નં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. (૧૭) સં.૧૮૪૫ ભા.શુ.૯ સોમે ઋ. **શિવચંદ** લિ. પ.સં.૮૧, જિ. ચા. પો.૭૯ નં.૧૯૫૦. (૧૮) સં.૧૮૪૭ શાકે ૧૭૭૨ આસાઢ વ.૫ ગુરૂ ઈડુવા ગ્રામે પં. **અમીચંદ** શિ. **ચાંપસી** લ. પ.સં.૧૨૪–૧૪, ખેડા ભં. ૩. (૧૯) સં.૧૮૫૦ કા.શુ.૭ રવિ **સોમસમુદ્ર** લિ. પ.સં.૧૬૬, અબીર. પો.૯. (૨૦) સં.૧૮૫૦ વૈ.વ.૨ ચંદ્રવારે ભ. **કીર્ત્તિરત્નસૂરિ** શિ. પં. **મયારત્નેન** લ. **ચુડા** ગ્રામે ભ. **મુક્તિરત્નજી** ચોમાસું રહ્યા તારે. પ.સં.૮૦–૧૫, ઝીં. દા.૩૦ નં.૧૪૯. (૨૧) સં.૧૮૫૩ માઘ શુ.૧૩ ગુરૂ લ. પં. **કુંઅરસાગર** શિ. **દીપસાગર ઘાંટુ** મધ્યે **સંભવનાથ** પ્રસાદાત્ **સાગરગચ્છે**. પ.સં. ૮૫–૧૫, પાદરા.ભં. નં.૯. (૨૨) સં.૧૮૬૦ શાકે ૧૭૨૫ માઘ શુ.૬ ભાનુવાસરે ત્રતીય પ્રહરે મેષ લગ્ને **નડીયાદ પાર્શ્વ** પ્રસાદાત્. પ.સં.૧૦૯–૧૪, ખેડા ભં.૩. (૨૩) સં.૧૮૬૦ ચૈ.શુ.૩ ગુરૂ **વીકાનેરે અમૃતવર્દ્ધન** લિ. પ.સં.૧૨૯, દાન. પો.૧૩ નં.૨૩૯. (૨૪) પ.સં.૧૨૮, દાન. પો.૧૩ નં.૨૪૬. (૨૫) સં.૧૮૬૧ જ્યે.વ.૧૩ સૂર્યવાર ભ. **કીર્ત્તિરત્નસૂરિ** શિ. પં. **બુદ્ધિરત્નેન** લિ. મુનિ **કાંતિરત્નને** વાંચવા સારૂ. પ.સં.૫૫–૨૨, ભાગ્યરત્ન મુનિ ખેડા દા.૨ નં.૧૮. (૨૬) સં.૧૮૬૬ અસાઢ શુ.૪ લિ. **કૃષ્ણગઢ** મધ્યે. પ.સં.૧૨૬–૧૪, યશોવૃદ્ધિ. પો.૪૦. (૨૭) સં.૧૮૬૮ કૃ.૧૩ રવિ ઘટી ૭ ચડતા લ. **સાંડેરાગચ્છે જશચંદ જોદરાજ પરતાપગઢ** મધ્યે લિખાવીતં **માણિકબાઇ** પઠનાર્થં **પોરવાડ કોઠારી**. પ.સં.૧૧૭–૧૬, ખેડા ભં. દા.૬ નં. ૫. (૨૮) સં.૧૮૭૨ પો. મેચક પક્ષે ૭ **ક્ષેમશાખા મેરૂકુશલ** શિ. **ભવાનભક્તિ ભોજરાજ** લિ. પ.સં.૧૨૪, ભુવન. પો.૧૨. (૨૯) સં.૧૮૭૨ પ્ર. ભાદ્ર વ.૭ રવિ લિ. પં. **રૂપસૌભાગ્યેન મકસૂદાબાદે અજીમગંજે** તથા મહાજન ટોલી મધ્યે. પ.સં.૧૨૦–૧૩, ગુ. નં.૫૪–૪. (૩૦) સં.૧૮૮૪ કા.વ.૧૩ **જાંગલૂ** મધ્યે **દાનત્રિશાલ** લિ. પ.સં.૭૩, કૃપા. પો.૪૪ નં.૭૭૨. (૩૧) સં.૧૮૮૪ ચૈ.શુ.૮ આદીત લ. પં. **દેવરત્ન ઉમરેડ** મધ્યે **શાંતિનાથ** પ્રસાદાત્. પ.સં.૭૦–૧૬, ખેડા ભં. દા.૮ નં.૧૦૮. (૩૨) સં.૧૮૮૮ વૈ.શુ.૧ ભોમે સર **પાલપણુ** મધ્યે **બાદરગંજ** મધ્યે. પ.સં.૧૪૨–૧૧, ઝીં. દા.૩૦ નં.૧૪૮. (૩૩) સં.૧૮૮૯ પ.સં.૧૧૬, ગુ. નં.૧૧–૨. (૩૪) સં. ૧૯૧૦ કા.શુ.૧૪ **વીકાનેર** મધ્યે પં. **સદામંડણ** લિ. પ.સં.૧૫૭, જિ.ચા. પો.૭૯ નં.૧૯૫૧. (૩૫) સં.૧૯૧૨ ફા.વ.૨ રવિ ભ. **કીર્ત્તિરત્નસૂરિ** શિ. પં. **મયારત્ન** શિ. **સૌભાગ્યરત્ન** શિ. **રાજેંદ્રરત્ન** શિ. **તેજરત્ન** લ. શિ. ગુણરત્ન શિ. **માનરત્ન** અર્થે શિ. મુ. **જયરત્ન** વાચનાર્થે **સૂર્યપૂર(ઝીંઝુ-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાડા) મધ્યે **શાં**તિજિનપ્રસાદે શ્રી **મ**કવાણા રાજ્યે **ઠા. સાં**મતાજી કરસનજી. પ.સં.૧૧૮–૧૪, ઝીં. દા.૩૦ નં.૧૫૦. (૩૬) સં.૧૯૩૫ શાકે ૧૮૦૦ આષાઢ વ.૫ ગુરૂ. પ.સં.૧૪૬–૧૧, જૈનાનંદ. નં.૩૩૦૩. (૩૭) પ.સં.૧૧૫, અભય. પો.૧૨ નં.૧૦૮. (૩૮) પ.સં.૫૩, જય. પો.૬૬. (૩૯) પ.સં. ૧૬૪, જય. પો.૬૭. (૪૦) પ.સં.૯૯, ક્ષમા. નં.૨૯૧. (૪૧) પ.સં.૪૫, ગોડીજી મુંબઈ નં.૩૮૬. (૪૨) સકલપંડિતશિરોમણિ પ્રવર પ્રધાન પંડિત શ્રી ૧૦૮ પંન્યાસ શ્રી **રાજ**સાગરજી તત્‌શિ. પં. શ્રી **યો**ગ્યસાગરગણી તત્‌શિ. **શિ**વસાગરેણ લિપિકૃતં. સં.૧૮૫૦ વર્ષે મતિ આશ્વિન્ય સુદિ ૧૦ દિને શ્રી **ઘાં**ણપુર નગરે શ્રી **આ**દીશ્વરજિન પ્રસાદ શ્રી **મ**હાવીરજિન પ્રસાદાત્. **શિ**વસાંગરસ્ય વાચનાર્થં. શ્રી **જી**રાવલી **પા**ર્શ્વજિન પ્રસાદાત્. પ.સં.૧૨૬–૧૩, ધો.ભં. (૪૩) સકલપંડિતશિરોમણી પંડિત શ્રી ૧૯ પં. શ્રી **મા**ણિકચવિજયગણિ તત્‌શિષ્ય **પં**ડિત શ્રી ૫ **વિ**નયવિજયગણિ શિષ્ય પં. **પ્રે**મવિજય લિખિતં. સંવત ૧૮૪૧ વર્ષે આશુ વદિ ૫ દિને રવિવાસરે સંપૂર્ણઃ શ્રી **બે**લા નગરે. શ્રી **પદ્મ**પ્રભુ જિન પ્રસાદાત્. મંગલં વાચકસ્યાપિ લેખકસ્યાપિ મંગલં, મંગલં સર્વલોકાનાંભૂર્ભૂમિપતિ મંગલં.૧ ઇતિ શ્રેયં. શુભં ભવતુ કલ્યાણં: (આ પછી પાછળથી એવું ઉમેર્યું છે કે) સં.૧૮૭૫ શ્રાવણ વદ ૨ ચંદનો રાસ ૧ માત્મા **રા**ઘવજીને આપ્યો છે સાટે રૂમાલ ૧ લીધો છે તેનો કોઈ દરદાવો કરે તો **જી**વણજી જવાબ કરે લી. **જી**વણજી. પ.સં. ૯૭–૧૫, અનંત.ભં. (૪૪) પ.સં.૯૭–૧૫, છેલ્લું ૯૭મું પાનું નથી, અનંત. ભં. (૪૫) પ.સં.૨૧–૧૯, ખંડિત, મો.સેં.લા. (૪૬) ઇતિશ્રી મોહનવિરચિતે ચંદચરિત્રે પ્રાકૃત પ્રબંધે ચંદપ્રગટન ૧ વીરમતીવધૂઆભાગમન ૨ સંયમગ્રહણ ૩ શિવપદપ્રાપ્તિ ૪ રૂપાભિશ્ચતુર્ભિઃ કલાભિઃ સમર્થોયં ચતુર્થોલ્લાસ ૪ ઇતિ શ્રી ચંદરાસ સંપૂર્ણં સંવત ૧૮૮૧ના વર્ષે મૃગશિર માસે શુક્લપક્ષે ચૌદસ તિથૌ રવીવાસરે લિષીતં. સકલપંડિતભાશૃંગારહારવિરાજમાન પંડિતોત્તમ પંડિત શ્રી શ્રી શ્રી ૧૦૮ પં. **મે**ઘવિજયગણિ તત્‌શિષ્ય પં. શ્રી ૧૯ પં. હંસવિજયગણિ તત્‌શિષ્ય પં. **વિ**વેકી તેજસ્વી સભારંજનીક પં. શ્રી **ર**ત્નવિજયગણિ તત્‌શિષ્ય પં. શ્રી ૫ પં. તત્‌શિષ્ય પાયરજરેણુ સમાન કલ્યાણવિજય લિપનીયા ઈદં પુસ્તિકા શ્લોકસંખ્યા ૫૦૦૦. પ.સં.૯૦–૧૬, આ.ક.ભં. (૪૭) પ.સં.૧૭૮–૧૨, ધો.ભં. (૪૮) સં.૧૯૦૨ ફાગણ માસે શુકલપખે તીથૌ ૧૩ વાર ભોમવારે પ.સં.૯૦–૧૬, ગો.ના. (૪૯) સકલભટ્ટારકપુરંદર ભટ્ટારક શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી **વિ**જયદેવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરીશ્વર ચરણસેવી મહોપાધ્યાય શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રી **વિનીતવિજય**ગણિ તચ્છિષ્ય વિબુધમુખમંડન પંડિત શ્રી પં. **તેજવિજય**ગણિ તચ્છિષ્ય પંડિત શ્રી ૫ શ્રી **માનવિજય**ગણિ તચ્છિષ્ય પં. **શુભવિજય**ગણી તચ્છિષ્ય **કનક**-વિજય લિખિતં. સંવત વસુ ગ્રહ સંયમ (૧૭૯૮) વર્ષે વૈશાખ માસે શુકલપક્ષે રિક્તા તિથૌ ચતુર્દશીદિને ભૃગુવાસરે મધ્યાન્હ સમયે વિજયમુહૂર્તે **રાજનગરે** લખ્યો છે. ગ્રંથાગ્રં ૩૦૦૦. અમર.ભં. સિનોર. [આલિસ્ટઑઇ ભા.૨, કેટલૉગગુરા, જૈહાપ્રોસ્ટા, ડિકૅટલૉગભાઇ વૉ.૧૯ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૮૮, ૨૪૯, ૨૭૫, ૪૯૦, ૪૯૮, ૫૯૧).]

[પ્રકાશિત : ૧. પ્રકા. ભીમસિંહ માણક. ૨. સંપા. અમૃતલાલ સંઘવી.]

**(૩૬૫૦) + ચોવીશી**

**આદિ –** ઋષભ સ્ત.

પ્રભુજી ઓલભડે મત ખીજો.
બાલપણે આપણે સસનેહિ, રમતા નવ નવ વેષે
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસારની વેષે હો. પ્રભુ.

**અંત –** મહાવીર સ્ત. પછેડાની દેશી.

દુર્લભ ભવ લહી દોહલો રે, કહો તરીયે કેણ ઉપાય રે, પ્રભુજીને વીનવું રે.

*

**વર્ધમાન** મુજ વીનતી રે, કાંઈ માનજો નિશદીશ રે;
**મોહન** કહે મનમંદિરે રે, કાંઈ વસિયો તું વિસવાવીશ રે. પ્ર.૮

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૭૮).]

પ્રકાશિત : ૧. ચોવીશી વીશી સંગ્રહ પૃ.૮૪થી ૧૧૦. [૨. ૧૧૫૧ સ્તવન મંજૂષા.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૨૮-૪૨, ભા.૩ પૃ.૧૩૭૭-૮૬. ત્યાં "નર્મદાસુંદરી રાસ'ના ર.સં. વિશે એવી નોંધ કરવામાં આવેલી કે "છપાયેલી પ્રતમાં રચ્યા સાલ સં.૧૭૫૪ મૂકી છે પણ શેંવમુ એ ષણ્મુખ – કાર્તિકેય લાગે છે તો તેનો અંક ૭ ગણવો ઘટે એમ લાગે છે. એમ ગણતાં સાલ સં.૧૭૬૪ થાય." અને પછીથી ર.સં.૧૭૫૪ સુધારી ૧૭૬૪ કરવામાં આવેલો. પરંતુ શેંવમુ = શિવમુખ = ૫ જ યોગ્ય અર્થઘટન જણાય છે. એ જ કૃતિનો રચનાદિનવાર રવિ બતાવેલો, પરંતુ ઉશના = ઉશનસ્ =

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુક્ર જ થાય. 'હરિવાહન રાજાનો રાસ'નો ર.સં.૧૭૫૫ દર્શાવેલો પરંતુ ગિરિ = ૭ કે ૮ થાય તેથી ર.સં.૧૭૫૭ કે ૧૭૫૮ જ ગણાય. 'માનતુંગ માનવતી રાસ'નો રચનાદિનવાર સોમ કહેલો, પરંતુ સૌમ્ય = સોમસુત = બુધ થાય.]

**૧૦૬૫. હંસરત્ન** (ત. રાજવિજયસૂરિ ગચ્છે હીરરત્નસૂરિ–લબ્ધિરત્ન–સિદ્ધિરત્ન–રાજરત્ન–લક્ષ્મીરત્ન–જ્ઞાનરત્નશિ.)

આ ઉદયરત્ન નં.૧૦૫૪ના સહોદર અને દીક્ષામાં કાકા ગુરુભાઈ થાય. મૂળ પોરવાડ, પિતા શા વર્ધમાન, માતા માનબાઈ, મૂલ નામ હેમરાજ સં.૧૭૯૮ ચૈ.શુ.૯ શુક્ર સ્વર્ગવાસ મિયાગામમાં કે જ્યાં તેમનો સ્થૂભ છે. જુઓ ઉદયરત્નકૃત 'હંસરત્ન સઝાય' (જૈનયુગ પુ.૫ પૃ.૪૦૩–૪).

**(૩૬૫૧) + ચોવીસી** ર.સં.૧૭૫૫ માઘ વદ ૩ મંગળવાર

**આદિ** – શ્રી ઋષભદેવ સ્ત. અજબ રંગાવો સાહિબા ચૂનડી એ દેશી

સકલ વંછિત સુખ આપવા, જંગમ સુરતરૂ જેહ.

**અંત** – કલસ. દીઠો દીઠો રે વામાકો નંદન દીઠો એ દેશી.

મેં ગાયા રે ઇમ જિન ચોવિશે ગાયા.

*

સંવત **સતર પંચાવન** વરષે, અધિક ઉમંગ બઢાયા,
માઘ અસિત તૃતીયા કુજવાસરે, ઉદ્યમ સિદ્ધ ચઢાયા રે. ઇ. ૫
**તપ**ગણગગનવિભાસન દિનકર, શ્રી **રાજયવિજય** સૂરીરાયા,
શિષ્યલેસ તસુ અન્વય ગણિવર, **ગ્યાનરત્ન** મન ભાયા રે. ૬
તસ્ય અનુચર મુનિ **હંસ** કહે ઇમ, આજ અધિક સુખ પાયા,
જિનગુણ જ્ઞાને બોધે ગાવે, લાભ અનંત ઉપાયા રે. ૭

[મુપુગૂહસૂચી.]

પ્રકાશિત: ૧. ચોવીસી વીસી સંગ્રહ પૃ.૩૬૮–૮૯. [ર. ૧૧૫૧ સ્તવનમંજૂષા.]

**(૩૬૫૨ ક) શિક્ષાશત દુહા** [અથવા **આત્મજ્ઞાન દોધક શતક**] ૧૧૧ દુહા ર.સં.૧૭૮૬ ફાગણ વદ ૫ ગુરુ ઉનામાં

**આદિ** – દૂહા.

સકલ શાસ્ત્ર જે વર્ણવ્યો, વર્ણનમાત્ર અગમ્ય
અનુભવગમ્ય તે નિત્તિ નમું, પરમરૂપ પરબ્રહ્મ. ૧
સોપાધિક દૃષ્ટિ ગ્રહ્યો, દીસે જેહ અનેક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરૂપાધિક પદ ચિંતતાં, જે અનેક થઇ એક. ૨
ભૂવર્ણાદિક ભેદથી, જિમ જલ નાના ભ્રાંતિ,
પણ સ્વાભાવિક ગુણ થકી, જલ ભાછિ ઇક જાતિ. ૩

**અંત** – સૂર્ય ગમિ નહિ ધુંકને, જલદ જવાસા ગાત્રિ
તોપણિ મહિમા તેહનો, ન ઘટિ ઇક તિલ માત્ર. ૧૦૭
જે અયુક્ત ભાખ્યુ ઇહાં, મિં કાંઇ મંદબુદ્ધિ,
તે સમદષ્ટિ સંતજન, શોધી કરજ્યો શુદ્ધિ. ૧૦૮
નયપ્રમાણુ રત્ને ભર્યો, જે ગંભીર અગાધ
જિનમત રત્નાકર જયો, અવિતથ વાક્ય અબાધ. ૧૦૯
**સત્તર સેં છયાસી** સમે, એ શિક્ષાશત સાર,
ફાલ્ગુણ વદિ પંચમ ગુરૌ, રચ્યો **ઉનાઉ** મોઝાર. ૧૧૦
એ શિક્ષાશત જે સુગુણ, ભણી ધરી મનભાવ,
**હંસરત્ન** કહિ તસુ ઘરિં, જયકમલા થિર થાય. ૧૧૧

(૧) સં.૧૮૪૬ પોશ શુ.૭ બુધે શ્રી **દ્રાફા** મધ્યે લિ. પં. **નેણચંદ્રેણ**. પ.સં.૨–૨૦, ઘો.ભં.

[મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૬, ૩૧૩).]

**(૩૬૫૨ ખ) + અધ્યાત્મ કલ્પદ્રુમ પર બાલા.**

પ્રકાશિત : ૧. પ્રકરણ રત્નાકર ભા.૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૬૧–૬૨, ભા.૩ પૃ.૧૪૫૦–૫૧.]

## ૧૦૬૬. ગોડીદાસ (ત. શ્રાવક)

એ કવિએ ગોડીપાસની અટક પોતાની કવિતા દર્શાવનાર ચિહ્ન તરીકે રાખેલ હોય અથવા ગોડીદાસ એવું નામ દર્શાવ્યું હોય એ બે વિકલ્પ પૈકી ગોડીદાસ એ કવિનું નામ – શ્રાવક કવિનું નામ હતું એ યોગ્ય લાગે છે. [ગોડીદાસ નામ અન્યત્ર પણ મળે જ છે. જુઓ ભા.૪ પૃ.૩૯૧ પં.૩૦.]

**(૩૬૫૩) નવકાર રાસ** અથવા **રાજસિંહ રત્નવતી રાસ** ૨૪ ઢાળ ૬૦૫(૭૦૫) કડી ર.સં.૧૭૫૫ આસો શુદ ૧૦ મંગળ વટપદ્ર (વડોદરા)માં

**આદિ–** દૂહા.

**સારદ** શુભ મતિદાયિણિ, સારદ ચંદ વદન;
સારદ સોભા કારણિ, સારદ સદા પ્રસન્ન. ૧
શશીકરનિંકર સમોવડિ, શ્વેત કર્યો સિણગાર;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરસ વચન મુખ સરસતિ, વીણાપુસ્તકધાર. ૨
બ્રહ્મવાદિની **સરસતી,** શાસ્ત્ર ધુરિ સમરેવિ;
ૐકાર ધુરિ આદિ લિપિ, તે પ્રણમું નિતિમેવ. ૩
**સારદ** માત મયા કરો, કવિજન પૂરો આસ;
સેવકજનહિત ચિત કરી, મુઝ મુખ વસયો વાસ. ૪
કવિજન તે સાચું વદે, જો(નો) કવિ જૂઠા હોઈ;
સાચજૂઠનું પારિષું, વચન પ્રમાણે જોય. ૫
ઊપંગારિ અરિહંતજી, ચોવિસે જિનચંદ;
સેવકજન સિવસુષ દિઇં, પ્રણમું પદ અરવિંદ. ૬
ચિદાનંદ આણુંદમય, અષય અષંડિત વાસ;
સિદ્ધ સદા ચિત સમરીઇં, જિમ હોઈ લિલવિલાસ. ૭
વર્તમાન કાલેં જિકે, સુવિહિત ગુરૂ ગુણધાર;
પ્રણમું તેહના પયજુગલ, જ્ઞાનદષ્ટિદાતાર. ૮
સદગુરૂ શિલાવટ પરિં, અઘટિત આણ્યો ઘાટ;
મુરષનેં પંડિત કરેં, સુદ્ધ દિસાડેં વાટ. ૯
શ્રી ગુરૂના સુપસાયથિ, નિર્મલ બુદ્ધિ રસાલ;
રાસ રચૂં નવકારનો, જિમ હોવેં મંગલમાલ. ૧૦
પંચમ ગતિ આરાધવા, પંચ પરમેષ્ટી નવકાર;
ગુણ અનંત ગ્યાની ભણ્યાં, કેહતાં નાવે પાર. ૧૧
એક જીભ હું કિમ કહું, એહના ગુણવિસ્તાર;
એક ચિતેં આરાધિઈ, ચૌદ પૂરવનું સાર. ૧૨
અષ્ટ મહાભય આકરા, અષ્ટ-કરમદલપૂર;
એહ જાપથિ ઉપશમેં, વાધેં આતમનૂર. ૧૩
જિમ વિષધર વિષ ઉતરેં, ગણતાં મંત્ર વિશેષ;
તિમ નવપદના ધ્યાંનથિ, પાપ ન રહે વિશેષ. ૧૪
**રાજસિંહ રતનવતી,** પામ્યા સુષ અપાર;
તાસ ચરિત સુણજ્યો સહુ, પહિલા ભવથિ સાર. ૧૫
ગ્રંથ સાષ **વૃંદારવૃત્તિ,** પંચકથા સુવિચાર;
ત્રણ્ય કથા ઇહભવ તણિ, દો પરભવ સુષકાર. ૧૬

*

ઢાલ ત્રેવીસમી મેવાડે કહી રાસ રચ્યો નવકાર હો. મા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગોડી** ગિરૂઓ રે **પાસ** પસાઉલે રે સંઘ સયલ જયકાર મા. ૧૩

**અંત** – ઢાલ – રાગ ધન્યાસી. ગિરૂઆ રે સદા મારી નિરમલ થાઈ દેહા રે, ગિરૂઆ રે ગુણ તુમ તણા એ દેશી.

રાસ રચો(ચ્યો) નવકાર રે, જે ગ્રંથ તણે અનુસાર રે;
**રાજસિંહ રતનવતી**, લહિસ્યે શિવરમણી સુખકાર રે. ગિ. ૬
રસનારસ મેં ભાષીઓ, વલિ ઓછુંઅધિકું જેહ રે;
સંઘ તણી સાષે કરી મુઝ, મિછામિં દુકડ તેહ રે. ગિ. ૭
ઢાલ ચોવીસી(સમી) પૂરી થઇ, શ્રી **ગોડી** ગિરૂવો ગાજે રે;
સકલ સંઘ મંગલ કરો, દિનદિન અધિક દિવાજૈ રે. ગિ. ૮
વર્તમાન શાસનપતી, શ્રી **વર્દ્ધમાન** જિનરાયા રે;
**સોહમ**સામી પટપરંપરા, પ્રેમે પ્રણમું પાઆ રે. ગિ. ૯
સુવિહિંત ગચ્છ રઅણાયરૂ, શ્રી **વિજયપ્રભ** ગુરૂ-ઇશ રે;
તાસ પાટોધર જગ જયવંતાં, શ્રી **વિજયરત્ન** સૂરીશ રે. ગિ. ૧૦
તેહ તણેં રાજૈ એ રચિઓં, નવપદ રાસ રસાલ રે;
ઇહભવ પરભવ સુષયો દાતા, નિતનિત મંગલમાલ રે. ગિ. ૧૧
સાત(ખટ) સેં ઉપરિ પંચ મનોહર, ગાથા (સુ)ગુણી ને બોલી રે;
ભવિજન માનસ કંઠ સુહાવો, દીસે ઝાકઝમાલો રેં. ગિ. ૧૨
અખ્ખર ગુણુણા ગ્રંથિ કીધો, લોક સહૂને સુષદાઆ રે;
આઠ સહસ (સાતસે) ઉપરિ પંચ્યાસી, લિષતાં સોહીલોં થાસે રે. ગિ. ૧૩
સંવત **સત્તર પંચાવને** આસો સુદિ દશમી કુજવાર રે;
**વટપદ્ર પાસ** પસાઉલેં, રાસ રચ્યો નવકાર રેં. ગિ. ૧૪

કલશ.

એ રાસ નવપદ ભણેં નિસુણેં મંગલમાલા તસ ઘરેં,
નવનિધિ રિદ્ધિ સમૃદ્ધિ લીલા, કેવલકમલા તસ વરેં;
શ્રી વિજયદશમી વિજય મહૂરત, રાસ રચો નવકારનો,
પ્રભુ **પાસ ગોડીદાસ** પભણે, સકલ સંઘ મંગલકરૂ. ૧૬

(૧) સં.૧૭૭૮ ચૈ.શુ.૧૧ શનિ લ. **પાટણ** મધ્યે. પ.સં.૨૮-૧૩, હા.ભં. દા.૭૮ નં.૮. (૨) સં.૧૭૯૫ આસો શુ.૧૦ **ગઢ**ગ્રાંમ મધ્યે પં. કલ્યાણસૌભાગ્ય શિ. **કીર્તિસૌભાગ્ય** લિ. પ.સં.૨૮-૧૩, ઈડર ભં. નં.૧૬૧. (૩) પં. **વિમલ**વિજય શિ. પં. **વીર**વિજય શિ. **અમી**વિજય વાંચનાર્થં સં.૧૮૦૪ જેઠ શુ.૧૪ સોમે **પેથુઆ** નગરે પં. **વીર**વિજય લિ. **વ્યાર**ડર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મધ્યે. પ.સં.૧૪–૧૮, જૈનાનંદ. નં.૩૩૨૧. (૪) સં.૧૮૨૮ ભા.વ.૫ રવિ લિ. **પાર્શ્વ**નાથ પ્રસાદાત્ **અ**મરાપુર ગ્રામે ચાતુર્માસ. પ.સં.૩૬–૧૩, ઈડર ભં. નં.૧૫૨. (૫) સં.૧૮૪૦ કા.શુ.૧૦ પન્યાસ **સુ**બુદ્ધિવિજય શિ. **રૂ**પ-વિજય શિ. **વિદ્યા**વિજય લ. **પેઢા**મલીમાં. પ.સં.૨૮–૧૬, ઈડર ભં. નં. ૧૬૧. (૬) પ.સં.૨૩–૧૭, ડા. પાલણપુર દા.૩૬. (૭) પ.સં.૪૪–૧૦, મુક્તિ. નં.૨૪૬૦. (૮) સં.૧૭૭૪ **પ્રી**તિવિમલ શિ. **ક**નકવિમલ શિ. હર્ષ-વિમલ લિ. સં.૧૭૭૪ **થિર**પુરે. પ.સં.૨૭, સેં.લા. (૯) ઇતિશ્રી નવકાર રાસ સંપૂરણ શ્રી ૫ શ્રી **મેઘ**જી તન ઋષિ **ક**લ્યાણજી તત્ર **સે**ષરૂ ઋષિ **જો**ઇતા ઋષી લષિતં ચેલા **રા**મચંદ પઠનારથં શુભં ભવતુ. આખી અશુદ્ધ છે, પ.સં.૩૬–૧૩, ભાવ.ભં. (૧૦) સંવત્ ૧૮૩૬ વૈ.શુ.૯ લિ. **ર**ત્નપ્રભ મુનિના **સુ**ંદરા બિંદર મધ્યે. પ.સં.૨૦–૧૭, આ.ક.ભં. (૧૧) લીં.ભં. (૧૨) સંવત ૧૭૯૩ વર્ષે કાર્તિક શુદિ ૫ દિને પં. શ્રી **ન્યાન**વિજયગણિ શિ. પં. શ્રી **જી**વવિજયગણિ શિ. પં. **મો**હનવિજયગણિ લિપિકૃતં શ્રી આદિજિન પ્રસાદાત્ શ્રી **ભુજ**નગર મધ્યે ઇતિ મંગલમાલિકા. પ.સં.૧૯–૧૫, મો.ભં. (૧૩) લ. સંવત છેકી નાખેલ છે. પ.સં.૨૦–૧૫, ગા.ભં. (૧૪) સકલભટ્ટા-રકપુરંદર શ્રી શ્રી ૧૦૮ શ્રી **વિજ**યમાન સૂરિસ્વર શિષ્ય શ્રી ૫ શ્રી પં. **આ**ણંદવિજયગણિ શિષ્ય **ષુ**સાલવિજય વાચનાર્થં. લષીતં **આ**મોદ નગર મધ્યે લિપીકૃતમ્. વિ.ધ.ભં. (૧૫) પ.સં.૨૨, આદ્ય ત્રુટક, અમર.ભં. સિનોર. (૧૬) ઇતિશ્રી નવકારવિષયે રાજસિંહ રત્નવતી પંચમકથા સંપૂર્ણાઃ લિપિ-કૃતં ચૈતત્ સકલભટ્ટારકપુરંદર ભટ્ટારક શ્રી ૧૦૧૮ શ્રી **હી**રવિજય સૂરીશ્વર તચ્ચરણસેવી શિ. પં. **આ**ણંદવિજય શિષ્ય પં. **મે**રૂવિજયગણિ તત્શિષ્યો-પાધ્યાયશ્રી ૧૦૮ શ્રી **લા**વણ્યવિજયગણિ તત્શિષ્યોપાધ્યાય શ્રી પં. શ્રી **લ**ક્ષિમવિજયગણિ તત્ભ્રાતા પં. હંસવિજયગણિ તત્શિષ્ય પં. **તિ**લકવિજય-ગણિ તત્ભ્રાતા લઘુ પંડિત શ્રી ૩ શ્રી હસ્તિવિજયગણિ પંડિત શ્રી પં. શ્રી **ને**મિવિજયગણિ તચ્ચરણસેવી શિષ્ય **મે**ઘવિજય તત્લઘુબંધવ **લ**લિત-વિજયેન લિપીકૃત. શ્રેતિ. દે.લા. (કમળવિજય મુનિ પાસેની.) (૧૭) સં. ૧૭૮૭ના વર્ષે શ્રાવણ માસે શુક્લપક્ષે ૫ બુધવારે લિખિતં શ્રી **પા**ટણ મધ્યે. ગુ.વિ.ભં. (૧૮) ભ.ભં. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૧ પ્રભુદાસને નામે), લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૨૪–૨૭, ભા.૩ પૃ.૧૩૭૭.]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૦૬૭. દેવકુશલ

**(૩૬૫૪) વંદારુ વૃત્તિ** [અથવા **ષડાવશ્યક સૂત્ર**] **બાલા.** અથવા **શ્રાવકાનુષ્ઠાનવિધિ ટબાર્થ** ર.સં.૧૭૫૬ લ.સં.૧૭૬૬ પહેલાં

(૧) ટબાર્થેન કૃતા બુધ દેવકુશલ લિ. પં. દેવકુશલેન જીર્ણદુર્ગ મધ્યે સૂત્ર મધ્યે ટબાર્થં ક્રિયતે. પ.સં.૧૯૨, ખેડા સંઘ ભં. દા.૧ નં.૬. (કવિની સ્વલિખિત પ્રત) (૨) ગ્રં.૫૯૭૦ લ.સં.૧૭૬૬, પ.સં.૧૪૫, હા.ભં. દા.૫૬ નં.૧૬. (૩) પ.સં.૧૪૮, પ્ર.કા.ભં. નં.૮૮૨. [ડિકેટલૉગભાઇ વૉ.૧૭ ભા.૩ (દેવકુશલને નામે).]

**(૩૬૫૫) કલ્પસૂત્ર બાલા.**

(૧) પં. હંસવિજયગણિ લિ. ઘોરાજી નગરે સં.૧૮૧૬ શ્રા.શુ.૨ ગુરૂ **પાર્શ્વ** પ્રસાદાત્ ભ. **વિજયક્ષમાસૂરિ** અનુસારે શિ. પં. જીવવિજય શિ. **વી**નીતવિજય લઘુભ્રાતા હર્ષવિજયગણિ વાચનાય. પ.સં.૧૨૨, ખેડા ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૩૭. ત્યાં કર્તાનામ દેવીકુશલ જ દર્શાવાયેલું પરંતુ 'વંદારુ વૃત્તિ બાલા.'ની પહેલી હસ્તપ્રતની પુષ્પિકામાં સ્પષ્ટ રીતે 'દેવકુશલ' નામ મળે છે. અને 'કલ્પસૂત્ર બાલા.'માં 'દેવીકુશલ' નામ હોવાનું માનવા માટે કારણ જણાતું નથી. તેથી 'દેવીકુશલ'ને છાપભૂલ ગણી 'દેવકુશલ' કર્યું છે.]

## ૧૦૬૮. દાનવિજય (ત. વિજયરાજશિ.)

આ દાનવિજયે સં.માં 'કલ્પસૂત્ર ટીકા' (દાનદીપિકા) સ્વશિષ્ય દર્શનવિજય માટે રચી તેમજ 'શબ્દભૂષણ' (ભાં.ઇ. સને ૧૮૮૨-૮૬ નં.૪૫૭)ની રચના કરી.

**(૩૬૫૬) અષ્ટાપદ સ્ત.** ર.સં.૧૭૫૬ બારેજ ચોમાસું

**અંત** – સંવત **સતર** ને વરસ **છપને,** રહી **બારેજ** ચોમાસ;
**ઋષભ શાંતિ** જિનરાજ-પસ્રે, સ્તવન રચ્યું ઉલાસ. ૧૪
**તપ**ગચ્છપતિ શ્રી **વિજયરાજ**સૂરિ તસ પદ-સેવાકારી;
**દાનવિજય** કહે સંઘને હોજ્યો, એ તીરથ જયકારી રે. ૧૫

**(૩૬૫૭) લલિતાંગ રાસ** ૨૭ ઢાળ ૬૮૯ કડી ર.સં.૧૭૬૧ માગશર વદ ૧૦ રવિ જંબૂસરમાં

**આદિ** – દૂહા.

સકલ કુશલકમલા સદન, વદનકાંતિ જિમ ચંદ
ઇંદ્રનીલ સમ રૂચિર તનુ, પ્રણમું **પાસ** જિણંદ. ૧
કલ્પલતા કવિલોકને, કરૂણા કોમલ ચિત્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખદાતા શ્રુતદેવતા, નમીઇ **સરસતિ** નિત્ત. ૨
શ્રી **વિજયરાજ**સૂરિ વંદીઈ, મુઝ ગુરૂ મહિમાનિધાન,
અધિક સરસ અમૃત થકી, જસ ગુણ-કથાવિધાન. ૩
પુરૂષારથ જગમાં ત્રિવિધ, ધર્મ અર્થ નેં કામ,
પિણ અધિકે તિહાં ધર્મ છે, જેહનું સાર્થક નામ. ૪
ઉપાદાન દધિ ઘૃત તણું, દૂધ યથા કહે સંત,
તથા અર્થ નેં કામનું, હેતુ ધર્મ અત્યંત. ૫
ધર્મઈ સુખસંપતિ મિલેં, ટલે દુરિતદુખદંદ,
પ્રભુતા-પટુતા દેહની, ઉચ્છત્ર નિત આણંદ. ૬
ધર્મ પ્રસંસેં પંડિતા, તે તો શાસ્ત્રપ્રમાણ,
મૂરખ પિણ મુખ ઇમ કહેં, તરેં ધર્મ નિરવાણ. ૭
ધર્મ કર્મે સુખ પામીઈ, તેહમાં કિસ્યું વખાણ,
ધર્મપક્ષ થાપ્યા થકી, લહીઇ કોડિ કલ્યાણ. ૮
ધર્મપક્ષપાતેં સુખી, થયો **લલિતાંગ**કુમાર,
ધર્મ ઉથાપી દુખ લહ્યો, સજ્જન તસ અનુચાર. ૯
સ્વસ્થ ચિત્ત શ્રોતા પખેં, કિમ થાઇ રસપોષ,
સાકર તેહને સ્યું કરે, જિહ્વા જાસ સદોષ. ૧૦

**અંત –** **ભાવદેવ** સૂરિશ્વર નિર્મિત શ્રી જિન **પાર્શ્વ**ચરિત્ર રે
તેહ તણેં છે પહિલે સર્ગે, એ સંબંધ પવિત્ર રે. ધ. ૧૨
તેહ વિલોકી રાસ રચ્યો એ, ધર્મ પક્ષનો વારૂ રે
સરસી એહ કથા છેં સહિજેં, રચના તો મતિસારૂ રે. ધ. ૧૩
જે હોઈ કહિવાંણું ન્યૂનાધિક, મિચ્છા દુક્કડ તાસ રેં
પંડિત તેહ કરેયો સૂધાં, માહરી એ અરદાસ રે. ધ. ૧૪
શ્રી **તપ**ગચ્છ-પયોનિધિ-શશધર, શ્રી **વિજયાનંદ** સૂરિંદ રે,
જેહના ગુણ ગાઇ છેં ગોલિં, નરનારીના વૃંદ રે. ધ. ૧૫
તાસ પટ્ટ ઉદયાચલ દિનકર, શ્રી **વિજયરાજ** સૂરિરાય રે
તાસ પ્રસાદેં એ તસ શિષ્યઈ, રાસ રચ્યો સુખદાય રે. ધ. ૧૬
**સત્તર સેં ઇકસઠિં** મગશિર, વદિ દશમી રવિવાર રે
શ્રી **વિજયમાંન** સૂરીશ્વર રાજ્યે, રચ્યો એ જયકાર રે. ધ. ૧૭
શ્રી **જંબૂસર** નગર અનોપમ, જિહાં **પદમપ્રભ** દેવ રે
શ્રાવક બહુ તિહાં સમકિતધારી, સિકરેં દેવગુરૂસેવ રે. ધ. ૧૮-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પુર માંહિં રાસ રચ્યો એ, પરઉપગાર નિમિત્તં રે
સાંભલતાં શ્રાવક પિણ સમજ્યા, થયા ધર્મદૃઢ ચિત્તં રે. ધ. ૧૯
**દાનવિજય** કહેં એ થઈ પૂરણ, સત્તાવીસમી ઢાલ રે
ભણતાં ગુણતાં સાંભલતાં નં, હોજ્યો મંગલમાલ રે. ધ. ૨૦
જિહાં લગિં મેરૂ મહીધર શશધર, પુહવી રવિપરકાશ રે
તિહાં લગિં જગ જયવંતો વરતો, ધર્મપક્ષનો રાસ રે. ધ. ૨૧

(૧) ગાથા ૬૮૯ ઢાલ ૨૭ સં.૧૭૭૩ વર્ષે શ્રા.સુદિ ૫ ગુરૂ લિ. પ.સં.૨૯–૧૫, ખેડા ભં.૩. (૨) સં.૧૭૯૧ કા.શુ.૩ ભૃગુવાસરે પં. **ભાણ**વિજય શિ. પં. **સમૃદ્ધિ**વિજય શિ. મુનિ કેસરવિજય ગ. ચેલા **ખુશાલ** વાંચનાર્થે **પાર્શ્વ**નાથ પ્રસાદાત્ **સીરોડી** ગ્રામે. પ.સં.૨૪–૧૪, યશોવૃદ્ધિ. પો.૬૭.

**(૩૬૫૮) કલ્યાણક સ્ત.** ૨.સં.૧૭૬૨ ચોમાસું સુરત

**આદિ** – નિજ ગુરૂપય પ્રણમીનં કહિસ્યું, કલ્યાણકતિથિ જેહ,
ચ્યવન જનમ વ્રત ગ્યાન મુગતિ ગતિ, પંચકલ્યાણક એહ. ૧

**અંત** – સંવત **સતર બાસિઠા** વરસિં, **સૂરત** રહિ ચોમાસ રે
કલ્યાણક-તિથિ તવન રચ્યું એ, આણી મન ઉલ્લાસ રે
શ્રી **વિજયરાજ**-ગુરૂ-ચરણ-નિવાસી, **દાનવિજય** ઉવઝાય રે.
ઇમ કહે કલ્યાણક તપ કરતાં, ઋદ્ધિ વૃદ્ધિ સુખ થાય રે.

(૧) ભ. **વિજયમાન**સૂરિ શિ. પં. **મહિમા**વિજય શિ. **રૂપ**વિજયગણિ શિ. પં. **જીત**વિજય લ.સં.૧૭૯૨ વૈ.વદિ ૩ સનૌ લ. બાઇ **સેજ**બાઇ પઠનાર્થં. **શાંણ**ગ્રામે **અમીઝરા પાર્શ્વ**નાથાય નમઃ. પ.સં.૩–૧૩, હા. ભં. દા.૮૨ નં.૧૭૦.

**(૩૬૫૯) ચોવીસ જિન સ્તુતિ**

**આદિ** – શ્રી **ઋષભ** જિણેસર કેસર-ચરચિત કાય,
ત્રિભુવન પ્રતિપાલે બાલકનેં જિમ માય. ૧

**અંત** – શ્રી **વિજયરાજ**સૂરિ ચરણકમલ સુપસાય,
કહે **દાનવિજય** ઇમ મંગલ કરયો માય.

(૧) લિ. **મોહન**વિજય. ગુરૂવારે **રાનેર** બંદરે. પ.સં.૩–૧૩, આ.ક.ભં. (૨) પ.સં.૫–૧૧, વિ.ધ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૪૫–૪૭, ભા.૩ પૃ.૧૩૮૮–૯૨. ત્યાં આ કવિની તેજવિજયશિષ્ય દાનવિજય સાથે ભેળસેળ થઈ ગયેલી. પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંને કવિઓને જુદા માનવા જોઈએ. જુઓ આ પૂર્વે દાનવિજય (નં.૯૫૫) વિશેની સંપાદકીય નોંધ.]

**૧૦૬૯. ભાવરત્ન-ભાવપ્રભસૂરિ** (પૌ. ચંદ્રપ્રભસૂરિની પરંપરામાં વિદ્યાપ્રભસૂરિ-લલિતપ્રભસૂરિ-વિનયપ્રભસૂરિ-મહિમાપ્રભસૂરિશિ.)

આમનું સૂરિપદ પહેલાં ભાવરત્ન નામ હતું અને તેમના પિતાનું નામ માંડણ ને માતાનું નામ બાદલા(?) હતું. તે વાત તેમની કાલિદાસકૃત 'જ્યોતિર્વિદાભરણ' પરની 'સુખબોધિકા' નામની સંસ્કૃત ટીકાની નીચેની પ્રશસ્તિ પરથી જણાય છે:

જ્યોતિર્વિદાભરણ નામ વરાગમસ્ય,
સંતન્યતે ગુરુકૃપા સુખબોધિકેયં.
શ્રી **પત્તને** પ્રવર **પૌર્ણિમિકા**હ્વગચ્છે
**ઢંઢેર**પાટકશુભાશ્રયસંશ્રિતાનાં
શ્રીયુક્ત પૂજ્ય **મહિમપ્રભ**સૂરિરાજ-
શિષ્યેણ **ભાવ**મુનિના મયકા યથાવિત્.

ઇતિ શ્રી કવિકુલચૂડામણિ શ્રી કવિ કાલિદાસોદિતે શ્રી જ્યોતિર્વિદાભરણે ગ્રંથાધ્યાયનિરૂપણક્રમ નૃપ શ્રી વિક્રમાર્કવર્ણનં નામ દ્વાવિંશતિતમોઽધ્યાયઃ.

ગચ્છે શ્રી **મહિમપ્રભા**ખ્ય સુગુરોઃ શ્રી **પૌર્ણિમી**યાભિધેઃ
શિષ્યઃ સૂરિવરસ્ય **માંડણ**સુતો યો **ભાવરત્ના**ભિધઃ,
**બાહ્લા**કુક્ષિ સમુદ્ભવઃ સ કૃતવાન્ શ્રી **પત્તને**
છન્દોવ્યાકરણાભિધા સ્મરણતોઽલંકારયુક્તામિમાં.
વક્તુવાલધિમારૂઢો વરઢાહ્લી મહાબલી,
સુખાય ક્ષેત્રપાલોઽસ્તુ રાકાપક્ષકધારિણાં.

પછી પ્રશસ્તિ ગુરુપરંપરાની છે.

શ્રી વિક્રમાર્કા દહિષડ્યોર્વીમિતે ગતેઽબ્દે ખલુ રાધમાસે
શુક્લે તૃતીયેઽથ તિથૌ, ગભસ્તિ, વારે સમાપ્તા સુખબોધિકેયં. ૧૬

(અલવાર રાજાની લાયબ્રેરી, જુઓ પીટર્સન કેટલોગ)

તેમણે યશોવિજયજીકૃત સંસ્કૃતમાંના 'પ્રતિમાશતક' પર સંસ્કૃત ટીકા સં.૧૭૯૩ માઘ શુક્લ અષ્ટમી ગુરુવારે પૂર્ણ કરી છે અને તે ભાવનગરની આત્માનંદ સભા તરફથી આત્માનંદ ગ્રંથ રત્નમાલા ૪૩મા રત્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરીકે પ્રકટ થયેલ છે. તેમાંની પ્રશસ્તિ પણ 'હરિબલ રાસ'માં આપી છે તે જ પ્રમાણે છે. વિશેષમાં : શ્રીમાલી વીર વંશે રામાકુક્ષિથી થયેલ જયતસીના પુત્ર તેજસી શ્રેષ્ઠીએ ઘણું દ્રવ્ય ખર્ચી પદ (સૂરિપદ) જેને અપાવ્યું છે એવા ભાવપ્રભસૂરિએ આ વૃત્તિ પૂર્ણ કરી.

ભાવપ્રભસૂરિના સંસ્કૃતાદિ ગ્રંથો માટે જુઓ મારો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'. તેમના હસ્તાક્ષરની મૂળ નામ ભાવરત્નના નામે લખેલી પ્રત નં.૧૮૩૫ પ્ર.કા.ભં. વડો.માં છે અને સં.૧૭૬૯માં પોતે 'દેવધર્મ પરીક્ષા'ની પ્રત લખેલી તે આ.ક.ભં. પાલીતાણામાં છે.

આમાંના શિષ્ય પુણ્યરત્ને 'ન્યાયસાગરસૂરિ નિર્વાણ રાસ' સં.૧૭૯૭-માં રચ્યો છે તે માટે જુઓ હવે પછી તે.

**(૩૬૬૦) + ઝાંઝરિયા મુનિની સઝાય** ૪ ઢાળ ર.સં.૧૭૫૬ આષાડ (આસો) વદ ૨ સોમ

**આદિ** – અનંતકાયની ચાલ.

**સરસતી** ચરણ સીસ નમાવી, પ્રણમું સહગુરૂપાય રે,
**ઝાંઝરીઆ** રૂષિના ગુણ ગાતાં, ઉલટ અંગ સવાય રે;
ભવીજન વાંદો મુનિ **ઝાંઝરીઆ,** સંસારસમુદ્ર જ તરીયા રે
સબલ સહી પરિસહ મનશુદ્ધે, શીલરયણ કરી ભરીયા રે. ભવી.

**અંત** – ઢાલ ૪.

સંવત **૧૭૫૬**ના કેરી, આસોજ (આષાડ) વદ બીજ,
સોમવારે સઝાય એ કીધી, સાંભલતાં મન મોહ કે; મુ.
શ્રી **પુનમ**ગચ્છ ગુરરાયે વિરાજે, **મહિમાપ્રભ** સૂરીંદ,
**ભાવરત્ન** શિષ્ય ભણે ઈમ, સાંભલતાં આણંદ કે; મુ.

(૧) પ.સં.૬-૧૧, ક.મુ. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૧, ૪૯૪, ૫૫૩).]

પ્રકાશિત : ૧. સ.મા.ભી. પૃ.૨૮૪. [૨. જૈન સઝાય સંગ્રહ (સારાભાઈ નવાબ). ૩. જૈન સઝાયમાલા ભા.૧ (બાલાભાઈ શાહ).]

**(૩૪૬૧) હરિબલ મચ્છીનો રાસ** ૩૩ ઢાળ ૮૪૯ કડી ર.સં.૧૭૬૯ કાર્તિક વદ ૩ ભોમ રૂપપુરમાં

**અંત** – શ્રી **વર્ધમાન** પરંપર પાટે શ્રી **ચંદ્રપ્રભ** સૂરિરાયા રે,
**પ્રધાન** શાખા **પુનિમ**ગચ્છ સોહે, ચરણ પવિત્ર જસ કાયા રે. ૧૫
તસ પાટિ પરંપર સુપકાર, શ્રી **વિદ્યાપ્રભ** સૂરીસ રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તસ પાટે ચૂડામણિ સરીષા, શ્રી **લલિતપ્રભ** યતીસ રે. ૧૬
તસ પાટે કૂલાચલ સૂરજ, શ્રી **વિનયપ્રભ** સૂરિંદા રે,
ચારિત્ર ગુણ રયણાયર ભરીયા, તપકીયતેજ અમંદા રે. ૧૭
તત્પટ્ટ કમલ **કમલપ્રભ** બાંધવ સમ શ્રી **મહિમાપ્રભ**સૂરી રે,
ગુણરયણે રોહણાચલ જાણું, સંયમસોભા પૂરી રે. ૧૮
સેવીસિં વિદ્યાએ સોહે, મોહિં ભવી ઉપદેશે રે,
જ્ઞાન તણા અવષ્ટંભ હેતેં, પરઉપગાર વિસેસે રે. ૧૯
પુસ્તકના ભંડાર ભરાવ્યા, વિવિધ શાસ્ત્ર લિખાવિ રે,
શુભ તરુનો અવષ્ટંભ જિનશાસન કિરતિ શોભાવી,
જ્ઞાનદિશા સમજાવી રે. ૨૦
તે સદ્દગુરૂની ચરણ સિવાઇ, મુઝ મતિ જ્ઞાનેં વિલગી રે,
શુભ તરુનો અવષ્ટંભ લહીનેં, વેલ હુઇ કિમ અલગી રે. ૨૧
**અંડ [અંક ?] અંગ અશ્વ ચંદ્ર ૧૭૬૯** કહિજઈ, એ સંવચ્છર
જાણો રે,
કાર્તિક શુદ ત્રીજ મંગલવારે, રાસ પ્રારંભ વખાણો રે. ૨૨
કાર્તિક વદિ તૃતીયા ભૌમવારે, થયો સંપૂરણ રાસો રે,
મંગલ પણ મંગલ થયો એ, એ ગુરૂમહિમા પ્રસાદેં રે. ૨૩
**રૂપપુર** ગામ સદા રલીયાંમણો, લોક સહુ ઋદ્ધિવંતા રે,
ઋદ્ધિ સમૃદ્ધિ મુદાતા ભોગતા, વ્યવહારીયા ગુણવંતા રે. ૨૪
**પુનિમ**ગચ્છ દીપાવત રૂડા, અમ્મા પીય સમાના રે,
સાધુના પાત્ર પેષિ ઉલટાયો, શ્રાવક ગુણેં પ્રધાના રે. ૨૫
શ્રી **મહિમાપ્રભ**સૂરિને શિષ્યે, **ભાવરત્નઇ** ઇમ ભાષ્યો રે. ૨૬
**રત્નસેષર**ગણિકૃત **પડિક્કમણા, વૃત્તિ**નો સંબંધ એ જોઇ રે,
અધિકોઓછો મિચ્છા દુક્કડ, તેત્રીસમી ઢાલ હોઇ રે. ૨૭
ભણતાં ગણતાં સાંભળતાં વલી, મનવંછિત સુખ લહીએ રે,
શ્રી રાય તણી પરે ભવિયાં, આવિલચની (?) કહીએ રે. ૨૮

(૧) સર્વગાથા ૮૪૯ ઇતિશ્રી હરીબલ રાસ સંપૂર્ણમ્. ગુ.વિ.ભં. [મુપુગૂહસૂચી.]

**(૩૬૬૨) અંબડ રાસ** ર.સં.૧૭૭૫ જે.વ.૨ રવિ પાટણ

**આદિ –** દૂહા.

શ્રી મહિમા જગ વિસ્તરે, નિત જપતાં જસ નામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જિન **પાસ**ને પ્રણમીએ, લહીએ વંછિત કામ. ૧
શેષ સકલ જિનવર નમું, નમું સિદ્ધ ભગવાન
અનંત ચતુષ્ટયી અનુભવે, પરમ જ્યોતિ પ્રધાન. ૨
સવિ ગણધર મુનિવર નમું, નમું સૂરીસર ઇષ્ટ
જે જિન આણા અણુસરે, ગુણીઈ તેહ ગરિષ્ટ. ૩
શ્રી ગુરૂ-ચરણ-યુગલ નમું, ઉપગારી તે આદ
જ્ઞાન ટંકોત્કીર્ણ કરો, સુઘટો ટાલી ખાદ. ૪
પ્રણમું **સારદ** પાયલા, ટલે સયલ અંતરાય
વચન સરસ અમૃતલવા, જિણેં શક્તિ કહેવાય. ૫
સમકિત દઢ કરવા ભણી, માંડયો એ અનુવાદ
**અંબડ ચરિત**ને સાંભલો, લહસો સરસ સવાદ. ૬
**સુલસા** ઉદ્દેશી જિને, **વીરે** સભા મઝાર
કરી પરીક્ષા **અંબડે**, કરી પ્રપંચ અપાર. ૭
સમકિતથી ચૂકી નહી, **સુલસા** તેહ લગાર
સમકિત માંહે દઢ થયો, તદા **અંબડ** સુવિચાર. ૮
પૂતલડી બત્રીસની, જિમ થઇ ઉત્પત્તિ જેહ
તેહ સંબંધ પ્રસંગથી, સરસ કથા છે એહ. ૯
ધર્મમંદિરમાં પેસવા, સમકિત સું દરબાર
ભવિયણ ! ભરમે ભૂલિ મા, સાંભલ એ અધિકાર. ૧૦

**અંત** – ઢાલ રાગ ધન્યાસી

એ અધિકાર સુણો સવિ ભાઇ, દીપે આતમ-ઠકુરાઇ રે
સસનેહી ! સમકિત સું લય લાઇએ – આંચલી
**અંબડ**નો સંબંધ મેં ભાખ્યો, **સુલસા** ધર્મ સગાઇ હે. સસનેહી ! ૧
સાંભલતાં સમકિત ઉપરાજે, મોહસેનાને ભાજે હે સ.
પહિલું જો સમકિત પાકું છે, તો દઢ થઇ વિરાજે હે. સ. ૨
તેહથી મુગતિ તણાં સુખ પામે, તેણેં મેં રાસ એ કીધો હે
સુલભબોધિ જંતુને જાણો, એ ઉપગાર પ્રસિધો હે. ૩
સજન જગ માંહે ગુણગ્રાહી, દુર્જન ગુણના દ્વેષી હે
માહરે કાર્ય સજ્જન સેંતી, દુર્જન મુકું ઉવેખી હે. ૪
જ્ઞાની નય ઉપનયને જાણે, ગ્રંથ અરથ રસ પીએ હે
મૂર્ખ ગ્રંથનો ભાવ ન જાણે, ઉપર દૂષણ દીએ હે. ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણા વરસ ગ્રંથ સજ્જન જ્ઞાની, વિઘ્ન રહિત સુખ પાયો હે
સુરગિરિ સમ અવિચલ પદ પાઇ, મનવંછિત ઋદ્ધિ થાયો હે. ૬
શ્રી **પૂનિમ**ગચ્છ સોભાકારી, શ્રી **વિનયપ્રભ** સૂરીંદા હે
તસુ પટ ઉદયાચલ જાંણો, તેજ તપંત દિણુંદા હે. ૭
સકલ સિદ્ધાંતના પારંગામી, સકલ નયના દરિયા હે
વૈયાકરણેં **હેમ** સરીખા, આચારના ગુણભરિયા. હે. ૮
કાવ્ય છંદ અને અલંકારે, પૂર્ણ લક્ષણવેત્તા હે
સાહિ-સભા માંહે ઉપદેસે, નિબીડ મિથ્યાતના ભેત્તા હે. ૯
જ્યોતિષ યંત્રરાજાદિક આદે, શિરોમણી પર્યંતા હે
કુસાગ્ર બુદ્ધિ તણા જે ધારી, વિદ્યાવિનોદ વિહરંતા હે. ૧૦
જ્ઞાનના કોસ વધાર્યા જેણે, વિસ્તર્યો જસ જગ માંહે હે
શ્રી પૂજ્યશ્રી **મહિમાપ્રભ**સૂરિ, થયા એહવા ઉછાહે હે. ૧૧
તસ પાટે તસ પયકજસેવી, શ્રી **ભાવપ્રભ** સૂરીસા હે
ગુરૂકૃપાએ જ્ઞાન-અભ્યાસેં, જન કહે જાસ જગીસા હે. ૧૨
વડગુરૂ ભ્રાતા તેહના કહીએ, **લખમીરતન** ઇણેં નામે હે,
તેણેં શ્રીપૂજને વીનતી કીધી, રાસ રચ્યો એ પ્રકામે હે. ૧૩
ભવિયણને ઉપગારને હેતેં, **અંબડરાય** વિસેસી હે
શ્રી **ભાવપ્રભ**સૂરિએ કીધો, વચનવિલાસ સુદેસી હે. ૧૪
**પાટણ** માંહે **ઢંઢેરવાડે**, શ્રી **મહાવીર** વિરાજે હે
**સાંમલો કલિકુંડ પાસ** જિણુંદા, કીરત ત્રિભુવન ગાજે હે. ૧૫
શ્રી જિન તાસુ પસાય થકી એ, રાસ પૂરણ સુખખાણી હે
સરસ સંબંધ સમકિતનો ભાખી, પવિત્ર થઇ મુઝ વાણી હે. ૧૬
**દ્રુપદ**રાય તણી જે પુત્રી, **તસ પતિ** તિમ **તુરંગા** હે
**ભેદ સંયમના** ભેલા કીધા, સંવત જાણો એ ચંગા હે. ૧૭
માસ જેષ્ટ અને કૃષ્ણ પક્ષે, બીજ તિથેં રવિવારે હે
સુખસમાધિપણે એ પૂરો, રાસ થયો એકતારે હે. ૧૮
પભણે વાંચે જે ભવિ પ્રાણી, સાંભલે શ્રોતા જે હો હે
અવિચલ પદ કીરતિકમલાનું, મનવંછિત લહે તેહો હે. ૧૯

(૧) સં.૧૮૦૩ માગશિર વ.૧૧ ગુરૂ **પાટણ** મધ્યે લિ. ગણિ **નેમ**-વિજય વાચનાર્થે. પ.સં.૫૨-૧૭, હા.ભં. દા.૭૮ નં.૪. (૨) સં.૧૮૧૮ શાકે ૧૮૬૩ આશ્વિન કૃષ્ણે પંચમી રવૌ લિ. પં. **ભક્તિવિજયગણિ** પં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંતિ સત્કેન પ્રલ્હાદનપુરે. પ.સં.૪૭–૧૮, સંઘ ભં. પાલણપુર દા.૪૫ નં. ૩. (૩) સં.૧૮૧૮ શાકે ૧૬૮૩ કાર્તિક શુ.૭ ભૃગુવારે પ્રલ્હાદનપુરે ઋ. **લાલજી.** પૂજ્ય ઋષિ **ચાંપસીં**હજી શિ. પૂજ્ય ઋ. **ગોવર્દ્ધન**જી શિષ્ય પૂજ્ય ઋ. **રાયચંદ**જી શિષ્ય પૂજ્ય ઋ. **નાથાજી** શિ. ઋ. **માલજી** લિ. ઋ. **લાલજી.** પ.સં.૪૩–૧૮, સારી પ્રત છે, રાજકોટ મોટા સંઘનો ભંડાર. [મુપુગૂહસૂચી.]

**(૩૬૬૩) વીસી** ર.સં.૧૭૮૦ માધવ વ.૭ સોમ

**આદિ –** કાય થકે સવારે એ દેશી

શ્રી **સીમંધર** સાહિબા રે અતિશય ઋદ્ધિભંડાર
તીરથંકરપદ ભોગવઇ રે વિહરમાન હિતકાર. ૧
આજ દિવસ ધન માહરો રે સાંભર્યો શ્રી જિનરાજ ટેક

*

દૂરથી પણિ મોટા તણી રે સુજન રિજઉ છે રે સાર
તિણિં સેવક લહે સાહિબી રે, શ્રી **ભાવપ્રભ** સુખકાર આજ. ૫

**અંત –** ઢાલ ઝુંબખડાની

વિહરમાન પ્રભુ વીસ એ, ગાયા શ્રી જિનરાય, મનોરથ મુઝ ફલ્યા
જિનવર ચ્યાર **જંબૂદીપઈ**, આઠ **ધાતકી**ઈ કહાઈ, મનોરથ. ૧

*

સંવત્ **સત્તર સય આસીઇ,** માધવ માસ મહંત મ.
કૃષ્ણ પક્ષ સપ્તમ સોમઈ એ, મઈ સ્તવ્યા અરિહંત મ. ૬
**પ્રધાન** સાખા **પુનિમ**ગચ્છ, **ઢંઢેર** નામઈ તે સાર મ.
શ્રી **વિનયપ્રભ** સૂરીસરા, જિનસાસન-અણગાર મ. ૭
તસ પાટઈ ગુરૂ દીપતા, શ્રી **મહિમાપ્રભ**સૂરિ મ.
જે થયા જંગમ **સરસતી,** તેજપ્રતાપ પડૂર મ. ૮
તે સુગુરૂ સુપ્રસાદથી, વાધ્યો વયણવિલાસ મ.
શ્રી **ભાવપ્રભ**સૂરિ કહઇ, જિનગુણ-લીલવિલાસ મ. ૯

(૧) ઇતિ શ્રી સીમંધરજિન પ્રમુખ વીસ જિનવર ગીતાનિ. લિખિ પુણ્યરત્નેન, તેજરત્ન પઠનાય, સં.૧૭૮૪. માં.ભં.

**(૩૬૬૪) મહિમાપ્રભસૂરિ નિર્વાણ કલ્યાણક રાસ** ૯ ઢાળ ર.સં. ૧૭૮૨ પોષ શુદિ ૧૦

ગૂર્જર દેશમાં ધાણધાર દેશના પાલણપુર પાસેના ગોલા ગામમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોરવાડ વંશના શાહ વેલાને ભાર્યા અમરાદેવીથી બે પુત્ર ને એક પુત્રી થયા પછી સં.૧૭૧૧ આશ્વિન વદિ ૯ મઘા નક્ષત્રમાં એક પુત્ર થયો. તે પુત્ર નામે મેઘરાજ ૪ વર્ષનો થતાં માતા દિવંગત થઈ, મોટા પુત્ર જુદા થયા, પુત્રી સાસરે ગઈ અને તેથી આ મા વગરના પુત્રને રાખવાની વેલા શાહને ભારે ચિંતા થઈ તેથી તે ટાળવા નાના પુત્રને લઈ યાત્રાએ નીકળ્યો. પાટણનાં ચૈત્યો જુહાર્યાં ને ઢંઢેરવાડે આવીને મહાવીર સ્વામીને વાંદ્યા. અપાસરે આવતાં લલિતપ્રભસૂરિની પાટે વિનયપ્રભસૂરિ હતા. ત્યાં તેમનો ઉપદેશ સાંભળી પોતાના પુત્રને વહોરાવ્યો, સં.૧૭૧૭. તેને ગુરુએ અભ્યાસ કરાવી સં.૧૭૧૯માં દીક્ષા દીધી. નામ મેઘરત્ન રાખ્યું. હૈમ પાણિની મહાભાષ્ય આદિ વ્યાકરણ ભણ્યા પછી ભટ્ટાચાર્ય પાસે બુરહાનપુરમાં 'ચિંતામણિ શિરોમણિ' આદિ ન્યાયગ્રંથો, જ્યોતિષના 'સિદ્ધાંત શિરોમણિ યંત્રરાજ' આદિ ગ્રંથ, ગણિતવિદ્યા, જૈન ન્યાય વગેરે સર્વનો અભ્યાસ કર્યો. સં.૧૭૩૧ ફાગણ માસમાં તેમને વિનયપ્રભસૂરિની પાટે સ્થાપ્યા ને નામ મહિમાપ્રભસૂરિ રાખ્યું. આનો ઉત્સવ શાહ શ્રી લાધા સૂરજીએ કર્યો. પછી અનેક પ્રતિષ્ઠા ઉત્સવાદિ કર્યા. શાહ વચ્છાના પુત્રો ચંદ્રભાણ વિજયસિંઘ સહિત દોશી ઉત્તમ આદિએ પ્રતિષ્ઠા તેમને હાથે કરાવી. ઉત્સવ સુંદરસુત કપૂરે કર્યો.

અનેક પ્રકારના ગ્રંથ જે, બહુવિધિ જોઈ ભંડાર,
અભિનવ તેહ લિખાવીયા, ઈમ કર્યઉ જ્ઞાન-આધાર.

અનેક તીર્થોની યાત્રા કરી, અનેક શ્રાવકો કર્યા. લીલાધર આદિ ત્રણ ભાઈઓએ પટણાથી દ્રવ્ય મોકલ્યું તે પુણ્યક્ષેત્રે વપરાયું, શાહ વચ્છા કુલે હરષમદેના ઉદરે થયેલી બાઈ જતન, રંગબાઈ, વાલિમબાઈ, પ્રેમબાઈ વગેરે શ્રાવિકાઓ હતી. શાહ કસ્તૂરે પાંચમ ઊજવી. લાલચંદની ભક્તિ હતી. પજુસણમાં દોશી તેજસી આગળ રહી ઉદ્યમ કરાવતો. ભગવતી સૂત્રમાં ગૌતમ એ નામ જેટલી વખત આવે તેટલાં દામ ગલાલ કુંવરજી પ્રમુખે મૂકયા. સં.૧૭૭૨ માગશર શુદમાં પ્રવેશ થતાં સૂરિને અસમાધિ થઈ એટલે સર્વને ઉપદેશ આપ્યો ભલામણ કરી, વૃદ્ધ શિષ્ય લાલજી પાસે હતા. માગશર વદ નવમીએ રાત્રે દિવંગત થયા.

**આદિ** – શ્રીમત્**પાર્શ્વ**જિનેશજન્મદિવસે સૌરવ્યાસ્ય દે સંભવં
સૂરેઃ શ્રી **મહિમાપ્રભા**ખ્યસુગુરોર્નિર્વાણકલ્યાણકં,
વક્ષ્યેઽહં ગુરુભક્તિતત્પરમનાઃ શ્રદ્ધાલવઃ શ્રૂયતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યાનાં ગુણકીર્ત્તનશ્રવણતઃ સ્યાત્ પાપનાશો યતઃ.

દૂહા.

શ્રી સુખદાયક જગગુરૂ, **પાર્શ્વનાથ** પ્રસિદ્ધ
વંછિતપૂરણ સુરતરૂ, નમતાં હુઇ નવનિધિ. ૧
**સરસતિ**ના સુપસાયથી, ગાઇસિ હું ગચ્છરાજ
શ્રી **મહિમાપ્રભ**સૂરિનું, સુંણુઉ નિર્વાણ સમાજ. ૨

ઢાલ નિંદરડી વઇરણ હોઈ રહી

**દોસી શિવજી** કુલતિલઉ, **દોસી તેજસી** હો પ્રતપઇ જગભાણ
કિ ધનધન શ્રી સંઘ જગિ જયઉ - ટેક
સંઘ સમુખ્ય શિરોમણી જેહની આઢી હો માનઇ દીવાંણ કિ ધ.૧
શ્રી **શ્રીમાલ** વિમલ વંશઈ **દોસી જઇતસી** હો કેરો શુભ પુત્ર કિ
માતા **રામ**કુખઇ લહ્યઉ, જન્મ સુંદર હો રાખઇ ઘરસૂત્ર કિ ધ. ૨
પરઉપગારી દાનેશ્વરી, ગુણવંતો હો ગંભીર સદાય કિ,
**પુંનિમ**ગચ્છદીપાવક, રૂપ અનુપમ હો દીઠાં આવઇ દાય, કિ ધ. ૩
**દોસી કસ્તૂર હેમો** વલી, **દોસી તલક**ના હો એ દોઈ સુજાત કિ,
**વચ્છા**સુત સાથ સોહામણા, **કસ્તૂરચંદ** હો **મયાચંદ** ભ્રાત
કિ, ધ. ૪
**દોસી** સાથ વિનયી ઘણું, **દોસી અમીચંદ** હો ચંદ નિરમલ બુદ્ધિ કિ
**પનાઉત** સાથ સોભાનિલઉ સહૂ, શ્રાવક હો ગચ્છરાગ વિશુદ્ધ
કિ, ધ. ૫
**ગુડિદાસ ગલાલ કુંયરજી, સામલ** સોની હો સોનીપરિવાર,
સંઘ સઘલો ભેલો કરી, **દોસી તેજસી** હો કરઇ ઉચ્છવ સાર
કિ, ધ. ૬
નાણુકેં અંગ પૂજા કરી, વિલેપી હો ચૂઆ ચંદન અંગ કિ, ધ.
મનોહર વસ્ત્ર વેશે ધર્યાં, પધરાવ્યા હો વિમાનમાં રંગિ કિ, ધ. ૭

*

પ્રાત સમય દશમી દિનઈ, સહુ શ્રાવકે હો વિહરાવ્યું વિમાન કિ ધ.
આગલિ **દોસી તેજસી**, હાકમ નર હો આંણ્યા અસમાન કિ, ધ. ૯

(શબને અગ્નિદાહ દીધો ને ત્યાં સ્થૂભ બંધાવ્યો, તેનું વર્ણન કરે છે કે)

હિવઇ વિસ્તાર તે થૂભનો, સાંભલજ્યો હો સુગણું ધરી પ્રીત કિ ધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી **પત્તન** પુરવર ભલું, દરવાજે હો છંડીયા દીસી જાંણુ કિ, ધ.૧૪
**પીતાંબરસર** પંથમેં, જાતાં જમણે હો હાથઈ ઉચ્ચ ઠાંણુ કિ, ધ.૧૫
**શકના** પટિલ પાસિં થકી, **દોસી તેજસી** હો લીધ ઠામનેં એહ કિ, ધ.
રાજી કરી લીધું લખી, બંધાવ્યા હો પાગ સહૂનેં સનેહ કિ, ધ. ૧૬
**દોસી તેજસીઇ** ઘણો, આદર કરી સંઘથી દ્રવ્ય લીધ કિ, ધ.
પાઇઓ આરોપ્યો શુભ દિનેં, જગિ અખંડિત હો નિરમલ જસ લીધ કિ, ધ. ૧૭
થૂભ કરી તિહાં સુંદરૂ, જલ મીઠું પો કૂપ વાડી સાર કિ, ધ.
છાયા વૃક્ષ સોહામણાં, ફૂલ તરૂવર હો મહિકૈ અપાર કિ, ધ. ૧૮
શ્રી **મહિમાપ્રભ**સૂરિની, પ્રતિષ્ઠી હો પાદુકા માંહિં કિ, ધ.
જે જન સેવૈ ભાવ સ્યું, પૂરે તેહના હો મનના ઉચ્છાહ કિ, ધ.૧૯

*

મગશિર વદિ દશમી દિનૈં, વરસગાંઠે હો ઉજ્જમઇ ગુરૂ નેહ કિ, ધ.
થૂભેં ગાજતૈ વાજતૈ, કરૈ પૂજા હો પ્રભાવના જેહ કિ, ધ. ૨૨

*

શ્રી **મહિમાપ્રભ**સૂરિના, ગુણ ગાતાં હો થયો હરષ અપાર કિ, ધ.
સુણતાં સહૂનઇ સુષકરૂ, મનવંછિત હો લહઇ જયજયકાર કિ, ધ.૨૯
સંવત **સત્તર બિહુત્તરિ** પોસ ઉજ્જલ હો દશમીનઈ દિન કિ, ધ.
નિર્વાણ ગાઉં ઇંણિ પરિ, ઢાલ નવમી હો **ભાવરત્ન** સુમન કિ, ધ.૩૦
ગુરૂસુપ્રસાદ થકી હુઈ શ્રી સંઘનઈ હો મનવંછિત સિદ્ધિ કિ, ધ.
ઘરિઘરિ રંગ વધામણાં, સુખ વિલસઈ હો લહઇ બહુલી ઋદ્ધિ કિ, ધ. ૩૧

**અંત –** કલસ

શ્રી **મહિમાપ્રભ**સૂરિ સદગુરા તેહની સ્તવના કરી
ધનધન શ્રાવકશ્રાવિકા જે સાંભલિ આદર ધરી
તસુ ગેહ સંપતિ સાર સોહઇ સુખ સોભાગ સદા લહઈ
તેજપ્રતાપ અખંડ કીરતિ પામઇ **ભાવરતન** કહઇ. ૧

(૧) સં.૧૭૮૪ માઘ વ.૩ જીવવારે **અણહિલ્લપુર પત્તને પૂર્ણિમા** પક્ષે **ઢંઢેર** સંજ્ઞકે **ઢંઢેર**પાટકાલંકાર નિર્દોષ પૌષધશાલાયાં કૃત ચાતુર્માસક ભ. **ભાવપ્રભસૂરીશ** ચરણ-સરોજ-રોલંબાયમાન શિશુ **પ્રયાગજી**કેનેદં પુસ્તક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લિ. પિતૃવ્ય ગુરૂશ્રી **તેજરત્ન** નામધેયાનાં તેજસ્વિનાં વાચનકૃતે. ચોપડો, જશા.સં. [મુપુગૂહસૂચી.]

**(૩૬૬૫) ચોવીસી** ર.સં.૧૭૮૩ ફાગણ શુદ ૩ સોમ

**આદિ** – પંથીડા સંદેશો પૂજ્યજીને વીનવે રે એ દેશી

**આદિ** જિનેસર દાસની વિનતી રે, મુજ ચિત્તઆંગણીએ તું પધારિ રે
ચરણકમલની આલો ચાકરી રે, જીવન કરિ સફલો અવતાર રે આદિ. ૧

**અંત** – સુણિ બહિની પ્રિયુડો પરદેશી

આજ દિવસ ધનધન એહ મહારો, **ઋષભ** પ્રમુખ જિન ગાયા રે
વર્ત્તમાન ચોવીસ તીત્થંકર, ત્રિભુવનના જે રાયા રે ૧ આ. ટેક
ચિંતામણિ સમ સયલ જિણેસર, સેવતાં સુખ લહે પ્રાણી રે
જિનસ્તવના કરી ઉલ્લટ આંણી, સફલ થઇ મુઝ વાણી રે. ૨ આ.
સંવચ્છર **રત્ન પ્રવચનમાતા, ભેદ સંયમના** ધારો રે
ફાગુણ સુદિ તિથિ ત્રીજ અનૂપમ, વાર નક્ષત્રપતિ સારો રે ૩ આ.
**પુનિમ**ગચ્છ ગુરૂરાજ વિરાજઇ, શ્રી **મહિમાપ્રભ** સૂરીંદા રે
જગમઇ તેહની કીરતિ મોટી, અહનિશિ ગાય રાજેંદા રે ૪ આ.
તસુ પાટઈ **ભાવપ્રભ** સૂરીસર, મન હરષઈ ઇમ ભાખઇ રે,
જિનગુણ સાંભલઇ **ભાવ** ઇમ પભણઇ તે અક્ષયસુખ સાખઈ ૫ આ.

(૧) સં. ૧૭૮૪ પોસ સુદિ ૧૦ સોમ લિ. પુણ્યરત્નેન પં. **તેજસી** પઠનાર્થ. ચોપડો, જશા.સં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૧).]

**(૩૬૬૬) સુભદ્રા સતી રાસ** ૨૦ ઢાળ ર.સં.૧૭૯૭ મહા શુ.૩ શુક્ર પાટણ

**આદિ** – દૂહા.

સકલ અતિશયે શોભતા, શ્રી **શંખેસર પાસ,**
સેવકને સુરતરૂ સમા, પરતક્ષ પૂરે આસ. ૧
આરાહુ અતિ આદરે, ગુરૂ-પયયુગલ પ્રધાન,
જાસ પસાયે પામીઈ, મહાજનમાં બહુ માન. ૨
ગુરૂ અપૂરવ દીવલો, હરે અંર અંધાર,
જાસ દયાયે શિષ્ય કરે, શાસ્ત્રસમુદ્રનો પાર. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ્રકિરણ જિમ ઉજલી, જેહની દેહની કાંતિ,
તે **સરસતિ** નિત સમરીએ, ભાજે ભાવઠિ ભ્રાંતિ. ૪

*

સત્તરમો (શિણગાર) જગિ જાંણીઈ, શીલ સદ્ધર સણગાર,
એક વિના સોલે વૃથા, દીસે જેહવા છાર. ૧૧
જેહ **સુભદ્રા** મહાસતી, નિરમલ જાસ ચરિત્ર,
સરસ સંબંધ સુણતાં થકાં, થાસ્યે દેહ પવિત્ર. ૧૨
આલસ ઉંઘ સદા તજી, ધરે શ્રોતા ગુણ જેહ,
ચેતના સન્મુખી સુખી, કહ્યો સચેતન તેહ. ૧૩

**અંત** - ઢાલ ૨૦ ધન્યાસી.

**દશવૈકાલિક હારિભદ્રિ વૃત્તિ,** કહ્યો **સુભદ્રા** તાતો
**ચંપાનયરે જિનદત્ત** નામે, ભિન્ન સંબંધ વિખ્યાતો રે. ૪
ભિન્નભિન્ન સંબંધ છે કાંઈક, વલી અન્ય શાસ્ત્રમે ધારી,
શીલકુલાદિક શાસ્ત્રને જોઇ, રાસ રચ્યો મેં વિચારી રે. ૫
મુઝને કોઇ દૂષણ મત દેજ્યો, તે તે શાસ્ત્રને જોજો,
અધિકુંઓછું જે મેં ભાષ્યું, મિચ્છા દુક્કડ હોજો રે. ૬
શ્રી **પુનિમગચ્છ પ્રધાન** શાખા શ્રી **વિદ્યાપ્રભ**સૂરિરાયા,
ભટ્ટાચાર્ય જીતો જેણિં, વાદી નામ ધરાયા રે. ૭
તસ પટ્ટ કમલ દિવાકર સરિખા, શ્રી **લલિતપ્રભ** મુણિંદો,
જેહની લલિત વાણી નિસુણીને, ભવિજન પામે આણંદા રે. ૮
તસ પટ્ટ કુમુદ કલાધર કહીએ, શ્રી **વિનયપ્રભ** સૂરીશા,
વિનય કરીને નૃપજન સેવે, પામે પરમ જગીશા રે. ૯
તસ પટ્ટ ઉદયાચલ વર દિનકર, શ્રી **મહિમાપ્રભ** સૂરિરાજા
જેહનો મહિમાપડહો જગમેં, વાજે અધિક દિવાજા રે. ૧૦
તે ગુરૂચરણસરોજકૃપાએ, મુઝ મતિ જ્ઞાને વાસી,
શ્રી **ભાવપ્રભ** સૂરીશ સતીનો, સંબંધ કહે ઉલ્લાસી રે. ૧૧
શ્રી **પત્તન**પુર **ઢંઢેર**વાડે, પોલિ પ્રાસાદ ઉત્તંગા,
શ્રી **વીર શામલો પાસ** જિણેશર, **કલિકુંડ પાસ** સુચંગા રે. ૧૨
**તુરંગ અંક તુરંગમ ભૂમી, ૧૭૯૭** માન સંવત્સર ધારો,
માહ શુદિ ત્રીજ જયા તિથિ જાણો, દિનવાર શુક્રે સંભારો. ૧૩
શીલસુવર્ણનાં ભૂષણભૂષિત, ગુણરયણેં જે સુહાયો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સતી **સુભદ્રા** નામ સુમંગલ, મનવંછિત સુખ પાયો રે. ૧૪
ભણતાં ગુણતાં વલીય સાંભલતાં, સતીચરિત્ર રસાલા,
શ્રી **ભાવપ્રભ**સૂરિ વીસમી ઢાલે, ફલી મનોરથમાલા રે સતી
સંબંધ સરસ ભાખ્યો. ૧૫

(૧) શ્રી મહાવીર શામલા કલિકુંડ પાર્શ્વનાથાય નમઃ સંવત્ ૧૮૦૩ વર્ષે શાકે ૧૬૬૮ પ્રવર્ત્તમાને માહ વદિ ૪ વાર સોમે લિખિતં પૂજ્યશ્રી ઋષિ શ્રી ૫ મુકુંદજી તતશિષ્ય ઋષિ **માણિકચચંદેન**. પ.સં.૧૪-૧૮, રત્ન.ભં. દા.૪૩ નં.૮૩. (૨) ખં.ભં. [મુપુગૂહસૂચી.]

**(૩૬૬૭) બુદ્ધિલ વિમલા સતી રાસ** ૨ ખંડ ર.સં.૧૭૯૯ માગશર શુદ ૨ ગુરુવાર અણહિલપુર પાટણમાં

**આદિ** – સકલસુરવરમુગટકુસુમ, અર્ચિત પયઅરવિંદ,
કેવલનાંણ દિણેસરૂ, જયજય **પાસ** જિણંદ. ૧
નીલકમલદલ લોયણાં, નીલમણિ સમ કાંતિ,
નવહાથ ઉન્નત તનુ, દાંત મુગતાફલપાંતિ, ૨
નિરૂપમ વ્યાખ્યાગેહમેં, સિંહાસન સોહંત,
ભામંડલ નીલાસિમૈં, અશોક નીલ મિલંત. ૩
શ્રી **વામા**રાણી વિમલ, કુક્ષિ કમલ કલહંસ,
**અશ્વસેન** રાજેસરૂ, કુલ ઉદયાચલ હંસ. ૪
અતિશય ચઉદહ જન્મના, ઘન ઘાતીઈ અગ્યાર,
ઉગણીસ સુરકૃત જાંણીઇ, અન્ય સુરમેં ન લગાર. ૫
પાડિહેર આઠેં ભલા, ગલિત અષ્ટાદસ દોષ,
પાંત્રીસ ગુંણ વાણી વદે, સ્યાદ્વાદ શુદ્ધ ઘોષ. ૬
એહવા **પાસ** જિણેસરૂ, નમતાં પાતિક જાય,
વિઘન હરેં સુખનેં કરેં, **પાર્શ્વ**યક્ષ સદાય. ૭
વાણી વાણીમય તનુ, ધરીઈ હૃદય મઝાર,
વંછિત અર્થ દીઈ સદા, જસ અભિનવ ભંડાર. ૮

યતઃ

અપૂર્વઃ કોડપિ ભંડારે, દશ્યતે તવ ભારતિ,
અવ્યયે વ્યયતાં યાતિ, વ્યયે યાતિ સુવિસ્તરાં. ૧
નરભવ ઉત્તમ કુલ લહી, ધરે ઉજ્જવલ વ્યવહાર,
નિર્મલ શીલભૂષણ ધરેં, તે પાંમે સુખ સાર. ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઇક શીલ ઉધૈ ધરૈ, કુલ આઢીઇ ધરે કોઇ,
આપ આપપણે ધરૈ, તે જગ વિરલા કોઈ. ૧૦
યદાહ આગમે
અપ્પા ચેવ દમેઅવ્વો, અપ્પા હુખલુ દુદ્દમો,
અપ્પા દંતો સુહી હોઇ, અસિં લોએ પરત્થય. ૧૧
શીલ ધરે લજ્જાદિકૈં, તે વ્યવહારે જાંણિ,
આતમસાખે જે ધરૈ, નિશ્ચયનય પ્રમાંણ. ૧૨
પ્રાણાંતે પિણ નવિ ડગે, શીલલક્ષણના જાંણ,
નર સુરનર સુખ અનુભવી, લહે પરમપદઠાંણ. ૧૩
શ્રેષ્ઠિસુત **બુદ્ધિલ** નિપુણ, જિમ તસ ઘરણી સાર,
**વિમલા** નાંમ મહાસતી, જાસ સફલ અવતાર. ૧૪
**કથાકોશ** થકી લહ્યો, મેં એહનો અધિકાર,
ભાખું ભવિયણ સાંભલો, એકચિતે સુખકાર. ૧૫

**અંત** – ઢાલ – વીર સુણો મોરી વીનતિ – એ દેશી. રાગ ધન્યાસી.
દાન શીલ તપ ભાવના ધર્મ ભાખ્યો હો જીનશાસન માંહિ,
શિલધર્મ ઇહાં વર્ણવ્યો, ભવિ સુણજ્યો હો ધરી મનમાં ઉછાંહિ.
શીલપ્રભાવ મોટો જગે.

*

પ્રધાન શાખા જિહાં શોભતી, **પુંનિમ**ગચ્છ હો જગ માંહિ પ્રસિદ્ધ,
શ્રી **વિદ્યાપ્રભ**સૂરીસરા ભટ્ટ જીતી હો વાદિપદ લીધ. શી. ૮
તસ્સ પટ્ટ ઉદયાચલ રવિ ભટ્ટારક હો **લલિતપ્રભ** સૂરીંદ,
લલિત વાણી જેહની સુણિ ભવિ ભાંજે હો ભવભવનાં ફંદ. શી. ૯
તસ્સ પટ્ટ કુવલય ચંદ્રમા ભટ્ટારક હો **વિનયપ્રભ** નાંમ,
જનને દેઈ દેસના શીખવી હો કરે વિનયનું ધામ. શી. ૧૦
તસ પટ્ટપદ્મ પ્રભાકરા હો **મહિમાપ્રભ**સુર,
મહિમા મહીયલ જેહનો ઉતર્યાં હો જિણે વાદીનૂર. શી. ૧૧
ગચ્છ ચોરાસીઇં જેહની કીર્ત્તિ વિસ્તરી હો નિરમલ ગોખીર,
સકલઆગમવેત્તા વરૂ ગીતારથ હો બહુ ગુણે ગંભીર. શી. ૧૨
ચિત્કોશ બહુલ લિખાવિયા, જેણે ભાવિયા હો સૂક્ષ્મનયભંગ,
તે ગુરૂના સુપ્રસાદથિ વિદ્યા વાસિત હો મુઝ ગતિ સુરંગ. શી. ૧૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી **મહિમાપ્રભ**સૂરિના પટ્ટધારી હો **ભાવપ્રભ** સૂરિસ,
રાસ રચ્યો રલીયામણો, સાંભલિતાં હો લહીઈ સુજગીસ. શ્રી. ૧૪
સંવત **નવ નવ ઘોડલો ચંદ્ર** સમિત હો જાણો નરહ સૂજાણ,
મગસીર સૂદ દિન બીજડી ગુરૂવારે હો સૂંદર સૂખખાંણ. શ્રી. ૧૫
**અણહિલપૂર પાટણેં ઢંઢેરવાડેં** હો વસતિ સૂવિશાલ,
દીપેં મનોહર દેહરાં પેખતાં હો જાઈ પાપની ઝાલ. શ્રી. ૧૬
તિહાં એ રાસ રચ્યો ભલો મતિસારૂ હો આણિ નૂતન ઢાલ,
**બુદ્ધિલ** સતિ **વિમલા** તણો, મિઠો રૂડો હો સંબંધ રસાલ. શ્રી. ૧૭
બીજે ખંડે સોલમી પૂરણ થઇ રે, એ સુંદર ઢાલ,
**ભાવપ્રભ**સૂરિ કહેં સાંભલતાં હો હોઈ મંગલમાલ. શ્રી. ૧૮

(૧) ઇતિશ્રી પૂનિમાગછેં પ્રધાનસાખીય ઢંઢેરસંજ્ઞિક ભટ્ટારક શ્રી ભાવપ્રભસૂરિવર વિરચિતે શ્રી **બૂદ્ધિલ વિમલા** સતી ચરિત્રે રાસ સંબંધે દ્વિતીય ખંડ છે સમાપ્તં. **પાટનનગરે**, પ્રસાદાત્ શ્રી **વિજયજિનેંદ્ર** સૂરીશ્વર પાશ્વે॰ ઉતાવત્ લીપીકૃતં **પંચાસર** પ્રસાદાત્. પ.સં.૩૮-૧૫, પ્ર.કા.ભં. (૨) સં.૧૮૨૯ ચૈ.વ.૭ ભોમે લ. **માનચંદ્ર** પઠનાર્થં **અભજી કાનજી**. પ.સં. ૬૦-૧૧, તિલક.ભં. પો.૭. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૬).]

## (૩૬૬૮) પ્રકીર્ણ સઝાયાદિ

(૧) લ. પં. દેવરત્નજી ગામ **બેડવા** મધે. ખેડા ભં.૩.

**૧** ગુરુમહિમા ચોપાઈ ૯ કડી, **૨** સુશિષ્યલક્ષણાધિકાર ચોપાઈ ૭ કડી, **૩** શિષ્યલક્ષણ ચોપાઈ ૭ કડી, **૪** કુશિષ્યલક્ષણપરિહરણ ચો. ૧૩ કડી, **૫** ધન્નાજી સ.૫ કડી, **૬** રાજિમતી રહનેમિ સ. ૧૬ કડી સંવાદ રૂપે, **૭** જંબૂસ્વામી સ. ૭ કડી સંવાદ રૂપે, **૮** સ્થૂલિભદ્ર મુનિ સ. ૧૬ કડી,

(૨) લિ. **પ્રેમરત્ન** (કવિના શિષ્ય) સં.૧૭૮૨, ચોપડો, જશ.સં. ઉપર્યુક્ત ૮

(૩) સં.૧૭૯૫ શાકે ૧૬૬૦ પો.વ.૫ ગુરૂ પં. **સુમતિરત્ન** શિ. **માણકચરત્નેન** લિ. **આદીઆણા** ગ્રામે. પ.સં.૯, અંતે, ડા. પાલણપુર દા.૩૯ નં.૬૫.

**૯** આદિ જિન સવૈયા ૧૫ કડી, **૧૦** પ્રકીર્ણ સવૈયા બાહુબલી, ભરતનૃપ, અષ્ટાપદ તીરથી એમ ત્રણના ત્રણ, **૧૧** ૨૪ જિન સવૈયા તેઈસા ૨૪ કડી, **૧૨** શાલિભદ્ર ધના ઋષિ સ. ૨૭ કડી, **૧૩** સ્થૂલિભદ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ. ૧૫ કડી, **૧૪** ૫૦ પડિલેહણ મુહપત્તિકા સ્વા. ૯ કડી,

(૪) લિ. પુણ્યરત્નેન તેજરત્ન પઠનાય. [ભં. નીચેનો ?]

**૧૫** મેઘકુમાર સ. ૧૧ કડી,

(૫) ૫.સં.૨-૧૦, હા.ભં. દા.૮૩ નં.૧૩૨.

**૧૬** + નવવાડ સ.

**આદિ** – નવવાડ રૂડી પરે સાચવે, ધન સીલ તણું જન જેહો રે
શ્રી **મહિમાપ્રભ** સૂરીસના **ભાવ** સાધુ સ્યું નેહો રે.

પ્રકાશિત : ૧. બ્રહ્મચર્યની ચોપડીમાં, પૃ.૧૪૪. [૨. મોટું સઝાયમાલા સંગ્રહ.]

**૧૭** + અધ્યાત્મ થુઈ

**આદિ** – ઉઠ સવારે સામાયિક કિધૂ પણુ બારણુ નવિ દીધું.

**અંત** – **ભાવપ્રભ**સૂરિ કહે નહિ કથલો અધ્યાત્મ ઉપજાવોજી.

[લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૭૭).]

[પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સં. ભા.૧ તથા ભા.૩.]

**૧૮** [+] [તેર] કાઠિયા સ.

[પ્રકાશિત : ૧. નેમવિવાહ તથા નેમનાથજીનો નવરસો.]

**(૩૬૬૯)** [+] **અષાઢાભૂતિ સઝાય** [અથવા **રાસ**] ૫ ઢાળ

(૧) સં.૧૭૮૪, ચોપડો, જશ.સં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૫૩, ૪૩૧).]

[પ્રકાશિત : ૧. જૈન સઝાય સંગ્રહ (સારાભાઈ નવાબ). ૨. મોટું સઝાયમાલા સંગ્રહ તથા અન્યત્ર.]

**(૩૬૭૦) લોકરૂઢ ભાષા જ્ઞાનોપયોગી સ્તુતિચતુષ્ક બાલા.**

(૧) લ.સં.૧૯૭૯, ૫.સં.૫૦, હં.ભં. નં.૨૫૯૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૦૩–૧૧, ભા.૩ પૃ.૧૪૨૪–૩૨ તથા ૧૬૩૯.]

## ૧૦૭૦. (બ્રહ્મ) જ્ઞાનસાગર (દિ. કાષ્ઠાસંઘ શ્રીભૂષણશિ.)

[અન્યત્ર કવિની રચનાઓ ૨.સં.૧૬૫૭થી ૧૬૫૯ની નોંધાયેલી મળે છે.]

**(૩૬૭૧ ક) અનંત ચતુર્દશી કથા** કડી ૫૪ લ.સં.૧૭૮૯ પહેલાં

**આદિ** – શ્રી જિનવર ચૌવીસે નમું, **સારદ** પ્રણમી અઘ નિગમું,
ભાવે ગણધર પ્રણમુ પાય, ભાવે વંદુ સદગુરૂરાય. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનંતવ્રતની કથા** પવિત્ર, સુણજ્યો સજન ચિત્ર વિચિત્ર,
**જંબૂદીપ ભરત** વર જાણ, **આર્ય**ખંડ તિહાં અનૂપ વખાણ. ૨

**અંત** – **પાંડુરાય** જિણપૂજા કરી, પૂન્યભંડાર સંપૂરો ભરી,
હર્ષસહિત આયો નિજ થાંન, પુન ફલેં મહિમા જન માન. ૫૩
જે કોઇ વ્રત ભાવે કરે, તે નર મુક્તિરમણી કરથુ ધરે,
**શ્રીભૂષણ** પદ સમરી સહી, કથા **જ્ઞાનસાગર** મુની કહી. ૫૪

(૧) જુઓ નં.૩૬૭૭ને અંતે.

**(૩૬૭૧ ખ) સુગંધદશમી વ્રત કથા** કડી ૪૩

**આદિ** – શ્રી જિન **સારદ** મનમાં ધરૂં, સદગુરને નિત વંદન કરૂં,
સાધ સંત વંદૌ હું સદા, કથા કહૂ દશમીની મુદા. ૧

**અંત** – એ વ્રત જે નરનારી કરે, તે ભવસાગર લીલા તરે,
**ગ્યાનસાગર** મુની ઇમ ઉચ્ચરે, જિણચરણે ચિત જુ ધરે. ૪૩

(૧) જુઓ નં.૩૬૭૭ને અંતે. [કૅટલૉગગુરા.]

**(૩૬૭૨) દશ લાક્ષણિક કથા** કડી ૫૫

**આદિ** – પ્રથમ નમન જિનવરને કરૂં, **સારદ** ગણધર પદ અનુસરૂં,
દશલક્ષણવ્રત કથા વિચાર, ભાખું જિનઆગમ અનુસાર. ૧

**અંત** – ભટ્ટારક **શ્રીભૂષણ** ધીર, સકલ સાસ્ત્ર પૂરણ ગંભીર,
તસ પદ પ્રણમી બોલે સાર, બ્રહ્મ **જ્ઞાનસાગર** સુવિચાર. ૫૫

(૧) જુઓ નં.૩૬૭૭ને અંતે.

**(૩૬૭૩) રત્નત્રય વ્રત કથા** કડી ૪૪

**આદિ** – શ્રી જિનચરણકમલ નમું, **સારદ** પ્રણમી અઘ નિગમું,
**ગૌતમ** કેરા પ્રણમુ પાય, જેહથી બહુવિધ મંગલ થાય. ૧
શ્રી **રત્નત્રય વ્રત**ની કથા, જિનઆગમ કહી છે યથા,
ભાખ્યું તેહ તણે અનુસાર, સુણજ્યો શ્રાવકધર્મવિચાર. ૨

**અંત** – રતનત્રય વ્રત જે નર કરે, તે નર મુક્તિરમણી સુખ વરે,
યહ ભવ બહુલી પાવે રિધિ, પરભવ સકલપદારથસિદ્ધિ. ૪૩
પામે મણિમાણિકભંડાર, પદપદ મંગલ જયજયકાર,
**શ્રીભૂષણ** ગુર પદ આધાર, બ્રહ્મ **ગ્યાન** બોલે સુવિચાર. ૪૪

(૧) જુઓ નં.૩૬૭૭ને અંતે.

**(૩૬૭૪) સોલ કારણ વ્રત કથા** કડી ૩૪

**આદિ** – શ્રી જિનવર ચોવીસ નમું, **સારદ** પ્રણમી અઘ નિગમું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિજ ગુરુ કેરા પ્રણમુ પાય, સકલ સંત પ્રણમી સુખ થાય. ૧
ષોડશ કારણ વ્રતની કથા, ભાખુ જિનઆગમ છે યથા,
શ્રાવક સુણજ્યો નિજ મન શુદ્ધ, તેહથી તિર્થંકરપદ-વૃધ. ૨

**અંત** – જે નરનારી એ વ્રત કરે, તે તીર્થંકરપદ અનુસરે,
ઈહ ભવ પામે રિદ્ધિ અપાર, પરભવ મોક્ષ તણો અધિકાર. ૩૩
પામે સકલ ભોગ સંયોગ, ટલે આપદા રોગ વિરોગ,
**શ્રીભૂષણ** ગુરૂ આધાર, બ્રહ્મ **જ્ઞાનસાગર** કહે સાર. ૩૪

(૧) જુઓ નં.૩૬૭૭ને અંતે.

**(૩૬૭૫) અઠાહી વ્રત કથા** કડી ૫૩

**આદિ** – શ્રી જિણ **સારદ** ગણધર પાય, પ્રણમી માંગુ એક પસાય,
**વ્રત અષ્ટાન્હિકા** કથા વિચાર, ભાખું આગમનેં અનુસાર. ૧

**અંત** – એ વ્રત જે નરનારી કરે, તે ભવસાગર વેગેં તરે,
**શ્રીભૂષણ** ગુરૂ આધાર, બ્રહ્મ **જ્ઞાનસાગર** કહે ઇહ સાર. ૫૩

(૧) જુઓ નં.૩૬૭૭ને અંતે.

**(૩૬૭૬) નિર્દોષ સપ્તમી** કથા કડી ૪૧

**આદિ** – શ્રી જિનચરણકમલ અનુસરૂં, **સારદ** નિજ ગુરૂ મનમાં ધરૂં,
નિરદોષ સપ્તમી કથા, બોલું જિનઆગમ છે યથા. ૧

**અંત** – એ વ્રત જે નરનારી કરે, તે નર ભવસાગર ઉતરે,
અજરામરપદ અવિચલ લહે, બ્રહ્મ **જ્ઞાનસાગર** ઇમ કહે. ૪૧

(૧) જુઓ નં.૩૬૭૭ને અંતે.

**(૩૬૭૭) આકાશપંચમી કથા** કડી ૭૯

**આદિ** – શ્રી જિનસાસન-પય અનુસરૂં, ગણધર નિજગુરૂ વંદન કરૂં,
સાવસંતના પ્રણમું પાય, જેહથી કથા અનોપમ થાય. ૧
સમવસરણમાં **શ્રેણિક** ભૂપ, સુણતો જિનવરકથાસ્વરૂપ,
આકાશપંચમી વિકથા વિચાર, ઉપદેશશત શ્રી **વીર**કુમાર. ૨

**અંત** – **કાષ્ટાસંઘ** સરોજ પ્રકાશ, **શ્રીભૂષણ** ગુરૂ ધર્મનિવાસ,
તાસ સિષ ઈમ બોલે સાર, બ્રહ્મ **જ્ઞાનસાગર** કહે મનરંગ. ૭૯

(૧) ઉપરની સર્વ કૃતિ એક ચોપડીમાં. સં.૧૭૮૯ ફા.સુ.૧૫ સનિ શ્રી **મૂલસંઘ બલાત્કારગણે: સરસ્વતીગચ્છે** ભટ્ટાર્કશ્રી **કુંદકુંદાચાર્ય** આમનાયે આચાર્ય શ્રી હર્ષકીર્ત્તિ: તતસિષ્ય બ્રહ્મચય **સુખસાગરેણ** લપિકૃતં સાહશ્રી **દુખનમલજી** તતપુત્ર **બાબુજીશ્રી મયારાંમ** પઠનાર્થં **ખંડેલવાલ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાતી ચીરંજીયાત્ પટ્ટણા મધ્યે શુભં ભવત્, સેઠ સુદરસણુ સમીપે, કલ્યાણ-મસ્તુઃ શ્રીરસ્તુઃ શ્રી. જિનદત્ત ભં. મુંબઈ.

**(૩૬૭૮) નેમ રાજુલ બત્રીશી** ૩૨ કવિત

**આદિ** – કવિત

ભોગ અનોપમ છાંડ કરી તુમ જોગ લીયો સુખહા મન ઠાંણ્યો,
સેન વીચિતર ભલાઈ અનોપમ સુંદર નારકો સંગ ન જાંણ્યો.
શક્ર તણો સુખ છોર પ્રતક્ષ કહા દુખ દેખત હોય ન આંણ્યો,
**રાજુલ** પુછે **નેમ**કુમાર સ્યું જોગ વીસાર કહા મન આંણ્યો. ૧

**અંત** – કલસ

વાત કહી દસ વીસ રાંણી **રાજુલ**ને સારી,
**નેમિ**કુમાર કહી નેમ વિવિધ દષ્ટાંત તત્ત્વ વિચારી.
આદર વિનયવિવેક, સકલ યુ સમઝાયો,
**નેમનાથ** દઢ ચિત્ત કબહું **રાજુલ** વસ કીનાયો,
**રાજીમતી** પ્રતિબોધકેં સુધ ભાવ સંજમ દીયો,
બ્રહ્મ **જ્ઞાનસાગર** કહે વાદ **નેમિ રાજુલ** કીયો. ૩૨

(૧) પ.સં.૯-૧૩, ના.ભં. (અમૃતવિજયના '૨૪ ચોક' સાથે.)
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૩૨-૩૫.]

## ૧૦૭૧. કીર્તિસુંદર-કાન્હજી (ખ. જિનભદ્રશાખા ધર્મસિંહશિ.)

ધર્મસિંહ જુઓ નં.૯૧૬.

**(૩૬૭૯) અવંતીસુકુમાર ચોઢાલિયું** ર.સં.૧૭૫૭ ચોમાસું મેડતા

**આદિ** – વંદું શ્રી **મહાવીરના**, પાયકમલ ધરિ પ્રેમ,
જિણરો શાસન જાણીયેં, આગમ ભાખ્યા એમ. ૧

*

કરણી જિણ મોટી કરી, મુની **અવંતીસુકમાલ**,
સૂત્ર તણે અનુસારસું, સંબંધ કહું રસાલ. ૪

**અંત** – સંવત **સતરે** વરસ **સતાવને, મેડતા** નગર મઝાર,
ચૌમાસેં શ્રી **જિણચંદ**સૂરિજી, સહુ ગચ્છમેં સિરદાર જગમે. ૭
પાઠક શ્રી **ધ્રમસીજી** પરગડા, પંડિત ગુણે પરધાન,
કરી જોડ ત્યારે સિષ **કાંન્હજી**, ધરિવા ધ્રમનો ધ્યાન. જગમેં. ૮
સાધાંરા ગુણ વલિ સમરતાં, સુદ્ધ હુવે સમકિત,
રંગ રલી મંગલીક હુવેં રૂડા, વરેં સુગતિ બહુ વિત. જગમેં. ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) પ.સં.૩, અભય. નં.૨૬૩.

**(૩૬૮૦)** [+] **માંકડ રાસ** ર.સં.૧૭૫૭ મેડતા

[પ્રકાશિત : ૧. રાજસ્થાન ભારતી અં.૩-૪.]

**(૩૬૮૧) અભયકુમારાદિ પંચ સાધુ રાસ** ૧૨ ઢાળ ર.સં.૧૭૫૯ જયતારણમાં

**આદિ** – ઉ. ધર્મ્મવર્દ્ધન ગુરૂભ્યો નમઃ

જગગુરૂ પ્રણમું **વીર** જિન, અધિક ભાવ મન આણિ,
સુપસાયૈં જિણરૈં સહૂ, વંછિત ચઢૈં પ્રમાણ. ૧
ગુણ સાધાંરા ગાવતા, કર્મનિર્જ્જરા હોઇ,
સુણતાં સમકિત સુધ હુવે, કહું કથાનક સોઈ. ૨
સહુસુબુધીસિરસેહરો, અધિક કીયા ઉપગાર,
કીરતિ **અભયકુમારરી**, સહુ જાણૈ સંસાર. ૩
તસુ સંબંધ સંખેપ સું, અવર ચ્યાર અણગાર,
**શિવ સુવ્રત ધન જોનક** જુ, એહના કહું અધિકાર. ૪

**અંત** – ઢાલ ૧૨ ધન્યાસી.

શ્રી **શ્રેણિક** ને **અભયકુમાર**નો, ચરિત વડો વિસ્તાર,
તિહાં સોધી ચિહું સાધાંની ચોપઇ, કહી વૈરાગવિચાર. વિધિ. ૬
મનમાન્યાં મેવા પકવાનના, અધિક ભર્યા અંબાર,
સહુ કો રૂચિ સારૂ જીમી સકે, એ તિણ વિધિ અધિકાર. ૭
સંવત **સતરૈ ગુણસઠે** સમેં, **જયતારણ** પુર જાણ,
ચોમાસેં શ્રી **જિનચંદ**સૂરિજી, ભટ્ટારકકુલભાણ. ૮
**ભટ્ટારકીયા ખરતર** જસ ભલા, શાખા **જિનભદ્ર**સૂરિ,
**સાધુકીરતિ સાધુસુંદર** સારિખા, પાઠક વિદ્યાપૂર. ૯
**વિમલકીરતિ** જગિ વિમ્મલ ચંદ જ્યું, **વિજયહરષ** સુખદાન,
શ્રી **ધર્મ્મવર્દ્ધન** રાજે સદગુરૂ, પાઠક સુગુણપ્રધાન. ૧૦
ગુણ સાધાંરા મન સુધ ગાવતાં, સહુ સુખ લહીયેં સાર,
**કીરતિસુંદર** હવૈ **કાંન્હજી**, સંઘ ઉદય સુખકાર. ૧૧

(૧) સં.૧૭૬૯ આ.વ.૧૪ **મુલતાણ** મધ્યે હંસહેમ લિ. કુશલસુખ નિમિત્તે. પ.સં.૯, જય. પો.૬૯. (૨) પ.સં.૯, લિ. કુશલસુખ. જય. પો.૬૯.

**(૩૬૮૨) કૌતુકપચીસી** ર.સં.૧૭૬૧ અસાડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૩૬૮૩) ચોબોલી ચોપાઈ** ર.સં.૧૭૬૨ થાણુલે નગરમાં

(૧) સં.૧૮૭૯ આ.વ.૧ સુમતિવિશાલ લિ. પ.સં.૨૬, કૃપા. પો.૪૨ નં.૭૩૭. (લાભવર્દ્ધનકૃત 'લીલાવતી ચોપાઈ' સહિત) (૨) પ.સં.૮, જિ.ચા. પો.૮૦ નં.૧૯૯૦.

**(૩૬૮૪) વાગ્વિલાસ કથા સંગ્રહ**

આ બધી કૃતિઓ રાજસ્થાની ભાષામાં છે.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૦૪-૦૬.]

## ૧૦૭૨. દીપચંદ (ગુજરાતી લોંકાગચ્છ રૂપ-જીવા-વરસિંહ-જસવંત-રૂપસિંહ-દામોદર-ધનરાજ-ક્ષેમકર્ણ-ધર્મસિંહ-વર્ધમાનશિ.)

**(૩૬૮૫) ગુણકરંડ ગુણાવલી ચોપાઈ** ર.સં.૧૭૫૭ વિજયદશમી

**આદિ** – સંપતિસુખદાયક સરસ, પ્રણમું શ્રી જિણ **પાસ**
તીર્થંકર તેવીસમો, અવિચલ પૂરણ આસ. ૧
વલૈ **સરસ્વતી** વીનવું, વાંણિઅરથવરદાય
કહિસ્યૂં પુંન્ય ઉપર કથા, સાંભલતાં સુખ થાય. ૨

*

ગુણવંત નારિ **ગુંણાવલી**, ઈધકે પુન્ય અખ્યાત
કિણ વિધ સિધ કારજ કરી, વસુધા હુઈ વિખ્યાત. ૬
ગુણ તિણરા દાખું ગહિર, વચનૈ સરસ વણાય
બુદ્ધિ કલ બલ છજ એ બહૂ, ચતુર સુણો ચિત લાઈ. ૭

**અંત** – પુન્ય કીયાંથી દુખ નવિ પામે, ક્રમ હૈ મોખ્ય ધુરંદાજી
અવિચલ મોખ્ય જિહાં આણંદા, જંપે એમ જિણંદાજી. ગું. ૮
સંવત **સત્રે સતાવનૈ** વરસૈ, દુસરા હારૈ દીવસૈજી
સરસ સમંધ કહ્યૌ મન સરસૈ, સુંણિયાં ભવિજન હરસેજી. ગું. ૯
ગિરૂઓ ગછ **ગુજરાતી** ગાજૈ, વસુધાપીઠ વિરાજૈજી
ધર સગલી જાંણૈ **ધનરાજ**, ઈધકી જસ આવાજજી. ગું. ૧૦
તસ પાટે શ્રી પૂજ્ય ચિંતામણ, દીપે જેહો દિનમણજી
આચારજ ઉદૈવંત **ખેમકર્ણ**, દોલત હવૈ તસ દરસણજી. ગું. ૧૧
સાખા તાંમ તણી તિહાં સુંદર, વડ શાખા જિમ વિસ્તારજી
મોટા ગુણઆગર બહુ મુનિવર, થિરચિત નાંનગ થૈવરજી. ગું. ૧૨
નિરમલ ગુણ ભરીયા બહુ ન્યાંની, મુનીવર શ્રી **વધમાનજી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ તેહના ઋષ **દીપ** સુગ્યાંની, ધરૈ સદા ગુણધ્યાનજી. ગું. ૧૩
ગુણ ગિરૂઆ રાજૈ ઇમ ગાવૈ, પગપગ નવનિધ પાવૈજી
અવિરલ બુધ ત્યાં ઘટમેં આવૈ, થિર સંપતિ જસ થાવૈજી. ગું. ૧૪

(૧) સં.૧૮૭૭ કા.વ.૧૧ **બરડીયા** મધ્યે લિ. ઋ. **પનાચંદ** સ્વાત્માર્થે. પ.સં.૧૬-૧૬, શેઠિયા ભં. વિકાનેર. (૨) પ.સં.૨૨, બાલોત્તરા ભં. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૧.]

**(૩૬૮૬) + સુદર્શન શેઠ રાસ** [અથવા **કવિત**] (રાજસ્થાનીમાં) ૧૨૦ છપ્પા લ.સં.૧૮૩૬ પહેલાં

**આદિ**– વંદુ શ્રી જિન **(મહા)વીર** ધીર સંજમવ્રતધારી,
ઉપગારી અણગાર સકલભવિજન-સુખકારી.
અતિશયવંત અનંત શાત સાહિબ શિવદાયક,
નાયક ત્રિભવનનાથ વસુ જસ (સુજસ જગ) અવિચલ વાયક
કરૂણાનિધાન કૃપાકરન, હિતકારી મિથ્યાહરણ,
જયજય જિનેસ મુનિ **દીપ** જપે શાસનપતિ અસરણસરણ. ૧
શાસનપતિ ચિત સમરી, સમરિ **સરસત** નિજ સહગુરૂ,
વિમલ સુમતિ વિસ્તાર, ઉક્તિદાયક વાયક અરૂ.
દાન શીલ તપ ભાવ મોક્ષપુર ચ્યારે મારગ,
વીતરાગ મુખવયણ જિનધરમ, એંન કહ્યો જગ.
ધારત મનુષ્ય જે એ ધરમ વસુધા જસ સિવસુખ વરે,
ચહુ માંહિ વસેષ વિચારતાં શીલધર્મ સર્વથી સરે. ૨
શીલ નરાં શિણગાર, સિલ સુરનર શિર નાંમે,
શીલ ધર્મરો સાર, પરમ સુખ સીલે પાંમે.
શીલે જસસોભાગ, સીલે સંપત સવાઇ,
શીલે લીલા સરસ વધે જસ સીલ વડાઇ.
નરનાર શીલધારી નિપુણ હોય સુખી પાતિક હરે,
આદરે સીલ પાલે અખંડ કવણ તાસ સમોવડ કરે. ૩

**અંત** – કીધ **સુદરસણ** કથા, યથા મે ગુરૂમુખવાંણી,
આંણી મન ઉછાંહ વાહ મત સારી વાંણી.
શીલસીરોમણ સેઠ પ્રગટ જિમ ઉત્તમ પ્રાંણી,
ઉણરી કથા અનુપ સકલ ભવીકાં સુખદેણી.
યોં જાણિ આણિ મન આસતા સુણજ્યો નર ભણજ્યો સકો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરજો હરદે જીનવર ધરમ ત્રિભવનમે તારક નિકો. ૧૧૯
**સુદરસન** સંબંધ, સુણે વાંચે ચિત સાચે,
તાંતણુ કાચે તિકે રંચ ભર વિષય ન રાચે.
સાચે રાચે સીલ, નેહ છંડે પરનારી,
શેઠ તણા ગુણ સુણીંઇ ઇસી રાખે ઇક તારી.
ઇહ લોક સુજસ પસરે ઇલા, પરલોકે હુઇ પરમગતિ,
આદરે સીલ પાલે અખંડ, કહે એમ **દીપો** કવિત્ત. ૧૨૦

(એક બીજી પ્રતમાં એક કવિત ઉમેરેલ છે અને છેલ્લું કાઢી નાખેલ છે. જે ઉમેરેલ છે તે આ છે:)

ગચ્છ ઉતપત **ગુજરાત** સાહ **લુંકો** વડ શ્રાવક,
જિનમાર્ગરો જાંણ પરમ જિનધર્મપ્રભાવક.
ઉણરૈ મુખ ઉપદેસ સુણે નરનાર સકોમલ,
સમકત કીધી સુધ મૂલ મિથ્યાત તજે મલ.
ભંણી બૂંણ (પા. ભાણનૂત) **જગમાલ** ભણે સંજમ લ્યૈ **પાટણ** સહર,
પરવરૈ સાધ પુર પુર પ્રથમ ગરજૈ ગચ્છ **લુંકો** ગહર. ૧૧૯

(ઉપલા ૧૧૯મા કવિત પછી આગ્રાની પ્રતમાં નીચે વધુ છે :)

પ્રથમ **રૂપ**રિષિ પાટ થાટ **જીવા** ગર (ગુરૂ) થંભણ,
દોય **વરસિંઘ સુજાણસિંહ જસવંત** જિણસાસણ.
**રૂપસિંઘ** ગચ્છરાજ દાખે વડલાજ **દમોદર,**
ધરમાલિમ **ધનરાજ** સકલ ચિંતામણિ સદગુરૂ.
શ્રી **ખેમકરણ** ગુરૂ ગુણસમદ, તેજપુંજ તિણરે તખત,
**ધર્મસિંહ** સુગુરૂ પ્રતપે ધરા, વિમલ સુજસ ચઢતે વખત. ૧૨૦
ગુણજિહાજ ગજરાજ લાજ ભુજ ભારી લીધે,
વિષયકષાય વિડાર કામ-અરિ દૂરે કીધ.
સીલ અખંડ આચાર પાર વિદ્યા કુણ પાવે,
નેણાવત નર નિડર અવર કુણ સમવડિ આવે.
ઉચ્ચરે વાણિ મુખતેં અમૃત દયાધરમમારગ દખે,
**ધર્મસિંહ** ગુરૂ પ્રતપે ધરા, ઉજ્જવલ જસ કીરત અખે. ૧૨૧
જિણ ગચ્છ માંહે જતી વડા તપસી વયરાગી,
**પાસા ગોયંદ** પ્રથમ તામજી સર્વરસત્યાગી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નાપા** ઋષિ નિગ્રંથ તામ સિખ તામ તણી વિધિ,
ડાંવર જસા દીપક સુજસ જીપદ સાધક સિધ.
રિષિ **જસા** રિષિ **વૃધમાન** રિષિ.

(અહીંથી પૂર્તિ નથી.)

(૧) પ.સં.૬-૨૧ ઘો.ભં. (૨) ઇતિ સુદરસણ શેઠનું કવિત્ત સં. ૧૯૪૬ ફા.વ.૩ લ. ખત્રી **આંબા માડણ** શ્રી **કાલાવડવારા** કુલ શ્લોક ૪૦૦. પ.સં.૫-૨૩, ઘો.ભં. (૩) પ.સં.૧૯-૧૪, ઘો.ભં. (૪) લિ. સં. ૧૮૩૬ શ્રાવણ શુક્લ પ્રતિપત્તિથૌ ઋષિ **ભ**ગવાનદાસેન **મ**હુકમગંજ મધ્યે. પ.સં.૧૩-૧૨, આગ્રા ભંડાર. [રાહસૂચી ભા.૧.]

પ્રકાશિત : ૧. શીલરક્ષા ભાગ દ્વિતીય અર્થાત્ સુદર્શન શેઠ ચરિત્ર (કાવ્ય), પ્રકા. કુંવર મોતીલાલ રાંકા, બ્યાવર.

### (૩૬૮૭) વીરસ્વામીનો રાસ

**આદિ** – શ્રી જિન **વર્દ્ધમાન** પાએ પ્રણમીઇ, ભાવસહિત શ્રી **ગોતમ** નમીઈ,

*

નામીઈ સિર શ્રુતદેવતાનઈં, આઠ કર્મ ક્ષપાવઇ,
નાણાવરણીય આદિ તેહની, જેહનઇ શ્રુત ભાવઇ.
ત્રૈલોકચ મધ્યે સૌખ્યકારક આજ શાસન એહનઉં,
ચઉવીસમા **વર્દ્ધમાન** સ્વામી ધવલ ગાંઉં તેહનઉં.

(૧) ત્રૂટક, છેલ્લાં પાનાં નથી, પ.સં.૧૮-૧૧, લીં.ભં. (કર્તા તરીકે દીપમુનિનું નામ ટીપમાં પ્રો. રવજીભાઈએ આપેલ છે.)

### (૩૬૮૮) પાંચમ ચોપાઈ

**આદિ** – કરણ સકલ મંગલ કવ્યા, ધરણ સુજસ જગધીર
ગ્યાંનદિવાકર ગુણગહર, વાંદુ શ્રી જિન **વીર**. ૧
કરૂં વલે કર જોડિ કૈ, પ્રવચનમાત પ્રણાંમ
તપમહિમા પંચમી તણો, કહું ભવિહિતકાંમ. ૨

**અંત** – ગછ **લૂંકે** ગછનાયક ગાજે, છતા બિરૂદ અંગ છાજૈ
જીવિ વિમ શ્રી **ધરમસિંઘ** ગુરૂ રાજે તેજપુંજ જસ તાજે. ૭
મુનિવર **બિરધમાન** સુખકારી, સિષ તેહના સુવિચારાજી
કહે **દીપ** ભવિજનહિતકારી, વચને જસ વિસ્તારાજી. ૮
પુન્યવંત નરનારી કરે **પંચમી** એહ કથા સુણસી ઇમજી
જગકીરત વિસાલા ક્ષા જિમ તરસી ભવસાગર તિમ. ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) લિ. **ન્યાયવિસાલેન સોઝત** મધ્યે સં.૧૮૪૬ જે.સુ.૧૨. પ.સં. ૧૦, અભય. નં.૨૬૯૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૫-૫૭ તથા ૧૩૯૩-૯૪. ત્યાં બે જુદા કવિઓ ગણેલા તે વસ્તુતઃ એક જ છે.]

**૧૦૭૩. જશવંતસાગર** (ત. કલ્યાણસાગર-જશસાગરશિ.)

આ કવિએ સં.૧૭૪૦માં ભાવસપ્તતિકા, સં.૧૭૫૭માં જૈન સપ્તપદાર્થી (કે જેની સં.૧૭૫૮ની પ્રત વિવેકવિજય ભં.માં છે), સં.૧૭૫૮માં પ્રમાણવાદાર્થ, વાદાર્થનિરૂપણ ('રત્નાવતારિકા પંજિકા'માંથી), સં. ૧૭૫૯માં જૈન તર્કભાષા, સં.૧૭૬૦માં ગણેશના ગ્રહલાઘવ પર વાર્તિક, સં.૧૭૮૨માં યશોરાજી રાજ્યપદ્ધતિ (જન્મપત્રિકા પર) રચેલ છે. તેમના હાથની સં.૧૭૧૨માં વિચારષટ્ત્રિંશિકાવચૂરિ, સં.૧૭૨૯માં ભાષાપરિચ્છેદની લખેલી પ્રત મળે છે. વિવેકવિજય ભં. ઉદયપુરમાં આ સર્વ છે. જુઓ મારો જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ ફકરો ૯૬૨.

**(૩૬૮૯) કર્મસ્તવન રત્ન પૂર્વાર્ધ** લ.સં.૧૭૫૮ પહેલાં

**અંત** -
કલસ

ઇય સયલવેદી દુઃખછેદી **સીમંધર**જિન દિનમણી,
વિનવ્યો ભગતિં ભલીય જુગતિ ભાવના મનમેં ઘણી,
**કલ્યાણસાગર** સુગુરૂ સેવક **જસસાગર** ગુરૂ ગુણનિલા,
કવિ કહૈ **જસવંત** સુણો ભગવંત તારિ તારિ ત્રિભુવનતિલા. ૪૭

(૧) સં.૧૭૫૮ વર્ષે મીતિ વૈશાખ વદિ ૩ અક્ષય તૃતીયા દિને સકલ પંડિત શ્રી ૫ શ્રી **અજિતસાગર**જી શિ. પં. શ્રી **મહિલાસાગર**જી શિ. પં. શ્રી **અનોપસાગર**જી શિ. ગણિ **અજબસાગરેણ** લિષિતા શ્રી **રૂપનગર** મધ્યે શુકલ પક્ષેતિ મંગલમાલિકા. વિ.ધ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૪૭, ભા.૩ પૃ.૧૩૯૪.]

**૧૦૭૪. પદ્મો** (દિ. વિનયચંદ્રશિ.)

**(૩૬૯૦) ધ્યાનામૃત રાસ** લ.સં.૧૭૫૮ પહેલાં

**આદિ** -
દૂહા

સકલજિનેશ્વરપદ નમૂં, ગુણ છેતાલીસ ધાર
ચુત્રીસ અતિશય પ્રાતિહાર્ય અષ્ટ, અનંત ચતુષ્ટય ચ્યાર. ૧
સર્વ સિદ્ધ સદા સમરશૂં, અષ્ટ ગુણે જયવંત
દર્શનજ્ઞાનમયે નિરમલા, સિદ્ધ વસુ રસંત. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છવ્વીસ ગુણે સુરીવર નમૂં, પાલી પંચાચાર
તપ દ્વાદશ આવશ્યક છ, ત્રણ ગુપ્તિ દશધર્મ ધાર. ૩
પંચવીસ ગુણે પાઠક નમૂં, પઢે પઢાવે જ્ઞાન,
અગ્યાર અંગ ચૌદ પૂર્વ, અપૂર્વ ધરે નિજ ધ્યાન. ૪
વ્રત સમિતિ આવશ્યક ધરિ, હરે ઇંદ્રિવિકાર,
દાતણુ સ્નાન વસ્ત્ર વેગલા, ઉઠે ભોજન એક વાર. ૫
ભૂમીશયન જે લોચ કરે, સાધુગુણુ અઠાવીસ,
પંચ પરમેષ્ટી એ નિરમલા, અનુદિન નામું સીસ. ૬
**સારદા** સામિણુ વલી સ્તવૂં, નિરમલ-જ્ઞાન-આકાર,
સાર મતિ દ્યો નિરમલી જિમ પાંમું શ્રુતસાર. ૭

ભાસ રાસની

પંચ પરમ ગુરૂ ચરણુ નમીએ, પ્રણુમી **સારદા** માય તો
અનુક્રમે ગણુધર મનિ ધરીએ, અનુસરી સહગુરૂપાય તો. ૧
તમ્હ પરસાદિં ગાયશૂં એ, વર દો **ભારતી** દેવી તો
ધ્યાન તણા ભેદ વરણુવું એ, ગુરૂઉપદેશેં સંખેવ તો. ૨
શ્રી **પદ્મનંદી**સૂરિ આદિ એ, શ્રી **જિનસેન ગુણુભદ્ર** તો
અનુક્રમેં કવીશ્વર જે હુવા એ, મતિજ્ઞાનસમુદ્ર તો. ૩
શ્રી **શુભચંદ્ર**સૂરિ કૃત એ, **જ્ઞાનાર્ણવ** ગુરૂવંત તો
શ્રી **સકલકીર્ત્તિ** સ્વામી કહ્યો એ, તત્ત્વસાર દીપસંત તો. ૪
તે માંહિ મિં સાંભલ્યા એ, ધ્યાન તણા બહુ પ્રકાર તો
તે સંષેપે વષાંણુસું એ, આગમ માંહિ વિસ્તાર તો. ૫
સૂર્ય ચંદ્ર તારાગણુ એ, રત્નદીપ તણે તેજ તુ
આપણી આપણી શક્તિ કરી એ, પ્રકટ કરે ગુણુ નિજ તો. ૬
જેણી વાટિં ગજ સાંચરે એ મૃગ તિહાં કિમ ન જાય તો
ગગને ગમન જિહાં ગરૂડ કરે એ, તિહાં હંસ કિમ ન જાય તો. ૭
મહાનુભાવ કવિશ્વર જે હુવા એ, તિણિ કીયો બહુ પ્રકાશ
તોપણુ અલ્પમતિ છે મુઝ તણી એ, તુંહિં ચિંતિ થયો ઉલ્હાસ તો. ૮
ગુરૂ વાટેં મુઝ જાયતિ એ ઉપજે નહિ અહિઆસ તો
હિતમાત સુગમપણિં એ ભવિયણુ સુણો મુઝ સ ભાસ તો. ૯

**અંત** – શ્રી **શુભચંદ્ર**સૂરિ નમી, સમરિ **વિનયચંદ્ર**મુનિપાય
નિજબુદ્ધિ અનુસારે રાસ કીયો બ્રહ્મ **કરમસી** સાહાય. ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અણુજાંણિ મે જે કાંઇ બોલીયું, જિનઆગમજ્ઞાન વિરોધ
તે મુઝ ખમયો **સારદા**, હું તહ્મ બાલ અબોધ. ૧૫

વસ્તુ

રાસ કીયો મિં રાસ કીયો મિં ધ્યાન તણો મનોહાર
ધ્યાન તણા ગુણ વર્ણવ્યા, ધ્યાની જનમનરંજન નિર્મલ
પંચપરમેષ્ટી મન ધરી **સારદે** સામિની ગુરૂ નિગ્રંથ ઉજ્જવલ
પઢે પઢાવે જે સાંભલે અંગ ધરિ અતિહં ઉલ્લાસ
જિનસેવક **પદમુ** કહે, અંત્ય લહિ અવિચલ વાસ. ૧૫

(૧) સં.૧૭૫૮ શાકે ૧૬૨૩ કાર્તિક વદિ ૮ બુધવાસરે શ્રી **પત્તન** નગરે **પં**ડયા **ગણેશ** સુત **ત્ર્યંબિકે**શ્વરેણ લિ. પ.સં.૧૮-૧૧, રત્ન.ભં. દા.૪૩ નં.૪૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૨૪-૨૬.]

**૧૦૭૫. મોહનવિમલ** (ત. માનવિમલ-રામવિમલ-જ્ઞાનવિમલશિ.)

(૩૬૯૧) **વૈરસિંહકુમાર (ભાવના ચંદન) ચોપાઈ** ર.સં.૧૭૫૮ કાર્તિક સુદ ૫ શનિ દેવગઢમાં

**આદિ** – પ્રણમું **સારદ** સામની, હંસાસન કવિમાત,
વીણાપુસ્તકધારણી, તિહું ભુવને વિખ્યાત. ૧
તુઝનેં માનેં તિહૂં ભુવન, સુર નર નાગકુમાર,
મૂરખને પંડિત કરે, જ્ઞાન તણી દાતાર. ૨

**અંત** – રાવત શ્રી **પ્રતાપસી** રે, તેહના રાજ મઝાર,
કુંઅર **પ્રથ્વીસીંધ** વચનથી રે, એ સંબંધ રચ્યો સારો રે. ૧૭ ભ.
સંવત્ **સતરે અઠ્ઠાવનેં** રે, કાતી સુદી શનીવાર
પંચમી તિથ કડી એ ભલી રે, **દેવગઢ** નગર મઝારો રે. ૧૮ ભ.
ચોરાસીગચ્છસેહરો રે, શ્રી **તપ**ગચ્છ-દિનકાર,
શ્રી **વિજયપ્રભ** શોભતા રે, **ઓશવં**શ જયકારો રે. ૧૯ ભ.
તાસ પ્રગટ દિનમણી સમા રે, શ્રી **વિજયરત્ન** સૂરીંદ,
તેજપ્રતાપે દીપતા રે, અભિનવ જાણું ઇંદો રે. ૨૦ ભ.
પંડિત **માનવિમલ** તણા રે, પંડિત **રામ** જગીસ
**પ્રાગવાટ** સિરસેહરો રે, પંડિત **જ્ઞાન** તસુ સીસો રે. ૨૧ ભ.
તાસ સીસ સુપ્રસિદ્ધ છે રે, પંડિતપદ ગુરૂ દીધ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મોહનવિમલ** આખ્યાત જે રે, એવો થઇ તિણું કીધો રે. ૨૨ ભ.
......વીનતી રે, સુણજ્યૌ કવિ જે અબાધ
અધિકોઓછો જે કહ્યૌ રે, તે ખમજ્યૌ અપરાધો રે. ૨૩ ભ.
મુઝ મતિસારૂ મેં કરી રે, ચોપઇ એહ રસાલ,
**વૈરીસિંહકુમાર**ની રે, બાવના ચંદન બાલો રે. ૨૪ ભ.

(૧) સં.૧૮૬૦ આસો વદ ૧૧ વાર અદિત પં. દેવચંદ લિ. **મહમા**-પુર મધ્યે. પ.સં.૩૧-૧૪, ગુ. નં.૬૬-૬. (૨) સં. ઇંદુ વસુ ચંદ્ર ગજ (૧૮૧૮) ચૈ.વ.૫ લિ. કિરપારામ. પ.સં.૩૦, જય પો.નં.૧૩. (૩) સં. ૧૮૭૬ ભા.વ.૯, પ.સં.૨૬, અભય. પો.૧૧ નં.૧૦૦૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૯૫-૯૬.]

**૧૦૭૬. લક્ષ્મણ** (મલધારગચ્છ-વાચક ભગવંતવિલાસશિ.)

**(૩૬૯૨) છ આરાની ચોપાઈ** ર.સં.૧૭૫૮ ફા.શુ.૧૩ બુધ પટનામાં

**આદિ** – શ્રી જિનદેવ આરાધીયૈ રે લાલ, વંદી શ્રી ગુરૂપાય સુખકારી રે.
માતા **સુરસતિ** વીનવી રે લાલ, શ્રી ગણધર ગુરૂરાય, સુખકારી રે
ભાવૈ જિનવર વંદીયૈ રે લાલ.

**અંત** – સંવત **સતરહ સૈ** સમયે **અઠાવનઈ** રે, ફાલ્ગુન નૈ સિત પાષિ રે
ત્રિતાયા બુધવારૈ રાસ રચ્યૌ, સુભ ભાવ સૈં રે,
દેવ શાસ્ત્ર ગુરૂ સાષી રે. ૩૮ નમો.
પ્રાચીદિશિ-મંડણ **પટ્ટણૌ** પુર પરગટૌ રે,
**ગંગા**તટિ શુભ થાંન રે,
તિહાં નિવસૈ સંઘ ચતુર્વિધ પુણ્ય પરભાવ સૌ રે,
ધરે ધર્મ્મનો ધ્યાંન રે. ૩૯ નમો.
વંશાં શશિ રઇ ઠસ વંશજા રે, ગોત્ર **ગહમડાં** નાંમ રે,
**કરમચંદ** પુત્ર **હીરાનંદ** ન્યાતમાં રે, તેહના દયા વિષૈ પરિણામ
રે. ૪૦ નમો.
તસ સુત **દીપચંદ** ગુનજ્ઞાયક જાંણીયૈ રે, આગ્રહ તેહને એહ રે.
કરી ચૌપઈ ચિત ચોખૈ ભલ ભાવ સેં રે, હુવે ઋદ્ધિ વૃદ્ધિ
ગુણગેહ રે. ૪૧ નમો.

કલસ.

શ્રી **આદિ** જિનવર સકલસુખકર યુગલધરમનિવારણો
સમકિતદાતા શુભ વિખ્યાતા ભવસમુદ્રહ તારણો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગચ્છ શ્રી **મલધાર** મંડણુ દુહવિહંડણુ વાચક શ્રી **ભગવંતવિલાસજી**
તસ્સ શિષ્ય મુનિશ્રી કહઇ **લક્ષ્મણ** શ્રી સંઘ પૂરૌ આસજી.

[ભં. ?]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૮૮.]

**૧૦૭૭. જ્ઞાનસાગર વાચક** (ખ. જિનરત્નસૂરિ–ક્ષમાલાભશિ.)

**(૩૯૯૩)** [+] **નલદવદંતી ચરિત્ર ચોપાઈ** ૨.સં.૧૭૫૮ જે.શુ.૧૦ બુધ

**આદિ** – પ્રણમું **પારસનાથ**ના, ચરણકમલ સુખકાર
**સારદ** ને સદગુરૂ વલી, બુદ્ધિસિદ્ધિદાતાર. ૧
સતીયાં રે સિરસેહરો, **દવદંતી નલ**-નાર
તાસુ ચરિત્ર સુણતાં થકાં, સફલ હુવૈ અવતાર. ૨
ચઉપઇ રાસ અનેક છે, તૌપિણુ મુઝ મનરંગ
અતિ સંખેપૈ ગાઇસું, તસુ ગુણ ગંગતરંગ. ૩

**અંત** – ઢાલ ઋષભ પ્રભુ પૂજીયૈ એ એહની
ચારિત્ર પાલે ભાવ સું એ, દૂષણુ સગલા ટાલ
કઠિન તપજપ કરે એ, જીવદયાપ્રતિપાલ. ૧
મહામુનિ વંદીએ એ.

*

**પાંડવનેમ ચરિત** થકી એ, ઉધરીયૌ અધિકાર
**દમયંતી નલ** તણો એ, શ્રી સંઘને જયકાર. મ. ૧૧
શ્રી **ખરતર**ગચ્છનો ધણી એ, શ્રી **જિનરાજ** સુરિંદ
પાટેં મહિમા ઘણો એ, શ્રી **જિનરતન** મુનિંદ. મ. ૧૨
તાસુ સીસ પાઠક જયઉ એ, શ્રી **ક્ષમાલાભ** ગુણખાંનિ
પ્રતપે મહીયલે એ, દિનદિન ચઢતે વાન. મ. ૧૩
તાસુ શિષ્ય વાચક કહે એ, **જ્ઞાનસાગર** સુપવિત્ત
કરણ નિજ આતમા એ, સતીય તણો સુચરિત્ત. મ. ૧૪
સંવત **સતર અઠાવને** એ, જેઠ સૂદિ બુધવાર
દશમ તિથિ પરગડી એ, કીધો એ અધિકાર. મ. ૧૫
યુગવર શ્રી **જિનચંદજી** એ, રાજે શ્રી ગચ્છરાજ
સંબંધ **નલચરિત**નો એ, દીયૈ સુખ સમાજ. મ. ૧૬
સીલ સહી સુરતરૂ જિસો એ, ભાખ્યો શ્રી વીતરાગ
સીલે લીલા વરે એ, સીલ વડો સોભાગ. મ. ૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુણ્યાઢચ પુરૂષ તણી કથા એ, સુણીયે ધરિ ઊમાહ
સદા સંપતિ કરે એ, દિન પ્રતિ હોઇ ઉછાહ. મ. ૧૮

(૧) પં. **જ્ઞાનભદ્ર** લિ. પ.સં.પ, અભય. નં.૩૦૭૧. (૨) સં.૧૭૯૮ જે.શુ.૯ **સોઝત** મધ્યે વા. **ક્ષમાલાભ** શિ. **જ્ઞાનસાગર** શિ. **જયશીલ** ભ્રાતૃ **યશશીલ** શિ. **નિત્યભદ્ર** લિ. **જ્ઞાનભદ્ર ધર્મરંગ** સહ. પ.સં.૭, જય. પો.૬૭.

[પ્રકાશિત : ૧. બે લઘુ રાસકૃતિઓ, સંપા. રમણલાલ ચી. શાહ.]

**(૩૬૯૪) કયવન્ના ચોપાઈ** ૩૩ ઢાળ ર.સં.૧૭૬૪ વિજયદશમી ગુરુ

**આદિ –** ૐ નમઃ શ્રીમદિષ્ટદેવાય નમઃ

સ્વસ્તિ શ્રીદાયક સદા, પ્રણમું શ્રી **વર્દ્ધમાન**
આપદ સહુ અલગી ટલેં, ધરતાં જેહનઉ ધ્યાન. ૧
સમરી માતા **સારદા,** માગું નિરમલ બુદ્ધિ,
ચરણ નમું સહગુરૂ તણા, તિણથી હુઇ નવનિધિ. ૨
**કયવન્નો** સુખ ભોગવઈ, તે તો દાંન પસાય,
તાસ ચરિત થુણતાં થકાં, કસમલ દૂરિ પુલાય. ૩

**અંત –** ઇમ જાણી ફલ દાંનના એ, દીજે દાન ઉદાર,
દીયઈ દુરગતિ ટલઈ એ, પામઈ ઋદ્ધિવિસ્તાર. ઋ. ૯
સંવત **સતરઈ ચઉસઠઈ** એ, આસૂ સુદિ ગુરૂવાર,
વિજયદશમી દિનેં એ, એહ રચ્યો અધિકાર. ઋ. ૧૦
યુગપ્રધાન જગિ પરગડા એ, શ્રી **જિનરાજ** યતીસ,
પાટોધર તેહના એ, શ્રી **જિનરતન** સૂરીસ. ઋ. ૧૧
તાસુ શિષ્ય પાઠક ગુણનિધિ સહી એ, પાઠક શ્રી **ક્ષમાલાભ,**
ઉત્તમ કરણી કરઇ એ, લીયઈ નરભવલાભ. ઋ. ૧૨
તાસુ સીસ વાચક થુણ્યઉ એ, **જ્ઞાનસાગર**ગણિ એમ,
**કયવન્ના** મુનિ ભણ્યો એ, આંણી અધિકો પ્રેમ. ઋ. ૧૩
શ્રી **ખરતર**ગચ્છ-રાજીયો એ, શ્રી **જિનસુખ** સૂરિંદ,
વિજયરાજઈ સદા એ, તેજઇ જંણિ દિણિંદ, ઋ. ૧૪
એહ સંબંધ **કૃતપુન્ય**નો એ, ભવિયનનઇ હિતકાર,
રાસક રળીયામણો એ, સુણતાં જયજયકાર. ઋ. ૧૫
ગુણ ગાવઈ જે સાધુના એ, લછિ વરઈ તસુ આય,
વિઘન દૂરઇ પુલઇ એ, મનવંછિત સુખ થાય. ઋ. ૧૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જ્ઞાનસાગર** વાચક કહી એ, તેત્રીસમી એ ઢાલ,
ઉત્તમ ગુણ સાંભલી એ, હરષે બાલગોપાલ. ઋ. ૧૭

(૧) લિ. **મયારૂચિ તપાગચ્છે સાહિજિહાનાબાદ** નગરે **નવઘરા** મધ્યે લિપીચક્રે. પ.સં.૨૫–૧૩, શેઠિયા ભં. વિકાનેર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૦૨–૦૪.]

## ૧૦૭૮. કુશલવિનય

આ અને ર.સં.૧૮૧૨ના 'ત્રૈલોકચદીપક કાવ્ય'ના કર્તા કુશલવિજય (હવે પછી ૧૯મી સદીમાં) એક જ છે કે નહીં તે કૃતિઓ જોઈને કહી શકાય.

**(૩૬૯૫) નેમિરાજુલ શલોકો** ર.સં.૧૭૫૯ ફા.શુ.૩

(૧) સં.૧૭૭૯ પો.શુ.૪ રવિ **સાદડી** નયરે. અન્ય કૃતિઓ સહિત, પ.સં.૩૭, નાહટા.સં. (૨) પ.સં.૨, ચતુ. પો.૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૦૪ તથા ૧૫૨૪.]

## ૧૦૭૯. માવજી (રવિવિજય શિ.)

**(૩૬૯૬) પાર્શ્વનાથ છંદ** ૧૦૧ કડી લ.સં.૧૭૬૦ પહેલાં

જુદાજુદા ગામના પાર્શ્વનાથનું વર્ણન.

**આદિ** – સુરતરૂ ચિંતામણિ સમો, પરગટ **પારસનાથ**
પરમેસર પ્રણમુ સદા, હરષે જોડિ હાથ. ૧

**અંત** – કલસ

પરતક્ષ **પારસનાથ** આસપૂરણ અલવેસર
પરતક્ષ **પારસનાથ** પરમમંગલ પરમેસર
પરતક્ષ **પારસનાથ** સુજસ ત્રિહુ ભુવણે સોહે
પરતક્ષ **પારસનાથ** સયલ સુરનરમન મોહે,
શ્રી **પાર્શ્વનાથ વીર** પ્રતપૌ સુરગિરિ સુરિજ જ્યૂં સસી,
પંડિત શ્રી **રવિવિજય** પવર, સીસ જંપઈ **માવજી**. ૧૦૧

(૧) સં.૧૭૬૦ આસો શુ.૯ ગુરૂ પં. **માનવિજય** ચિરંજીવી લ. સીસ **મેઘવિજય**, પોસાલ વડી. પ.સં.૭–૧૦, હા.ભં. દા.૩ નં.૯૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૦૮.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧૦૮૦. લક્ષ્મીવિનય** (ખ. જિનચંદ્રસૂરિના ગચ્છમાં લઘુખરતર-શાખા-સાગરચંદસૂરિ-જ્ઞાનપ્રમોદ-વિશાલકીર્તિ-હેમહર્ષ -અમર અને રામચંદ-અભયમાણિક્યશિ.)

(૩૬૯૭) + **અભયકુમાર મહામંત્રીશ્વર રાસ** ૪ ખંડ ર.સં.૧૭૬૦ ફા.શુ.૫ સોમ મરોટ નગરમાં

**આદિ**- દોહા.

પરતખ સુરતરૂ સારિખો, પ્રણમું **પાસ** જિણંદ;
સુરનર કિન્નર સાસતા, પ્રણમે પય-અરવિંદ. ૧
વિઘનવિદારણ સુખકરણ, પૂરણ વંછિત કોડ;
**ધરણિંદ** ને **પદમાવતી**, સેવે બે કર જોડ. ૨
ચરમશરીરી ચરમજિન, સંપ્રતિ શાસન જાસ;
સમરીજે મન તે સદા, આણી મન ઉલ્લાસ. ૩
(આ પછી સરસ્વતી, ગુરુની સ્તુતિ કરીને કહે છે કે:)
**અભયકુમર** ગુણ વર્ણવું, બહુ બુધ બુદ્ધિવિલાસ,
સુણતાં અચરિજ ઊપજે, જગ જાગે જસ વાસ. ૯

**અંત** - (ચાર ખંડ છે. તેમાં છેલ્લા ખંડની.)

ઢાલ ૨૧મી લોકસરૂપ વિચારો આતમહિત ભણી રે - એ દેશી.
બુદ્ધિ અને સમકિત અધિકારે ગાઇયે રે, મુનિવર **અભયકુમાર**,
સાધુ તણા ગુણ કહેતાં ભાવ શું રે, સફલ હુવે અવતાર. બુ. ૧
ગણધર **સોહમ**સ્વામિ પરંપરા રે, **વૈરી** નામા શાખ;
શ્રી **કોટિક**ગણ ચંદકલાનિલો રે, **ખરતર** બિરૂદ જસુ ભાખ. બુ.૨
શ્રી **જિનચંદ** સૂરીસરૂ રે, જયવંતા જગ ભાણ;
ગુણ છત્રીશે શોભતા રે, આગમ અર્થ સુજાણ. બુ. ૩
તસુ ગચ્છ માંહે હુવા દીપતા રે, ગચ્છ જુગ રાખણ ભાર;
છે આચારજપદવી જેહને રે, સહુ જાણે સંસાર. બુ. ૪
શ્રી **સાગરચંદ** સૂરીસરૂ રે, જસુ વર વીર મહંત;
તિણે પદ દીધું **ભદ્ર** સૂરીંદને રે, ગચ્છ ગુણ જાસુ મહંત. બુ. ૫
શ્રી **સાગરચંદ** સૂરીશની રે, શાખા સબલ સનૂર;
તસુ પ્રસાદે દીસે દીપતી રે, દિનદિન તેજ પડૂર. બુ. ૬
ફલ શિક્ષાદિક અનુક્રમે રે, વાચક **જ્ઞાનપ્રમોદ**;
પંડિત પૂરા પરગડા રે, દાયક સકલ પ્રમોદ. બુ. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતેવાસી તેહના રે, **સરસ્વતિ** બિરૂદ સુજાણ;
ઈડરગઢ-ભૂપતિ-સભા રે, અતિ પંડિત બલમાણ. બુ. ૮
સરસ વચન જ્યું શાસ્ત્રે **સરસ્વતી** રે, શ્રી **વિશાલકીર્ત્તિ** ઉવઝાય;
તાસુ શિષ્ય વાચકપદધર રે, **હેમહર્ષ** કહેવાય. બુ. ૯
તાસ શિષ્ય બે નિર્મલા રે, **અમર** અને **રામચંદ**;
સાધુધર્મધારક સદા રે, દીપે જ્યું રવિચંદ. બુ. ૧૦
**અભયમાણિક્ય** જયવંત જાણિયે રે, સવિ ગુણસૂત્રભંડાર;
પ્રત્યક્ષ પદ વાચક ધરે રે, દિનદિન જસુ જયકાર. બુ. ૧૧
તસુ પયપંકજ-મધુકર સમો રે, લીણો રહે નિશદીસ;
તિણે એ ચારિત્ર પ્રકાશિયું રે, **લક્ષ્મીવિનય** સુજગીશ. બુ. ૧૨
સંવત **નભ રસ મુનિ શશી** (૧૭૬૦) રે, **મરોટ** નગર મઝાર;
ફાલ્ગુન શુદની પંચમી રે, તુંગીપતિ દિનવાર. બુ. ૧૩
એ **આવશ્યકસૂત્ર**થી રે, કીધો ચરિત્ર ઉલ્લાસ;
ઓછોઅધિકો જે કહ્યો રે, મિચ્છા દુક્કડ તાસ. બુ. ૧૪
ભણે સુણે એ ચરિત્ર જે ભાવ સું રે, તસ ઘર નવનિધ **થાય,**
અલિયવિઘન દૂરેં ટલે રે, મનવંછિત ફલ થાય. **બુ. ૧૫**
વીછડિયા સાજન મિલે રે, પૂગે મનની આસ;
ચાર બુદ્ધિ ઉપજે અંગમેં રે, પામે વલી જસવાસ. બુ. ૧૬

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમશી માણક.

**(૩૬૯૮) ભુવનદીપક બાલા.** ર.સં.૧૭૬૭

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૪૫૬-૫૮, ભા.૩ પૃ.૧૪૦૬. આ કવિને નામે મુકાયેલ 'ઢુંઢક મતોત્પત્તિ રાસ' અન્ય લક્ષ્મીવિજય (જુઓ હવે પછી સં.૧૮૫૧ના ક્રમમાં)ની રચના જણાતાં અહીંથી રદ કરેલ છે.]

## ૧૦૮૧. કેશરકુશલ (વીરકુશળ–સૌભાગ્યકુશલશિ.)

**(૩૬૯૯) + જગડુ પ્રબંધ ચોપાઈ** [અથવા **રાસ**] ૨૬ કડી ર.સં. ૧૭૬૦ શ્રાવણ **સાંતલ**પુરમાં

**આદિ– પાસ** જિણેસર પય નમી, પ્રણમી શ્રી ગુરૂપાય;
જગડૂશા સુરલા તણા, ગુણ ગાતાં સુખ થાય. ૧
રાજા **કરણ** મરી **ક**રી, પોહોતો સરગ મઝાર;
કંચનદાનપ્રભાવથી, પગપગ રહે મનોહાર. ૨
માનવભવ જો પામીએ, તો સહી દીજે અન્ન;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવલોકથી અવતર્યો, **જગડૂશા** ધનધન્ન. ૩

**અંત** – ઇંદ્રિ ચંદ્ર કે સુરતરૂ સાર, માનવ નહીં એ સુર-અવતાર;
ધનધન જાતિ **શ્રીમાલી** તણી, જેહની કીરતિ ચિહું દિશે જણી.૨૪
**સતર નભ ષટ્** શ્રાવણ માસ, એહ સંબંધ કર્યો ઉલ્લાસ;
**શાંતલપુર** ચોમાસું રહી, શ્રાવકજનને આદરે કહી. ૨૫
પંડિત માંહે પ્રવર પ્રધાન, **વીરકુશલ** ગુરૂ પરમનિધાન;
**સૌભાગ્યકુશલ** સદ્‌ગુરૂ સુપસાય, તાસ શિષ્ય **કેશર** ગુણ ગાય. ૨૬

(૧) જગડુસાનો કડખો સં.૧૯૮૯ અસાડ વદ ૪ સોમે લ. **ઠાકોર** દુલા હરખા **પાટણ** મધે. પ.સં.૨-૧૧, જશ.સં. [લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમશી માણક. ('લીલાવતી મહિયારીના રાસ' સાથે)

## (૩૭૦૦) વીશી

**આદિ** – ૧ સીમંધર સ્ત.

**સીમંધર** જિનરાજ સુહંકર, લાગા તુમ સું નેહા વો
સલૂને સાંઇ દિલ સૌં દરસન દેહ
તુમહીં હમારે મનકે મોહન, પ્યારે પરમ સનેહા વો–૧ સલૂને.

*

સુફલ ઘરી વહ સફલ સુબિરિયાં, જિહાં તુમ દરસન પાઉં વો સ.
**કેસરકુશલ** કહે મનભાવન, ચરનકમલ શિર નાઉં વો. ૫ સ.

**અંત** – અજીતવીર્ય સ્ત.

અબ મેં મંગલમાલ પાઇ, પાઇ વો પ્રીતિ સવાઇ. અબ.
**અજીતવીર્ય** જિનરાજ ચરનકી, જો સેવા ચિત લાઇ. અબ. ૧

*

ભાગ જોગ જિનરાજ પ્રભુકી, ભગતિ સુગતિ મન ભાઇ
**કેસરકુશલ** સદા સુખસંપદ, દિનદિન અતિ અધિકાઇ. અબ. ૫

(૧) ૧૭મા જિન સ્ત. સુધી – પછી અપૂર્ણ, પ.સં.૫, મહિમા. પો. ૬૩. (૨) પ.સં.૬, સં.૧૯૧૬ ચૈ.શુ.૧૨ રવિ **બીકાનેર** મધ્યે. [ભં.?] (૩) પ.સં.૬, મહિમા. પો.૬૩. (૪) સં.૧૭૯૦ આષાઢ શુ.૧૫ લિ. પં. ગુલાલવિજય શ્રા. દેવકીજી વાચનાર્થં. પ.સં.૧૦-૯, કુશલ. પો.૩૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧૫૮ તથા ૧૭૪, ભા.૩ પૃ.૧૨૦૪ તથા ૧૨૦૮. ત્યાં બે જુદા ક્રમાંકથી નોંધાયેલ કર્તાકૃતિને પછીથી એક કરેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે અને 'જગડુ પ્રબંધ ચોપાઈ'નો ર.સં.૧૭૦૬ તેમજ ૧૭૧૬ જણાવેલ છે. સં.૧૭૧૬ ગણવા માટે તો કોઈ આધાર નથી અને કર્તાનું 'પંચમી સ્તવન' અન્યત્ર ર.સં.૧૭૫૮નું મળે છે, તેથી આ કૃતિનો ર.સં.૧૭૬૦ ગણવો જોઈએ. 'વીશી'માં ગુરુપરંપરા નથી, તેથી તેના કર્તા આ જ કેસરકુશલ હશે એમ કહેવું મુશ્કેલ છે.]

## ૧૦૮૨. લાધા શાહ (કડવાગચ્છ કડુવો–ખીમ–વીરો–જીવરાજ –તેજપાલ–રત્નપાલ–જિનદાસ–તેજપાલ–કલ્યાણ–લઘુજી– થોભણશિ.)

**(૩૭૦૧) ચોવીશી** ર.સં.૧૭૬૦ વિજયાદશમી શુક્રવાર અમદાવાદમાં

**અંત –** કલશ. રાગ ધન્યાસી. દીઠો દીઠો રે વામાકો નંદન દીઠો એ દેશી.

ગાયા ગાયા રે, મેં ત્રિભુવનપતિગુણ ગાયા,
ઉત્તમના ગુણ ભણતાં સુણતાં, પરમાણંદ ચિત પાયા રે. મેં. ૧
ઇણી પરેં જિન ચોવીસ મનોહર, ભવિજનનેં સુષદાયા,
ચત્તારિ જિન ધ્યાન ધરંતાં, દિનદિન સુજસ સવાયા રે. મેં. ૨
**કડુકગછ** માંહે અતિ સુંદર, સાહા **કલ્યાણ** કવિરાયા,
તાસ સીસ **થોભણસી** દીપઇં, સીયલવંત સોહાયા રે. મેં. ૩
તાસ સિસ **લાધઈ** મનમોદઈં, પુરૂષોત્તમગુણ ગાયા,
જે નરનારી ભણસેં સુણસેં, તસ ભવપીડ મટાયા રે. મેં. ૪
સંવત **સતર સાઠેં** કવિવારેં, વિજયદસસ મન લાયા,
**રાજનગર** મધ્યે રહીય ચોમાસું, ચોવીસ ગીત બનાયા રે. મેં. ૫
શ્રી **થરાદ** નગરના વાસી, સા **હીરો** મન ભાયા,
સા **કરમણ** આગ્રહથી કીધાં, સરસ સંબંધ રચાયા રે. મેં. ૬
અક્ષર ન્યૂનઅધિક જે ભાષ્યું, સુદ્ધ કરયો કવિરાયા,
સાહા **લાધો** કહેં પૂરણ કીધાં, **સારદ** સુગુરૂ પસાયા રે. મેં. ૭

(૧) સં.૧૭૬૮ શ્રા.શુદિ ૧૩ રવૌ **ખંભાઈત** મધ્યે લ. પ.સં.૮–૧૨, ૨, ૩, ૮ એ ત્રણ પત્ર, જશ.સં.

**(૩૭૦૨) જંબૂકુમાર રાસ** ૩૨ ઢાળ ર.સં.૧૭૬૪ કા.સુ.૨ ગુરુ સોહીગામમાં

**અંત –** કડુકગછે સાહા **કડુયો**[1] નાયક, **ખીમ**[2] **વિરૂ**[3] મન ભાયા,
**જીવરાજ**[4] **તેજપાલ**[5] તણેં પદ, **રતનપાલ**[6] ગછરાયા રે. ૯
સાતમેં પાટે ધરમગુણધ્યાયક, સાહા **જિણદાસ**[7] થપાયા;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તેજ**[૮] **કલ્યાંણ**[૯] મહાબુદ્ધિધારક, **કડુક**ગચ્છ દીપાયા રે. ૧૦
સાહા **લધુજી**[૧૦] ગુણવંત વિરાજિત, દશમેં પાટે કહાયા;
એકાદશમેં સાર શ્રી **થોભણ**[૧૧], સીલવંત સોહાયા રે. ૧૧
તાસ શિષ્ય **લાધો**[૧૨] મન મોહે, મુનીવર **જંબૂ** મલાયો;
**સોહી** ગાંમ રહી મનષાંતે, સરસ સબંધ રચાયો રે. ૧૨
ગ્રંથાગ્રંથ સકલ થયો ગુણ ભુંઠાવસેં(?) બત્રીસ અધિકાયા રે;
ઢાલ બત્રીશઅ છે અતિ સુંદર, ગાવયો ગુણીજનરાયા રે. ૧૩
સંવત **સતર ચૌસઠા** વરસે, કાર્તિક સુદ સુષદાયા રે;
બીજ ગુરૂ દિન પૂરણ કીધો, **સારદ** સુગુરૂ પસાયા રે. ૧૪
જે નરનારી ભણસ્યેં સુણસ્યેં, તસ ભવપીડ મિટાયા રે;
સાહા **લાધો** કહે સંઘને હોય, દિનદિન સુજસ સવાયા રે. ૧૫

(૧) છોટાલાલ વાડીલાલ, અમદાવાદ. (૨) સં.૧૮૨૧ કા.વ.૮ બૃહસ્પતિવારે **વિક્રમપુરે** પૂજ્ય ઋ. ગુલાબચંદ શિ. **નેણચંદ** લિ. પ.સં. ૩૨, જય. પો.૬૭. (૩) પ્રત ૧૯મી સદીની, પ.સં.૩૩, જિ.ચા. પો.૭૯ નં.૧૯૬૬.

**(૩૭૦૩) + સુરત ચૈત્ય પરિપાટી** ૮૧ કડી ર.સં.૧૭૯૩ માગશર વદ ૧૦ ગુરુ સુરતમાં

**આદિ** – પ્રણમી **પાસ** જિણંદના, ચરણકમલ ચિત લાય;
રચના ચૈત્ય પ્રવાડની, રચસુ સુગુરૂ પસાય. ૧
**સુરત** બંદીરમે અછેં, જિહાંજિહાં જિનવિહાર,
નામઠામ કહી દાખવું, તે સુણજ્યો નરનારિ. ૨

**અંત** – **કડુક**ગછેં **કલ્યાણ** વિરાજે, સાહા **લહુજી** ગુણચંદાજી,
**થોભણસી** તસ પાટ પ્રભાવિક, પંડિત માંહે દિણંદાજી. ૭
સંવત **સતર ત્રાણુયા** વરસેં, રહી **સૂરત** ચોમાસેજી,
માગસિર વદિ દશમી ગુરૂવારે, રચીઉ સ્તવન ઉલ્લાસેજી. ૮
**તપ**ગછનાયક સુજન સુલાયક, **વિજયદયા**સૂરિ રાજેજી,
સાહા **લાલચંદ** તણા આગ્રહથી, રચના અધિક વિરાજેજી. ૯
અધિકું ઉછૂ જે હોય એહમાં, શુદ્ધ કરજ્યો કવિરાયાજી;
સાહાજી **લાધો** કહે **સૂરત** માંહે, હરષ સું જિનગુણ ગાયાજી. ૧૦

(૧) સર્વગાથા ૮૧ શ્રી **સૂરત** મધે દહેરા ૧૦ છે દેરાસર ૨૩૫ ભૂયરા ૩ પ્રતિમા એકેકી ગણતા ૩૯૭૮ પંચતીરથીની ૫ ચોવીસવટાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૪ એકલમલ પટ પાટલી સિદ્ધચક્ર કમલચૌમુખ સર્વે થઈને ૧૦૦૪૧ છઈ.

પ્રકાશિત : ૧. પ્રા.તી.સં. પૃ.૬૨થી ૬૯.

**(૩૭૦૪) + શિવચંદજીનો રાસ** (ઐ.) ૭ ઢાળ ર.સં.૧૭૯૫ આસો શુ.૫ ગુરુ રાજનગર

**આદિ –** દૂહા

સાસનનાયક સમરીયે, શ્રી **વર્દ્ધમાન** જિનચંદ,
પ્રણમું તેહના પદયુગલ, જિમ લહું પરમાણંદ. ૧
શ્રી **ગૌતમ** પ્રમુખ જે મુનીવરા, શ્રી **સોહમ** ગણરાય,
**જંબૂ પ્રભવ** પ્રમુખનૈં, પ્રણમું તેહના પાય. ૨
શ્રી **વીર** પટોધર પરમગુરૂ, યુગપ્રધાંન મુનિરાય,
યાવત **દુઃપસહસૂરી** લગી, પ્રણમું તેહના પાય. ૩
તાસ પરંપર જાંણીયે, સુવિહિતગચ્છસિરદાર,
**જિનદત્ત** ને **જિનકુશલજી**, સૂરી હવા સુખકાર. ૪
તસ પદ અનુક્રમે જાંણીયૈ, **જિનવર્ધમાન** સૂરંદ,
**જિનધરમ**સૂરિ પટોધર, **જિનચંદ**સૂરિ મુણિંદ. ૫
**સિવચંદ**સુરિ જાંણીયે, દેશ પ્રસીધ છે નાંમ,
**ખરતર**ગચ્છ-સિરસેહરો, સંવેગી ગુણધાંમ. ૬
તસ ગુણગણુની વર્ણના, ધુરથી ઉત્પતિ સાર,
નાંમ ઠામ ગુણ કહી દાખવું, તે સુણજો નરનાર. ૭

**અંત –** અતિ આગ્રહ કીધો **હીરસાગરે** હિત આણી,
કરી રાસની રચના સાતે ઢાલ પ્રમાણ;
**કડુયા**મતિગચ્છપતિ સાહજી **લાધો** કવિરાય,
તિણ રાસ રચ્યો એ સુણત ભણી સુખ થાય. ૧૧

કલશ.

ઇમ રાસ કીધો સુજસ લીધો આદિ અંત યથા સુણી,
**શિવચંદજી** ગચ્છપતિ કેરો ભાવ જો ભવિ ગુણમણિ,
સંવત **સતર સે પંચાણું** આસો માસ સોહામણો,
સુદિ પાંચમી સુરગુરૌ વારે એ રચ્યો રાસ રલિયામણો,
નિરવાણ ભાવ ઉલાસા સાથે **રાજનગર** માંહે કીઉ,
કહેં સાહજી **લાધો હીર** આગ્રહેથી રાસ એહ કરી દીઉ. ૧

(૧) પ.સં.૫–૧૪, ડા.અ.પાલણપુર. (૨) ઈડરની બાઈઓનો ભંડાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ (જેમાં આ રાસનો સાર પણ આપ્યો છે) પૃ.૩૨૧–૩૩૨.

**(૩૭૦૫) પૃથ્વીચંદ્ર ગુણસાગર ચરિત્ર બાલા.** ર.સં.૧૮૦૭ માગશર શુ.૫ રવિ રાધનપુર

**અંત –** શ્રીમદ્‌**વીર**જિનેશ્વરસ્ય સુગતાદીશસ્ય તીર્થે વરે
ગચ્છે શ્રી **કટુકા**ભિધે પ્રથમતો વિદ્વત્કલાખંડલઃ
સાહેભ્યઃ કટુકાદિમઃ શુભમતિધર્મૈકતાનોઽભવત્
તત્પટ્ટે બહુશાસ્ત્રાનિશ્ચિતમતિઃ શ્રી **ખીમ**સાહ્વાહ્વયઃ. ૧
**વીર**શાહ ઇતિ તત્પદેઽભવત્, **જીવરાજ** ઇતિ વા ચતુર્થકે
**તેજપાલ** ઇતિ પંચમે પટ્ટે, **રત્નપાલ** અભવચ્ચ ષષ્ટકે. ૨
તત્પટ્ટધારી **જિનદાસ** નામા **તેજાદિપાલો**ઽષ્ટમકે બભૂવ,
**કલ્યાણ** નામા નવમે પદે ચ, દિક્સંખ્યકે **ભુલ્લણજી**તિનામા. ૩
તદનુગે ચ પદે સુકુલોદ્‌ભવે કવિકુલાગ્રતો **થોભણ**નામકઃ
તદનુ **લઘ્ધક**નામકસાહજી શુચિનયાદિયુતો હિ રાજતે. ૪
પ્રશસ્તબોધશાલિનઃ પરોપકારકારિણો
ગુરોઃ પદામ્બુજં મયા પ્રણમ્ય ભક્તિપૂર્વકમ્
સુશિષ્યયાચનેન મે જગજ્જનોપકારતો
વિશિષ્ટસચ્ચરિત્રકે કૃતઃ સુબાલબોધકઃ. ૫
અષ્ટશતતમે (?) વર્ષે પ્રમિતે સપ્તમોત્તરે
માર્ગશીર્ષે સિતે પક્ષે પંચમ્યાં ભાનુવાસરે. ૬
રચિતોઽયં મયા ગ્રંથો વિક્ષેપરહિતઃ ક્ષિતૌ,
શોધનીયઃ સતાં ધુર્યૈર્યદુત્સૂત્રં ભવેદિહ. ૭
પ્રમાદાદ્ વીતરાગાજ્ઞાવિરુદ્ધં યન્મયોદિતં,
પરોપકારેણ પુણ્યવર્ત્તિનઃ શોધ્યતાં બુધાઃ. ૮
**રાધ**કેતિ પૂર્વદ્રંગે ચાતુર્માસસ્થિતેન ચ
**કટુ**ગચ્છેશ **લઘ્ધેન** કૃતોઽયં બાલબોધકઃ. ૯

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૬૬–૬૯, ભા.૩ પૃ.૧૪૨૧–૨૨ અને ૧૬૬૮.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧૦૮૩. રામવિજય વા.** (ત. હીરવિજયસૂરિ–કલ્યાણવિજય–ધર્મવિજય–જયવિજય–શુભવિજય–સુમતિવિજયશિ.)

**(૩૭૦૬) તેજપાળ રાસ** ર.સં.૧૭૬૦

**(૩૭૦૭) ધર્મદત્તઋષિ રાસ** ર.સં.૧૭૬૬

(૧) પ.સં.૨૪, અમ.

**(૩૭૦૮) + ઉપદેશમાલા બાલા.** ર.સં.૧૭૮૧[માઘ ?] શુ.૯ કર્ણભૂષા નગરમાં

૭૧ કથાઓ સહિત.

સંવચ્ચ**ંદ્રગજાદ્રિભપ્રભુ**મિતે વર્ષે મઘાવુજ્વલે
સિદ્ધચાર્કે નવમી દિને પુરવરે શ્રી **કર્ણભૂષા**હ્વયે
**માલાયાં ઉપદેશ**શતપ્રકરણે નિષ્પાદિ સોયં મુદા
ભવ્યાનામુપકારકસ્ફુટતરં શબ્દાર્થગુંફો મયા. ૧
શ્રીમદ્ **વીર**પરંપરાપદભૃતાં સંજ્ઞાનલીલાવતાં,
ભવ્યાનામુપકુર્વતાં કલિયુગે શ્રેયોવતાં શાશ્વતાં,
લક્ષ્મીમાત્યવતાં સ્મતિ વિદતતાં ક્રોધાદિચેષ્ટા જિના
**લક્ષ્મીસાગર**સૂરિણાં વિજયતાં રાજ્યેડર્થગુંફઃ કૃતઃ. ૨
શ્રીમદ્ **સુમતિવિજય**ગુરૂપ્રસાદતોડકારિ સદ્વિચારેણ
**રામવિજયેન** ભવ્યઉ**પદેશમાલાર્થ**સંદર્ભઃ. ૩

(૧) હીરરત્નસૂરિ–પંન્યાસ રંગવિમલ–પં. જસવિમલ–પં. વિદ્યાવિમલ–પં. જ્ઞાનવિમલ–પં. વિનયવિમલ–પં. મોહનવિમલ–પં. ધર્મવિમલ–પં. વિવેકવિમલ–મુ. લક્ષ્મીવિમલ લ. આત્માર્થ સં.૧૮૮૬ શક ૧૭૫૨ જ્યે.વ.૩ બુધ વીરપુરે મહાવીરપ્રસાદાત્. પ.સં.૧૪૬, ખેડા ભં. (૨) વિવેકવિજય ભં. ઉદેપુર. (૩) લિ. સં.૧૮૪૨ પ.સં.૨૦૦, લીં.ભં. નં.૭૯૭. (૪) લિ. સં.૧૮૦૬, પ.સં.૧૫૭, લીં.ભં. નં.૧૪૨૩. (૫) પ.સં.૧૬૧, લીં.ભં. નં.૩૪૨૪. (૬) સંવત્ મહીવસુરસાગ્નિના (૧૮૬૩) વર્ષે મધુમાસે ઇંદુ પક્ષે બાણ તિથૌ ભોમ લ. રાજસાગરસૂરિ–ભ. વૃદ્ધિસાગરસૂરિ–ભ. લક્ષ્મીસાગરસૂરિ–ભ. કલ્યાણસાગરસૂરિ–ભ. પૂન્યસાગરસૂરિ ભ. ઉદેસાગરસૂરિ રાજ્યે પં. વિવેકસાગરગણિ શિ. ન્યાયસાગરેણ ગુરૂપદેશાત્ પશ્ચાત્ ભાગ પૂરિતા રાજનગરે વીરપ્રસાદાત્. પ.સં.૧૬૫, ભાગ્યરત્ન મુનિ ખેડા દા.૨ નં.૨૦. (૭) સં.૧૮૫૨ ફા.શુ.૯ ગુરૌ પં. હેમવિમલ પં. ધર્મસતક લવણપુર મધ્યે વાસુપૂજ્ય પ્રસાદાત્ ભ્રાતા વિવેકવિમલ વાંચનાર્થં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ.સં.૧૪૨, ખેડા સંઘ ભં. દા.૧ નં.૩.

**(૩૭૦૯) નેમિનાથચરિત્ર બાલા.** ર.સં.૧૭૮૪

(૧) પ.સં.૨૮૫, પ્ર.કા.ભં. દા.૫૬ નં.૫૧૧.

**(૩૭૧૦)** [+] **શાંતિજિન રાસ** ર.સં.૧૭૮૫ વૈ.શુ.૭ ગુરુ રાજનગરમાં

**આદિ** – સકલશ્રેયવરદાયિની, મુનિવરવંદિત જેહ;
જિનપદલક્ષ્મી નિત નમું, આણિ અધિક સનેહ.

**અંત** – **તપ**ગચ્છનાયક સુગુરૂ મુણિંદા શ્રી **હીરવિજય** સૂરિંદા રે,
બુઝવ્યો **અકબર**શાહ નરિંદા, મોહનવેલ્લિકંદા રે. ૧૩
પડહ અમારિ તણા વજડાયા, જીજીયા-કર છોડાયા રે
ડાબર સરવર પુણ્ય અંકૂરા, ધર્મકરણ થયા શૂરા રે. ૧૪
**અકબર**શાહ કર્યો જેણે સીધો, બિરૂદ જગત્ગુરૂ દીધો રે;
મહીયલમાં સબલો જસ લીધો, ચિંતિત કારત કીધો રે. ૧૫
શ્રી **વિજયદાન** ગુરૂ પાટ પટોધર, ઉદયો અધિક સવાઈ રે,
પંચ વિષય પરિહાર કર્યો જિણેં, તપ તપિયા સુખદાઈ રે. ૧૬
દોય સહસ અંબિલ જસ કીધાં, ઇમ નિવિ તિમ જાણો રે;
ત્રિણ્ય સહસ પટ શત વલી ઉપર, તપ ઉપવાસ વખાણો રે. ૧૭
ચાર કોડિ સંખ્યાએ કીધો, શ્રી સહગુરૂ શિષ્ય ભાયો રે,
અષ્ટોતરશત મુનિ જેણેં દીખ્યા, એ ગુરૂપુન્યે પાયો રે. ૧૮
પંચશત સંખ્યાએ જસ ઉપદેશેં, દેહરાસર પ્રાસાદો રે,
ભવિજન ભાવ ધરીને માંડ્યા, દીઠે હોવે આણંદો રે. ૧૯
બિંબપ્રતિષ્ઠા કીધી ગુરૂજીએ, પંચાસ વાર ઉદાર રે,
**પાટણ** પ્રમુખ નયર બહુ ઉત્સવ, વરત્યો જયજયકાર રે. ૨૦
યાત્રા દોય **સિદ્ધાચલ** કેરી, દોય **ગિરિનારે** કીધી રે,
લાખ બિંબ જુહાર્યાં જિનનાં, મહિયલે ઇજત લીધી રે. ૨૧
માન તજી ઋષિ **મેઘજી** નામે, **લુંકા**મતનો સ્વામી રે,
જિનપ્રતિમાઆરાધક હુઓ, **હીર**ગુરૂને પામી રે. ૨૨
માગશિર સુદિ નવમી દિન સુંદર, શાહ **કુંયરા** કુલિ આયો રે,
**પન્નર આસીએ પાલણપુરમાં, નાથી**એ કુંઅર જાયો રે. ૨૩
**પન્નર છન્નુએ** કાર્તિક વદમાં, બીજે દીક્ષા લીધી રે,
સત્તર [સંવત] **સોલ સાતે નાગોરે**, પંડિત પદવી દીધી રે. ૨૪
સત્તર [સંવત] **સોલ આઠે** વાચકપદ, મહા શુદિ પંચમીએ દીધૂં રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિજયદાન** સૂરીશ્વર ઉત્તમ, ચિંતિત કારજ કીધું રે. ૨૫
**સોલ દાહોત્તરેં સીરોહિમાં**, આચારિજપદ પાયું રે,
સોભાગી મહિમાનિધિ મોટા, જિનશાસન દીપાયું રે. ૨૬
શ્રી **હિરવિજય**ગુરૂ પાટે પટોધર, શાહ **કર્મા** કુલચંદો રે,
માત **કોઈડાઈ** કુખિ ઉપન્યા, શ્રી **વિજયસેન**સૂરિ વંદો રે. ૨૭
સુમતિ ગુપતિ સુધી ગુરૂ ધારે, સમતારસભંડારો રે,
જિણે એ ગુરૂને નયણે નિરખ્યાં, ધન તેહનો અવતારો રે. ૨૮
શાહિ સભા માંહિ વાદ કરિને, જિનમતિ થિરતા થાપી રે,
બિરૂદ સવાઈ જગતગુરૂ પાયો, કીર્તિલતા આરોપી રે. ૨૯
તાસ પાટે ઉદયાચલ ઉદયો, શુદ્ધ પ્રરૂપણાકારી રે,
શ્રી **રાજસાગર**સૂરી જયવંતા, ભવિયણને ઉપકારી રે. ૩૦
**દેવીદાસ**-કુલ-અંબર-દિનમણિ, માત **કોડમદે** જાયા રે,
મનમોહન સોભાગી સદ્ગુરૂ, મહિમાનિધિ મુનિરાયા રે. ૩૧
સંવત **સોલ બ્યાસીયા** વર્ષે, આચારજપદ થાપી રે,
શ્રી **રાજસાગર**સૂરિ નામ જયંકર, **સાગર**ગચ્છ દીપાયા રે. ૩૨
સાહશિરોમણિ **સહસકિરણ** સુત, **શાંતિદાસ** સુજાંણ રે,
જસ ઉપદેશે બહુ ધન ખરચ્યું, લખ ઇગ્યાર પ્રમાણ રે. ૩૩
કીરતિકમલા શ્રી ગુરૂજીની, જગ માંહે ઘણું પસરી રે,
ભવિયણ મહી માંહે અતિ હરખેં, જસ ગુણમાલા સમરી રે. ૩૪
તેહ ગુરૂ પાટ પટોધર પ્રગટચા શ્રી **વૃદ્ધિસાગર** સૂરીંદો રે,
પંચાચાર વિચારે ચતુરા, મોહનવલ્લીકંદા રે. ૩૫
રૂપ અનોપમ સંગ બિરાજે, શુભ લક્ષણ અતિ રૂડા રે.
બહુ નરનારી જિણે પ્રતિબોધ્યા, વયણ ન ભાગે કૂડા રે. ૩૬
ગુણનિધિ તેહને પાટે વિરાજે, શ્રી **લક્ષ્મિસાગર**સૂરિ છાજે રે,
કીરતિ જેહની જગ માંહે ગાજે, ભવિમન-સંશય ભાંજે રે. ૩૭
સંપ્રતિ **માનવિજય** તે ગુરૂજી સોભાગી સિરદારો રે,
વૈરાગી વાહલા ભવિજનને, સમતારસભંડારો રે. ૩૮
તેહ તણે રાજ્યે એ રચિયો, **શાંતિ** પ્રભુનો રાસો રે,
ભવિયણ ભાવ ધરિને નિસુણો, લહિએ સુખવિલાસો રે. ૩૯

ઢાલ - ધન્યાશ્રી.

શ્રી ગુરૂ **હીરસૂરિસર** શીષ્ય **કલ્યાણવિજય** ઉવઝાયપુરંદર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિનદિન ચઢતિ જગીસા. ૧ શ્રી.
શા **રખા**નંદન સોભાગી સાચો વડ વૈરાગી
સંમતિ અરથ વિચાર સદ્‌ગુરૂ, સાચો શુભમતિ રાગી. ૨ શ્રી.
માત **પૂંજીબાઇ** કુખે જાયો, નામે નવનિધિ થાએ,
વાચક **ધર્મવિજય**વર તેહના, દીપે અધિક સવાઈ. ૩ શ્રી.
તસ અંતેવાસી ગુણ એ ભરિયા, બોલ ન બોલે વિરૂઆ,
શ્રી **જયવિજય** વિબુધ શ્રુતદરિયા, પાલે સૂધી કિરિયા. ૪ શ્રી.
તસ પદપંકજ-ભમર સરિખા, શ્રી **શુભવિજય** કવીશા,
ગુણ ગંભીરમ મેરૂગિરી શા, શ્રુતજલ-સિંધુ મુનીશા. ૫ શ્રી.
તસ ચરણાંબુજસેવક સુંદર, શુભ કિરિયા ગુણ શૂરા,
સાધે યોગઅભ્યાસ અખંડિત, નહિ ગુણરયણ અધૂરા. ૬ શ્રી.
મહિમાવંત મહંત મુનીસર, ચરણ નમે અવનીશા,
શ્રી ગુરૂ **સુમતિવિજય** ઉપગારી, પ્રતપો કોડિ વરીશા. ૭ શ્રી.
તેથી ગુરૂ મહિમાનિધિ સાંનિધિ, રાસ રસીક મેં નિપાયા,
**શાંતિ** પ્રભુ ગુણરાશિ ભણતાં, નવનિધિ આણંદ પાયા. ૮ શ્રી.
પૂરવ ચરિત તણે અનુસારે, એ સંબંધ બનાયા,
લાભ અનંત લહ્યો એ રચતાં, દિનદિન સુજશ સવાયા. ૯ શ્રી.
સકલ સંઘને મંગલકારી, **શાંતિ** જિણંદ સુખદાયા,
**રામવિજય** કહે એ જિનવરને, હરખ ધરી ગુણ ગાયા. ૧૦ શ્રી.
સંવત **સત્તર પંચાસીયા** વર્ષે, વૈશાખ માસ કહાયા,
શુદિ સાતમ ગુરૂ પુષ્ય સંયોગે, પૂરણ કલશ કઢાયા. ૧૧ શ્રી.
અધિકન્યૂન જે કાંઈ ઈણિમેં, અણઉપયોગે લિખાયા,
સુકવિ સવિ શોધી લેજ્યો, કરિ સુનિ જરિ સુપસાયા. ૧૨ શ્રી.
શ્રી **રાજનગર**નો સંઘ સોભાગી, તેહને પ્રથમ સુણાયા,
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટિ અધિકેરી, આણંદ અધિક ઉપાયા. ૧૩ શ્રી.

(૧) સં.૧૭૯૦ માગ.વ.૮ **આગરા** મધ્યે ઉદયચંદ શિ. **ખુસ્યાલચંદ્ર** લિ. **ખર. જિન**વિમલસૂરિ રાજ્યે. પ.સં.૧૦૦, જય. પો.૬૬. (૧) સં. ૧૭૯૨ ફા.વ.૧૩ શનૌ પં. **દે**વહંસગણિ શિ. પં. જયહંસ શિ. **રૂ**પહંસગણિ શિ. મુ. **મો**હનહંસ ભ્રાતૃ **ઋ**દ્ધિહંસગણિ શિ. મુનિ **મુ**ક્તિહંસ લ. **સૂ**રતિ બંદિરે ચાતુર્માસ પિતૃભ્રાત્ર **દ**યાચંદ. પ.સં.૧૮૪-૧૭, વી.ઉ.ભં. દા.૨૦ પો.૧. (૩) સં.૧૮૭૬ આસો શુદી ૧ રવિ **વીર**પુર વાસ્તવ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મા**હાવીરસ્વામી પ્રસાદાત્ **આ**દીસર **મુ**નીસુવ્રત **રી**ષભદેવજી પ્રસાદાત્ લ. પન્યાસ **જ**સવિમલ તત્ પંન્યાસ **જ્ઞા**નવિમલ તત્ પં. **વિ**દા(વિદ્યા)વિમલ તત્ પં. **વિ**નયવિમલ તત્ પં. **મો**હનવિમલ તત્ પં. **ધ**રમવિમલ તત્ પં. **વિ**વેકવિમલ તત્શીષ્ય મુની **લ**ક્ષ્મીવિમલ લ. **વી**રપૂર મધ્યે પંન્યાસ **હે**તવિમલજી ગાંમ **છા**ણીની પરત હતી તે માંહિથી ઉતારો છે. શુદ્ધ કરવો. પ.સં.૨૯૭–૧૭, ખેડા ભં. દા.૭ નં.૫૨. (૪) પ.સં.૩૧૧–૧૨, ગુ. નં. ૫૪–૧. (૫) સં.૧૮૯૦ કા.વ.૧૪, પ.સં.૨૦૭, બૌ.વીકા. નં.૩૭. (૬) સં.૧૮૮૭ શાકે ૧૭૫૨ ચૈત્ર શુ.૧૦ ભૃગુવાસરે પૂષ્ય નક્ષત્રે શુકરાનુયોગે પ્રથમ પ્રહરે લાભવેલાયાં સંપૂર્ણ કૃતઃ... – **ત**પાગચ્છે ભ. **વિ**જયપ્રભસૂરિ શિ. પં. **પ્રે**મવિજયગણિ શિ. **વી**નિતવિજય શિ. પં. **ર**વીવિજય શિ. **નેમ**વિજય શિ. **ર**ત્નવિજય શિ. મુનિ **તે**જવિજય વાચનાર્થં...**લિં**બડિનગરે લ. મુનિ **દા**નવિજય શ્રી **શાં**તિજિન પ્રસાદાત્. પ.સં.૨૯૧–૧૬, ઝીં. દા. ૩૨ નં.૧૫૪. (૭) ગુ.વિ.ભં. (૮) રત્ન.ભં. (૯) ભાવ.ભં. (૧૦) સં. ૧૮૯૦ માગ.શુ.૧૧ રવિ ભાઇ **મુ**રારજી **વા**સુદેવ તથા ભાઇ **ક**ચરા **વિ**જયદેવસૂરીશ્વર શિ. મહોપાધ્યાય **વિ**નીતવિજયગણિ શિ. પં. **તે**જવિજય શિ. **મા**નવિજયગણિ શિ. **શુ**ભવિજય શિ. **ક**નકવિજય લિ. શિ. **રા**જેંદ્રવિજયસ્યાર્થે. પ.સં.૪૦૧–૧૧, ઘો.ભં. (૧૧) સંવત ૧૮૭૧ના વર્ષે શાકે ૧૭૩૬ પ્રવર્તમાને પ્રથમ ભાદ્રવ સુદિ ૧ દનેં મહોપાધ્યાય શ્રી શ્રી શ્રી રામવિજયગણી તત્શિષ્ય પં. **પ્ર**તાપવિજયગણી તત્શિષ્ય **વ**વેકવિજયગણી તત્શિષ્ય પં. **હે**તવિજયગણી તત્શિષ્ય પં. **લ**ખમીવીજયજી લખાવીતં, શ્રી **રા**ધનપૂર મધ્યેં આત્માડર્થે. પ.સં.૨૬૬–૧૫, વિ.ને.ભં. નં.૩૧૬૫. (૧૨) સં. ૧૮૫૦ પોસ વદિ ૧૩ ભોમે લિ. **ભા**વનગર બિંદરે. પ.સં.૩૧૪–૧૧, લીં.ભં. દા.૨૬. (૧૩) પ.સં.૧૧૦, પ્રે.ર.સં. (૧૪) પ.સં.૨૦૪, પ્રે.ર.સં. (૧૫) પ.સં.૧૧૩, ત્રીજા ખંડ સુધી, અમર.ભં. સિનોર. (૧૬) સં.૧૭૯૮ વરષેં ફાલગુન માસે કૃષ્ણપક્ષે પંચમી ચંદ્રવારે લખિતંગ શ્રી **અ**મદાવાદ નગરે **લૂ**ણસાવાડા મધ્યે સા. **ભુ**ષણદાસ **સુ**ભચંદ વાચનાર્થં. પ.સં.૨૨૧–૧૫, હા.ભં. દા.૮૩ નં.૧૯૫. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

[પ્રકાશિત : ૧. જૈન કથારત્ન કોશ ભા.૮.]

**(૩૭૧૧) + લક્ષ્મીસાગરસૂરિ નિર્વાણ રાસ** (ઐ.) સં.૧૭૮૮ પછી

**આદિ** – શ્રી યુગાદિ જિનવર તણા, પદ પ્રણમું કર જોડિ
ભવિમનવંછિત પૂરવા, કલ્પતરૂની જોડિ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શાંતિનાથ** પ્રભુ સોલમા, **વિશ્વસેન** કુલચંદ
**અચિરા**નંદન જગધણી, પ્રણમું પરમાણંદ. ૨

*

**તપગચ્છનાયક** જિનવરૂ, શ્રી **લક્ષ્મીસાગર**સૂરિ
ગુણ તેહના ગાસ્યું ઘણા, આણી આણંદપૂર. ૭

**અંત –** ઢાલ ગિરૂયા રે ગુણ તુમ્હ તણા એ દેશી
ભવિજન **સંભવ**જિનની સેવા, ભાવ ધરીને કીજે રે
**રાજપુરા**માં એ જિનપૂજા, મણુયજનમફલ લીજે રે. ૧ ભ.

*

બુધ શ્રી **સુમતિવિજય** ગુરૂ સેવક, કહે ઈણ પરિ કર જોડી રે;
વાચક **રામવિજય** ગુરૂ ધ્યાને, લહીઈ સંપતિ કોડી રે. ૫

(૧) સકલવાચકચૂડામણિ મહોપાધ્યાય શ્રી ૧૦૮ શ્રી **રામ**વિજયગણિ વિરચિતોયં સંબંધઃ સંપૂર્ણ તત્શિષ્ય મુ. **વિદ્યા**વિજય લખિતં સંવત્ ૧૭૯૦ વર્ષે વૈશાખ વદિ ૯ દિને. પ.સં.૧૦–૧૩, યતિ નેમચંદ. (૨) સં.૧૭૯૨ વર્ષે વૈશાખ સુદિ ૧૫ દિને લખિતં મુનિ **મ**હિમાવિજય **ખં**ભાયત બંદરે. પ.સં.૧૨–૧૪, લા.ભં.

પ્રકાશિત : ૧. જૈ.ઐ. રાસમાળા ભા.૧ (મારી પ્રયોજેલી).

**(૩૭૧૨ ક) + ચોવીશી** લ.સં.૧૭૭૮ પહેલાં મહેસાણામાં

**આદિ –** યોગમાયા ગરબે રમે રે – એ દેશી.
ઓલઘડી **આદિનાથ**ની જો, કાંઇ કિજે મનને કોડિયો.

**અંત –** કલશ.
ઇમ ભૂવનભાસન દૂરીતનાસન વિમલશાસન જિનવરા,
ભવભીતિચુરણ આસપુરણ સુમતીકારણ શંકરા,
મેં થુણ્યા ભગતેં વિવિધ જુગતેં નગર **મહિસાણે** રહી,
શ્રી **સુમતીવિજય** ચરણ સાંનિધિ **રામવિજય** જયસીરી લહી.

(૧) પ.સં.૭–૧૭, આ.ક.ભં. (૨) પ.સં.૧૪-૯, લે.વ.ભં. દા.૧૧ નં.૭૬. (૩) લિ.સં.૧૮૨૧, પ.સં.૬, લીં.ભં. નં.૨૯૧૯. (૪) લિ.સં. ૧૮૪૨, પ.ક્ર.૧૬૯થી ૧૮૧, લી.ભં. નં.૨૭૮૨. (૫) પ.સં.૯, લીં.ભં. નં.૧૯૪૧. (૬) લિ.સં.૧૮૬૯, પ.સં.૧૨, લીં.ભં. નં.૨૧૦૯. (૭) સં. ૧૭૭૮ જ્યે.વ.૧૧ ભોમે **રાજનગરે**. પ.સં.૧૨–૯, જશા.સં. [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. ચોવીશી વીશી સંગ્રહ પૃ.૧૨૬–૪૪. [૨. ૧૧૫૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવન મંજૂષા.]

**(૩૭૧૨ ખ) ૨૦ વિહરમાન સ્તવનો**

**આદિ–** ભવિ તુમે વંદો રે સુમતિ શાંતિ જિણંદા — એ દેશી.

સુણિ ભવિ પ્રાણિ રે શ્રી **સીમંધર** જિન ધ્યાવો,
પ્રથમ પ્રભૂ વિચરત **વિદેહે**, ગુણ તસ અહનિસિ ગાવો. સૂણો.

*

શ્રી **સૂમતિ** સુગુરૂ સેવા શુદ્ધ મનથી કરતાં સુજસ ઉપાવો,
વાચક **રામવિજય** કહે જગમાં જીતનિસાન બજાવો. સૂણો.

**અંત –** શ્રી **અજિતવીર્ય**જિન વીર્ય અનંતૂં પ્રકટયું ક્ષાયક ભાવે રે,
સહજસમાધિની લીલા વિલસે, તે પ્રભુ એક સભાવે રે.

*

સદ્ગુરૂ **સુમતિવિજય** કવિ સાંનિધિ, જગિ લહીઈ જસવાદો રે,
વાચક **રામવિજય** કહે એ પ્રભુ, ધ્યાને અમૃતઆસ્વાદો રે. ૭

(૧) **માણકવિજે** પઠનાર્થં **શ્રીચંદ** લપીકૃતં. પ.સં.૧૦–૧૨, હા.ભં. દા.૮૩ નં.૧૦૩. (૨) પ.સં.૧૦–૧૩, ખેડા ભં.૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૪૬–૫૫૨, ભા.૩ પૃ.૧૪૪૧–૪૩ તથા ૧૬૪૦–૪૧. ત્યાં 'નેમિનાથ ચરિત્ર બાલા.'નો ર.સં.૧૮૮૪ દર્શાવેલો તે છાપભૂલ હશે એમ માનીને સં.૧૭૮૪ કરેલ છે. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' (ફકરો ૯૯૯ પૃ.૬૮૦)માં આ કૃતિનો ર.સં.૧૮૮૪ અને 'ઉપદેશમાલા બાલા.'નો ર.સં.૧૮૭૮ દર્શાવેલ છે તે પણ ભૂલ છે.]

## ૧૦૮૪. દેવવિજય વા. (ત. વિજયરત્નસૂરિશિ.)

**(૩૭૧૩) + નેમરાજુલ બારમાસ (૧)** ૧૭ કડી

**આદિ –** મધુકર માધવને કહેજો – એ દેશી.

બ્રહ્માણી વર હું માગું, કર જોડી તુમ પાય લાગું;
દારિદ્રદુઃખ હવે મુજ ભાંગુ રે, **નેમ** જિનેસરને કહેજો. ૧

**અંત –** શ્રી **વિજયરત્ન**સૂરિ રાયા, વાચક **દેવે** ગુણ ગાયા;
તુમ નામેં સંપત્તિ પાયા રે, **નેમ** જિનેસરને કહેજો. ૧૭

[મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. જગદીશ્વર છાપખાનું, સં.૧૯૪૦ (શીલાછાપ).

**(૩૭૧૪) + નેમરાજુલ બારમાસ (૨)** ૧૭ કડી ર.સં.૧૭૬૦

**આદિ – સરસતીને** પાય લાગું, હું તો વચન સુધારસ માગું રે; સામલીયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નેમ રાજુલ**ના ગુણ ગાઉં, હું તો કેતાં બહુ સુખ પાઉ રે. સામલીયા.

**અંત** – એ તો સંવત **સત્તર સાઠે**, ગાયો મેં વિરહી માટે રે, સા.

શ્રી **વિજયરત્ન** સૂરિરાયા, એ તો **દેવવિજય** ગુણ ગાયા રે. સા. ૧૭

(૧) જૈ.એ.ઇ.ભં. (તીર્થમાલા સાથે).

પ્રકાશિત : ૧. જગદીશ્વર છાપખાનું, સં.૧૯૪૦ (શીલાછાપ).

**(૩૭૧૫) શીતલનાથ સ્ત.** ર.સં.૧૭૬૯ માંડવીમાં

**આદિ** – છોડી તે આવી થારાં દેસમેં મારૂજી, ખીરણી દેઇ પાછી વાલ હો;
મૃગાનેણીરા ભમરા, થાંસુ નહિ બોલાં મારૂજી. એ દેશી.
શ્રી **સરસતી** ચરણે નમી, સાહેબજી પ્રણમી સદગુરૂપાય હો
ઝીણા મારૂજી સૂં માહરો મન વસ્યો;
**સીતલ** જિનવર ગાયસ્યૂં સા. નામેં નવનિધ થાય હો. ઝીણા. ૧

**અંત** – સંવત **સતર ઉગણોતરે** સાર હીસા. **માંડવિ**માં ચોમાસ હો, ઝી.
**સીતલ** જિનવર મેં સ્તવ્યા, સા. પૂરો સંઘની આસ હો. ઝી. ૧૦
શ્રી **તપ**ગચ્છ માંહે સોભતા સા. શ્રી **વિજયરત્ન** સૂરિરાયા હો. ઝી.
**દેવવિજય** સૂખ દીજિઈ સા. તુમ નામેં સુખ થાય હો. ઝી. ૧૧
પંડિત **દેવ** ઈમ વિનવે સા.

(૧) મુનિ **ઋષ**વિજય લખિત **મંડવિ** નગરે. પ.સં.૧-૧૪, મારી પાસે.

**(૩૭૧૬) + નેમરાજુલ બારમાસ (૩)** ૧૨ પદ્ય ર.સં.૧૭૯૫ ચોમાસું પોરબંદર

કાવ્યમાં રસ છે.

**આદિ** – **ચૈત્રે** તે ચતુરા નાર, ચિત્તથી વિમાસે રે;
કંતવિહુણી રાત, કિમ કરી જાશે રે. ૧

**અંત** – આ ફાગુણ આવ્યો માસ, નાહ ન આવ્યો રે;
અબીલ ગુલાલ જ તેહ, સહુ મેં છંટાયો રે. ૧
આ પીયુ ચાલ્યો **ગિરનાર**, મુજને છોડી રે;
આ શિવરમણી શું રંગ, પ્રીત એણેં જોડી રે. ૨
આ ખોટી જગ માંહે પ્રીતિ, જે નર કરશે રે;
થિર નહીં જગ માંહે કોય, સુકૃત હરશે રે. ૩
પામી તે મન વૈરાગ્ય, સંયમ લીધું રે;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ **રાજુલ** સતી ગુણ જાણ, કારજ કીધું રે. ૪
આ સંવત **સત્તર પંચાણું**, રહી ચોમાસે રે;
આ **પોરબંદર** શુભ ઠામ, મનને ઉલ્લાસે રે. ૫
શ્રી **વિજયરત્ન** સૂરિંદ, વાચક **દેવ** બોલે રે;
વારી હું **નેમ** જિણંદ, નહીં તુમ તોલે રે. ૬

(૧) લીં.ભં. દા.૨૩ (ગોડી તથા દાદા સ્તવન સાથે).

પ્રકાશિત : ૧. પ્રકા. જગદીશ્વર છાપખાનું, સં.૧૯૮૦. [૨. પ્રાચીન મધ્યકાલીન બારમાસા સંગ્રહ ભા.૧.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૦૦-૦૩. ત્યાં આ કવિની દીપવિજય-શિષ્ય દેવવિજય (જુઓ હવે પછી સં.૧૭૭૮ના ક્રમમાં) સાથે ભેળસેળ થયેલી, પરંતુ બન્ને કવિઓ સ્પષ્ટ રીતે પોતાની અલગ ગુરુપરંપરા નિર્દેશે છે, તેથી બન્નેને જુદા જ કવિઓ ગણવા જોઈએ.

પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૭૨૯ પર જે દેવવિજયને સં.૧૭૭૩માં ઉપાધ્યાયપદ અપાયું હોવાનો ઉલ્લેખ છે તે આ જ દેવવિજય સંભવે છે. તો 'નેમરાજુલ બારમાસ (૧)' સં.૧૭૭૩ પછીની કૃતિ બને.]

## ૧૦૮૫. ખેમચંદ (ત. મુક્તિચંદ્રશિ.)

**(૩૭૧૭) ૨૪ જિન સ્ત.** લ.સં.૧૭૬૧ પહેલાં

**અંત** – **વિજયપ્રભ**સૂરિરાય, સૂરિશિરોમણી રે સુ.
શ્રી **વિજયરત્ન** સૂરીંદ, મુનિવરનો ધણી રે મુ.
**મુગતિચંદ** ગુરૂ સીસ, **ષેમચંદ** ઇમ ભણઇ રે ષે.
ગાયા જિન ચોવીસ, ઉલટ અતિ ઘણુઇ રે ઉ.

(૧) પંડિતશ્રી **મુક્તિચંદ્ર**ગણિ શિ. પં. **ષેમચંદ**ગણિ શિ. મુનિ **વીરચંદ્ર** લિષતં. સં.૧૭૬૧ **બુંદિ** મધ્યે. ગુલાબવિજય ભંડાર ઉદયપુર.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૫૫. ત્યાં કૃતિનો ર.સં.૧૭૬૧ દર્શાવેલો. કવિના શિષ્યે કરેલી આ પ્રથમાદર્શ પ્રત હોય તો ર.સં.૧૭૬૧ સંભવે.]

## ૧૦૮૬. લાવણ્યવિજયગણિ (ભાનુવિજયશિ.)

**(૩૭૧૮) ચોવીશી** સં.૧૭૬૧ લગભગ

**આદિ** – આદિનાથ સ્ત. મહાવિદેહ ક્ષેત્ર સોહામણું એ દેશી.
**આદિ** જિનેસર સાહિબા, જગજન પૂરે આસ, લાલ રે.
કરીય કૃપા કરૂણા કરો, મનમંદિર કરો વાસ, લાલ રે. **આદિ.** ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીનતીઈં તૂઠા પ્રભુ, કીધો જ્યોતિપ્રકાસ લાલ રે,
પંડિત **ભાનુવિજય** તણો, **લાવણ્ય** મન ઉલ્હાસ લાલ રે. ૫

**અંત** – મહાવીર સ્ત. એહવી આવી રે ઇંદ્રાણી પોતઇ એ દેશી.
**સંગમ** સુર પ્રેરિત સુરસ્યામા, મનમથ સેના આવી,
સન્મુખ પ્રભુ સ્યું છલ વાહે નં, બોલે નેહ જગાવી.
પ્રીતમ લીજે રે આ યૌવનચો લાહો – આંચલી. ૧

*

દિનદિન પરમાણંદ બહુ વિલસે, **વીર** જિનેસર રાયા,
કોવિદ **ભાંનુવિજય**પયસેવી, **લાવણ્ય**કે મન ભાયા. પ્રી. ૮

(૧) ઇતિ મહોપાધ્યાય શ્રી શ્રી ૧૧૯ શ્રી **લાવણ્યવિજયગણિકૃત** ચતુર્વિંશતિ તીર્થંકર સ્તવનં શ્રી મહાવીર જિન ૨૪ સં.૧૭૬૧ ભા. વદિ ૫ ગુરૌ **સ્તં**ભતીર્થ બંદિરે લિ. પ.સં.૯–૧૩, તિલક.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૦૬–૦૭.]

**૧૦૮૭. લબ્ધિવિજય વા.** (પૌ. લક્ષ્મીચંદસૂરિ–વીરવિમલશિ.)

**(૩૭૧૯) સુમંગલાચાર્ય ચોપાઈ** ર.સં.૧૭૬૧ ભાગવા નગરમાં

**આદિ** – સકલ સુરાસુર સામી ભલઉ, સમરથ સાહિબ **પાસ**;
દેવ દયાપર દાલિદ્રહર, નીલવરણ તનુ જાસ. ૧
**અશ્વસેન**-કુલિ મંડણઉ, **વામા**-ઊયરિ-મલ્હાર;
**કમઠ**-મદભંજન કેસરી, **પ્રભાવતી**-ઊરિ હાર. ૨
ત્રિગૂઢ લંછન દીપતુ, **વાણારસિ** જિન અવતાર;
સો **પાસ** પ્રણમું મુદા, જસ દીઠઈ જયકાર. ૩
**સરસતિ** ભગવતી પય નમી, માંગી વચનવિલાસ;
કર જોડિ સહિગુરૂ તણા, પ્રણમું ચરણ ઉલ્હાસ. ૪
સિદ્ધ સાધુ પ્રણમી કરી, પ્રણમી **બ્રાહ્મિ** લિપિ પાય;
**સુમંગલ** સૂરિવર તણઉ, બોલિસુ ચરિત સવાય. ૫

**અંત** – રાગ ધન્યાસી, રિખભ પ્રભુ પૂજીએ – એ દેશી.
**કૂર્માપુત્ર**ના **ચરિત્ર**થી એ, ઉધરીઓ એ અધિકાર,
ધરમ હીએ ધરો એ, ટાલી સયલ પરમાદ – ભવિયણ સાંભલો એ
ધરમ. છંડો કુડઉ વિવાદ, ધરમ. આંકણી.
ધુરિ સંબંધ પ્રકરણઇ કહિઉ એ, છેહલુ સિદ્ધાંત મઝારી. ૬૬ ધ.
અધિકુંઉછઉં જે કહિઉં એ, બોલી અલીક જ ભાખ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેહનું મિચ્છા દુકડ એ, શ્રીય સંઘ કેરઈ સાખિ. ૬૭ ધ.
**પૂનિમ**ગચ્છપતિ રાજીયા એ, પાલઈ પંચાચાર,
શ્રી **લક્ષ્મીચંદ** સૂરીસરૂ એ, જસુ દરસન છઈ સુખકાર. ૬૮ ધ.
પ્રથમ શિષ્ય મુખ્ય તેહના એ, **વીરવિમલ** મુનિંદ,
વિનયવિવેકઈ આગલા એ, પ્રવર્ત્તાવક માંહિ દીપઈ જિમ ચંદ. ૬૯ ધ.
તેહ ગુરૂની અનુમતિઇં, રચિઉ રાસ રસાલ, ધરમ.
**શિવ દરિસનોદધિ ભૂ** વત્સરઈ એ, **ભાગવા** નયર મઝારિ. ૭૦ ધ.
એ રાસ સરસ જિકો પભણઈ એ, આણી હરખ જ જાણુ,
**લબ્ધિવિજય** વાચક ભણઈ એ, તેહનઇં કુશલકલ્યાણ. ૭૧ ધ.

(૧) શ્રીમદ્રાકાગણાધિરાજપાદા, શ્રી **લક્ષ્મી**ચંદ્રસૂરીંદ્રાણાં, શિષ્ય **લબ્ધિ**વિજય મુનિ વિરચિતે શ્રી સુમંગલાચાર્ય ચતુઃપદી સંપૂર્ણા. સંવત્ શિવ રસોદધિ પૃથ્વી (૧૭૬૧) વર્તે કો માસે કૌમુદી પક્ષે પ્રાંતિહાર્યે સંજ્ઞા કર્મવાટચૌ દ્વાદશાર્ચિવાસરે શ્રીમદ્ **ભાગ**વા ગામ મધ્યે લિખિતમ્. ગ્રંથાગ્રં. ૪૨૫, મયા કિંચિત્ પ્રજ્ઞાનુસારેણ સુમંગલાચાર્યાખ્યાનં રચિતં વિબુધૈરેતદ્ શોધનીયં પરોપકારાય સ્વપુન્યાય. પ.સં.૯, પ્ર.કા.ભં. વડો. નં.૪૧૪. (કવિની સ્વહસ્તલિખિત પ્રત લાગે છે. રચ્યાસંવતમાં જ રચનાસ્થલે જ લખાયેલી છે.)

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૫૮-૫૯.]

## ૧૦૮૮. વિવેકવિજય (ત. હીરવિજયસૂરિ-શુભવિજય-ભાવવિજય-ઋદ્ધિવિજય-ચતુરવિજયશિ.)

**(૩૭૨૦) રિપુમર્દન રાસ** ૧૭ ઢાળ ર.સં.૧૭૬૧ વ્યંક માસ શુ.૧૧ ભૃગુવાર વડાવલીમાં

**આદિ** – **થંભણ** પુરવર **પાસ** જિણ, હું પ્રણમું તુમ પાય,
**વામાનંદન** નામથી, પરમ પામું સુખદાય. ૨
**સરસતિ** ભગવતિ આપયો, મુઝનઈ બુદ્ધિપ્રકાસ,
**કાલિદાસ** જિમ **માઘ** તિમ, તિમ દ્યો વચનવિલાસ.

**અંત** – ઢાલ આવો આવો રે સહીઓ ઉપાસરે આવો એ દેશી.
ગાયા ગાયા રે ઉત્તમના ગુણ ગાયા, સુખસંપતિ બહુ પાયા રે,
ઉત્તમના ગુણ સુણસેં ભણસેં તસ ઘર ઋદ્ધિ સવાયા રે. ૧
દાન સીલ તપ ભાવના કહીઈ, એ જગમાં સહી ચ્યારે રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ચ્યારેથી અધિકો જાંણો, સીલ વડો સુખકાર રે. ગા. ૨
શીલ પાલ્યું **રિપુમર્દન** રાજા, તો તસ રિદ્ધિ સવાઇ રે,
ઇમ જાણીને સંજમ પાલો, પ્રાણી તુમે સહુ કોઇ રે. ૩
**સીલઉપદેશમાલાથી** લીધો, એહનો સહી અધિકાર રે,
પંડિત સોઈ શોધીને કરયો, જો હોવે ખોવટ લગાર. ૪
જેહવી બુદ્ધિ તેહવી ચતુરાઈ, આવે તેહવી વાંણી રે,
રંક જાણે હું ધનવંત સબલો, તે સવિ મથ્યા જાણી રે. ૫
અધિકુંઓછું જે મેં ભાષ્યું, તે મુઝ મિચ્છા દુક્કડ રે,
એક ધ્યાનેં કરી જોડયો, એહનો રાસ ઘણું અમુલક રે. ૬
સતરસહસ **ગુજરાતી** સોહાવઇ, **પાટણ** બારોસાર રે,
ગામ **વડાવલી** અતિ ઘણું સારૂં, ધરમી લોક દાતાર રે. ૭
**સંભવનાથ** તણેં પરસાદે, ચોપઇ સરસ જ કીધી રે,
શ્રી જિનનો દીદાર લહીને મુઝ મનવંછિત સિદ્ધિ રે. ૮
સંવત **ચૈક સૈલાદિક રાગા**, જ્ઞાની નામ ધરીજે રે,
માસ વ્યંક અજુઆલી તિથ સીવા, વાર ભલો ભૃગુ લીજે રે. ૧૦
સકલ ભટ્ટારક અનોપમ સોહે શ્રી **હીરવિજય** સૂરીરાયા રે,
**અકબર**ને બોધ દઇને, શ્રી જિનધર્મ પતાયા રે. ૧૧
તસ તણા શિષ્ય અતિ ઘણુ વારૂ, **શુભવિજય** કવિરાયા રે,
તસ તણા ગુણવંત ગિરૂઆ, **ભાવવિજય** ગુરૂરાયા રે. ૧૧
તાસ રે સીસ અતિ ઘણું રૂડા, **ઋદ્ધિવિજય** સુખકાર રે,
તાસ રે સીસ પંડિત ગુણભરીઆ, **ચતુરવિજય** શિષ્ય સાર રે. ૧૨
રાગ ધનાસી ઢાલ સતાવીસ, **રિપુમર્દન** ગુણ ગાયા રે,
**વિવેકવિજય** કહે સુણતાં સહુને, આણંદઋદ્ધિ સવાયા રે. ૧૩

(૧) પ.સં.૧૮-૧૫, ગ્રંથમાન ૭૦૦, લીં.ભં. દા.૨૫ નં.૩૭. [લીંહ-સૂચી.]

**(૩૭૦૧) અર્બુદાચલ ચોપાઈ** ર.સં.૧૭૬૪ જેઠ વદ ૫ દાંતામાં

**આદિ** – સરસ વચન દ્યો **સરસ્વતી**, ભગવતી ભારતી માય
**અર્બૂદ**ના ગુણ ગાયવા, મૂઝ મન આણંદ થાય. ૧
જૈન સેંવ પણ ઇમ કહે, **અર્બુદ** આદ ઉદાર
સોવન સીધ રૂપા તણી, ઇણિ ઠાંમે નરધાર. ૨

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજરદેસ જાંણીએ રે, દેસ ભલો **સાઢસાર**
તેહ રે દેસમાં રૂયડુ રે, નેર ભલૂ સુખકાર ૧
સુણો નર **દાંતા** સેહિર સુસાર.........
એકસો સાઠ જ ગામડાં રે, **દાંતા**ના સુખકાર. ૨
રાજ કરે ગુણરાજીઉ રે **પ્રથવીસંઘ** મહારાજ
તેજે પ્રતાપે દીપતો રે, પૂરે સહુનાં કાજ... ૩
સંવત **સતર ચોસઠા** જેઠ, સુદ સાતમ ભૌમવાર રે
ગાંમો રે ગાંમે વાત જ વાગી, સંઘ જાસે નરધાર રે. ૪

**અંત** – જે સુણસે નરનારીઉ એ, તસ ઘરે મંગલ ચ્યાર કે
સંઘ આગ્રહ જોડીઉ એ, **દાંતા** નેર મઝાર કે. ૧૧
સંવત **સતર ચોસઠા** તણો એ, અવલ જ અનોપમ માસ કે
જેઠ વદની પાંચમે એ, ગાઓ હર્ષ ઉલ્લાસ કે. ૧૨
પંડિત પ્રવર શિરોમણી એ, **ચતુરવિજય** ગુરૂરાય
તાસ રે સીસ ઇમ વીનવે એ, હોજ્યો **વિવેક** સુખદાય. ૧૩

(૧) પ.સં.૬, સંઘનો જૂનો ભં. પાટણ. દા.૭૬ નં.૧૧૮. [હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૧૫૯).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૯૨-૯૩, ભા.૩ પૃ.૯૭૨ તથા ૧૪૧૧-૧૨. પહેલાં 'રિપુમર્દન રાસ'નો ર.સં.૧૬૭૫(?) દર્શાવેલો, પરંતુ પછીથી સં.૧૭૬૧ હશે એવી નોંધ કરી છે. 'અર્બુદાચલ ચોપાઈ' ર.સં.૧૭૬૪ સ્પષ્ટ ધરાવે છે એટલે કવિનો સમય એની આજુબાજુનો જ ગણાય. ચૈક = એક = ૧ શૈલ = ૭ આદિ = ૧ રાગ = ૬ આ રીતે ૧૭૬૧ અર્થ-ઘટન થયું લાગે છે, જોકે બીજાં અર્થઘટનોને પણ અવકાશ છે. વ્યંક માસ = શુચિ માસ = જેઠ હશે ?]

**૧૦૮૯. જગન-જગનાથ** (લોંકાગચ્છ ઋ. સેખાશિ.)

**(૩૭૨૨) સુકોશલ ચોપાઈ** ર.સં.૧૭૬૧ ભા.

(૧) સં.૧૭૬૧ ભા.શુ.૭ **કાપ્રેજ** મધ્યે પૂજ્ય ઋ. **સેખા** શિ. જગન્નાથ લિ. પ.સં.૯, જિ.ચા. પો.૭૯ નં.૧૯૪૯. (સ્વલિખિત)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૦૬.]

**૧૦૯૦. અમર-અમરવિજયગણિ** (ખ. જિનચંદ્રસૂરિ-ઉદય-તિલકશિ.)

**(૩૭૨૩) ભાવપચીસી** ગા.૨૬ ર.સં.૧૭૬૧ પો.વ.૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) જય. નં.૧૦૭૯.

**(૩૭૨૪) સુમંગલ રાસ** ર.સં.૧૭૭૧

**રૂપ દી[દ્વી]પ સાયર શશિ.**

(૧) સં.૧૭૭૮ માગ.શુ.૨ ઉદરામસર મધ્યે લિ. પં. **અમરવિજય** પં. **લાભકુશલ** ગુલાબચંદ સહિતેન. પ.સં.૫, જય. પો.૬૮.

**(૩૭૨૫) મેતાર્ય ચોપાઈ** ર.સં.૧૭૮૬ શ્રા.શુ.૧૩ સરસા

**(૩૭૨૬) રાત્રિભોજન ચોપાઈ** ર.સં.૧૭૮૭ દ્વિ.ભા.શુ.૧ બુધે નાપાસરમાં

(૧) સં.૧૭૮૭ દ્વિ.ભા.શુ.૯ **અમર**વિજયેન (કવિ પોતે) **લાભકુશલ જ્ઞાનવર્દ્ધન** પઠનાર્થં. પ.સં.૨૪, જય. પો.૬૭. (૨) સં.૧૮૪૪ ભા.વ.૫ રવિ. પ.ક્ર.૨૯થી ૩૭, મહિમા. પો.૮૭. (૩) સં.૧૮૫૯ આ. **સાધાસર** મધ્યે સુગુણપ્રમોદ શિ. ઉદયસૌભાગ્ય લિ. પ.સં.૨૭, જય. પો.૬૭. (૪) સં.૧૮૮૨ કા.શુ.૧૦ **કસ્તુરસુંદર** લિ. પ.સં.૨૧, બૌ.વિકા. નં.૬૫. (૫) સં.૧૮૯૧ આ.૧૩ રવિ. પ.સં.૩૫, જય. પો.૬૬.

**(૩૭૨૭) સુકોશલ ચોપાઈ** ર.સં.૧૭૯૦(?) પો.શુ.૧૩ આગ્રામાં

(૧) પ્રત ૧૯મી સદીની, પ.સં.૪૪, દાન. પો.૧૪ નં.૨૪૭.

**(૩૭૨૮) સુપ્રતિષ્ઠા ચોપાઈ** ર.સં.૧૭૯૪ માગશર રવિ મરોટમાં

**અંત** – શ્રી **ખરતર**ગચ્છની પરંપરા, શ્રી **જિણચંદ** મુનીસ
**ઉદયતિલક** પાઠક જગ પરગડા, વારૂ વિચક્ષણ સીસ. ૧૧ ધ.
**અમર** ભમર સમ ગુરૂપદકમલનું, અહિનિસ સેવત રંગ,
ગુરૂદેવ-અનુગ્રહથી જસ ગાઇયો, સાધુ મહાગુણ ચંગ ૧૨ ધ.
**લાભકુશલ ગુલાલ** આગ્રહ કરી, **સુપ્રતિષ્ટ** તણો સુભ રાસ,
કીયો શ્રી **મરોટ** જ કોટમેં, સુખ સ્યું રહ્યા ચોમાસ. ૧૩ ધ.
સંવત **સત્તરે સે ચોરાણવૈ**, રવિ દિન મગસિર માસ,
ચઢી પ્રમાણ ભલીયા ચોપાઇ હુઓ જ્ઞાનપ્રકાશ. ૧૪ ધ.
જાં લગે સેસ ધરા સુસુમે રહી, જાં લગે સૂરજચંદ,
જાં લગે ધ્રુવનો તારો અટલ છે, તાં લગે ગ્રંથ એ નંદ. ૧૫ ધ.

(૧) સંવત્ ૧૭૯૯ પ્રવર્ત્તમાને મૃગશિર વદિ ૫ દિને શુક્રવારે પં. જૈ.શ્વે.ભં. જયપુર પો.૬૪ (ડા. ત્રિભોવનદાસ લહેરચંદના પ્રશસ્તિસંગ્રહમાંથી). (૨) સં.૧૭૯૯ શાકે ૧૬૬૪ મૃગશિર વ.૫ શુક્ર લિ. પ.સં.૧૫, જયપુર. [બન્ને પ્રતો એક જ જણાય છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૩૭૨૯) કાલાસવેસી ચોપાઈ** ૨.સં.૧૭૯૭ વૈ.શુ.૩ રાજપુરમાં

(૧) સં.૧૭૯૭ **રાજપુરા** મધ્યે **લક્ષ્મીચંદ** લિ. **ભટ્ટી** હસમખાં રાજ્યે. પ.સં.૧૪, જિ.ચા. પો.૭૯ નં.૧૯૫૩. (૨) જય. પો.૬૯. (૩) પ.સં.૧૬, જય. પો.૬૮.

**(૩૭૩૦) સુદર્શન ચોપાઈ** ૮ સર્ગ ૨.સં.૧૭૯૮ ભાદ્ર.શુ.૫ નાપાસર

**આદિ**– શ્રી **સિદ્ધારથ**સુત નમું, **વર્દ્ધમાન** શિવવાસ
કામકુંભ મણકલ્પતરૂ, ઇહની પૂરણ આસ. ૧

**અંત** – **વીર સુધર્મા જંબુ**હિ સ્વામી કેવલ સીમાકારી
તાસ પરંપર થયા પટોધર, સૂરિ ઉદ્યોતકારી. ધ. ૯
અનુક્રમ પાટ ભયા **જિણચંદ**જી, શીતલ ચંદ જિ સારી,
તસુ શિષ શીલસોભાહિ સોભિત, **ઉદયતિલક** ઉવઝારી. ધ. ૧૦
તસુ વિનયી **અમર**ગણિ પભણે, ગુરૂદેવ પાય દયારી,
કીડીથી જિણ કુંજર કીયો, અઘડ હી ઘાટ ઘટારી. ધ. ૧૧
ગુરૂપ્રસાદ કરિય સદા સુખ, ગ્રંથ પ્રમાણ ચઢારી,
જયવંતો હો જૈન મહાધર્મ, ધ્રૂ શશિ સૂરજ ભારી. ધ. ૧૨
મૂલ નાયક શ્રી **અજિતદેવ**જી, દરસય જાય અઘારી,
પરમ રિદ્ધિ સિદ્ધિ પાવે પૂજે, પૂરણ હોત ઇચ્છારી. ધ. ૧૩
વિધવસ રહે ચોમાસ નાપાસર, પાણી સુખ અહારી,
સદ્‌ગુરૂ શ્રી **જિનકુશલ** પ્રાસાદે, ઇતરૂ ભીત નઠારી. ધ. ૧૪
સંવત **સત્તર અઠાણુવા** વરસે, ભાદવ શુકલ મઝારી,
તિથિ પંચમ કવિ સિધ વૃદ્ધિ યોગે, પૂરણ ભઈ કથારી. ધ. ૧૫
આઠમ સરગ કરિ રાસ રચ્યો, રસ લહે અડસિદ્ધ વરારી,
સરધા સેંતી સુણહિ સુણાવે, સુખ પાવે નરનારી. ધ. ૧૬
પંચ પરમેષ્ઠી જે સમરેસી, મંગલિક આચારી,
તે નર **અમર** મુગતિસુખ વિલસે, જૈનધર્મ ઉપકારી. ધ. ૧૭

(૧) ઇતિશ્રી સુદર્શન ચરિત્રે કવિ અમર વિરચિતે સુદર્શન વ્યંતરી કૃતોપસર્ગસહન મોક્ષગમનનામાષ્ટમો સર્ગ સમાપ્ત સમજનિ. ઇતિશ્રી સુદર્શન ચોપાઇ સંપૂર્ણં. સં.૧૭૯૯ વર્ષે શ્રાવણ વદી ૮. પં.જૈ.શ્વે.ભં. જયપુર પો.૬૪. (ડા. ત્રિ. પ્રશસ્તિસંગ્રહમાંથી.) (૨) સર્ગ ૮, પ.સં.૨૭, જય. પો.૭૦. (૩) જય. પો.૬૬.

**(૩૭૩૧) પૂજાબત્તીસી** ગા.૩૩ ૨.સં.૧૭૯૯ ફલોધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) જય. નં.૧૧૧૪.

**(૩૭૩૨) સમ્યક્ત્વ ૬૭ બોલ સઝાય** ર.સં.૧૮૦૦

(૧) પ.સં.૫, જય. નં.૧૧૩૧.

**(૩૭૩૩) ધર્મદત્ત ચો.** ર.સં.૧૮૦૩ ધનતેરસ રાહસરમાં

**આદિ** – પ્રણમિય પરમાનંદમય, અવિચલ આતમરામ
આદિ અંત જાકી નહી, અવિનાસી અભિરામ. ૧
અરિહંત અસરીરી મુની, એઈ ન કી નિજ નારિ
ઇન સું નુત કરિ માંગહૂ, નિહચૈ સુધ વિવહાર. ૨

**અંત** – **વીર** તણૈ પટ **સોહમ** સિષ ભન, અનુક્રમ સૂર **ઉદ્યોતન** રે
તાસ પરંપર સૂરિ **જિણેસર, ખરતર** બિરૂદ ધરેસ. ૯
થયા પરંપર **રતન** સુરિંદા, શ્રી **જિણચંદ** મુણિંદા રે
**ઉદયતિલક** પાઠક સુખકંદા, **અમરવિજૈ** આણંદા. ૧૦
ગુરૂપદપંકજસેવિત પાઇ, કવિત કલા ચતુરાઇ રે
આતમ-પરહિત કથા બણાઈ, સંતનકું સુખદાઇ રે
**ગુણ પૂરણ વસુ ચંદ્ર** સંવચ્છર, કી(નો) ચોમાસ **રહાસર** રે
કાતિક માસ ધનતેરસ વાસર, રચીયો રાસ સુવાસ રે
જાં લગિ મેરૂ મહી સસિ ભાણો, વરનૌ ગ્રંથ કલ્યાણો રે
જૈન ધરમ **અમર** ચિર નંદો, આણંદમંગલકંદો રે. ૧૩

(૧) સં.૧૮૦૩ પો.શુ.૧૫ લિ. **લક્ષ્મીચંદ હિમતાસરે.** પ.સં.૬૬, જય. પો.૭૦.

**(૩૭૩૪) કેશી ચોપાઈ** ર.સં.૧૮૦૬ વિજયાદશમી ગારવદેસરમાં

(૧) રામલાલ સંગ્રહ વિકા. [ડિકૅટલૉગભાઇ વૉ.૧૯ ભા.ર.]

[પ્રથમ આવૃત્તિ ભા.ર પૃ.૫૮૨-૮૩, ભા.૩ પૃ.૧૪૫૬-૫૮.]

## ૧૦૯૧. ગંગ મુનિ–ગાંગજી (લોં. રૂપઋષિ-જીવ-વરસિંહ-જસવંત-રૂપસિંહ-દામોદર અને કર્મસિંહ-કેશવ-તેજસિંહ-કાન્હ-નાકર-દેવજી-નરસિંહ-લખમીચંદશિ.)

**(૩૭૩૫) રત્નસાર તેજસાર રાસ** ૪ ખંડ ૩૮ ઢાળ ૮૦૯ કડી ર.સં.૧૭૬૧ જેઠ સુ.૬ ગુરુ હાલાર દેશમાં

**આદિ** – દૂહા.
શ્રી **શાંતિ** જિનેસર જયકરૂ, પ્રણમૂં તેહના પાય,
નાંમ જંપંતા જેહનો, પાતિક દૂર પલાય. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરસાદાંણી **પાસજિન**, સમર્યાં સંપતિ કોડિ,
**ધરણેંદર પદમાવતી**, સેવે દો કર જોડિ. ૨
**વરધમાન** તીરથધણી, સાસનપતિ જિનદેવ,
સુરનર સહૂ સેવા કરેં, નાંમે સંપતિ હેવ. ૩
તસ ગણધર **ગૌત્તમ** નમું, લબધિ તણો ભંડાર,
સમઝાવી ભવ્ય જીવનેં, ઉતારે ભવપાર. ૪
હંસવાહની સમરૂ સદા, મયા કરે મુઝ માય,
હૂં સેવક છું થાહરો, કરજો વચન પસાય. ૫
ગુર ગિરવો ચિત્તમાં ધરૂં, ગ્નાન તણૌ દાતાર,
સેવકને સાંનિધ કરી, આપે સંપતિ સાર. ૬
દાંન શીયલ તપ ભાવના, શિવપુર મારગ ચ્યાર,
સરષા છે તો પણિ ઇહાં, દાન તણો અધિકાર. ૭
દાને સંપતિ પાંમીયેં, કીરતી કરે કલ્લોલ,
અલીયવિઘન દૂરે કરે, પગપગ છાકાં છોલ. ૮
તીર્થંકરપદ પામીયાં, દાંન તણે સુપસાય,
ઈંદ્રિ ચંદ નાગેંદ્ર જેં, પાગ્યા પૂન્ય પસાય. ૯
દાંનોપર સુણયો કથા, સાંભલિતાં સુખ હોય,
આલસ નિંદ્રા પરહરી, સાંભલિજો સહૂ કોય. ૧૦
દાને સંપતિ પામીઓ, રાજઋદ્ધે બહુ માંન,
**રત્નસાર તેજસાર** નૃપ, દિનદિન ચઢતે વાંન. ૧૧
કવણ દેશ નગરી કવણ, માંતપિતાનો નાંમ,
કવણ વંશ તે જાણીઇ, સાંભલિતાં સુષ તાંમ. ૧૨
દેસાં સિર અતિ દીપતો, **કાસી**દેસ વિસાલ,
નગરી ભલી **વાણારસી, જિતશત્રુ** ભૂપાલ. ૧૩
શ્રી હરિવંશ વિરાજતો, ન્યાયે નિપુણ રાજાંન,
પ્રજા પ્રમોદિત જેહની, દિનદિન ચડતો વાંન. ૧૪

પ્રથમ ખંડ ઢાલ ૧૦ બીજો ખંડ ઢાલ ૯ ત્રીજો ખંડ ઢાલ ૧૧.

**અંત –** ખંડ ૪ ઢાલ ૮ ધન્યાસી રાગ
ધનિ ધનિ રે મુઝ આજૂનો દિન......

*

ધનધન **લોંકા**ગછપતિ ગિરવો, શ્રી **રૂપઋષિ** સૂજાંણિ રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાસ પાટ અવિચલપદ ઉદયો, **જીવઋષિ** અમૃતવાંણી રે. ૫ ધ.
વરસિંહ પાટ **વરસિંહ** બિરાજે, **ગોતમ** ઉપમ તે છાજે રે;
દુષદોહગ તે નામિ ભાજે, તસ સુષસંપતિ વિરાજે રે. ૬ ધ.
જસ ઘણો **જસવંત** મુનીરાયા, તાસ પાટ **રૂપસિંહ** સવાયા રે;
**દામોદર કમસિંહ** એહ ભાયા, એ તો પ્રતપે સવાયા રે. ૭ ધ.
કરૂણાસાગર **કેશવ** પાટે, શ્રી **તેજસિંહ** જસ પાટે રે;
**કાન્હ** મુનિ ગિરૂઉં ગચ્છના એકલા એક જસનો થાટ રે. ૮ ધ.
**નાકર** ઋષિના શિષસિરોમણિ, **દેવજી** ગુણનિધાંન રે;
**નરસિંહ** તપસ્વી ગુણે ગિરૂઉ, **લિષમીચંદ** બહુ માંન રે. ૯ ધ.
તાસ મુનીંદો એ શિષ્ય બિરાજે, વિદ્યાગુણે કરી ગાજે રે;
પંડિત ગુણે પ્રગટ પ્રતાપી, **ગંગમુની** વિરાજે રે. ૧૦ ધ.
સંવત **સતર એકસઠા** વરસે, જેઠ માસેં મનિ હરષે રેં,
શુકલ છઠિ ગુરૂવારે પરષૈ, ચરિત્ર રચ્યૌ એ વર્ષે રે. ૧૧ ધ.
દેસ **હલ્લાર**માં એહ વિરાજે, કલ્પવટ ગુણ ગાજે રે,
સિંઘસિરોમણિ સદા પૂરણ, ધર્મ કરે શિવ કાજે રે. ૧૨ ધ.
કથાસંબંધ સુણી મેં પૂરણ, ચરીત રચ્યો ઇમ જાંણિ રે;
નરનારી સુષસંપતિ લહેસે, જે શુણશે એહ વાણી રે. ૧૩ ધ.
ચોથે ષંડે આઠમી ઢાલે, એહ દાંન તણાં ગુણ જાંણો રે;
ગંગમુની કહે જે ધર્મ્મ કરસે, તે લહેંસે કોડિ કલ્યાણ રે. ૧૪ ધ.

(૧) સર્વગાથા ગ્રંથાગ્રંથ ઢાલ દૂહા ચોપઇની ૮૦૯ સર્વઢાલ ૩૮ ખંડ ૪ સં.૧૭૬૭ કા.શુ.૧૨ રવિવાસરે લિ. પૂ. ઋષિ **લ**ષમસી [**લ**ખમીચંદ?] તત્‌શિષ્ય પૂજ્યજી સ્વયંકૃત ઋષિ શ્રી ૫ **ગાંગ**જીજી તત્‌ગુરૂભ્રાતા ઋષિ શ્રી ૫ **જેત**સીજી તસ્ય શિ. લિ. મુની **વિજય**કર્ણેન સ્વયં પઠનાર્થં. પ.સં.૧૧-૨૧, ધો.સ.ભં.

**(૩૭૩૬) ધનાનો રાસ** ૧૭ ઢાળ

**અંત** – સહી સત્તરમી રે ઢાલમાં, દુખદારિદ્ર દૂર ગમાયા રે,
**લિખમીચંદ** પસાઉલે, એમ **ગંગ**મુની ગુણ ગાયા રે. ૮૯

દૂહા.

વહુ... ગઇ, આવિ નહી એણી વાર;
ચિંતા તુરત મન ચિંતવે, ધરમી તે **ધન** સાર.

**(૩૭૩૭) જંબૂસ્વામીની સ્વાધ્યાય** ૪ ઢાલ ર.સં.૧૭૬૫ શ્રા.શુ.૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાણપુરમાં

**આદિ** – શ્રી ગુરુપદપંકજ નમી, સમરિ **સારદ** નાંમ,
**જંબૂકુમર** ગુણ ગાવતાં, સીઝે વંછિત કાંમ. ૧
બાલપણેથી **જંબૂ** એ, શિયલ ધર્યો શિરદાર,
સાધુ અને શ્રાવક પ્રતેં, અધિકો શિયલ-આચાર. ૨
ચરમ કેવલી જાંણીઇ, **સુધર્મ**ગણધર-શિષ્ય,
તેહ તણા ગુણ જંપીઇં, ભાવ ધરી નિસદિશ. ૩

**અંત** – ઢાલ ૪
સંવત (**સત્તર**) **પાંસઠે** માસ શ્રાવણ શુદિ બીજ,
ગુણ ગાયા **રાણપૂર**, મીઠા જાંણ અમીય રે.
શ્રી ગછ **લોંકે** ગાજેં શ્રી પૂજ્ય **તેજસિંઘજી** પ્રતાપે,
તેહના પટ્ટધારી, કિરત **કાનહ** જગવ્યાપી. ૯

ઉથલો

કિરતકારક વંછિતદાયક વાયક ધ્યાંન મન જે ધરેં,
પાવે શકલ પદારથ પ્રાંણી જે નિશ્ચલ ભવિ આદરેં.
ગુરુ **લખમીચંદ**-ચર્ણ-પ્રભાવેં **ગંગમૂં**ની કર જોડ કહૈ,
જે ભાવ ભણસેં અથવા સૂણસેં તે મનવંછિત સુખ લહૈ. ૧૦

**(૩૭૩૮) + ૧ ગૌતમસ્વામી સ્વા.** કડી ૬ ર.સં.૧૭૬૮ પ્ર.ભા.વ.પ બુધ માંગરોલમાં

**+ ૨ સીમંધર વિનતિ** કડી ૧૩ ર.સં.૧૭૭૧ ભા.શુ.૧૩ કુંતલપુરમાં

પ્રકાશિત : બન્ને – ૧. લોંકાગચ્છ પ્રતિક્રમણ સૂત્ર.
[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૫૯–૬૨, ભા.૩ પૃ.૧૪૦૭–૦૮.]

**૯૮૮. સુખસાગર** (ત. દીપસાગરશિ.)
[કવિ ભૂલથી બેવડાયા છે. જુઓ આ પૂર્વે ભા.૪ પૃ.૪૫૯–૬૦.]

**(૩૭૩૯) કલ્પસૂત્ર બાલા.** ર.સં.૧૭૬૨ રાધનપુરમાં
(૧) પ.ક્ર.રથી ૧૯૫, હં.ભં. નં.૮૧૫. (૨) ગ્રં.૧૭૬૩, પ.સં.૨૨૫, લીં.ભં. દા.૧૨. [લીંહસૂચી.]

**(૩૭૪૦) દીપાલીકલ્પ બાલા.** ર.સં.૧૭૬૩ અમદાવાદ
મૂલ સં.૧૪૮૩માં ત. જિનસુંદરસૂરિકૃત.
શ્રી **જ્ઞાનવિમલ**સૂરીશ્વર પ્રસાદાત્ સુખબોધાર્થં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી **દીપોત્સવકલ્પ** સ્તિબુકાર્થસમર્થિતો મયકા. ૧
કવિદીપ **દીપસાગર**, શિશુના **સુખસાગરેણ** કૃતા
**ગુણ રસ મુનિ વિધુ** માને, સંવત્(૧૭૬૩) વર્ષે શ્રી **રાજનગરે**. ૨

(૧) **પ્રમોદ** બિંદ્રે **ગોડિજી** પ્રસાદાત્ લિ. **પ્રતાપસ્ય** સં.૧૯૨૬ પો.વ.૮ અર્કવાસરે. પ.સં.૪૨, જિનદત્ત ભં. મુંબઈ. પો.૮. (૨) સં. ૧૭૭૯, લીં.ભં. દા.૩૧. (૩) સં.૧૮૨૪, લીં.ભં. (૪) સકલ ભ. **વિજય-રત્નસૂરિ** રાજ્યે **નિત્યવિજયગણિ** શિ. પં. **જિનવિજય** શિ. **પ્રમોદવિજયેન** લિ. કટારીયા નગરે સં.૧૭૯૬. પ.સં.૪૪, પાદરા ભં. નં.૧૪. (૫) સં. ૧૮૦૦, પ.સં.૬૬, લીં.ભં. દા.૩૪ નં.૬. (૬) સં.૧૮૮૨ આસો વદિ ૫, પ.સં.૪૧, પા.ભં. નં.૩૧૫. (૭) ગ્રં.૧૨૦૦, પ.સં.૪૦, પ્ર.કા.ભં. દા. ૧૦૦ નં.૧૦૭૦. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૧૬ – દીપસાગરને નામે, ૫૭૯).]

**(૩૭૪૧) નવતત્ત્વ બાલા.**

(૧) લ.સં.૧૭૬૬, પ્ર.કા.ભં. કે હં.ભં.

**(૩૭૪૨) પાક્ષિકસૂત્ર બાલા.** ૨.સં.૧૭૭૩

(૧) ગ્રં.૫૧૦૦ સં.૧૮૯૨, પ.સં.૧૫૦, પ્ર.કા.ભં. દા.૧૦૫ નં. ૧૧૩૭. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૦૨, ૩૧૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૯૨-૯૩, ભા.૩ પૃ.૧૬૩૬.]

## ૧૦૯૨. વિજયજિનેંદ્રસૂરિશિષ્ય

**(૩૭૪૩) સ્થૂલિભદ્ર ચરિત્ર બાલા.** ૨.સં.૧૭૬૨

મૂલ સં.માં જયાનંદસૂરિકૃત.

(૧) લ.સં.૧૮૫૦, પ.સં.૭૫, સેં.લા. નં.૨૦૯૩. [આલિસ્ટઑઇ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૩૫.]

## ૧૦૯૩. કર્મસિંહ (પાર્શ્વચંદગચ્છ રાજચંદ્રસૂરિ–હીરાનંદ–ઠાકુરસિંહ–ધર્મસિંહશિ.)

**(૩૭૪૪) + અઢાર નાત્રાં ચોપાઈ** (મોહચરિત્રગર્ભિત) ૯ ઢાળ ૨.સં.૧૭૬૨ પટણામાં

**આદિ –** દૂહા

શ્રી **ગૌતમ** ગણધર નમી, પામી સુગુરૂ પસાઉ
અષ્ટાદશ સગપણ તણી, કથા કહું ધરિ ભાઉ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવિક-લોક સહુ સાંભલો, સરસ ચરિત છે એહ
કરમસંયોગેં જે થયું, કહું યથારથ તેહ. ૨

અંત – ઢાલ ૯ સમકિતનું મૂલ જાણિયે – દેશી
શ્રી જિનવર જિમ ઉપદિસ્યા રે, મોહ તણા પરપંચ
ભવિયણ સાચા સદ્દહો રે, નહી ઇણમેં ખલખંચ. ૩
પ્રાણી ધર્મ કરો મનરંગ.

*

**નાગોરી વડતપ**ગચ્છા રે, તાસ પરંપરા જાણ
શ્રી **પાર્શ્વચંદ્ર**સૂરિ ગછપતિ રે, શુદ્ધક્રિયા-ગુણખાણ રે. ૬
પ્રકટ કર્યો જિણે આચરી રે, મુનિનો ધર્મ પ્રધાન
શ્રી **સમરચંદ્ર**સૂરિ તેહને રે, પાટે અતિહિં સુજ્ઞાન રે. ૭
તાસ પટોધર જાણજ્યો રે, **રાજચંદ્ર** સૂરિંદ્ર
તાસ શિષ્ય ઉવઝાયજી રે, શ્રી **હીરાનંદ** ચંદ્ર રે. ૮
તસુ વિનયી શિષ્ય અતિ ભલા રે, **ઠાકુરસિંહજી** નામ
**ધર્મસિંહ** શિષ્ય તેહના રે, પંડિત તાસ પ્રણામ રે. ૯
તસુ વિનયી મુનિ **કર્મસિંહ** રે, **પટણા** નયર મોઝાર
ચરિત્ર રચ્યો એ મોહનો રે, સગપણ મિસ અવધાર રે. ૧૦
**દ્વીપ સસી** સંવત સહી રે, વરસ **યુગલ રસ** જાણિ
પર-આપણ-હિત કારણેં રે, એ કહી કથા વખાંણિ રે. પ્રાણી. ૧૧

(૧) સં.૧૭૬૨ માર્ગશીર્ષ માસે વદિ પક્ષે પંચમી દિને ગુરૂવાસરે સિદ્ધિયોગે મુનિ કર્મસિંહેનાલેખિ.

પ્રકાશિત : ૧. જૈન રાસ સંગ્રહ ભા.૧ (ભ્રાતૃચંદ્ર ગ્રંથમાલા પુ.૩૨થી ૩૯), પૃ.૭૯–૯૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૦૮–૦૯.]

## ૧૦૯૪. રામવિમલ (ત. સોમવિમલ–કુશલવિમલશિ.)

### (૩૭૪૫) સૌભાગ્યવિજય નિર્વાણ રાસ અથવા સાધુગુણ રાસ (ઐ.)

ર.સં.૧૭૬૨ અવરંગાબાદમાં

આના ટૂંક સાર માટે જુઓ સૌભાગ્યવિજય નં.૧૦૩૦. [તથા જૈન સત્યપ્રકાશ વર્ષ ૨ અં.૧૨.]

આદિ – દૂહા.
**સરસતિ** સાંમણિ પાય નમી, પામી સગુરૂ પસાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ તણા ગુણ ગાવતાં, પાતિક દૂર પલાય. ૧
સંવેગી-સિરસેહરો, સાધુ-શિરોમણિ ધીર,
ગુરૂ ગિરૂઆ સુગુણેં ભર્યા, ષિમાવંત વડવીર. ૨

**અંત** – નગર **અવરંગાબાદ** માંહેં રચ્યોજી,
પંડિત શ્રી **સૌભાગ્યવિજય** નિરવાણ હો.
ગાયો મનિ ભાયો ચિહુંવિધિ સંઘનેજી,
થાયો હો દિનદિન કોડિ કલ્યાણ હો. ૫૯
તારણ તરણ ભવોદધિ ભીમનાજી,
મિલિયા હો મુઝનેં એ મુનિરાજ હો.
હૂં તરિયો ભવદરિયો એ ગુરૂનામથીજી,
વરિયો મેં નિશ્ચલ અવિ... ૬૦

*

....................મનોહર શ્રી **અંતરીક** પ્રભુ **પાસ** હો,
મનઉલ્લાસેં હો તે સુપસાયથી,
કીધો કીધો મુનિવરનો ગુણરાસ હો. ૬૨
**તપ**ગછ-તેજ-તરણી સમ સોભતાજી શ્રી **વિજેંરત્ન** પ્રભુ ભૂપાલ હો
વાદીમદભંજન ગંજન કેસરીજી, પટ્ટ પ્રભાકર સુગુરૂ દયાલ હો. ૬૩
તસ પદપંકજ ગચ્છ માંહિ સોભતાજી,
પંડિત શ્રી **સોમવિમલ** સુવિસાલ હો.
સેવક **કુશલવિમલ** ગુણઆગરૂજી,
મુઝ થાયો ગુરૂ ભવિભવિ એહ કૃપાલ હો. ૬૪
જે ભવિ ભાવેં ભણેં ગુણેં સુણેંજી,
તસ ઘરિ દિનદિન જયજયકાર હો.
રંગે હો **રામવિમલ** ઇમ વીનવેંજી,
ધ્યાવેં તે પાવેં ભવજલપાર હો. ૬૫
ધનધન સોભાગી ગુરૂજી વાંદિયેંજી.

(૧) પં. શ્રી **સોમ**વિમલગણિ તત્‌શિષ્ય **કુશલ**વિમલગણિ તતશિષ્ય પં. **રામ**વિમલેન લિપિકૃતં સંવત ૧૭૬૨ વર્ષે ફાગુણ વદિ ૭ દિને. પ.સં.૬–૧૦, કવિની સ્વલિખિત, સીમંધર સ્વામી ભં. સુરત દા.૨૦. (૨) પ.સં.૬, બૃહત્ જ્ઞાન ભં. વિકાનેર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૦૯–૧૦.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧૦૯૫. પ્રેમવિજય** (ધર્મવિજય–શાંતિવિજયશિ.)

**(૩૭૪૬) ચોવીસી** ર.સં.૧૭૬૨ માઘ શુદિ ૨ મહિસાણામાં

**આદિ** માહાવિદે ક્ષેત્ર સોહામણો એ દેશી

શ્રી **સરસતિ** શુભમતિ વિનવું શ્રી ગુરૂ પ્રણમી પાય લાલ રે
**મરૂદેવીનં**દન ગાવતાં, માહરૂં તનમન નીરમલ થાય લાલ રે. ૧

**અંત** – સંવત **સતર બાસઠા** વરસઇ, માઘ સુદિ બીજ દિન સારી
**મહિંસાંણે** ચુમાસ રહીને, જિનસ્તવના વિસ્તારી રે. ભવિયા.૬
પંડિત શ્રી **ધર્મવિજય** વિબુધ વર સેવક, **શાંતિવિજય** શુભ સીસ,
તસ ચરણકમલ પાય પ્રણમતાં, **પ્રેમ** પાંમી સુજગીસ રે. ભવિયા. ૭

(૧) લિ. પ્રેમવિજયશિષ્ય ગણિ વૃદ્ધિવિજય મુની. પ.સં.૭–૧૩, ડા. પાલણપુર દા.૩૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૧૦–૧૧.]

**૧૦૯૬. જિનસુંદરસૂરિ** (ખ. જિનસમુદ્રસૂરિના પટ્ટધર)

**(૩૭૪૭) પ્રશ્નોત્તર ચોપાઈ** ૬ ખંડ ૧૩૬ ઢાળ ૩૬૮૬ કડી ર.સં. ૧૭૬૨ આસો વદ ૧ આગ્રામાં

**આદિ** – (પહેલાં ગાથા છે : નમિઊણ તિત્થનાહે...)

દૂહા.

શ્રી શ્રુતદેવ નમી કરી, પ્રણમી પ્રવચનમાત,
ગુણ ગાતાં માતા તણા, અલીયવિઘન સહુ જાત. ૧
તીને ચોવિસી તણા, પ્રણમીજે જિણદેવ,
હૂંઆ હોસે જે વલી, વર્ત્તમાન કરૂં સેવ. ૨
**ઋષભાદિક** વર્ત્તમાન જે, પ્રણમું જિન ચઉવીસ,
**મહાવીર** પ્રણમું સદા, **વર્ધમાન** જગદીસ. ૩
પ્રણમું વલિ સદગુરૂ તણા, પાયપંકજ નિતમેવ,
કીડીથી કુંજર કરે, તિણ કરૂં સાચિ સેવ. ૪
પ્રણમું વલિ માતાપિતા, જિણ દીધો અવતાર,
પાલિ પોસિ મોટો કર્યો, એ તિણનો ઉપગાર. ૫
એ સહુને પ્રણમી કરી, ધરી ધ્યાંન મન સુદ્ધ,
**પ્રશ્નોત્તર**ની ચોપઈ, સાંભલજ્યો બહુ બુધ. ૬
જ્ઞાનકથા જ્ઞાની સુણે, મુરખને ન સુહાય,
જ્ઞાનકથા જો અજબરસ, સાંભલજ્યો ચિત્ત લાય. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આલસ ઉંઘ નિવારજ્યો, નિંદા કરજ્યો દૂર,
સાંભલજ્યો સુધ ભાવ સું, જિમ લહો આણુંદપૂર. ૮
હલુકમી જે જાંણીઈ, સાંભલસે એકચિત્ત,
જ્ઞાનકથાકો અનુપ રસ, સાંભલજ્યો ધર પ્રીત. ૯
બહુલકમી તે ઉંઘસ્યે, આલસ કરસ્યે અંગ,
કે વિકથા વિચમેં કરે, તે મુરખ મતિભંગ. ૧૦
ઇય સૂણુતે જે હિંસીયા, કહો કથા મુનિરાય,
મનવચન કાયા કરી, સાંભલસ્યૂં ચિત લાય. ૧૧
કિણુ વિધ શ્રી **મહાવીરજી**, કિણુ વિધ **ગૌતમ** સ્વાંમ,
કિણુ વિધ પ્રશ્નોત્તર કહ્યા, તે સૂણુજ્યો અભિરાંમ. ૧૨

*

**સત્તર બાસઠે** શ્રાવણુ વદે, બારસ નેં શુક્રવાર હે,
શ્રી **જિનસમુદ્ર** સૂરીંદનો, **સુંદરસૂરિ** સૂપકાર હે.
—અષ્ટ પ્રશ્નોત્તરાધિકાર વર્ણનો નામ પ્રથમ ખંડ. સર્વગાથા ૬૩૪.
સંવત **સત્તર બાસઠ** સમે, શ્રાવણુ સુદી સોમવારે રે,
તેરસ દિને પૂરો થયો બીજો ખંડ સુવિચારે રે,
**શશી** ગચ્છ **ખરતર** ગુણુનિલો, બિરૂદ **વેગડ** શ્રીકારો રે,
ગચ્છપતિ જુગવર જગ જયો, શ્રી **જિનસમુદ્ર** સિરદારો રે,
તાસ પટોધર ગુણુ ભણ્યા, શ્રી **ગાજીપુર** મઝારો રે,
મુનિ **સુંદર સંઘને** આગ્રહે, મેં એહ કહ્યો અધિકારો રે,
મહાજન લોક સૂખીયા વસે, ધરમ કરે શ્રીકારો રે,
**સૂંદરસૂરિ** ગુણુ સ્તવ્યા, **ગૌતમપૃચ્છા** અધિકારો રે.
—સર્વગાથા ૫૨૬ સોલમી પૃચ્છાઅધિકારવર્ણનો નામ દ્વિતીય ખંડ.
સંવત **સતર બાસઠા** વરસે, શ્રાવણુ વદિ મન તરસ્યેજી,
છ દિવસ એ પૂરો કીધો, સોમવારે સુપ્રસિધોજી,
**વડગચ્છ** ને ભલી **ચંદ્રની** સાખા, બિરૂદ **વેગડ** ભાષાજી,
ગચ્છપતિ સુગવર **ચંદ** વિરાજે, તેહને પાટે છાજેજી,
**સિંધુદેશ સવાલાખ** કહિયે, **નયરપુર** તિહાં લહિયેજી,
**ચંદ** પાટે **જિનસમુદ્ર** સૂરીસા, સુજસ દીયો જગદીસાજી. ૨૮
તાસ પટોધર ગુણુ ગાયા, સહુ જનને મન ભાયાજી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સુંદરસૂરી** સદા ગુણ ગાવે, તો મનવંછિત ફલ પાવે.

—ચતુવીસમી પૃચ્છાધિકારે ધન્નાસાલિભદ્રકથાનકવર્ણનો નામ તૃતીય ખંડ સંપૂર્ણ.

સંવત **સતરે બાસઠા** વરસે, ભાદ્રવ માસ સુહાવંદા હે,
શુકલ પક્ષ અને શનિવારે દશમી દિન ચિત ભાવંદા હે,
**સસિ** ગચ્છ **ખરતર** બિરૂદ **વેગડા, મહિમદ**પાતસાહ દિના હે,
**રાજનગર**મેં બહુ ધન ખરચી, ઉત્તમ કારજ કીના હે,
અનુક્રમ પાટ વિરાજે છાજે, યુગવર **સમુદ્ર** કહાવંદા રે;
ગંભીર સમુદ્ર તણી પરે રાચ્યો સબ ગચ્છપતિ દિલ ભાવંદા હે.
**સિંધ સવાલખ્ય** દેશ વડા હે, મુનિ દિલ વિચ ભાવંદા હે;
સુંદર નગર **ગાજીપુર** નીકો, અહણે ગાંઠે કરી સોભંદા હે. ૧૨
શ્રાવક ધરમ કરંદા રાગી, સુખી સૌભાગી કહાવંદા હે,
ચોથા ખંડ તિહાં પુરણ કિના, **સુંદરસૂરિ** ગુણ ગાવંદા હે.

—ઇતિશ્રી જિનસમુદ્રસૂરિ શિષ્ય શ્રી જિનસુંદરસૂરિ વિરચિતે પ્રશ્નોત્તર ચોપઈ ગ્રંથે દ્વાત્રિંશતિપૃચ્છાગ્રણનો નામ ચતુર્થ ખંડ.

**સિંધ સવાલાખ** દેશ પ્રસિધ્ધો, મુને **ગાજીપુર** સુહાયો;
સુંદર નગર વિરાજિત નીકો, આગ્રહ ચોમાસ કીયોરી.
સંવત **સત્તર બાસઠા** વરસે, આસો માસ સુહાયો;
વદિ એકમ દિન પૂરણ કીધો, પંચમ ખંડ સવાયોરી. ૧૧
**સસિ** ગચ્છ **ખરતર** બિરૂદ **વેગડ, મહમદ** સાહ કહાયો;
**રાજનગર**મેં બિરૂદ દીનો, **જિનેસર**સૂરી સુહાયોરી. ૧૨
**ચઉદ સેં બાવિસે** વરસે, **વેગડ** બિરૂદ ઉપાયો;
**મહમદ** પાતસા **જિનેસર**સૂરીને, મહત દીઉ સવાયોરી. ૧૩
અનુક્રમ પાટે હુઆ યુગવર, શ્રી **બાફણા**કુલે જાયો;
શ્રી **જિનચંદ** પટ્ટોધર દીપ્યો, તે શ્રી **શ્રીમાલ** કહાયોરી. ૧૪
યુગવર શ્રી **જિનસમુદ્ર** કહાણો, તાસ તણે પાટ આયો;
**સુંદરસૂરી** સદા સુખસ્યાતા, **પ્રશ્નોત્તર** ગુણ ગાયો.

—ચ્યાલિસમી પૃચ્છાવર્ણન નામ પંચમ ખંડ.

**અંત** – સંવત **સતરે સેં બાસઠે, આગરા** નગર મઝાર,
આસોજ વદ 'એકમ દિનેં', એહ કહ્યો અધિકાર.
**સસી** ગચ્છ **ખરતર** ગુણનિલો, બિરૂદ **વેગડ** શ્રીકાર,

શ્રી **શ્રીમાલ**કુલસહેરો, સાહ **હરરાજ** સિરદાર.
તેહ તણો સુત જાણીયે, **મહિમાસમુદ્ર** વખાણ,
શ્રી **જિનચંદ** પાટે જયો, ચૌદ વિદ્યા ગુણ જાંણ.
**સવાલાખ સિંધ** જ દેસમેં, **ગાજીપૂર** સિરદાર,
મહાજન લોક સુખીયા વસે, અતિ દાતાર ઉદાર.
ચતુરપણે ચોમાસમેં, **સુંદર** આગ્રહ કીધ,
મન સુધે એ ગુણ કહ્યા, ગુણ કહિતાં જસ લીધ.
છઠા ખંડ ચોવીસમી, ઢાલ કહી રસાલ,
એકસો એકાસી દૂહા સહી, છઠો ખંડ દયાલ.
શ્રી **જિનસમુદ્ર** સૂરીંદને, પાટે **સૂંદર** સૂરીંદ,
**પ્રશ્નોત્તર** કીધી ચૌપઇ, મન ધરી અણિક આણંદ. ૧૫

(૧) પ્રથમ ખંડે ઢાલ ૨૪ ગાથા ૬૩૪, દ્વિતીય ખંડે ઢાલ ૨૧ ગાથા ૫૩૬, તૃતીય ખંડે ઢાલ ૨૨ ગાથા ૬૩૧, ચતુર્થ ખંડે ઢાલ ૨૫ ગાથા ૬૭૦, પંચમ ખંડે ઢાલ ૨૦ ગાથા ૫૫૯, ષષ્ટ ખંડે ઢાલ ૨૪ ગાથા ૬૫૬ સર્વ મલીને ઢાલ ૧૩૬ ગાથા દુહા શ્લોક કવીત સવૈયા ગ્રંથાગ્રંથ ૩૬૮૬.

સંવત્સર ઉગણીસ સેં, વરસ સાતે સિરદાર,
જ્યેષ્ટ વદી સપ્તમી દિને, રવિવાર મનોહાર. ૧
કીલ્લા **ધાર** સહરમેં શ્રાવક સમકિતવંત,
દાન પુણ્ય ગુણ આગલા, ગુણગીરૂઆ **જ**સવંત. ૨
શ્રી **વિજયહીર** ગુરૂ પરગડા, તાસ પરંપરા જાંણ,
**મુક્તીવિજય** અનુસીષ્ય તે, લિપીકૃત **દાંન** પ્રમાણ. ૩

(૧) પ.સં.૧૫૧-૧૫, હં.ભં.
[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૬૨-૬૬.]

## ૧૦૯૭. જિનસુખસૂરિ (ખ. જિનરત્નસૂરિ-જિનચંદ્રસૂરિ પાટે)

જિનસુખસૂરિનો જન્મ સં.૧૭૩૯ માગશર શુ.૧૫, પિતા અને માતાનાં નામ રૂપસી અને સુરૂપા, દીક્ષા સં.૧૭૫૧ માહ શુ.૫ પુણ્યપાલસરમાં, દીક્ષાનામ સુખકીર્તિ, સૂરિપદ સં.૧૭૬૩ અને સ્વર્ગવાસ સં.૧૭૮૦ જેઠ વદિ ૧૦ રીણીનગરમાં (રત્નસાગર ભા.૨ પૃ.૧૩૦).

**(૩૭૪૮) ચોવીસી** ર.સં.૧૭૬૪ આષાઢ વદિ ૩ ખંભાતમાં

આમાં જેસલમેર સં.૧૨૧૨માં સ્થપાયું એમ જણાવ્યું છે. તેનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાપક જેસલ કરીને હતો તે પરથી તેનું નામ પડયું છે એમ ઇતિહાસ જણાવે છે.

**આદિ** – શ્રી ગુરવે નમઃ ઢાલ મુઝ હીયડૌ.

આદિકરણ આદૈ નમું, **આદીસર** અરિહંત,
દુખવારણ વારણ હરી, જગ ગરૂઓ જયવંત.
**રિષભ** અમ્હારી વિનંતિ. ૧

*

ઉદૈ થયો પરકાસ એ, પાસ્યૌ ગ્યાનનો પૂર,
તુમ્હચા ગુણ ગાયા તરે, કહે શ્રી **જિનસુખસૂરિ**. રિ. ૭

**અંત** – કલશ. આયૌ આયૌ રી સમરંતા દાદો આયો – દેશી.
ગાવૌ ગાવૌ રી, ચૌવીસે જિણવર ગાવૌ,
આરત રૌદ્ર ધ્યાન કરિ અલગા, ધરમ ધ્યાન નિત ધ્યાવૌ રી. ગો. ૧
ચાવી એ વર્ત્તમાન ચૌવીસી, પ્રણમંતાં સુખ પાવૌ,
કલિમૈ ભવજલતારણ કારણ, ભાવન મન સુધ ભાવૌ રી. ગો. ૨
**સતરૈ સૈ ચોસઠૈ** સંવત, વદિ આસાઢ વદીજૈ,
સમકિતબીજ તીજ તિથિ વાયૌ, તિમ જિણરાજ તવીજૈ રી. ૩
શ્રી **જિનરતન** ચિંતામણિ સરિખૌ, દિનદિન સબ સુખદાઇ,
શ્રી **જિનચંદ** ચંદ જ્યું વાચૌ, પ્રસિધ અધિક પ્રભુતાઈ રી. ૪

(૧) પ.સં.૫, છઠ્ઠું નથી. અભય. દા.૩૦ નં.૨૧૬૫. (૨) સં.૧૭૮૯ ફા.શુ.૧૫ **વીકાનેર** મધ્યે હર્ષહેમ શિ. **ચતુરહર્ષ** લિ. બાઈ ગગી સા. શિષ્યણી **દીપા** વાચનાર્થં. પ.સં.૫, દાન. પો.૩૦ નં.૭૭૯.

**(૩૭૪૯) + જેસલમેર ચૈત્ય પરિપાટી** ૪ ઢાલ ૨.સં.૧૭૭૧

**આદિ** – ઢાલ ૧ રસીયાની.

જિનવર **જેસલ** જુહારીયૈ લીજૈ લિખમીનો લાહ; વિવેકી.
ગાજે બાજે બહુ ગડગાટ સું ચૈત્રપ્રવાડે રે ચાહ. વિવેકી. જિ. ૧

**અંત** – સંવત **બારે સે બારોત્તરે** ઓ **જેસલગઢ** જાણ;
થાપ્યો સેઠે કીરતથંભ, જ્યૂં મોટા ચૈત્યમંડાણ. જિ. ૨૧

કલશ.

ઈમ મહા આઠ પ્રાસાદ માંહે બિંબિ પેંતાલીસ સૈં,
ચૌરાશી ઊપર સરવ જિનવર વંદતાં ચિત ઉલસૈ,
દુખ જાય દૂરૈ સુખ પૂરૈ સંઘને સંપત્તિ કરઇ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંથુણ્યા શ્રી **જિનસુખસૂરૈ સતરે સૈ ઇકહોત્તરઇ.** ૨૮

[પ્રકાશિત : ૧. પ્રાચીન તીર્થમાળા સંગ્રહ ભા.૧.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૧૬-૧૭, ભા.૩ પૃ.૧૪૩૩-૩૪.]

**૧૦૯૮. ઝાંઝણયતિ**

**(૩૭૫૦) હરિવાહન ચોપાઈ** લ.સં.૧૭૬૫ પહેલાં

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૬૬.]

**૧૦૯૯. દુર્ગદાસ-દુર્ગાદાસ** (ખ. જિનચંદ્રસૂરિશાખા-વિનયાણંદશિ.)

**(૩૭૫૧) મરોટકી ગઝલ** (હિંદીમાં) ર.સં.૧૭૬૫ પો.વ.૫

**આદિ -** દૂહા

સંવત **સતરે પેસઠે,** પોહ વદી પાંચમ

શ્રી ગુરૂ **સરસતિ** સાંનિધે, ગજલ કરી ગુણરમ્ય. ૧

ગુણીયણ ગુણગ્રાહક હસી, ખલક હિસી કોઈ ખોટ

દુરસ કહી **દુર્ગેસ** મુનિ, કિલે કોટ **મરોટ.** ૨

ગઝલ

કોટ **મરોટ** હૈ બંકા, વાજે સુજસકા ડંકા

બુરજ તેતીસ હૈ જાંકે, અતિ ગઢ વિષમ હૈ વાંકે. ૩

*

આગ્રહ **દીપચંદ** ઉલ્હાસ, કહિતા યતિ યું **દુર્ગાદાસ**

સુણકે દીજીયો ત્યા વાસ, ગજલ ખૂબ કીની રાસ.

**(૩૭૫૨) જંબૂસ્વામી ચોઢાલિયું** ૫ ઢાળ ર.સં.૧૭૯૩ શ્રાવણ શુ.૭ સોમ બાકરોદમાં

**આદિ -** પુરસાદાંની પરમ પ્રભુ, પ્રણમું **ગોડી પાસ**

**મહાવીર** મહિમાનિલો, ગણધર **ગૌતમ** જાસ. ૧

શ્રી જિનવાંણી **સરસ્વતી,** વચન સરસ વિસ્તાર

ગુણનિધ **જંબૂ** ગાયસું, શાસ્ત્ર શાખ અણુસાર. ૨

**અંત -** ઢાલ ૫મી

જગ **જંબૂ** ગણધર જયકારી

*

**પરિશિષ્ટ પર્વ** સું એહ ઉદ્ધારી, સ્તવન કીયો વિસ્તારજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરતા શ્રાવક ભણીયા ભારી, શ્રી **વાકરોદ** મંઝારીજી. ૨ જ.
તસુ આગ્રહ સંબંધ તયારી, કીધો એ હિતકારીજી
**વીકાનેર** તણા વ્રિદધારી, ધરમકરમ-અધિકારીજી. ૩ જ.
સંવત **સતરૈ ત્રંયાણુવે** સારી, સાતમ તિથિ ઉજવારીજી
શ્રાવણ માસ ભલો સુખકારી, શુભ વેલા સોમવારીજી. ૪ જ.
**ખરતર અચારિજ**ગછધારી, યુગપ્રધાન ઉદારીજી
શ્રી **જિનચંદસૂરિ**સાખા અમ્હારી, **વિનયાણંદ** ગુરૂ ગુણકારી. ૫જ.
**દુર્ગદાસ** તસુ શિષ્ય સુવિચારી, વાત કહી એ પ્યારી
શિષ્ય પ્રશિષ્ય જગરૂપ થાંનારી, ચૂપૈ અનુગ્રહ ધારી. ૬ જ.
સુણજ્યૌ ભણજ્યૌ સહુ નરનારી, વિકથાવાણી નિવારીજી
આતમરાંમ સુગ્યાંન સુધારી, આનંદ હોય અપારીજી. ૭ જ.

(૧) સં.૧૮૪૦ વૈ.સુદિ ૧૧ **વીકાનેર** મધ્યે **લછીરાંમ** મુનિ લિ. પ.સં.૫-૧૩, જશ.સં. (૨) પ.સં.૯, બૌ.વિકા. નં.૩૯. (૩) પ.સં.૭, મહિમા. પો.૬૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૧૨-૧૩.]

## ૧૧૦૦. સમર્થ (ખ. મતિરત્નશિ.)

**(૩૭૫૩) રસ મંજરી** (વૈદ્યક) (હિંદીમાં) ૧૧૭ કડી ર.સં.૧૭૬૫ ફા.૫ રવિ દેરામાં

**અંત** – સંવત **સતરે સૈ પૈસઠિ** સમે, ફાગુણ માસ...મન રમે
પંચમી તિથિ અરૂ આદિતવાર, કીયો ગ્રંથ **દેરૈ** મઝારિ. ૧૧૪
શ્રી **મતિરતન** ગુરૂ પરસાદ, ભાષા સરલ સરી અતિ સ્વાદ
તાંકો શિષ્ય **સમર્થ** હૈ નામ, તિસ કરી યહ ભાષા અભિરામ. ૧૧૫
**રસમંજરી** તૌ રસસૈતી ભરી, પઢૌ ગુણુ હુ આદર કરી
**વનવાલી**કો આગ્રહ પાઇ, કીયો ગ્રંથ મૂરખ સમઝાઈ. ૧૧૬
રસવિદ્યામેં નિપુણ જુ હોઈ, યસ કીરતિ પામૈ બહુ લોઇ
જહાંતહાં સુખ પાવૈ સહી, તે રસવિદ્યા ગુણ જાણહિ. ૧૧૭

(૧) પ.સં.૬, આદિ પત્ર નથી, મહિમા. પો.૮૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૫૫-૫૬.]

## ૧૧૦૧. ઉદયચંદયતિ

**(૩૭૫૪) વિકાનેર વર્ણનગઝલ** (ઐ.) (રાજસ્થાનીમાં) ર.સં.૧૭૬૫ ચૈત્ર

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

**આદિ** – **સારદ** મન સમરૂં સદા, પ્રણમું સદગુરૂપાય
મહીયલમેં મહિમાનિલો, સબ જનકું સુખદાય. ૧
વસુધા માંહે **વીકપુર,** દિનદિન ચઢતે દાવ
સર્વ લોક સુખીયા વસે, રાજ કરે હિંદુ રાવ. ૨
**અંત** – પ્રતપો જાં લગે રવિ ચંદ, કહતા જતી **ઉદયચંદ**
સુંનિ કર દેઇજ્યો સાબાસ, ગજલ ખૂબ કીની રાસ.
સંવત **સતરે સેં પૈસઠ** રે માસ ચૈતમેં પૂરી ગજલ કીની
માતા **સારદાકે** સુપસાય સું રે મુઝે ખૂબ કરણકી મતિ દીની
**વીકાનેર** સહર અજબ હે રે ચ્યાર ચકમેં તાકી પ્રસિદ્ધિ લીની
**ઉદયચંદ** આણંદ સું યું કહે રે, ભલે ચાતુર લોક કે ચિત ભીની
ચક ચ્યારે નવ ખંડમેં રે પ્રસિદ્ધ બધાવો **બીકાનેર** તાંઇ
છત્રપતિ **સુજાણ** સાહ જુગ જીવો, જાકે રાજમેં બાજે નોબત યાંઇ
મનરંગ સું ખૂબ વણાયકે રે, સુણાયકે લોકમેં સ્યાબાસ પાઇ
કવિ **ચંદ** આણંદ સું યું કહે રે, ગિગડધૂં ગિગડધૂં ગજલ ખૂબ ગાઇ.

(૧) પ.સં.૩, અભય. પો.નં.૩૧૧ (નાહટાજીએ ઉતારેલી નકલ પરથી).

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૧૪.]

## ૧૧૦૨. નેમિદાસ શ્રાવક (પિતાનું નામ રામજી, દશાશ્રીમાલી વણિક)

જ્ઞાનવિમલસૂરિ (નં.૯૬૧ ભા.૪ પૃ.૩૮૨)ના શિષ્ય.

**(૩૭૫૫) + અધ્યાત્મસારમાલા** ર.સં.૧૭૬૫ વૈશાખ ૩

**અંત** – છપ્પા.

સવિ ભવિજન એ ધ્યાન, પામિને નૃભવ સુધારો,
**જ્ઞાનવિમલ**-ગુરૂ-વયણ, ચિત્ત માંહે અવધારો,
શ્રી **શ્રીમાલી**વંશ-રત્ન, સમ **રામજી**-નંદન,
**નેમિદાસ** કહે વાણિ લલિત, શિતલ જિમ ચંદન,
**સર રસ મુનિ વિધુ** વરસ તો, માસ માધવ તૃતિયા દિને,
એ **અધ્યાતમસાર** મેં ભણ્યો, ભાવ કરી શુભ મને. ૩

ગાહા પદ્ધડી.

દર્શન જ્ઞાન ચરિત્ર તત્ર ચઉગુણ, જિન સિદ્ધ સૂરી વાચગ મુનિ ગુણી પણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવપદ એકીભાવે માલા, ત્રિપદી સૂત્ર થકી સુવિશાલા.

કલશ.

ઇમ જિનમત આરાધો કાજ સાધો ભવિક નિસુણી ભાવના,
ગુણઠાણિ વાધો સુણો સાધો નિજ મતિ પાવના;
અધ્યાતમગુણની એહ માલા ભવિકજન કંઠિ ઠવો,
જિમ લહો મંગલલીલમાલા અચલ અનુભવ અનુભવો.

—ઇતિ શ્રી અધ્યાતમસારમાલા સંપૂર્ણા. ગ્રંથાગ્રંથ ૨૩૫.

(૧) સારી પ્રત, પ.સં.૮–૧૩, વીજાપુર જ્ઞા.ભં. નં.૬૨૧. (આમાં જ્ઞાનવિમલકૃત 'અધ્યાત્મગર્ભિત સ્તવન' પણ છે.) (૨) લ.સં.૧૮૮૦, છેવટે, પ.સં.૧૧, ડા. પાલણપુર દા.૩૦ નં.૨૯. [ડિકૅટલૉગભાઇ વૉ.૧૮ ભા.૧, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૩).]

પ્રકાશિત : ૧. બુદ્ધિપ્રભા માસિક સં.૧૯૭૨ના એક અંકમાં.

**(૩૭૫૬) + (પંચપરમેષ્ઠી) ધ્યાનમાલા** [અથવા **અનુભવલીલા**]
ર.સં.૧૭૬૬ મિત માસ [?] શુ.૫

**અંત –** કલશ.

ઇમ **ધ્યાનમાલા** ગુણવિશાલા ભવિકજન કંઠે ઠવો,
જિમ સહજ સમતા સરલતાનો સુખ અનુપમ ભોગવો.
સંવત **રસ ઋતુ મુનિ શશિ** મિત માસ ઉજ્વલ પખે,
પંચમી દિવસે થિત લહો લીલા જેમ સુખે,
શ્રી **જ્ઞાનવિમલ**-ગુરૂ-કૃપા સહી, તસ વચન-આધાર.
**ધ્યાનમાલા** ઈમ રચી, **નેમિદાસે** વ્રતધારી.

(૧) સુરતમાં સં.૧૭૯૩માં લખી, પ.સં.૨૭, આ.ક.ભં. (૨) ટબાર્થસહિત : પ.સં.૩૨, ડાયરાનો ભં. પાલણપુર દા.૩૧ નં.૪૭.

પ્રકાશિત : ૧. પ્રકા. ભી. મા. [૨. નમસ્કાર સ્વાધ્યાય ભા.૩.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૬૭–૬૮, ભા.૩ પૃ.૧૪૧૩. ત્યાં 'ચોવીશી ચોઢાલિયું' આ કવિને નામે મુકાયેલી, પરંતુ એમાં કર્તાનામ સ્પષ્ટ રીતે નેમચંદ મળે છે તેથી એ કવિને જુદા જ ગણવા જોઈએ. જુઓ હવે પછી નં.૧૧૨૮.]

## ૧૧૦૩. દેવચંદ્રગણિ (ખ. જિનચંદ્રસૂરિ–પુણ્યપ્રધાન–સુમતિસા(ગ)ર–સાધુરંગ–રાજસા(ગ)ર–જ્ઞાનધર્મ–દીપચંદશિ.)

આ અધ્યાત્મરસિક કવિની સર્વ કૃતિઓ 'શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧લો અને ૨જો' એ નામના પુસ્તકમાં પ્રકટ થયેલ છે. તેમાંની દેશી ભાષામાં રચાયેલી કૃતિઓ અત્ર નોંધવામાં આવેલી છે કે જે કૃતિઓ, ઉક્ત પુસ્તક પ્રકટ થયા પહેલાં જુદેજુદે સ્થલે અને આકારમાં મોટે ભાગે પ્રસિદ્ધ થઈ ગયેલ છે. ઉક્ત પુસ્તક બુદ્ધિસાગર ગ્રંથમાલામાં ૪૯ અને ૫૩મા મણકા રૂપે અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડલ તરફથી પ્રસિદ્ધ થયેલ છે. આમાં ૨૧-પ્રકારી પૂજા સં.૧૭૪૭ની કે જેમાં શ્રાવકના ૨૧ ગુણોનું આલેખન કર્યું છે તે તથા અષ્ટપ્રકારી પૂજા દેવચંદ્રજીની કૃતિઓ તરીકે ગણાવેલી છે તે બરાબર નથી; તે અન્યકૃત હોવાનું જણાય છે. આના સંબંધમાં વિસ્તારથી 'અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી' પર મેં એક નિબંધ લખ્યો છે તે જોવો. આ નિબંધ ઉક્ત બુદ્ધિસાગરસૂરિ ગ્રંથમાલા ગ્રંથાંક ૧૦૩–૧૦૪માં પ્રકટ થયેલ 'શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃત જીવનચરિત્ર' એ નામના પુસ્તકમાં વક્તવ્ય તરીકે પ્રસ્તાવનામાં પ્રસિદ્ધ થયેલ છે.

આ આધ્યાત્મિક અને તત્ત્વજ્ઞાની કવિના સંબંધમાં એક 'કવિયણે' 'દેવવિલાસ' નામનો રાસ કવિના મરણ પછી તેર વર્ષે (સં.૧૮૨૫ આસો શુદ ૮ રવિવારે) રચેલો સુભાગ્યે હમણાં જ પ્રાપ્ત થતાં ઉક્ત 'શ્રીમદ્ દેવચંદ્રજી જીવનચરિત્ર'માં પ્રકટ થયો છે તે પરથી નીચેની હકીકત ટૂંકમાં જણાવી છે.

મરુસ્થલના વિકાનેર પાસેના એક ગામમાં ઓશવંશીય લુણિયા ગોત્રના શાહ તુલસીદાસજી હતા. તેમની સ્ત્રીનું નામ ધનબાઈ હતું. ત્યાં રાજસાગર મુનિ પધારતાં ધનબાઈએ ગુરુને જણાવ્યું કે પોતાને જે પુત્ર થાશે તે ગુરુને ભાવપૂર્વક વહોરાવશે. ધનબાઈને ગર્ભ રહ્યો અને શુભ સ્વપ્નો આવવા લાગ્યાં. ત્યાં (ખરતરગચ્છના) આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિ વિહાર કરતાંકરતાં તે ગામે આવી ચડ્યા ને તેમને આ દંપતીએ સ્વપ્નો જણાવ્યાં તે પરથી તેમણે સ્વપ્નશાસ્ત્રાધારે જણાવ્યું કે પુત્ર એક મહાન્ થશે. કાં તો તે છત્રપતિ થશે ને કાં તો પત્રપતિ થશે એટલે દીક્ષા લેશે. સૂરિ ગયા પછી સં.૧૭૪૬માં પુત્ર જન્મ્યો ને નામ દેવચંદ્ર આપ્યું. તે આઠ વર્ષનો થયો ત્યારે અનુક્રમે વિહાર કરતાંકરતાં ઉપરોક્ત રાજસાગર વાચક પધાર્યા. દેવચંદ્રને માતપિતાએ વહોરાવ્યો ને શુભ મુહૂર્તે ગુરુએ તેને સં.૧૭૫૬માં લઘુદીક્ષા આપી.

જિનચંદ્રસૂરિએ પછી વડીદીક્ષા આપી, ને નામ રાજવિમલ આપ્યું. પછી રાજસાગરજીએ તેમને સરસ્વતીમંત્ર આપ્યો. તેનું ધ્યાન શિષ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવચંદ્રે બેલાડુ ગામમાં રમ્ય વેણાતટે ભૂમિગૃહમાં યથાર્થ કરતાં સરસ્વતીએ પ્રસન્ન થઈ રસનામાં વાસ કર્યો. શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો. ષડાવશ્યક સૂત્ર, અન્ય દર્શનનાં શાસ્ત્ર, પંચકાવ્ય – નૈષધકાવ્યાદિ, નાટક, જ્યોતિષ, ૧૮ કોષ, કૌમુદી મહાભાષ્યાદિ, વ્યાકરણો, પિંગળ, સ્વરોદય, તત્ત્વાર્થસૂત્ર, આવશ્યક બૃહદ્‌વૃત્તિ, વિશેષાવશ્યક, હરિભદ્રસૂરિ, હેમાચાર્ય અને યશોવિજયજીના રચેલા ગ્રંથો, ૭ કર્મગ્રંથ – કર્મપ્રકૃતિ આદિ અનેક શાસ્ત્રોની જૈન આમ્નાયથી સુગંધ લઈ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મેળવ્યું. સં.૧૭૭૪માં રાજસાગર વાચક દેવલોકે ગયા. સં.૧૭૭૫માં જ્ઞાનધર્મ પાઠક સ્વર્ગસ્થ થયા. દેવચંદ્રે વિમલદાસની બે પુત્રી નામે માઈજી અને અમાઈજી માટે 'આગમસાર' નામનો ગદ્યમાં ગ્રંથ રચ્યો.

તેઓ સં.૧૭૭૭માં ગુજરાત આવી પાટણમાં પધાર્યા. ત્યાં પૂર્ણિમાગચ્છના શ્રાવક નગરશેઠ શ્રીમાલીવંશીય તેજસી દોશીએ પૂર્ણિમાગચ્છના ભાવપ્રભસૂરિના ઉપદેશથી સહસ્રકૂટ જિનબિંબ ભરાવ્યાં. દેવચંદ્રે તેમને ત્યાં જતાં શેઠને પૂછ્યું કે સહસ્રકૂટના જિનબિંબ ભરાવ્યાં તો તે સહસ્રકૂટના ૧૦૨૪ જિનનાં નામ ગુરુમુખે કદી ધાર્યાં છે? શેઠે અજાણપણું બતાવ્યું. એ અવસરે સંવેગી જ્ઞાનવિમલસૂરિ (જુઓ નં.૯૬૧ ભા.૪ પૃ.૩૮૨) હતા તેની પાસે જઈ શેઠે સહસ્રકૂટનાં નામ પૂછ્યાં ત્યારે અવસરે જણાવશું એમ તેમણે કહ્યું. એક વખત પાટણમાં શાહની પોળમાં ચોમુખ વાડી પાર્શ્વનાથના મંદિરમાં સત્તરભેદી પૂજા ને સ્તવના થતી હતી ત્યાં જ્ઞાનવિમલસૂરિ આવ્યા. સહસ્ર નામ જ્ઞાનવિમલસૂરિને પૂછતાં તેમણે જણાવ્યું કે પ્રાયઃ શાસ્ત્રમાં સહસ્રકૂટનાં નામો નથી. કોઈ શાસ્ત્રે કદાચિત હોય. ત્યાં દેવચંદ્રજીએ પ્રતિરોધ કર્યો અને છેવટે પોતે સહસ્ર નામો બતાવી આપ્યાં. આથી બંને મુનિઓ વચ્ચે પ્રીતિ જાગી. રાજસાગરના શિષ્યની ખ્યાતિ થઈ અને તે દેવચંદ્રે પછી ભવ્ય પ્રતિષ્ઠા અને નવાનવા ઓચ્છવ કર્યા અને ક્રિયોદ્ધાર કર્યો. તેમાં અપરિગ્રહ પર બહુ ભાર મૂક્યો. સત્ય પ્રભુમાર્ગમાં મૂર્ચ્છા તજી.

સં.૧૭૮૭(?)માં અમદાવાદ આવી નાગોરી સરાહમાં ઊતર્યા ને ભગવતી સૂત્રની વાચના કરી. ત્યાં ઢૂંઢક માણેકલાલને મૂર્તિપૂજક કર્યો. નવું ચૈત્ય કરાવી તેમાં પ્રતિમા સ્થાપી. ત્યાં શાંતિનાથની પોળમાં સહસ્રફણા બિંબ સ્થાપ્યું. સહસ્રકૂટ જિનબિંબની પ્રતિષ્ઠા કરી. સં.૧૭૭૯માં ખંભાત ચાતુર્માસ કર્યું. પછી શત્રુંજય પર નવાં ચૈત્ય કરાવી જીર્ણોદ્ધાર કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાજને તે સિદ્ધાચલ પર કારખાનું મંડાવ્યું. સં.૧૭૮૧, ૧૭૮૨ અને ૧૭૮૩માં કારીગરો પાસે કામ કરાવી શત્રુંજયનો મહિમા વધાર્યો. પછી ગુરુ રાજનગર (અમદાવાદ) આવ્યા, ત્યાંથી સુરત આવ્યા ને સં.૧૭૮૫, ૧૭૮૬ અને ૧૭૮૭માં પાલીતાણામાં પ્રતિષ્ઠા કરી. પછી ફરી રાજનગર આવી ચાતુર્માસ રહ્યા. સં.૧૭૮૮માં આષાઢ શુદિ ૨ ને દિને દીપચંદ્રજી પાઠક સ્વર્ગે પધાર્યા. દેવચંદ્રજી (ખરતરગચ્છના) પાસે તપગચ્છના વિવેકવિજય મુનિ ભણ્યા.

અમદાવાદમાં રત્ન ભંડારી સૂબો હતા તેનો ઇષ્ટ પ્રિય શેઠ આણંદરામ દેવચંદ્રજી પાસે આવી ધર્મચર્ચા કરતા હતા. તેને ગુરુએ ચર્ચામાં જીત્યો. આણંદરામે ગુરુની પ્રશંસા કરતાં રત્નસિંહ ભંડારીએ ગુરુ પાસે વંદના કરી ત્યાર પછી ત્યાં મૃગી ઉપદ્રવ – રોગચાળો ચાલ્યો, તે ભંડારીની અને મહાજનની વિનતિથી ગુરુએ શમાવ્યો. ત્યાર પછી રણુકુંજીએ સૈન્ય લાવી ભંડારી સાથે યુદ્ધનો પડકાર કર્યો. ગુરુએ બેફિકર રહેવા ભંડારીજીને કહ્યું. યુદ્ધમાં ભંડારી જીત્યો. ધોલકાવાસી જયચંદ શેઠે એક વિષ્ણુયોગીને ગુરુ પાસે આણ્યો તેને ગુરુએ જૈન બનાવ્યો.

સં.૧૭૯૫માં પાલીતાણા અને સં.૧૭૯૬માં નવાનગર ગુરુ રહ્યા ને ત્યાં ઢૂંઢકને જીત્યા. નવાનગરમાં ચૈત્યો ઢૂંઢકે લોપ્યાં હતાં ને પૂજા બંધ થઈ હતી તેનું નિવારણ કરી ફરી સ્થાપ્યાં. ત્યાંથી પડધરીમાં ત્યાંના ઠાકુરને પ્રતિબોધ્યો. ત્યાંથી ફરી પાલીતાણે અને ફરી નવાનગરમાં ગયા. પછી સં.૧૮૦૨–૧૮૦૩માં રાણાવાવ રહ્યા. ત્યાંના અધીશ(રાણા)ને ભગંદર રોગ હતો તે ગુરુએ ટાળ્યો. સં.૧૮૦૪માં ભાવનગર આવી ઢૂંઢક મેતા ઠાકુરસીને મૂર્તિપૂજક કર્યો અને ત્યાંના રાજાને જૈન ધર્મ પ્રત્યે પ્રીતિવાન બનાવ્યો. ત્યાંથી તે જ વર્ષમાં પાલીતાણા જઈ ત્યાંનો મૃગી નામનો રોગચાળો દૂર કર્યો. સં.૧૮૦૫ અને ૧૮૦૬માં લીંબડી રહી ત્યાંના આગેવાન શેઠોને શાસ્ત્રાભ્યાસ કરાવ્યો. લીંબડી, ધ્રાંગધ્રા અને ચૂડા એમ ત્રણ સ્થળે બિંબપ્રતિષ્ઠા કરાવી. ધ્રાંગધ્રામાં સુખાનંદજી મળ્યા હતા. સં.૧૮૦૮માં ગુજરાતથી શત્રુંજય સંઘ કઢાવ્યો અને શત્રુંજયમાં બહુ દ્રવ્ય ખર્ચાવી પૂજાઅર્ચા કરાવી. સં.૧૮૦૯ અને ૧૮૧૦માં ગુજરાતમાં ચોમાસાં ગાળ્યાં. સં.૧૮૧૧માં કચરા શાહે શત્રુંજયનો સંઘ કાઢ્યો તે સાથે દેવચંદ્રજી પધાર્યા અને શત્રુંજય પર સાઠ હજાર દ્રવ્ય ખર્ચી જિનબિંબની પ્રતિષ્ઠા કરી. સં.૧૮૧૧માં લીંબડીમાં પ્રતિષ્ઠા કરી, અને વઢ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાણમાં ઢુંઢક શ્રાવકને બૂઝવ્યા.

દેવચંદ્રજીના શિષ્ય મનરૂપજી અને તર્કશાસ્ત્રના અભ્યાસી વિજયચંદ હતા. સં.૧૮૧૨માં ગુરુ રાજનગર આવ્યા. ગચ્છનાયકને તેડાવી મહોચ્છવ કર્યો. દેવચંદ્રજીને ગચ્છપતિએ વાચકપદ આપ્યું. દેવચંદ્રજી ઉત્તમ વ્યાખ્યાન તત્ત્વજ્ઞાનમય આપતા હતા. તેમણે શ્વેતાંબરીય હરિભદ્રસૂરિ તથા યશોવિજય-વાચક-કૃત ગ્રંથોનો અભ્યાસ કરવા ઉપરાંત દિગંબરીય શાસ્ત્ર ગોમટ્ટસારાદિ વાંચ્યાં હતાં અને ગુજરાત ઉપરાંત મુલતાન અને વિકાનેરમાં પણ ચોમાસાં કર્યાં હતાં. તેમણે નવા ગ્રંથ ટીકા સહિત કર્યા તેનાં નામ દેશનાસાર (અપ્રકટ), નયચક્ર, જ્ઞાનસાર અષ્ટકની (સં.માં) ટીકા, કર્મગ્રંથ પર ટીકા વગેરે.

આ દેવચંદ્ર રાજનગરમાં દોશીવાડામાં બિરાજતા હતા ત્યાં એક દિન વાયુપ્રકોપથી વમનાદિક વ્યાધિ થતાં તેમણે નિજ શિષ્યોને બોલાવી રૂડી શિક્ષા આપી. શિષ્યોમાં મુખ્ય મનરૂપજી ને તેના શિષ્ય રાયચંદજી, વળી બીજા શિષ્ય વિજયચંદજી ને તેના શિષ્ય રૂપચંદજી, તેમજ સભાચંદજી વગેરે હાજર હતા. 'સૂરિજીની આજ્ઞા વહેજો, સમયાનુસારે વિચરજો, પગ પ્રમાણે સોડ તાણી સંઘની આજ્ઞા ધારજો' – આમ ઉપદેશ શિષ્યોને આપી દશવૈકાલિક ઉત્તરાધ્યયનનાં અધ્યયન સાંભળતાં અરિહંતનું ધ્યાન ધરતાં સં.૧૮૧૨ ભાદ્રપદ અમાવાસ્યાને દિને રાત એક પ્રહર જતાં દેવચંદ્રજી દેવગતિ પામ્યા. પાછળ ઉત્સવથી માંડવી કરી ઘણું દ્રવ્ય દાનાર્થે ખર્ચી સર્વ શ્રાવકોએ મળી શબને દાહ દીધો.

કર્તા કહે છે કે તેઓ આસનસિદ્ધ હતા અને અનુમાને સાતઆઠ ભવ કરીને મોક્ષે જશે; તથા તેમના મસ્તકમાં મણિ હતો, પણ હાથ આવ્યો નહીં. મહાજને દાહસ્થળે સ્તૂપ કરાવી પાદુકા પ્રતિષ્ઠિત કરી ત્યાર પછી થોડા દિવસે મનરૂપજી સ્વર્ગસ્થ થયા. તેમના શિષ્ય રાયચંદજી રહ્યા કે જે ગુરુ પ્રમાણે વર્તન રાખી ગુરુનું ધ્યાન ધરતા હતા. તેમણે કર્તાને ગુરુની સ્તવના કરવા કહ્યું તેથી આ સં.૧૮૨૫ આસો શુદ ૮ રવિવાસરે 'દેવવિલાસ રાસ' રચી પૂર્ણ કર્યો.

દેવચંદ્રજીમાં ૨૨ ગુણ હતા તે કર્તાએ આરંભમાં જણાવ્યા છે તે નોંધવા લાયક છે: ૧ સત્યવક્તા ૨ બુદ્ધિમાન્ ૩ જ્ઞાનવંત ૪ શાસ્ત્રધ્યાની ૫ નિષ્કપટી ૬ અક્રોધી ૭ નિરહંકારી ૮ સૂત્રનિપુણ (આગમ, કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ આદિમાં નિષ્ણાત) ૯ અન્ય સકલ શાસ્ત્રના પારંગામી (અલં-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાર, કૌમુદી, ભાષ્ય, ૧૮ કોશ, સકળ ભાષા, પિંગલ, નૈષધાદિ કાવ્યો, સ્વરોદય, જ્યોતિષ, સિદ્ધાંત, ન્યાયશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્રાદિ સ્વ-પર-શાસ્ત્રમાં પ્રવીણ) ૧૦ દાનેશ્વરી (દીન પર ઉપકાર કરનારા) ૧૧ વિદ્યાના દાનની શાળા પર પ્રેમી (અનેક ગચ્છના મુનિઓને વિદ્યાધન દેનાર તેમજ અન્ય ધર્મીને વિદ્યા શીખવનાર) ૧૨ પુસ્તકસંગ્રાહક ૧૩ વાચકપદપ્રાપ્ત ૧૪ વાદીજીપક ૧૫ નૂતનચૈત્યકારક ૧૬ વચનાતિશયવાળા (તેથી ધર્મસ્થાને દ્રવ્ય ખર્ચાવનાર) ૧૭ રાજેન્દ્રપ્રધાનપૂજિત ૧૮ મારિઉપદ્રવટાળક ૧૯ સુવિખ્યાત ૨૦ ક્રિયોદ્ધારક ૨૧ મસ્તકમાં મણિધારક ૨૨ પ્રભાવક. આ ચરિત્રવસ્તુની મીમાંસા માટે મારો ઉક્ત નિબંધ જુઓ.

કવિની ગુરુપરંપરા : ૧ રાજસાર – મરુસ્થલમાં અનેકચૈત્યપ્રતિષ્ઠાકારક, આવશ્યકોદ્ધારપ્રમુખ ગ્રંથોના કર્તા. ૨ જ્ઞાનધર્મ – જે ન્યાયાદિક ગ્રંથાધ્યાપક હતા. અને જેમણે ૬૦ વર્ષ લગી જીભના રસ તજી શાકભાજી તજી સંવેગવૃત્તિ ધારણ કરી. ૩ દીપચંદ્ર – શત્રુંજય શિવાસોમજીકૃત ચોમુખ અનેકબિંબપ્રતિષ્ઠા તથા પાંચ પાંડવના બિંબના સમોસરણચૈત્ય તથા કુંથુનાથ ચૈત્યની પ્રતિષ્ઠા કરી. રાજનગરમાં સહસ્રફણા પાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા કરી.

**(૩૭૫૭) + ધ્યાનદીપિકા ચતુષ્પદી** ૬ અધિકાર ૫૮ ઢાળ ૨.સં.૧૭૬૬ વૈશાખ વદ ૧૩ રવિ મુલતાનમાં

**આદિ** – પરમ જ્યોતિ પ્રણમું પ્રગટ, સહજાનંદ સરૂપ,
વસતી નિજ પરિવાર સૂં, પ્રણમું ચેતનભૂપ. ૧
શ્રી જિનવાણી મન ધરિ, પાય નમી ગુરૂરાજ,
સાર બુદ્ધિદાતા સકલ, તારણ ભવીયણ જહાજ. ૨
પરમાતમ સમઝાવિવા, ભવિકજીવ-હિત કાજ,
જ્ઞાનસમુદ્ર અગાધ ગુણ, દેષાડચો જિનરાજ. ૩
સંસ્કૃત વાણી વાચણી, કેઇક જાણૈ જાણ,
જ્ઞાતાજનનેં હિત ભણી, ભાષા કરૂં વષાણ. ૪
ગુણતાં ભણતાં ગાવતાં, ટાલી મન વિષવાદ,
વિકથા જાંણી વારજ્યો, મત કો કરો પ્રમાદ. ૫

**અંત** – રાગ ધન્યાશ્રી. દેશી – ઇણ પરિ ભાવભગત મન આણી.
ધ્યાન કથા મેં એહ વખાણી, આતમરૂપ પિછાણીજી,
પૂરવ સૂત્ર તણી સહીનાણી, જિમ દીઠિ તિમ આણીજી. ધ્યાન. ૧
પંડિતજનમન-સાગર ઠાણી, પૂરણ ચંદ્ર સમાનજી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શુભચંદ્રા**ચારિજની વાણી, જ્ઞાનીજન-મન ભાણીજી. ધ્યાન. ૨
ભવિકજીવ-હિતકરણી ધરણી, પૂર્વાચારિજ વરણીજી,
ગ્રંથ **જ્ઞાનાર્ણવ** મોહક તરણી, ભવસમુદ્રજલ-તરણીજી. ધ્યાન. ૩
સંસ્કૃત વાણી પંડિત જાણે, સરલ જીવ સુખદાણીજી,
જ્ઞાતાજનને હિતકર જાણી, ભાષારૂપ વખાણીજી. ધ્યાન. ૪
ઢાલ અઠાવન ષડ અધિકારૂ, શુદ્ધાતમ ગુણધારૂજી,
આખે અનુપમ શિવસુખ વારૂ, પંડિતજન-ઉરહારૂજી. ધ્યાન.૫
સંવત **લેશ્યા રસ ને વારો ૧૭૬૬, જ્ઞેય** પદાર્થ વિચારોજી,
અનુપમ પરમાતમપદ ધારો, માધવ માસ ઉદારોજી. ધ્યાન.૬
કૃષ્ણપક્ષ તેરસ રવિવાસર, એ અધિકાર પ્રકાસ્યોજી,
ભણતાં ગુણતાં સુણતાં સુખકર, જ્ઞાનગેહમેં આસ્યોજી. ધ્યાન. ૭
**ખરતર આચારિજ** ગચ્છ ધારી, **જિણચંદ**સૂરિ જયકારીજી,
તસુ આદેશ લહી સુખકારી, શ્રી **મુલતાન** મઝારજી. ધ્યાન. ૮
અધ્યાતમશ્રદ્ધાના ધારી, તિહાં વસે નરનારજી,
પર-મિથ્યામતના પરિહારી, સ્વપર-વિવેચયકારીજી. ધ્યાન. ૯
નિજગુણચરચા તિહાંથી કરતાં, મન અનુભવમેં વરતાંજી;
સ્યાદવાદ નિજ ગુણ અનુસરતાં, નિત અધિકો સુખ ધરતાંજી. ધ્યાન. ૧૦
**ભણસાલી મિઠૂમલ** જ્ઞાતા, આતમસૂરજ ધ્યાતાજી;
તસુ આગ્રહ કરી ચઉપઇ જોડી, સુણતાં સુખની કોડીજી. ધ્યાન. ૧૧
નિજ શુદ્ધાતમધ્યાનને ધ્યાવો, યુગપ્રધાનગુણ ગાવોજી;
શ્રી **જિનચંદ**સૂરનો દાવો, મહૂરત માંહે પાવોજી. ધ્યાન. ૧૨
નિજગુણ પાઠક **પુણ્યપ્રધાના, સુમતિસાગર** ગુણથાના;
આતમ **સાધુરંગ** વખાના, વાચક શુભ ગ્રંથાના. ધ્યાન. ૧૩
જયવંતા પાઠક ગુણધારી, **રાજસાર** સુવિચારીજી;
નિર્મલ **જ્ઞાનધરમ** સંભારી, વાચક સહુ હિતકારીજી. ધ્યાન. ૧૪
**રાજહંસ** સુહગુરૂ સુપસાવે, મુઝ મન સુખ નિત પાવેજી;
એહ સુગ્રંથ રચ્યો શુભ ભાવે, ભણતાં અતિ સુખ થાવેજી. ધ્યાન. ૧૫
અક્ષરત્રય ગુણ ચાહ સુસંગે, નિજ મન તણે ઉમંગેજી;
મિત્ર **કુંભકરણ**ને સંગે, **દેવચંદ્ર** મનરંગેજી. ધ્યાન. ૧૬
ઢાલબંધ એ ગ્રંથ સુ કીધો, માનવભવફલ લીધોજી;
આશીર્વાદ એહ મે દીધો, જ્ઞાન લહો સહુ સિદ્ધોજી. ધ્યાન. ૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધ્યાનદીપિકા** એહવો નામો, અરથ અછે અભિરામોજી;
રવિ શશિ લગિ થિરતા એ પામો, **દેવચંદ્ર** કહે આમોજી. ધ્યાન.૧૮

(૧) ઇતિશ્રી જ્ઞાનાર્ણવે ઢાલભાષાબંધે પંડિત દેવચંદ્ર મુનિ વિરચિતે શુકલધ્યાને સ્યાદ્વાદાધિકારવર્ણનો નામ ષષ્ઠમો ખંડઃ સંપૂર્ણઃ.

[પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨.]

**(૩૭૫૮) + દ્રવ્યપ્રકાશ ભાષા** (હિંદીમાં) ર.સં.૧૭૬૭ ઋષભ નિર્વાણ દિને પોષ વદ ૧૩ મેરુતેરસ વિકાનેરમાં

**આદિ –** દોહા.

અજ અનાદિ અક્ષય ગુણી, નિત્ય ચેતનાવાન્;
પ્રણમું પરમાનંદમય, શિવસરૂપ ભગવાન્. ૧

સ્યાદ્વાદ નમસ્કાર સવૈયા ઇકતીસા

જાકૈ નિરખત સંતે થિરતા સુ ભાવ ધરૈ,
વરે નિજ મોક્ષપદ હરે ભવતાવકો;
કરમકો બંધ વારે મોહકો વિડાર ડારે,
સારે નિજ શક્તિ વધારે જ્ઞાનદાવકો;
એકાનેક રૂપ જાનૈ નિત્યાનિત્ય ભાવ ઠાનૈ,
આપાપરભેદ કરી ગ્રહે સ્વસુભાવકો;
અક્ષર ત્રિગુણ ઈદ કર્મજાલ સો અફંદ,
નમત હે **દેવચંદ** સ્યાદવાદભાવકો. ૨

**અંત –** હિંદુ ધર્મ **વીકાનયર**, કીની સુખ ચૌમાસ,
તિહાં એ નિજ જ્ઞાનમેં, કીનો ગ્રંથ અભ્યાસ. ૧૫૩

વર્ત્તમાન કાલ થીત આગમ સકલ વીત,
જગમેં જ્ઞાનવાન સબ કહૈ હૈ.
જિનવર-ધર્મ પરિ જાકી પરતીતિ થિર,
ઔર મત વાતચિત માંહિ નાહિં કહૈ હૈ.
**જિનદત્ત** સૂરિવર કહી જો ક્રિયા પ્રવર,
**ખરતર** ખરતર શુદ્ધ રીતિ વહૈ હૈ.
**પુણ્ય** કે **પ્રધાન** ધ્યાન **સાગર સુમતિ**હિકે,
**સાધુરંગ** સાધુરંગ **રાજસાર** લહૈ હૈ. ૧૫૪

સબપાઠકસિરસેહરો, **રાજસાર** ગુનવાન,
વિચરે આરીજ દેશમે, ભવિજનછત્ર સમાન. ૧૫૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાકે શીશ હૈ વિનીત પરભીત સૌ વિતીત,
સાધુરીત નીત ધારી ગુન અભિરામ હૈ,
આત્મજ્ઞાન ધર્મધર વાચક સિદ્ધાંતવર,
અતિ ઉપશાંત ચિત્ત **જ્ઞાનધર્મ** નામ હૈ,
તાકે શિષ્ય **રાજહંસ** રાજહંસ માનસર,
સુપ્રધાન ઉદ્યમાદિ ગુનગનધામ હૈ,
અંતેવાસી **દેવચંદ** કીનો એ ગ્રંથવર,
અપનો ચેતન રામ ખેલિવૈકું ઠામ હૈ. ૧૫૬
કીનો યહાં સહાય અતિ, **દુર્ગદાસ** શુભચિત્ત;
સમજાવન નિત મિત્તકૌ, કીનો ગ્રંથ પવિત્ત. ૧૫૭
આતમ સભાવ **મિઠુમલ્લ** કૌ પહારી દીઠો,
**ભેરૂદાસ** ભેઉદાસ **મૂલચંદ** જાન હૈ.
જ્ઞાનલેખ રાજવર પારસસ્વભાવધર,
**સોમજીવ** તત્ત્વપરિ જાકિ સરધાન હૈ.
જ્ઞાનાદિ ત્રિગુન મંત અધ્યાતમ ધ્યાનમંત,
**મુલતાંન** થાંન વાસી શ્રાવક સુજાન હૈ.
તાકી ધર્મપ્રીતિ મન આનિકૈ ગરંથ કીનો,
ગુન પરજાય ધર જામે દ્રવ્યજ્ઞાન હૈ. ૧૫૮

*

વિક્રમ સંવત માન યહ, **ભય લેશ્યાકે ભેદ;**
શુદ્ધ **સંયમ** અનુમોદિકૈ, કરિ આશ્રવકો છેદ **(૧૭૬૭).**
તા દિન યા પોથી રચી, વર્ધ્યાં અધિક સંતોષ
શુભ વાસર પૂરન થઈ, પ્રથમ જિનેસર મોક્ષ. ૧૬૩

*

જ્ઞાન ધ્યાન સુખ થાન યહ, યહ મુગતિકો પંથ;
જીવદ્વાર નવ યહ હૈ, પૂરન ભયો ગરંથ. ૧૬૭

(૧) પ.સં.૨૮–૧૨, ગોડી ઉ. મુંબઈ. (૨) લિ. ઋ. દયારામ પઠનાર્થં **લૂંકાગચ્છદીપક ભણસાલી હીરાચંદજી**કસ્ય વાચનાર્થં વાસ્તવ્ય શ્રી **સૂરતિબિંદર** મધ્યે સં.૧૮૨૯ ચૈ.વ.૯ ગુરૂ. પ.સં.૩૩, જયપુર.

[પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨.]

**(૩૭૫૯) + સ્નાત્ર પૂજા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિધિસહિત કે જે ગદ્યપદ્યમાં છે.

**આદિ** – ઢાલ ૧

ચઉત્તિસે અતિસય જુઓ, વચનાતિસય જુત્ત;
સો પરમેસર દેખિ ભવિ, સિંહાસણ સંપત્ત. ૧

**અંત** – ઢાલ ૮

પૂરણ કલશ શુચિ ઉદકની ધારા, જિનવર અંગે નામે;
આતમ નિર્મલ ભાવ કરંતા, વધતે શુભ પરિણામે.

*

**ખરતરગચ્છ** જિનઆણારંગી, **રાજસાગર** ઉવઝાય;
**જ્ઞાનધર્મ દીપચંદ** સુપાઠક, સુગુરૂ તણે સુપસાય.
**દેવચંદ્ર** જિનભકતે ગાયો, જન્મમહોત્સવછંદ;
બોધબીજ-અંકૂરો ઉલ્લસ્યો, સંઘ સકલ આનંદ. ૭

કલશ.

*

**દેવચંદ્ર** જિનપૂજના, કરંતા ભવપાર;
જિનપડિમા જિન સારખી, કહી સૂત્ર મઝાર. ૪

(૧) સં.૧૮૮૫ આસો વ.૧૪ લિ. પં. ઉમેદસાગર (કે જે લેખકની ગુરુપરંપરા જયરંગકૃત 'કયવન્ના રાસ' નીચે આપેલ છે) ચોપડો, જશ. સં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૬, ૨૪૬, ૨૪૭, ૨૭૪, ૩૨૧, ૪૧૪, ૪૩૩, ૪૩૪, ૫૦૧, ૫૫૧.]

[પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨.]

**(૩૭૬૦) + નવપદ પૂજા** અથવા **સિદ્ધચક્ર સ્તવન**

હાલમાં યશોવિજયજીના 'શ્રીપાલ રાસ'-અંતર્ગત નવપદ પરનાં કાવ્યો દેવચંદ્રજીનાં કાવ્યો અને જ્ઞાનવિમલસૂરિનાં કાવ્યો એમ ત્રણેનાં મળીને કહેવામાં આવે છે તે પૈકી આ દેવચંદ્રજીનાં જુદાં લઈ શકાય. નવ પદ એટલે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ, એ પાંચમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચાર મેળવતાં થતાં નવ પદ.

**આદિ** – ૧ અરિહંતપદપૂજા. ઉલાલાની દેશી.

તીર્થપતિ અરિહા નમું, ધર્મધુરંધર ધીરોજી,
દેશનાઅમૃત વરસતા, નિજ વીરજ વડવીરોજી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉલાલો

વર અખય નિર્મલજ્ઞાનભાસન, સર્વ ભાવ પ્રકાશતા,
નિજ શુદ્ધ શ્રદ્ધા આત્મભાવે, ચરણુથિરતા વાસતા.

**અંત –** કલશ.

ઈય સયલસુખકર ગુણપુરંદર, સિદ્ધચક્રપદાવલી,
સવિ લબ્ધિવિદ્યાસિદ્ધિમંદિર, ભવિક પૂજો મનરૂલી.
ઉવઝૂઝાયવર શ્રી **રાજસાગર, જ્ઞાનધર્મ** સુરાજતા,
ગુરૂ **દીપચંદ** સુચરણ સેવક, **દેવચંદ** સુશોભતા. ૨૧

(૧) મુ. ઉદયવિજય લિ. પ.સં.૨–૧૩, હા.ભં. દા.૮૩ નં.૯૨. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૧, ૨૭૪).]

[પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨ તથા અન્યત્ર.]

## (૩૭૬૧) + અતીતજિન ચોવીશી

**આદિ –** પ્રથમ કેવલજ્ઞાની સ્ત.

નામે ગાજે પરમ આલ્હાદ, પ્રગટે અનુભવરસ આસ્વાદ,
તેથી થાયે મતિ સુપ્રસાદ, સુણતાં ભાજે રે કાંઈ વિષયવિષાદ રે
જિણંદા તાહરા નામથી મન ભીનો.

**અંત –** ૨૧મા શુદ્ધમતિ જિન સ્ત.

*

જે નિજ પાસે હો તે શું માગીએ? **દેવચંદ્ર** જિનરાય,
તોપણ મુજને હો શિવપૂર સાધતાં, હોજો સદા સુસહાય
શ્રી શુદ્ધમતિ હો જિનવર પૂરવો.

(આ પછી ૨૨મા, ૨૩મા અને ૨૪મા અતીત જિન પરનાં સ્તવનો પ્રકટ નથી થયાં, કારણકે મળી નહીં શક્યાં હોય.)

(૧) ૨૧ સ્ત. પ.સં.૭, મહિમા. પો.૩૬. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૨).]

[પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨.]

## (૩૭૬૨) + અધ્યાત્મ ગીતા [અથવા આત્મ ગીતા] લીંબડીમાં

**આદિ –** રાગ – ઢાલ ભમરગીતાની.

પ્રણમિએ વિશ્વહિત જૈનવાણિ, મહાનંદતરૂ સિંચવા અમૃતપાણી,
મહામોહપુર ભેદવા વજ્રપાણિ, ગહનભવફંદછેદન કૃપાણી. ૧

**અંત –** વસ્તુતત્ત્વે રમ્યા તે નિગ્રંથ, તત્ત્વઅભ્યાસ તિહાં સાધુપંથ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિણે ગીતાર્થચરણે રહિજે, શુદ્ધ સિદ્ધાંતરસ તો લહિજે. ૪૭
શ્રુતઅભ્યાસી ચોમાસિ વાસી **લિંબડી** ઠામ,
શાસનરાગી સોભાગી શ્રાવકનાં બહુ ધામ.
**ખરતરગચ્છ** પાઠક શ્રી **દીપચંદ્ર** સુપસાય,
**દેવચંદ્ર** નિજ હરખે ગાયો આતમરાય. ૪૮

(૧) સં.૧૮૭૯ માગસર સુદિ ૧૪ શનિ **રાધનપુર** મધ્યે લિ. **ખુસ્યાલચંદ**. પ.સં.૫-૧૩, ડા. પાલણપુર દા.૩૯ નં.૧૨૫. (૨) લિ. **ન્યાનચંદ્રજી પાલીતાણા** મધ્યે. પ.સં.૪, જયપુર. [ડિકેટલોગભાઇ વો.૧૮ ભા.૧, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૧, ૪૦૦, ૪૮૫, ૪૯૩, ૫૧૨, ૫૫૫).]

[પ્રકાશિત: ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨.]

**(૩૭૬૩) + વીર જિનવર નિર્વાણ** [અથવા **દિવાળીનું સ્તવન**]

દિવાલીદિને ભાવનગરમાં

**આદિ** – (મંગલાચરણ બે સંસ્કૃત શ્લોકમાં છે.)

ઢાલ ૧

બાર વરસ તપસાધન કીનો, તીસ વરસ શ્રુત વરસ્યો,
અનુપમ જ્ઞાન પ્રકાશી જિનવર, મુનિવર તુંજ રસ ફરસ્યો હો. પ્રભુજી. ૧

**અંત** – ઢાલ ૧૨

ગાવો ગાવો રે જિનરાજ તણા ગુણ ગાવો,
સમ્યગ્દર્શન જ્ઞાન ચરણની નિર્મલ થિરતા પાવો રે. જિ.

*

સુવિહિત **ખરતરગચ્છપરંપર, રાજસાર** ઉવઝાયો,
તાસ શિષ્ય પાઠક શમદમધર, **જ્ઞાનધર્મ** સુખદાયો રે. જિ. ૪
**દીપચંદ** પાઠક ઉપગારી, શાસનરાગ સવાયો,
તાસ શિષ્ય શુચિ ભક્તિ પ્રસંગે, **દેવચંદ્ર** જિન ગાયો રે. જિ. ૫
**ભાવનગર** શ્રી **ઋષભ**પ્રસાદે, દીવાલિદિન ધ્યાયો,
સંઘ સકલ શ્રુતશાસનરાગી, પરમ પ્રમોદ ઉપાયો રે. જિ. ૬
શાસનનાયક **વીર** જિનેસર, ગુણ ગાતાં જયમાલો,
**દેવચંદ્ર** પ્રભુસેવન કરતાં, મંગલમાલ વિશાલો રે. જિ. ૭

(૧) પં.જૈ.શ્વે.ભં. જયપુર પો.૬૪. (૨) પ.સં.૮-૧૩, ઘોઘા ભં. દા.૧૩ નં.૩૫. (૩) સં.૧૮(?)૫ આ.વ.૪ લિ. પ.સં.૬-૧૫, વી.ઉ.ભં. દા. ૧૭. (૪) લિ. **સ્તંભતીર્થે** પ.સં.૧૦-૧૦, જશ.સં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પૃ.૨૬૧, ૪૯૩, ૫૨૦).]

[પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨.]

**(૩૭૬૪) + ચોવીશી સ્વોપજ્ઞ બાલાવબોધ સહિત**

**અંત –** કલશ.

ચોવીશે જિનગુણ ગાઇયે, ધ્યાઇયે તત્વસ્વરૂપોજી,
પરમાનંદપદ પાઇયે, અક્ષયજ્ઞાન અનૂપોજી. ચો. ૧
ચવદહ સેં બાવન ભલા, ગણધર ગુણભંડારોજી,
સમતામયી સાહુસાહુણી, સાવયસાવયી સારોજી. ચો. ૨

*

શ્રી **જિનચંદ્ર**ની સેવના, પ્રગટે **પુણ્યપ્રધાનો**જી,
**સુમતિસાગર** અતિ ઉલ્લાસે, **સાધુરંગ** પ્રભુ ધ્યાનોજી. ચો. ૭
સુવિહિત **ખરતરગચ્છવરૂ**, **રાજસાર** ઉવઝાયોજી,
**જ્ઞાનધર્મ** પાઠક તણો, શિષ્ય સુરસ સુખદાયોજી. ચો. ૮
**દીપચંદ** પાઠક તણો, શિષ્ય સ્તવે જિનરાજોજી,
**દેવચંદ** પદ સેવતાં, પૂર્ણાનંદ સમાજોજી. ચો. ૯

(૧) પ.સં.૧૬–૫૦, સીમંધર. દા.૨૦ નં.૩૭. (૨) સં.૧૭૯૮ પો.શુ.૧૪ શુક્રે **રાજનગરે**. પ.સં.૧૬–૧૨, ગો.ના. (૩) સં.૧૮૨૧ માગશિર શુ.૩ ચંદ્રે લિ. **સૂરતિ** મધ્યે સા. **પ્રેમચંદ** સખી પઠનાર્થં. પ.સં. ૧૫–૧૩, વડાચૌટા ઉ. પો.૧૩. (૪) સં.૧૮૧૪ આસાઢ વદિ ૧૧ સોમે **પત્તન** મધ્યે. પ.સં.૧૩–૧૩, હા.ભં. દા.૮૩ નં.૧૫૮. (૫) સં.૧૯૧૪ વૈ.વ.૫ આદિત્યવાસરે **પાટણ** નગરે **ચિંતામણી પાર્શ્વ** પ્રસાદાત્ કોઠારી **દોલા** પુત્ર **રાઇકુંણ** પઠનાર્થં લિ. સાધુ **માધવદાસ** **અજોધ્યાદાસ**જી. પ.સં.૨૨–૧૧, જશ.સં. (પછી યશોવિજયજીકૃત પદો છે.) (૬) પ.સં.૧૧, કૃપા. પો.૧૫ નં.૮૦૨. (૭) પ.સં.૭, જય. નં.૧૦૯૨. (૮) મો.સેં.લા. [મુપુગૂહસૂચી.]

સ્વોપજ્ઞ બાલા. સહિત : (૧) સં.૧૭૯૭ આસાઢ વદિ ૨ કૌમુદીવાસરે લિ. પ.સં.૧૩૩, સીમંધર. દા.૨૦ નં.૪૩. (કવિની સ્વહસ્તલિખિત લાગે છે.) (૨) સં.૧૮૧૪ આસો શુ.૫ રવૌ લ. મુનિ **ખુશાલ** **દ્રાંગદ્રા** મધ્યે. ત્રુટક, પ.સં.૫૧થી ૬૮ છેલ્લું ૭૭મું પત્ર, ખેડા ભં. દા.૭ નં.૬૯. (૩) સં.૧૮૨૩ આસો વ.૪ ભોમે પ.સં.૧૧૨, વી.ઉ.ભં. દા.૧૭. (૪) લિ. **કનકચંદ્રે**ણ સં.૧૮૬૩ વૈ.શુ.૨ **સાણંદ** ગ્રામે **અમીઝરા પાર્શ્વ** પ્રસાદાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પં. ધર્મવિજય પઠનાર્થં. પ.સં.૭૯, અનંત.ભં.૨. (૫) સં.૧૮૧૫ વર્ષે ફાલ્ગુન માસે ચતુર્દશ્યાં અર્જુને પક્ષે લિખિતા ઇયં સ્તુતિ જિનાનાં. પ.સં.૧૧૭–૧૨, આ.ક.ભં. (૬) સં.૧૭૯૯ ગ્રં.૨૧૦૦, પ.સં.૧૩૩, લીં.ભં. દા.૨૨ નં.૩૭. (૭) પ.સં.૧૦૨, અમ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૮, ૪૨૭, ૫૫૪, ૫૮૬).]

[પ્રકાશિત : ૧. મૂળ માત્ર – શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨.]

**(૩૭૬૫) + વીશી** અથવા **૨૦ વિહરમાન જિન સ્ત.**

**આદિ –** કલશ

વંદો વંદો રે જિનવર વિચરંતાં વંદો;
કીર્ત્તન સ્તવન નમન અનુસરતાં, પૂર્વ પાપ નિકંદો રે. જિ. ૧

**અંત – સિદ્ધાચલ** ચૌમાસ રહીને, ગાયો જિનગુણછંદો;
જિનપતિભક્તિ મુગતિનો મારગ, અનુપમ શિવસુખકંદો રે. જિ. ૨
**ખરતર**ગચ્છ **જિનચંદ** સૂરિવર, **પુણ્યપ્રધાન** મુણિંદો;
**સુમતિસાગર સાધુરંગ** સુવાચક, પીધો શ્રુતમકરંદો રે. જિ. ૩
**રાજસાર** પાઠક ઉપગારી, **જ્ઞાનધર્મ** દિણંદો;
**દીપચંદ** સદગુરૂ ગુણવંતા, પાઠક ધીર ગયંદો રે. જિ. ૪
**દેવચંદ્ર**ગણિ આતમહેતે, ગાયા વીશ જિણંદો;
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપત્તિ પ્રગટે, સુજસ મહોદય વૃંદો રે. જિ. ૫
—ઇતિ વિંશતિ વિરહમાન જિન સ્તવનાનિ સંપૂર્ણ.

(૧) પ.સં.૧૦, જય. નં.૧૦૯૩. (૨) પ.સં.૧૪, અભય. પો.૧૭. (૩) પ.સં.૯, મહિમા. પો.૬૩. (૪) પ.સં.૧૫–૯, સીમંધર. દા.૨૦ નં.૭૦. (કર્તાના જેવા અક્ષરમાં) (૫) પ.સં.૧૪–૯, સીમંધર. દા.૨૦ નં.૮૫. (૬) પ.સં.૧૬–૧૨, સીમંધર. દા.૨૦ નં.૮૪. (૭) સં.૧૯૧૪ વૈ.વ.૮ બુધે **પાટણ** કોઠારી **દોલા**સુત **રાઈકુંણ** પઠનાર્થં લિ. સાધુ **માધવદાસ**. પ.સં.૧૪–૧૧, જશ.સં. (૮) પ.સં.૧૫–૧૧, અનંત. ભં.૨. (૮) પ.સં.૧૧–૧૨, વી.ઉ.ભં. દા.૧૭. (૯) પ.સં.૯–૧૫, વી.ઉ.ભં. દા.૧૭. (૧૦) સંવત્ ૧૮૫૨ શાકે ૧૭૧૭ વર્ત્તમાને પં. ઇંદ્રભાણુ મુનિ એષા પ્રતિ લિપીકૃતા શ્રીમજ્જેસલમેરૂ વાસ્તવ્ય **બ્રહ્મસર** ગ્રામે **રાવલ** શ્રી **મૂલરાજજી** વિજયરાજ્યે વાચ્યમાનો ચિરંજીયાત. પ.સં.૩–૧૪, ગો.ના. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૪, ૪૧૪).]

[પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૩૭૬૬) [+] પ્રભંજના સ.** લીંબડીમાં
**આદિ** – ગિરિ **વૈતાઢયને** ઉપરે, **ચકાંકા** નયરી લો અહો ચ.
**અંત** – **રાજસાર** પાઠક ઉપગારી, **જ્ઞાનધર્મ** દાતારી;
**દીપચંદ** પાઠક **ખરતર** વરે, **દેવચંદ** સુખકારી રે.
નયર **લિંબડી** માંહે રહીને, વાચંયમ સ્તુતિ ગાઈ;
આતમરસિક શ્રોતાજનમનને, સાધનરૂચિ ઉપજાઇ રે.
ઈમ ઉત્તમ ગુણમાલા ગાવો, પાવો હર્ષબધાઇ રે;
જૈનધરમમારગ રૂચિ કરતાં, મંગલ લીલ સદાઇ રે.

(૧) પ.સં.૨, પ્ર.કા.ભં. (૨) પ.સં.૪–૧૦, આ.ક.ભં. (૩) રત્ન. ભં. (૪) પ.સં.૩, જિ.ચા. પો.૮૩ નં.૨૧૧૨. [મુપુગૃહસૂચી, હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૨૭૦, ૨૮૭, ૪૯૩).]

[પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨.]

**(૩૭૬૭) + [સાધુની] પાંચ ભાવના સ.**
**આદિ** – સ્વસ્તિ **સીમંદર** પરમ, ધરમધ્યાન સુખઠામ;
સ્યાદ્વાદ-પરિણામ-ઘર, પ્રણમું ચેતનરામ.
**અંત** – જયવંતા પાઠક ગુણધારી, **રાજસાર** સુવિચારીજી;
નિર્મલ **જ્ઞાનધર્મ** સંભાલી, પાઠક સુવિહિતકારીજી.
**રાજહંસ** સુગુરૂ સુપસાયે, **દેવચંદ્ર** ઈમ ગાવેજી;
ભવિકજીવ જે ભાવના ભાવૈ, તેહ અમિત સુખ પાવૈજી. ૫
**જેસલમેરી** સાહ સોભાગી, **વરધમાન** વડ ભાગીજી;
પુત્ર કલત્ર સકલ સોભાગી, સાધુગુણના રાગીજી. ૬
તસુ આગ્રહે ભાવના ભાઇ, ઢાલબંધ મૈં ગાઈજી;
ભણસ્યૈ ગુણસ્યૈ જે એ ગ્યાતા, લહસ્યૈં તે સુખસાતાજી. ૭
મન શુદ્ધ પાંચે ભાવના ભાવો, પાવન નિજ ગુણ પાવોજી;
મન મુનિવરગુણ સંગ વસાવૌ, સુખસંપતિ ગૃહ થાવોજી. ૮

(૧) પ.સં.૫–૧૪, આ.ક.ભં. (૨) મો.સેં.લા. (૩) સં.૧૭૯૧ ચૈ.વ.૧૧ સોમે **રાજદ્રંગે**. પ.સં.૬–૧૦, મુનિ સુખસાગર. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૭૮, ૪૧૪).]

[પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨.]

**(૩૭૬૮) + ઢંઢણમુનિ સ.** ૨૭ કડી
**આદિ** – વનિતા વિહસીને વીનવે. દેશી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધનધન ઢંઢણ મુનિવરૂ, કૃષ્ણ નરેસર પુત્રો રે;
**અંત** – **દેવચંદ્ર** પદ પામીયૈ, લહીયૈ પરમાનંદો રે. ધન. ૨૭
(૧) પ.સં.૨–૧૪, આ.ક.ભં.
[પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨.]

**(૩૭૬૯) + અષ્ટપ્રવચન માત સઝાય**

**આદિ** – સુકૃત-કલ્પતરૂશ્રેણિનિ, વર ઉત્તર કુરૂ ભૂમિ;
અધ્યાતમરસ સસિકલા, શ્રી જિનવાણિ નૌમિ. ૧
**દીપચંદ** પાઠક સુગુરૂ, પય વંદી અવદાત;
સાર શ્રમણગુણ ભાવના, ગાઈસુ પ્રવચનમાત. ૨
**અંત** – રાગ ધન્યાશ્રી.
તે તરીયા ભાઈ તે તરીયા, જે જિનશાસન અનુસરિયા રે;
જેહ કરે સુવિહિત મુનિ કિરિયા, જ્ઞાનામૃતરસદરિયા રે. ૧

*

**ખરતર** મુનિ આચરણા ચરિયા, **રાજસાગર** ગુણ ગિરિયાજી;
**જ્ઞાનધર્મ** તપધ્યાને વસિયા, શ્રુતરહસ્યના રસિયાજી. ૪
તે **દીપચંદ** પાઠકપદ ધરિયા, વિનયરયણ-સાગરિયાજી;
**દેવચંદ** મુનિગુણ ઉચરિયા, કર્મઅરિ નિર્જરિયાજી. ૫
સુરગિરિ સુંદર જિનવરમંદિર, શોભિત નગર સવાઇજી;
**નવાનગર** ચોમાસું કરિને, મુનિવર ગુણથુતિ ગાઇજી. ૬
મુનિગુણમાલા ગુણહ વિશાલા, ગાવો ઢાલ રસાલાજી;
ચૌવિહ સંઘ સમણગુણ થુણતાં, થાસ્યે લીલવિલાસજી. ૭

કલશ.

ઈમ દ્રવ્ય ભાવે સમિતિસમિતા, ગુપ્તિગુપ્તા મુનિવરા;
નિર્મોહ નિર્મલ શુદ્ધ ચિદ્દ્ઘન, તત્ત્વસાધનતત્પરા,
**દેવચંદ્ર** અરિહા-આણ વિચરે, વિસ્તરે જસસંપદા;
નિગ્રંથ-વંદન-સ્તવન કરતાં, પરમ મંગલ સુખ સદા.

(૧) લિ.૧૯૧૮ આશો શુ.૭ ભોમે. પ.સં.૫–૧૪, આ.ક.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૭૯).]
[પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨.]

**(૩૭૭૦) આઠ રુચિ સઝાય**

સ્થાનાંગમાં અષ્ટમબોલમાં આઠ રુચિ કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આદિ –** ઉલાલાની દેશી

સુરપતિનતઃ દેવ અમિતગુણી, સવિભાવપ્રકાશક દિનમણી.

**અંત – દેવચંદ્ર** આણા રૂચિ હોજો, બાલગોપાલ રે,

આતમતત્ત્વ સંભાલ રે, કરજ્યે જિનપતિ બાલ રે;

થાસ્યો પરમ નિહાલ રે. આ. ૧૨

**(૩૭૭૧) નિજગુણ ચિંતવન મુનિ સઝાય**

**આદિ –** ધનધન જે મુનિવર સંયમ વર્યાજી;

**અંત –** સદ્‌ગુરૂ પાઠક **દીપચંદ**નોજી, શિષ ગણી ભાખે **દેવચંદ** રે. ધ. ૧૧

(૧) પ.સં.૨, આ.ક.ભં.

**(૩૭૭૨) [+] ગજસુકુમાલ સઝાય** ૩૬ કડી

**આદિ – દ્વારિકા** નગરી ઋદ્ધિ સમૃદ્ધિ, **કૃષ્ણ** નરેસર ભુવનપ્રસિદ્ધ.

**અંત – ષરતરગછ** પાઠિક **દીપચંદનો, દેવચંદ્ર** વંદે મુનીરાય રે,

સકલ સિદ્ધિસુષકારણ સાધુજી રે, ભવોભવ હોજ્યો સુગુરૂ સહાય

રે. ધન્ય. ૩૮

**અંત** – એહ નાટિક જિણેં દીઠુ રે હોસ્યેં ધનધન ધન્ય તે ગૃહપતિ,
**જસવંત** સીસ **જેનેંદ્ર** તે નાટિક, જોવણ ઉચ્છક છેં અતિ ૯ પ્રભુ.

**(૩૮૯૧) + શાંતિનાથ ચક્રવર્તી રિદ્ધિ વર્ણન સ્ત.**

**આદિ** – ચંદ્રાવળાની દેશી.

**અચિરાનંદન** પ્રણમીએ રે, સમય સમય સો વાર,
સેવાથી સુખ લહે રે, એહ ભવ જશવિસ્તાર,
એહ ભવ જશવિસ્તાર તે પામે, **શાંતિ** જિનેશ્વર સાહેબ નામે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગમાં શાંતિ થઇ તિણુ સાટે, નામ ઠવ્યું પ્રભુનું તીણુ માટે
શ્રી **શાંતિ** જિનેશ્વરૂજી. ૧

**અંત – તપગચ્છનાયક** વંદીએ રે, **વિજયક્ષમા** સૂરિરાય,
**કાંતિસાગર** પંડિત વરૂ રે, તાસ તણે સુપસાય,
તાસ તણે સુપસાય કહાયા, સમર્થ **શાંતિ** જિનેશ્વર ધ્યાયા,
**જસવંતસાગર** પંડિતરાયા, શિષ્ય **જિનેશ્વર** સાગર ગુણ ગાયા.
શ્રી. ૨૬

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૯).]

પ્રકાશિત : ૧. શામજી માસ્તરના 'સજ્જન સન્મિત્ર'માં પૃ.૫૮૧–૫૮૫.

## (૩૮૭૨) વિજયક્ષમાસૂરિનો શલોકો (ઐ.)

ટૂંક સાર – મરુધર(મારવાડ)માં અજિતસિંહના રાજ્યમાં પાલી નામના ગામમાં વણિક ચતુરોજી મહેતાને ચતુરંગદે નામની સ્ત્રી હતી. અનેક ઉપાય કર્યા પણ પુત્ર ન થયો. કુલદેવીને સમરતાં તેણે સુતનો વર આપ્યો. સ્વપ્નમાં માતાને ગણપતિ જોવામાં આવતાં તેના ફલ તરીકે પુત્ર થશે તે ગણનો પતિ એટલે આચાર્ય બનશે એમ નક્કી કર્યું. શ્રવણ નક્ષત્રમાં પુત્ર જન્મ્યો. નામ ખિમસી આપ્યું. પાંચ વર્ષે નિશાળે મોકલ્યો. તે દેશમાં વિહાર કરતા વિજયરત્નસૂરિ આવતાં તેમનો પ્રવેશમહોત્સવ ગામમાં કર્યો. સૂરિએ બાળકને નીરખતાં ભાગ્યવાન લાગતાં તેના પિતા-માતા પાસે તેની માગણી કરી, ને જણાવ્યું કે અમે તેને પદવી આપીશું. માતાએ હા ભણી, પછી પુત્રને સોંપ્યો. ખિમસી સાધુ થઈ તેનું નામ ક્ષમાવિજય સ્થાપ્યું. અભ્યાસ કર્યો. સં.૧૭૭૩માં ભાદ્રવા શુદિ ૮ને દિને પોતાનું આચાર્યપદ આપ્યું. દેવવિજય, લબ્ધિવિજયને ઉપાધ્યાયપદ આપ્યું. ત્યાંના હરજી મહેતાએ જોશી બોલાવી પાટમહોત્સવનો દિન મહા શુદ ૬નો નક્કી કર્યો. સંઘે કંકોતરી લખી જુદાજુદા સંઘના આગેવાનોને બોલાવ્યા. ન્યાનજી શાહ, હરજી મહેતો, ભાણજી શાહ, કલ્યાણદાસ મહેતો અને શ્રાવિકા મતિબાઈએ તેનો ઉત્સવ કર્યો. આ પાટોત્સવને દિને પ્રધાનપદ પર સ્થાપ્યા, ત્રણસેંને પંન્યાસની પદવી આપી. ત્યાં ગચ્છપતિએ ચોમાસું કર્યું, પછી ઉદેપુર કર્યું. પછી મરુધરમાં આવતાં અજિતસિંહ રાણાએ વંદન કર્યું.

**આદિ – સરસતિ** સાંમિણિ પાએજી લાગું, અમિય સમાંણિ વાણિજિ માગું

**વિજયક્ષમા**સૂરિનો કહું સલોકો, એકમન થઇ સાંભલો લોકો. ૧

**અંત** – ઇણિ પરે થુણિઉ જી **તપ**ગચ્છરાયા, શ્રી **વિજયક્ષમા** સુરિસર રાયા
જબ લગે આકાસ સૂરિજચંદા, રહેજ્યો તીહાં લગે ગુરૂ ચિરનંદા.૬૧
**જસવંતસાગર** પંડિતરાયા, **જિણંદસાગરે** ગુરૂગુણ ગાયા
એહ સલોકો જે નર ભણિસ્યે, લખમિ તસ ઘરે લીલ જ કરસ્યૈ. ૬૨

(૧) પ.સં.૪–૧૨, શા જકાભાઈ ધરમચંદ પતાશાની પોળ અમદાવાદ પાસે.

**(૩૮૭૩) ચોવીશી**

(૧) સં.૧૮૬૫ પો. **ભી**નમાલ **અ**નુપસાગર લિ. પ.સં.૧૨, અભય. પો.૧૭.

**(૩૮૭૪) ઢૂંઢક પચીસી** કડી ૨૫ નાકુલમાં

**આદિ** – શ્રી શ્રુતદેવી પ્રણમી કહસ્યું, જિનપ્રતિમા અધિકાર રે
નવિ માને તસ વદન ચપેટા, માને તસ સિણગાર રે. ૧
શ્રી જિનપ્રતિમા સ્યૂં નહી રંગ, તેહનો કદિ ન કીજે સંગ. આંકણી

**અંત** – ઢુંઢણ પચવીસી મે ગાઇ, નગર **નાકુલ** મઝારિ રે
**જસવંત** સીસ **જિનેંદ્ર** પયંપે, હિતકારણ અધિકાર રે. શ્રી. ૨૫

(૧) સં.૧૮૮૭નો એક ચોપડો, જશ.સં. (૨) પ.સં.૨–૧૦, વીરમગામ ભં. [મુપુગૂહસૂચી (જશવંતસાગરને નામે), લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૦ – જિનેન્દ્રવિજયને નામે, ૨૯૨, ૫૧૧).]

**(૩૮૭૫) [+] મૌન એકાદશી સ્ત.** ૩૧ કડી

**આદિ** – પ્રણમી પૂછે **વીર**ને રે શ્રી **ગૌતમ** ગણધાર

(૧) પ.સં.૨–૧૧, માં.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૯).]

[પ્રકાશિત : ૧. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ.]

**(૩૮૭૬) + સિદ્ધચક્ર સ્તવનો**

પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૨૪, ૨૫, ૨૬, ૨૬, ૨૬.

**(૩૮૭૭) + અષ્ટાપદ સ્ત.**

[મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૧૦૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૫૫–૫૫૭, ભા.૩ પૃ.૧૪૪૫–૪૬.]

**૧૧૪૨. પુણ્યવિલાસ** (ખ. સમયસુંદરની પરંપરામાં ઉ. પુણ્યચંદ્રશિ.)

**(૩૮૭૮) માનતુંગ માનવતી રાસ** ર.સં.૧૭૮૦ શરદના બીજા માસમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુ.૩ રવિ લૂણકરણસરમાં.

**આદિ –** દૂહા સોરઠા.

નમું સદા નિતમેવ, **આદીસર** અરિહંત પય,
દરસણ શ્રીજિનદેવ, **લૂણકરણસર**મેં લહ્યો. ૧
કવિયણ કેરી માય, વલિ પ્રણમું વાગેશ્વરી,
ચરણ નમું ચિત લાય, વિધિ...વિદ્યાગુરૂ તણા. ૨
જિનવરધરમ જિ કોઇ, દોઇ પ્રકારે દાખીયો;
સાચવતાં સુખ હોઇ, શ્રાવકને વલિ સાધુનૈ. ૩
દ્વાદશ વ્રત અગાર, પંચ મહાવ્રત સાધુના,
સુણો સહૂ અધિકાર, તિણમાં બીજા વ્રત તણો. ૪
**માનવતી** પરબંધ, મૃષાવાદ ઊપર કહું;
સુણૌ તાસ સંબંધ, કુણ **માનવતી** કિહાં થઇ. ૫
જીવ્યૌ તાસ પ્રમાણ, વચન બોલિ પાલૈ જિકે;
જીવત ધિગ્ તસુ જાણ, વચન બોલિ બદલૈ જિકે. ૬
રાખ્યો સીલરતન, પ્રગટ બોલિ જિણ પાલીયો;
મનમાં હુસ્યૌ મગન, સુણતાં તાસ સંબંધ સહુ. ૭

**અંત –** સત્યવચનફલ તુમે જોઇજ્યો, પ્રિઉનૈ લગાયો પાય;
ઈહ લોકનઇ પરલોકના, સુખ પામ્યા રે જિણવતનઇ પસાય. ૧૬
એ રાસ મઈ રચીયો ભલો, દેખી ચરિત્ર અધિકાર,
બીજા વ્રતનૈ ઊપરઇ, મન માંહ રે આણી હરષ અપાર. ૧૭
સંવત **સતરૈ અસ્સીયે,** રહ્યા **લૂણસર** ચૌમાસ,
વાચક શ્રી **પુન્યચંદ**નઇં, સુપસાઇં રે કીધો એ રાસ. ૧૮
રવિવાર સુદિ દ્વિતીયા દિનઇ, રિતિ સરદ બીજો માસ,
શિષ્ય **પુણ્યશીલ**નઇ આગ્રહઇ, ઇમ જંપઇ રે કવિ **પુન્યવિલાસ.**૧૯

(૧) કૃતં ચ લિષિતં ચ સં.૧૭૮૨ વર્ષે શ્રાવણ માસે કૃષ્ણપક્ષે તિથૌ નવમ્યાં ૯ ગુરૂવારે લિખતં **વી**કાનેર મધ્યે. કવિની હસ્તલિખિત પ્રત, પ.સં.૩૯–૧૫, સેં.લા. નં.૧૭૭૬. (૨) પ.સં.૩૫, બાંઠિયા લા ભીનાસર. [આલિસ્ટઑઇ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૩૬–૩૭, ભા.૩ પૃ.૧૪૩૯.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૧૪૩. જિનસોમ

**(૩૮૭૯) સ્નાત્રવિધિ** ર.સં.૧૭૮૧

(૧) ગ્રં.૧૫૮, પ.સં.૬, મ.જૈ.વિ. નં.૧૩૨અ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૪૦.]

## ૧૧૪૪. વિદ્યાસાગરસૂરિ (આં.)

આચાર્યપદ સં.૧૭૬૨ સ્વ.૧૭૯૩.

**(૩૮૮૦) સિદ્ધપંચાશિકા બાલા.** ર.સં.૧૭૮૧

મૂલ દેવચંદ્રસૂરિકૃત.

(૧) ગ્રં.૮૦૦, પ.સં.૧૭, સેં.લા. નં.૧૩૫૬૮. [આલિસ્ટઑઇ ભા.૨. મુપુગૂહસૂચી (નામ વિદ્યાનંદસાગરસૂરિ છે, પ્રતમાં પણ).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૪૧. 'વિદ્યાનંદસાગર' એ નામની અધિકૃતતા ચકાસણીને પાત્ર છે.]

## ૧૧૪૫. રત્નવિમલ (ત. દીપવિમલ–વિવેકવિમલ–નિત્યવિમલશિ.)

**(૩૮૮૧) ચોવીશી** ર.સં.૧૭૮૧ બરહાનપુર

(૧) સં.૧૭૮૨ વૈ.શુ.૭ ગુરૂ લિ. રત્નવિમલેન હર્ષવિમલ તથા **માણકવિમલ** પઠનાર્થં. પ.ક્ર.૩થી ૧૩, અભય. પો.૧૭. (કવિની સ્વલિખિત પ્રત)

**(૩૮૮૨) એલા ચરિત્ર** ૨૧ ઢાળ ર.સં.૧૭૮૫ આસો વદ ૧૩ હરિશ્ચંદ્રપુરી

**અંત** – તિણેં ભાવથી તર્યો કેઇ તરસ્યેં, પંચમકે ગત પાયાજી,
ભાવ ઉપર એતો અધિકે ભાવેં, ગુણ **એલા**રષિ ગાયજી;
શ્રી **વિજયક્ષમા** સૂરીશ્વર વિરાજે, ગચ્છાધિરાજે ગાજેજી;
પ્રગટયો પૂર્ણચંદ્ર તેણેં પાટિ, રૂડો **દયા**સૂરિ રાજેજી. ૯
પંડિતપ્રવર તસ ગછિ પોઢા, શ્રી **દિપવિમલ** ગુરૂ સોહેંજી,
ધ્યાન ગ્યાંન કૃપા સંયમ ધારી, મોટા જનમન મોહેજી. ૧૦
ચરણસેવક તસ શિષ્યચુડામણિ, **વિવેકવિમલ** ગુરૂ વંદુજી,
તે ગુરૂનું નામ જપંતા તેણેં, કઠણ કર્મ નીકંદુજી. ૧૧
મોટા તાસ શિષ્ય મુગટમણી, નામે **નિત્ય** જયકારિજી,
તાસ સુત કહે ભાવ રાખેં તેહને, બે કર જોડિ બલિહારીજી. ૧૨
સંવત **સંયમ સર ગજ** સારો, અતિ હર્ષ આસો માસેજી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન ધનતેરસ દિવસ ધન જે, ઉચ્છવ ઘણો આવાસેજી. ૧૩
.........રચિયો પ્રથમ અભ્યાસ **પ્રલ્હાદે**જી,
**હરિશ્ચંદ્રપુરીમાં** પૂરણ હર્ષે, આણંદ હૂઉ ઉલ્હાદેજી. ૧૪
સંઘ ચતુર્વિધને સાંનિધ હોયો, અહનીશે અતિ આણંદજી,
**રતનવિમલ** કહિ નિતનિત રૂડું, પ્રેમે પ્રમાણંદજી. ભ. ૧૫
એકવીસમી ઢાળે અધિક ઉચ્છાઇ, મંદિરમંદિર દિપમાલિજી,
ભણતાં ગણતાં સાંભલતાં ભાવે, નિતનિત હોસ્યે દિવાલીજી;
ભવી ભાવણ ભાવોજી. ૧૬

(૧) સં.૧૭૮૫ પોષ સુદિ ૫ રત્નવિમલ શિ. **રાજવિમલ** વાંચનાર્થં હરીશ્ચંદ્રપુરી મધ્યે લ. પ.સં.૩૫–૧૦, પ્રથમ પત્ર નથી, ડા.પાલણપુર દા.૩૬. (કવિની સ્વલિખિત પ્રત)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૪૯–૫૦.]

## ૧૧૪૬. વિબુધવિજય (ત. હીરવિજયસૂરિ–શુભવિજય–ભાવવિજય–ઋદ્ધિવિજય–ચતુરવિજયશિ.)

**(૩૮૮૩) સુરસુંદરી રાસ** ૪૦ ઢાળ ૯૫૫ કડી ર.સં.૧૭૮૧

**આદિ–** દૂહા.

શ્રી **શત્રુંજો** ગિર વડો, સવી-તીર્થ-સિરદાર,
પૂર્વ નવાણુ સમોસર્યા, **ઋષભ** જિનેસ્વર સાર. ૧
**નાભિરાયાં**-કુલ-ચંદલો, **મરૂદેવા**કો નંદ,
યુગલાધરમ નીવારવા, તુ અવતરીયો જિનચંદ. ૨
વદી આષાઢી ચોથ દીય, તે અજુઆલુ કીય,
ગરભ અવતારી સુપન દે, માંન બહુત તે દીય. ૩
ચૈત્રી વદી આઠમ જનમ, દસકુમરી રે ગાય,
ઇંદ્ર ઇંદ્રાણી આય કર, ઓછવ અધિક ઉપાય. ૪
યોવનભર જવ આય હુઆ, કન્યા દોઇ પરણાઇ,
દાન સીલ તપ ભાવન ચ્યારે, એ ચ્યારે છે સુખદાઇ. ૫
શ્રી નવકાર તણે મહિમાયે, **સુરસુંદરી** સુખ પાઇ,
કષ્ટ ઉપજીને સુખ હુઓ, ધરમ તણે સોભાઇ. ૬
કીહાં એ સુંદરી કિહાં એ હુઇ, કિહાં એહનો હુયો વાસ,
ગાંમઠામ એહનો સુણો, હું ભાખું આણી તાસ. ૭
એકમનાં સહુ કો સુણો, મુકી વિકથા-વાત,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ મુકીને ઉઠી જસે, તે નર મૂરિખ જાત. ૮
જો સુણો તો આખો સુણો, નાંહીતર રહેજો બાર,
અધવચતી જે સાંભરે, તેહને સવાદ નાહી એણે ઠાર. ૯
સવી રાસાં સાર એહ અછે, **સુરસુંદરી**કો સાર,
આય કરને જે સુણે, તે ઘરે મંગલ ચ્યાર. ૧૦
કવિતા કે કવિ આગ અછે, હુઆ તે કૈ એણે ઠાર,
હું પણ તેહના પય નમી, કરીસ રાસ સુખકાર. ૧૧

અંત – ઢાલ, સાલભદ્ર ધનો ઋષિરાયા, એ દેશી
**સુરસુંદરી**ની ચોપઇ રંગીલી, કીધી એ મ્હે સારી રે
એકમને જે ભણસે સુણસે, તે લહેસે સુખકારી રે. સુ. ૧
ચોપઈ થકી મ્હેં ઢાલુ બનાઇ, આણી હરખ ઉઠાયો રે,
હરખ હુયો મુઝ જોડણ કેરો, એ ઘણુ સરસ સવાયો રે. ૨
પંડિતના હું પગની રેણુકા, હું વલી તેહનો દાસ રે,
ખોટ-ખબાડ હોવે તે જોઇ, કરજો સુધ ઉલાસે રે. ૩
જેહવી રે બુધ તેહવી રે વાણી, આવે હીઆથી નિરધારો રે,
જેહવો રે જ્ઞાન તેહવાં રે આવે, વચન હીઆથી સારો રે. ૪
ચોપઇ મ્હારે દલ નાં બેઠી, તેણે કરી કીધી મ્હે ઢાલુ રે,
હાટ ભર્યું સોપારીએ સેઠને, પણ બેહેડાં ઉપર બહુ પ્યારો રે. ૫
પંડિતને મન સોપારી પ્યારી, મુરખ બેહેડાં સારો રે,
બેહેડાં સમાણી મ્હારી વાંણી, પંડિત સોપારી ધારો રે. ૬
મૂરખ જનને કાજે એ કીધી, એ ચોપઇ રસાલો રે,
પંડિત હોતો રે વાંચીને રૂડે, એ સંભલાવજો બાલો રે. ૭
પંડિતવચન મ્હેં ઉવેખી નાંખી, વચન લુખાં મ્હેં આંણ્યાં રે,
અધીકું રે ઓછું જે મ્હેં આણ્યું, તે મુઝ મીછાદુકડ જાણો રે. ૮
નવસે ને પંચાવન ઉપર, એહની ગાથાઓ જાણો રે,
ઉગુણચાલીસ ને ચાલીસ પુરી, એહની ઢાલુ વખાંણો રે. ૯
શ્લોકની સંખ્યા ચૌદસે કહીઇ, ઉપર પચવીસ સારો રે,
આકણી અક્ષરે આંકને અક્ષરે, એ તુમે સહી ધારો રે. ૧૦
સંવત **સસી સેલા ભુધર ચૈક**, માસ મુનીસર સારો રે,
અજુઆલી સસી નેગ્નીઇં, વાર ભલો દધીના સુતનો સુનો ધારો રે.૧૧
તીર્થંકરને જેહ આયા, તેહનો પેહેલો તુમે લેયો રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઠાકર વાહાણુનો છેહલો લેજો, કાર્ત્તિક વાહણુનો બીયો રે. ૧૨
એ નયરી[?]માં રાસ રસી(ચી) ને, સુખ પાંમ્યો શ્રીયકારો રે,
પંડિત **વિબુધ**ની ચઢતી દોલતાં, હોજ્યો સહી નીરધારો રે. ૧૩
શ્રી **વિજયક્ષમા** સુરીસ્વર રાજે, એ મ્હેં રાસ બનાયો રે,
ચોપઇ સરજ(સ) એહ જ કહીએ, એ સમી એ કો નાંહિ ભાયો રે. ૧૪
સરલપણે વાંચો સાંભલજો, મન ખુસાવી એમાં રે,
તો રે સવાદ તુમનેં આવસે, અમે કહું સું તાંમો રે. ૧૫
**હીરવિજય** સૂરીસ્વર સેવક, **શુભવિજય** કવિરાયૌ રે,
તાસ સીસ રે સુગુણુશિરોમણી, **ભાવવિજય** સુખદાયો રે. ૧૬
તાસ તણા તે કહીઇ રૂડા, **ઋદ્ધિવિજય** સુખકારો રે,
તાસ તણા ભલ સેવક કહીઇ, **ચતુરવિજય** જયકારો રે. ૧૭
**ચતુરવિજય** શિષ્યે એહ કીની, ચોપઇ સરસ રસાલો રે,
જે નર ભણસે સુણસે ભાવે, તે લેહેસે મંગલમાલો રે. ૧૮
પર્વતસુતાપતી કો પહેલો લેજો, સસરા તણો વલી ત્રીજો,
શનીસરતાત કો પેહલો ધરજો, **પં. વિબુધ** એ ગામ[?]માં એ
એ કીયો રે. ૨૦

(૧) પ.સં.૩૧-૧૩, સંઘ ભંડાર પાલણપુર દા.૪૬ નં.૨૬.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૪૬-૪૯.]

## ૧૧૪૭. દીપચંદ (વે. ખ. જિનસાગર-જિનદેવેંદ્ર-પદમચંદ-ધર્મચંદશિ.)

**(૩૮૮૪) સુરપ્રિય ચોપાઈ** સં.૧૭૮૧ વૈ.શુ.૩ સિંધુ દેશે
(૧) સં.૧૭૮૫ અ.શુ.૧૧ શનિ જેસલમેર મધ્યે સ્વયં લિખિત. પ.સં.૬, જય. પો.૧૩. (કવિની સ્વલિખિત પ્રત)
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૫૨.]

## ૧૧૪૮. ખીમ મુનિ (કાનમુનિશિ.)

**(૩૮૮૫) પંચ મહાવ્રત સઝાય** પાંચ ઢાલમાં
**આદિ**- કપૂર હુવેં અતિ ઉજલો રે એ દેશી
સકલ મનોરથ પૂરવે રે, **સંખેસરા** જિનરાય,
તેહ તણા સુપસાયથી રે, કરું પંચ મહાવ્રત સઝાય રે
મુનિજન એ પહેલૂં વ્રત સાર.

**અંત** – સંયમરમણી સું જે રાતા, તેહને એહ ભવ પરભવ સુખશાતા,
પાંચે વ્રતની ભાવના કહી, તે **આચારાંગ સૂત્રથી** લહી. ૫
શ્રી **કાંન** મુનિ ઉવઝાય તણો, જગ માંહિ જસ મહિમા ઘણો
તેહનો શિષ્ય **ખિમ** મુનિય કહે, એહ સજ્ઝાય ભણે તે સુખ લહે. ૬

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૩૧-૩૨.]

## ૧૧૪૯. અજ્ઞાત

**(૩૮૮૬) ખિમ ઋષિ પારણાં** (ઐ.) ૮૩ કડી લ.સં.૧૭૮૨ પહેલાં

**આદિ** – કાંગ કોદ્રવ કુલથી જાણઇ, કરંબઉ કઇર તે વખાણીઇ
કપૂરીઆં કુકવડી દેઇ, તે **ખિમ** ઋષિ પારણુ કરેઈ. ૧

**અંત** – નેઉ વરસ પૂરૂં આઇ, વરસ ત્રીસમઈ સંયમ ઠાઇ,
સાત વરસ ગુરૂસેવા કીદ્ધ, પછઈ અભિગ્રહ તપ સુપ્રસિદ્ધ ઘુ. ૮૩

(૧) સં.૧૭૮૨, પ.કૃ.૧૯થી ૨૩, એક ચોપડો, જશ.સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૩૨.]

## ૧૧૫૦. હર્ષનિધાનસૂરિ (અંચલગચ્છ ?)

**(૩૮૮૭) રત્નસમુચ્ચ બાલા.** લ.સં.૧૭૮૩ પહેલાં

(૧) લ.૧૭૮૩ ગ્રં.૧૨૦૦, પ.સં.૪૮, સેં.લા. નં.૧૩૫૪૫. [આલિસ્ટઑઇ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૪૧.]

## ૧૧૫૧. તિલકસૂરિ (વિજયગચ્છ ક્ષેમસૂરિ-પદ્મસૂરિ-કલ્યાણસાગરસૂરિ-સુમતિસૂરિ-વિજયસાગરસૂરિ-ભીમસૂરિશિ.)

સરખાવો આ ગચ્છના એક લેખકની નીચેની પ્રશસ્તિ :

સં.૧૭૬૩ વર્ષે શ્રી **વિજૈગચ્છે** શ્રી ભટ્ટારિક શ્રીપૂજ્ય શ્રી **સુમતિસાગરસૂરિજી** તત્‌શિષ્ય ઋષિ શ્રી **વીરચંદજી**, ઋષિશ્રી ભવાંનીદાસજી ઋષિશ્રી **બાલચંદજી** તત્‌શિષ્ય ઋષિશ્રી **ચતુરાજી** તત્‌શિષ્ય ઋષિશ્રી **મયાચંદજી**. આસોજ માસે કૃષ્ણપક્ષે દ્વાદશી તિથૌ રવિવાસરે **ભીમચ** નગરે લિપીકૃતં **પીતાંબર** શ્રી મહારાજધિરાજ રાણા શ્રી **અમરસીંઘ** રાજ્યૈઃ (ગૌતમ પૃચ્છા બાલાવબોધ, ચેનસાગરજી ભં. ઉદયપુર.)

સરખાવો આ ગચ્છના એક સૂરિનો ઉદયપુર પાસેના કેસરિયાનાથ-ઋષભદેવનો પ્રતિષ્ઠાલેખ :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ૦૦ શ્રી ગણેશાય નમઃ. સ્વસ્તિ શ્રી(મ)જ્જિનેન્દ્રાય, સિદ્ધાય પરમાત્મને. ધર્માત્વયકસ્શાય ઋષભાય નમોનમઃ. સં.૧૭૩૨ વર્ષે શાકે ૧૫૮૭ પ્રવર્તમાને વૈશાખ શુકલ પંચમ્યાં ગુરૌ પુષ્યનક્ષત્રે શ્રી **મેદપાટ** દેશે શ્રી વૃહત્તશકે શ્રી **ચ(ચિ)**ત્રકોટપતિ **સી**સોદીયા ગોત્રે મહારાણા શ્રી **જગત-સિંહજી** તદ્દંશોદ્ધરણધીર મહારાજાધિરાજ મહારાણા શ્રી **રાજસિંહજી** વિજયરાજ્યે શ્રી વૃહત્ **ઓસવાલ** જ્ઞાતીય **સી**સોદીયા ગોત્રે **સુરપુરીયા** વંશે સંઘવી શ્રી **તેજાજી** ચતુર્થ પુત્ર સં. દયાલદાસજી તદ્દભાર્યા **સૂર્યદે** **પાતમદે** પુત્ર **સાંવલદાસજી** તદ્દભાર્યા **મૃગાદે** **સમજુ** પરિવાર સહિતૌ શ્રી ઋષભદેવ – શ્રી **વિજયગચ્છે** શ્રી પૂજ્ય **કલ્યાણસાગર** સૂરીન્દ્રાઃ તત્પટ્ટે શ્રી પૂજ્ય શ્રી પૂજ્ય શ્રી **સુમતિસાગર** સૂરિવર તત્પટ્ટે શ્રી આચાર્ય શ્રી **વિજયરાજસૂરિભિઃ** શ્રી ઋષભદેવબિંબં પ્રતિષ્ઠિતં.

**(૩૮૮૮) બુદ્ધિસેન ચોપાઈ** ૬૦ ઢાળ ર.સં.૧૭૮૫ કાર્તિક શુ.૧૨ ગુરુવાર જગરોટીમાં

**અંત** – વિજૈકરણ **વિજૈરાજજી** રે, જિણ કીધી ગચ્છની થાપ,
સબ ગછ માંહે દીપતૌ રે, દિનદિન વધતો રે તેજપ્રતાપ – કિ સં.
ધર્મધુરંધર **ધર્મદાસજી** રે, નામ સદા જયવંત
**ષેમ**સૂરિ જ પ્રગટો રે, **અકબર** રે આવી પાય નમંત કિ સં.
**પદ્મ**સૂરિ પાપમેટણો રે ગુણસાગર ગુણષાણ કિ સં.
કલ્યાણકારી છે ભલૌ રે **સાગર**સૂરિ **કલ્યાણ**,
**સુમતિ**સૂરિ મતિ આગલૌ રે ઉપગારી હો પરમારથ જાણ કિ સં.
વિદ્યાવંત જ ગુણનિલૌ રે શ્રી **વિન(જ)યસાગર**સૂરિ
**ભીમ**સૂરિ ભયભંજણે વડભાગી રે સોભાતૌ અતિ **ભૂરિ** કિ સં.
સંવત **સતરૈ** **પચ્યાસી**યે રે કાતિગ માસ વષાંણ
શુકલ પક્ષ તેરસિ ભલી શુભવારિ બાર ભલૌ ગુરૂ જાંણ. કિ. સં.
**જગરોટી**મેં દીપતૌ રે શ્રી **વીર**જિણંદ
**ચંદણપુર** મહિમા ઘણી પદપંકજ રે સેવૈ સુરનરવૃંદ; કિ સં.
**હીરાપુરી** સુહામણો રે સુષસાતા કો થાંન
શ્રાવક તૌ સુષીયા વસૈ ધનવંતા રે ધર્મ તણે પરિમાણ, કિ સં.
ચોપઇ તો **બુધસેણ** તણી રે રચી ઢાલ રસાલ
**તિલક**સૂરિ તો વર્ણવી રે ભવિ સુણતાં રે હોજ્યો હર્ષવિસાલ કિ સં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઢાલ તો ભાસી ભલી રે, સાઠિ મહા સુષકાર
આદિ તૌ સોરઠ ભલી રે, કાંઇ અંતે રે ધન્યાસી સાર – કિ. સં.

કલસ

**સુધસેણ** ગાયો ભવિ સુહાયો મન સુષ પાયો આપણૌ
એ કથા મીઠી નવિ દીઠી સુણત ચરિત સુહામણૌં
**વિજૈગચ્છ**મંડણ દુરિતષંડણ **ભીમ** સૂરિંદ જુ દીપએ
**તિલક**સૂરિ કહે સુણો ભવિયણ દિનદિન મહિમાં જીપએ. ૭૧

(૧) ઋષિજી શ્રી ૧૦૮ શ્રી **મલૂકચંદજી** તત્‌શિષ્ય ઋષિ **રતનચંદ** લપીકૃતં **સિલાવદ** નગરી મધ્યે સં.૧૮૦૦ વર્ષે મિતી માહ સુદિ ૭ કો મંગલવાર. [ભં.?]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૫૮–૬૦.]

## ૧૧૫૨. કુશલ (નાગોરીગચ્છ–રામસિંહશિ.)

**(૩૮૮૯) દશાર્ણભદ્ર ચોઢાળિયું** ર.સં.૧૭૮૬ સોજતમાં

**આદિ –** દૂહા.

**સારદ** સમરૂં મન રલી, સમરૂં સદગુરૂપાય,
વચન અમીરસ સારિષા, મુઝ દીજ્યો ચિત લાય. ૧
દેસ **દસારણ**નો ધણી, **દસારણભદ્ર** નરિંદ્ર,
સંયમ લીધો ચુંપ સું, જીતો સુરવર ઈંદ. ૨

**અંત –** નગર ભલો સુખદાય હો, **સોઝિત** સહિર વખાણીયે, રા.
ગુણ ગાયા ભલે ભાવ સું હો, સંવત **સત્તર છયાસીયે.** રા. ૫
ગચ્છનાયક ગુણવંત, **મહિમાસાગર** સેવીયૈ, રા.
**રામસિંઘજી** ગચ્છરાય હો, **કુસલ** સીસ ગુણ ગાઇયા. રા. ૬
રાજનજી હો.

(૧) નાનાં પાનાં, પ.સં.૪–૧૩, ક.મુ. (૨) સં.૧૭૯૧ વૈ.શુ.૯ **બૃ. ખ. ક્ષેમ**કીર્ત્તિ શાખાયાં લિ. ઉ. કર્પૂરપ્રિય **શાહિજનાદાબાદે.** પ.સં.૩, અભય. નં.૩૫૭૧.

**(૩૮૯૦) સનતકુમાર ચોઢાલિઉં** ર.સં.૧૭૮૯ ચૈ.શુ.૨ મેડતા

(૧) પ.સં.૨, અભય. પો.૧૧ નં.૧૦૪૮.

**(૩૮૯૧) લઘુ સાધુવંદણા** ગા.૩૬

(૧) લ.સં.૧૮૭૪ ભાદ્ર.વ.૧. [ભં.?]

**(૩૮૯૨) સીતા આલોયણા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આદિ**– સતી ન **સીતા** સારખી, રતિ ન **રામ** સમાન,
જતી ન **જંબૂ** સારખો, ગતી ન મુગત સુથાંન. ૧
**સીતાજીકું રામજી**, જબ દીનો વનવાસ,
તબ પૂરવકૃત કરમકું, યાદ કરે અરદાસ. ૨

**અંત** – **નાગોરીગચ્છનાયક** નીકો, શ્રી **રામસિંઘજી** સદ્‌ગુરૂજીકો,
શીષ કહાવે **કુશલ** સુગ્યાંની, તિણ આલોયણ કરીય સુધ્યાની.
દૂહા.
પોત ઘેર બડ બીજકું, કવ લગ ગિણિયે ગ્યાંન,
પાપ અનંતા ભવ કીયા, સો જાણે જગભાંણ. ૧
*
બહુ વિસ્તાર મેં કીયો, અલપમતિ મતિવાન. ૨
જનમમરણકો દુખ સહા, ચૌદે લાખ નિગોદ,
નરક માંહિ મહાવેદના, સુરગતિ માંહિ વિનોદ. ૩
નહિ વિવેક તિર્યંચ મેં, મનુષ્ય માંહે સહુ વાત,
મુગતિ માંહે સુખ સાસતાં, કેવલ **કુશલ** કહાત. ૪

(૧) પ.સં.૧૦–૯, કુશલ પો.૪૬.

**(૩૮૯૩) નિંદાની સ.** ગા.૫

(૧) શેઠિયા ભં.

**(૩૮૯૪) સીમંધર સ.** ગા.૭

(૧) શેઠિયા ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૬૦–૬૧, ભા.૩ પૃ.૧૪૫૩–૫૪. ત્યાં કવિ ભેળવાયા છે ને ‘દશાર્ણભદ્ર ચોઢાળિયું’ કુશલસિંહને નામે પણ મુકાયેલ છે, પણ એ કૃતિના અંતભાગમાં ‘કુશલ’ નામ જ મળે છે. ભા.૩ પૃ. ૧૪૫૩ પર કવિને લોંકાગચ્છના કહેવામાં આવ્યા છે, પરંતુ ‘સીતા આલોયણા’ના અંતમાં માત્ર નાગોરીગચ્છ નામ મળે છે. લોંકાગચ્છની નાગોરી શાખા હોઈ શકે, પરંતુ તે માટે અહીં સ્પષ્ટ આધાર નથી.]

**૧૧૫૩. પૂર્ણપ્રભ** (ખ. કીર્તિરત્નસૂરિશાખા કીર્તિરત્નસૂરિ–હર્ષવિશાલ–હર્ષધર્મ–સાધુમંદિર–વિમલરંગ–લબ્ધિકલ્લોલ–લલિતકીર્તિ–પુણ્યહર્ષ–શાંતિકુશલશિ.)

**(૩૮૯૫) પુણ્યદત્ત સુભદ્રા ચોપાઈ** ૩ ખંડ ૩૩ ઢાળ ૬૧૬ કડી ર.સં.૧૭૮૬ કા. ધનતેરસે ધરણાવસમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આદિ**– **પુરિસાદાની પાસ** જિણ, નિત સમરંતા નામ,
**ગોડી** ધણી ગુણ ગાવતાં, મહિયલ મોટી માંમ. ૧
જેહનો સાસણ જાંણીયૈ, **વર્દ્ધમાણ** સુખકાર,
જસુ પદપંકજ નિત નમૈ, ઇંદ્ર ચંદ્ર સુવિચાર. ૨
એ બિહુનૈ પ્રણમી કરી, શ્રી સદગુરૂ પસાય,
મૂરખથી પંડિત કરૈ, સેવે મનસુદ્ધિ લાય. ૩
હંસગમણિ ચિતમૈ ધરી, દેજો અવરલ વાણિ,
મનસુધે **સારદ** નમું, કાંઇ મ રાખિસ કાંણિ. ૪
**પુન્યદત્ત** વિવહારની, **સુભદ્રા** તેહની નારિ,
સીલપ્રભાવૈ સુખ થયા, તે સુણજ્યો અધિકાર. ૫
તીન ખંડે તેહની, કહિસ ચોપઇ સાર,
દાંન દીયૌ પહિલૈ ભવૈ, મોટા મોદિક ચ્યાર. ૬

**અંત**– ૩જો ખંડ ઢાલ ૧૪ શેત્રુંજ જાત્રા કરો એ દેશી.
**સીલતરંગણી** ગ્રંથથી એ, એહ રચ્યો અધિકાર,
સીલ નિતુ પાલીયે એ, જેહના ફલ અપાર. સીલ નિતુ. ૧
શ્રી **ગોડી પાસ** પસાઉલે એ, તૂઠી **સારદ** માય, સી.
મન સૂધઇ સમરે જિકેઇ, નાવૈ કમણા કાંઈ. સી. ૨
સંવત **સતર છયાસીયો** એ, કાતિગ માસ ઉદાર, સી.
ધનતેરસિ અતિ દીપતી એ, પરવ દીવાલી સાર. સી. ૩
શ્રી **ખરતર**ગચ્છ દીપતો એ, **જિણભક્તિ** સૂરીસ, સી.
જયવંતૌ વરતૈ સદા એ, દિનદિન અધિક જગીસ. સી. ૪
શ્રી **કીર્ત્તિરત્ન**સૂરિ સાખમૈ એ, મોટા પંડિત જાણ, સી.
**લબધિકલોલ** વાચક થયા એ, જેહના જગમૈ માણ. સી. ૫
પ્રથમ સીસ સિરોમણી એ, **લલતકીરતિ** ઉવઝાય, સી.
ગચ્છ ચૌરાસી દીપતા એ, જગમૈ જસ કહિવાય. સી. ૭
તાસ સીસ જગિ જાંણીયૈ એ, પાઠક **પુન્યહર્ષ** સુવિચાર, સી.
પ્રથમ શિષ્ય તેહનૈ સહી એ, વાચિક **શાંતિકુશલ** સુખકાર. સી. ૮
તાસ ચરણ સુપસાઉલે એ, **પૂરણપ્રભ** કહૈ એમ, સી.
**પુન્યદત્ત**ની ચોપઇ એ, સતી **સુભદ્રા** તેમ. સી. ૯
સાસણ **ધરણાવસ** સહી એ, એ તિથિ રહ્યા ચોમાસ, સી.
તીજો ખંડ કહ્યો સહી એ, ઢાલ ચવદમી ખાસ. સી. ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉછોઅધિકો જે કહ્યો એ, મિચ્છામિ દોકડું તાસ, સી.
કવિયણ! તુમે મોટા અછો એ, મત કરિજ્યો કોઈ હાસ. સી. ૧૧
સીલ માથે અધિકાર છે એ, ચોપઇ કીધી સાર, સી.
**પૂરણપ્રભ** ઇમ ઉપદિસે એ, ત્રીજો ખંડ ઉદાર. સી. ૧૨
સીલૈ સુર સાનિધિ કરે એ, સીલૈ સંકટ જાય, સી.
સીલૈ દુરગતિ દુખ હરે એ, સીલે સહુ સુખ થાય. સી. ૧૩
સીલ સમોવડિ કો નહી એ, સીલ સંબંધ રસાલ, સી.
ભણતાં ગુણતાં વાંચતાં એ, ઘરિ ઘરિ મંગલમાલ. સી. ૧૪

(૧) ત્રણ ખંડ ઢાલ સર્વ ૩૩ પહિલે ખંડ ગાથા ૧૫૩ બીજે ખંડ ગાથા ૧૮૭ ત્રીજે ખંડ ગાથા ૨૮૮ સર્વ મીલને ગાથા ૬૧૬ સર્વ શ્લોકસંખ્યા ૮૧૫ સં.૧૭૮૬ વર્ષે વૈ.શુ.૧૩ પં. પૂરણપ્રભેણ ઘરણાવસ મધ્યે. પ.ક્ર.૧૪૧થી ૧૬૭, એક ગુટકો જેમાં મુખ્યત્વે આ કર્તાના હસ્તાક્ષરમાં પોતાની તેમજ બીજી કૃતિઓ છે, અનંત.ભં.૨.

**(૩૮૯૬) ગજસુકુમાર ચોપાઈ** ૨૫ ઢાળ ૪૨૩ કડી ૨.સં.૧૭૮૬ પો. શુ.૨ ગુરુ ધરણાવસમાં

**આદિ** – જિણવરનૈ પ્રણમી કરી, સિદ્ધ થયા છૈ તેહ,
તેહના પયજુગ વંદતાં, ઉપજૈ ભાવ અછેહ. ૧
બાવીસમો જિણવર સહી, **નેમિનાથ** ભગવંત,
તેહનૈ સમરણ કરી, કરૈ પાપ પુલંત. ૨
ભારતીચરણ નમી કરી આપો અધિક પ્રકાસ,
**સારદ**ના પ્રસાદથી, આખર અધિક ઉલાસ. ૩
સદગુરૂના સુપ્રસાદથી, અધિકી બુધ વધંત,
મૂરખનૈ મતિ ઉપજે, અધિકો વિદ્યાવંત. ૪
**ગજસુકુમાલ**ની ચોપઈ, **જાદવા**નો આધકાર,
અંતકૃત થયો કેવલી, તે સુણજ્યો નરનારિ. ૫

**અંત** – ૨૫મી ઢાલ. શાલિભદ્ર ધનો રિષિરાયા એ દેશી.
**કલ્પસૂત્ર** માંહિથી જાણી, એ અધિકાર તિહાં આણ્યોજી,
**જાદવહીંડ** માહે ઈમ કહીયો, તે પિણ મૈ સદવહીયોજી. ૧
સાધ તણા મે ગુણ ગાયા, કહતાં મન સુખ પાયાજી,
શ્રી જિન **પાસ** તણે પસાયા, તૂઠા **સારદ** માયાજી. ૨
ઇગ્યારે અંગ માંહે તે સારે, આઠમો **અંતગડ દસા** વિચારેજી,

તિણ અધ્યયનૈ વલિ અનુસારૈ, મૈં દાખ્યો માહરી મતિસારૈજી. ૩
સંવત **રસ પર્વત મુનિ** આંખે, **ઈંદુ** પિણ સહુની સાખે,
પોસ શુક્લપક્ષ દ્વિતીયા જાણૌ, ગુરૂવાર તેય વખાણોજી. ૪
શ્રી **ખરતર**ગચ્છ અતિ સોહે, ભવીયણનાં મન મોહેજી,
શ્રી **જિનભક્તિ**સૂરિ સુખકારી, જયવંતા ગણધર જૈકારીજી. ૫
શ્રી **કીર્ત્તિરતન** સૂરીસર જાંણો, તસ સાખે અધિકી ઉપમ આણોજી,
વાચિક **લબ્ધકલ્લોલ** તસ સાખે, જગમે જસ તેહનો ભાખેજી. ૬
અંતેવાસી અતિ છે મોટા, તેહના ગુણ કહતાં નાવૈ તોટાજી,
**લલિતકીરત** પાઠક સુખકારી, આગમના જાણણહારીજી. ૭
તેની ઉત્તિમ કરણી અધિકી સોહે, ચ્યારે શિષ્ય મન મોહેજી,
પરવાદીગંજણ ઉતકૃસટા, **પુણ્યહર્ષ** પાઠક પરગટાજી. ૮
તત્સિષ્યમુખ્ય સષરા દીપૈ, વાચિક **શાંતિકુસલ** જગ જીપૈજી,
તતશિષ્ય એમ જાણી, **પૂરણ** કહે મનિ આંણીજી. ૯
**જાદવા**નાં અતિ.........
**ગજસુકુમાલ**ની ચૌપઇ કીધી, અંતકૃત કેવલ થયો સાધીજી. ૧૦
પચીસ ઢાલ તે સખરી રંગે, સાંભલતાં મનઉછરંગેજી,
સાસણ **ધરણાવસ** સુખકારી, **પૂરણ** કહે અધિક વિચારેજી. ૧૧
દાંનધરમ પિણ અધિકો દીસે, તેહથી અધિકો શીલ જગીસૈજી,
તપ તણા ગુણ અધિકા સારે, ભાવ અધિક વિચારેજી. ૧૨
જીવ કરૌ જિનધર્મ સદાઇ, ધર્મે દોષિત જાઇજી,
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા પામૈ, ઉતિમના ગુણ પામૈજી. ૧૩

(૧) ઢાલાં ૨૫ : સર્વ મીલણે શ્લોક ૪૨૩ ગ્રં.૫૭૨ સંખ્યા સં. ૧૭૮૬ પોસ શુ.૫ સૂર્યવારેણ લિ. પં. પૂરણપ્રભેણ પ.ક્ર.૧૦૦થી ૧૧૩, ઉક્ત ગુટકો કે જે મુખ્યતઃ આ કવિનો લખેલો છે. અનંત. ભં.૨.

**(૩૮૯૭) શત્રુંજય રાસ** ૭ ઢાલ ૧૧૭ કડી ૨.સં.૧૭૯૦ ફા.વ.૮ મંગળવાર

**આદિ** – આદિકરણ અરહંતજી, સિદ્ધવંત ગુણવંત
તેહના ચરણ નમી કરી, ભયભંજણ ભગવંત. ૧
**શેત્રુંજ** તીરથ સરિખો, સમવડ નહી કો સાર,
મંત્ર માહિં મોટો કહ્યાં, પંચપરમેષ્ટિ નવકાર. ૨
**શેત્રુંજ મહાતમ** તિણ કીયો, **ચ્યાર સતોતર** જાણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધનૈસૂરિ** સૂરે ઉચર્યો, જિણવરમુખની વાંણ. ૩

**અંત** – ઢાલ ૭ કોયલો પરવત ધુંધલો રે લો.

**શેત્રુંજ** જાત્ર સફલી કરો રે લાલ સોલમો ઉધાર છે એહ રે જાત્રીડા

પાંચમે આરા રે છે હડે રે લાલ સતરમો વલિ હોસી તેહ

જાત્રીડા. શેત્રુંજ

*

આ **શેત્રુંજા** તીર્થની રે લાલ સાતે ઢાલે કીધ રે જા.

રાસ રચ્યો રલીયામણો રે લાલ મનવંછિત ફલ સીધ રે જા. સે.૧૮

સંવત **સૂન્ય નિધિ મુનિ** સહી રે લાલ **ઈંદુ** પિણ ફાગુણ

માસ રે જા.

કૃષ્ણપક્ષ અષ્ટમી તિથૈ રે લાલ ભૃગુવાર કીયો રાસ રે જા. સે.૧૯

**સિદ્ધાચલ** જાત્રા કરી રે લાલ પાવન કીયો શરીર રે જા.

મિથ્યામતિ અલગી ટલી રે લાલ નાયા નિરમલ નીર રે. જા. સે.૨૦

**ખરતર**ગચ્છ સોહામણો રે, લાલ સાખે **કીરતરતન** સૂરિંદ રે જા.

પાઠક શ્રી **પુન્યહર્ષજી** રે લાલ વાચિક **શાંતિકુશલ** ગણિંદ રે

જા. સે. ૨૧

અંતવાસી આખે સહી રે લાલ શ્રી **સેત્રુંજ** કેરો રાસ રે જા.

**પૂરણપ્રભ** ઇમ ઉપદિસે રે લાલ મુક્તિરમણનો વાસ રે જા. સં.૧૨

(૧) ૭ ઢાલ સર્વ દૂહા ગાથા ૧૧૭, સં.૧૭૯૦ ચૈ.શુદ ૫ લિ. પ.ક્ર. ૨૧૪થી ૨૧૯, ઉક્ત ગુટકો, અનંત.ભં.૨.

**(૩૯૯૮) જયસેનકુમાર પ્રબંધ** અથવા **રાસ** (રાત્રિભોજન વિષયે)

૪ ખંડ ૩૭ ઢાળ ૭૬૨ કડી ર.સં.૧૭૯૨ કાર્તિક ધનતેરસ વાલીમાં

**આદિ** – પ્રણમી જિણવર **પાસજી**, શ્રી **ગોડીચા** રાય,

દરસણ દીઠે તેહને, પાતિક દૂર પુલાય. ૧

**સારદ**ના સુપ્રસન્નથી, મૂરખ વિબુધ પિણ હોઈ,

વચનકલા અધિકી વધૈ, લહીયે જગમેં સોઇ. ૨

ગુરૂ મોટા ગુરૂ દેવતા, ગુરૂ વિણ ઘોર અંધાર,

સુગુરૂ તણે સુપ્રસાદથી, લહીયે અક્ષર સાર. ૩

સગલાનૈ સમરી કરી, કહિસ કથા-અધિકાર,

દાધ અક્ષર દૂરૈ કરૌ, આપો વચનવિચાર. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરજ ક્ષેત્ર માંનવભવે, જિણધર્મનઇ આચાર,
રાત્રીભોજન જે કરૈ, તેહ નહિ વિવહાર. ૫
તિરજંચ માનવની વિગતિ, વિરતિ નિરતિ કરૈ જેહ,
અનંત દોષ કહ્યા રાત્રના, માનવભવફલ એહ. ૬
પુહર ચ્યારે દિવસ રે, અને નહી ધાપંતિ,
રાત્રીભોજન જે કરે, માનવ રાક્ષસ કહંતિ. ૭
ચ્યારે ખંડે ચોપઇ, કરિસું અતિ વિસ્તાર,
**જયસેન** નામા કુમરની, રાત્રીભોજન-અધિકાર. ૮

**અંત –** ખંડ ૪, ઢાલ ૧૦ સાલિભદ્ર ધનો રિષિરાયા એ દેશી.
ભોજનનૈ અધિકારે, મોટા ગ્રંથ અનુસારે જી,
**અમરસેણ** ને **જયસેણ** ટાલ્યો, રયણીભોજન પાલ્યોજી. ૧
એહવા ઉત્તમના ગુણ ગાયા, પ્રણમૈ તેહના પાયાજી,
શ્રી **ગોડી પાસ** તણે પસાયા, મનવંછિત ફલ પાયાજી. એ. ૨
**સારદ** માત તણૈ સુપ્રસાદૈ, કહતાં અક્ષર આદૈજી,
**બ્રહત નંદીસૂત્ર** માંહિં કહીયો, ગુરૂમુખ સું મૈં લહીયોજી. એ. ૩
**નયણ નિધિ મુનિ** સંખ્યા આંણો, **ઇંદુ** સંવછર ટાંણોજી,
કાર્તિક માસે પરબ દીવાલી, ધનતેરસ પિણ નિહાલીજી. એ. ૪
**ખરતર**ગચ્છ અધિક વિરાજે, ચોરાસીયાં ઉપરિ રાજેજી,
જયવંતા ભટ્ટારક અતિ સોહે, **જિણભક્તિસૂર** મન મોહેજી. ૫
શ્રી **કીર્ત્તિરતન** સૂરીસર જાંણો, ઉત્તમ શાખ તે કહી માંણોજી,
શાખા માંહે પંડિત વદીતા, જ્યાં જગ માહે જસ જીતાજી. એ. ૬
**હરષવિસાલ** વાચિક તસુ પાટે, વિદ્યા સુજસ ઘણો થાટેજી,
તત્સિષ્યમુખ્ય વલે આંણો, વાચિક **હર્ષધર્મ** તિહાં જાંણોજી. ૭
તાસુ પાટે **સાધુમંદિર** દીપૈ, જે જગ માંહિ જસ જીપૈજી,
તાસુ શિષ્ય સખરા અતિ સોહૈ, વાચિક **વિમલરંગ** મન મોહેજી.
તસુ પાટે સહુ કો ઇમ ભાખે, **લબધકલોલ** વાચિક તસુ સાખેજી,
**લલિતકીરત** પાઠક સુખકારી, પંચમાહાવ્રતધારીજી. એ. ૯
ચાર સિષ્ય સખરા તે દીસૈ, પાઠક **પુન્યહર્ષ** જગીસૈજી,
મુખ્ય અંતેવાસી અતિ ઓભૈ, વાચિક **શાંતિકુશલ** તિહાં સોભૈજી.
ગ્રંથાં માહે છે અધિક વિચારૈ, તત્સિષ્ય **પૂરણ** કહૈ મતિસારેજી,
ઓછોઅધિકો જે મેં ભાખ્યો, મિચ્છામિ દોકડું દાખ્યોજી. ૧૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચહુયાણવટી જાલોરી દેસે, તિહાં વાલી ગાંમ વસેસેજી,
ઘણે આગ્રહે ચોમાસ લીધી, ચોપઇ તિહાંકણ કીધીજી. એ. ૧૨
શ્રાવક તિહાં સબલા અતિ છાજે, વડવખતી વિજૈરાજેજી,
દોલત રિદ્ધિ છૈ વડ દાતારી, ભાવ ઘણે સમકિતધારીજી. એ. ૧૩
ચોથો ખંડ સંપૂરણ ભાખ્યો, દસમી ઢાલ તિહાં દાખ્યોજી,
જયસેન પ્રબંધ કહ્યા અતિ મોટા, કહતાં નાવૈ ત્રાટાજી. એ. ૧૪
દાનધરમ મોટા તિહાં દીપૈ, શીલ વિશેષ જગ જીપૈજી,
તપ તણા અધિકાર અતિ તાજા, ભાવ વિશેષે તિહાં રાજાજી. ૧૫
ચતુર્વિધ ધર્મથી અધિકો જાંણે, રયણભોજનફલ વિશેષે આંણેજી,
પૂરણપ્રભ હિવ ઇણ પરિ ભાસે, સુખ સંપદ લીલ વિલાસેજી.

(૧) ખંડ પહિલે ખંડે ઢાલ ૯ ગાથા દૂહા ૧૭૮ બીજે ખંડે ઢા.૯ ગા.૧૬૩ તીજે ખંડે ઢાલ ૯ ગા.દૂ.૧૯૭ ચોથે ખંડે ઢાલ ૧૦ ગાથા દૂહા ૨૨૪ સર્વગાથા ૭૬૨ ગ્રં.૧૧૦૭ સં.૧૭૯૩ માર્ગસીર્ષ વ.૭ રવિવારે લિ. શ્રી વાલી ગાંમ ચોમાસ મધ્યે લિષતં, ખરતરગચ્છે ભટારકીયા શાખે કીર્ત્તિરત્નસૂર સાષાયાં ઉપાધ્યાયશ્રી પુન્યહર્ષજીગણિ તત્સિષ્ય મુખ્ય વાચિક શાંતિકુશલગણિ તત્શિષ્ય પૂરણપ્રભ શિષ્ય મોટા વાંચનાર્થં. પ.સં.૨૨, ઉક્ત ગુટકો, અનંત.ભં.૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૫૮-૬૪.]

## ૧૧૫૪. જ્ઞાનસાગર-ઉદયસાગરસૂરિ (આં. કલ્યાણસાગરસૂરિ -અમરસાગરસૂરિ-વિદ્યાસાગરસૂરિશિ.)

આ પોતાના ગુરુ વિદ્યાસાગરસૂરિના પટ્ટધર થયા ને તે વખતે ઉદયસાગરસૂરિ નામ રાખ્યું. નવાનગર(જામનગર)ના શા કલ્યાણજી ને તેનાં પત્ની જયવંતીના પુત્ર, સં.૧૭૬૩માં જન્મ, સં.૧૭૭૭માં દીક્ષા, સં.૧૭૯૭માં કાર્તિક શુદિ ૩ રવિને દિને સુરતમાં જ્ઞાનસાગરને આચાર્ય-પદ મળ્યું ને નામ ઉદયસાગરસૂરિ રાખ્યું. આચાર્ય પદોત્સવ ખુશાલ શાહ, મંત્રી ગોડીદાસ અને જીવણદાસે મહા સમારંભથી કર્યો; અને સં.૧૭૯૭ના માગશર શુદિ ૧૩ને દિને ગચ્છેશપદ. સં.૧૮૨૬ આશ્વિન શુક્લ બીજના દિને સુરતમાં સ્વર્ગવાસ. આમણે 'સ્નાત્ર પંચાશિકા' નામનો ગ્રંથ સંસ્કૃતમાં સં.૧૮૦૪ના પોષ શુદિ ૧૫ સોમને દિને પાલી-તાણામાં શ્રીમાલી કીકાના પુત્ર કચરાએ કાઢેલા સંઘની સાથે યાત્રા કરતાં રચ્યો. (જુઓ ઐ.રા.સં. ભાગ ૩) વળી સિદ્ધસેન દિવાકરની 'વર્ધમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વાત્રિંશિકા' પર સંસ્કૃત ચૂર્ણિ રચી છે કે જે ભાવનગરની જૈન ધર્મ પ્રસારક સભાએ છપાવી છે.

'સ્નાત્ર પંચાશિકા'ની લખ્યા સં.૧૮૧૬ની પ્રત પ.સં.૩૧ શ્લો. ૧૩૦૦ની દાબડો ૪૦ નં.૫૦ નં.૧૩૫૮, અને સં.૧૮૫૧માં લખાયેલી પ.સં. ૩૩ની નં.૧૧૫૧ની લીંબડી ભંડારમાં વિદ્યમાન છે. તેમજ 'પૂજાપંચાશિકા' ગ્રંથ રચ્યો છે તેની પ.સં.૩૩ શ્લો.૧૩૦૦ની પ્રત તે જ દાબડામાં નં.૫૯માં છે.

**(૩૮૯૯) + સમકિતની સઝાય** ૫ ઢાળ ર.સં.૧૭૮૬ ચોમાસું બુરહાનપુર

**આદિ –** ઢાલ ચઉપાઈની.

શ્રી શ્રુતદેવી પ્રણમી કરી, શ્રી સદગુરૂ ચિત માંહે ધરી;
સમકિતરૂપ કહું મનરૂલી, જિમ જિન **વીર** પ્રરૂપ્યું વલી. ૧
તિમહીં કહિવે કરીનેં સ્વામિ, સ્તવના કરસું અતિ અભિરામ;
તેહથી લહીઈ સમકિતરયણ, સાખિ દીઈ શ્રી **ઉત્તરાધ્યયન.** ૨

**અંત –** જગનાયક જિન **વીર** જિણેશર, જસ શાસન બહુ રાજે રે;
જહાં લગે મેરૂ મહીધર છાજેં, તિહાં લગેં એ પણ ગાજે રે. ૧૧

કલશ.

ઇમ સ્તવ્યા શ્રી જિન **વીર**સ્વામી, સમકિતરૂપ કહી કરી;
**બુરહાનપુર** ચોમાસ **રસગાં [રસાંગ] મુનિ શશિ** વરષેં કરી.
શ્રી **અંચલ**ગછપતિ તેજ દિનપતિ, શ્રી **વિદ્યાસાગરસૂરી;**
તસ શિષ્ય પ્રભણેં **જ્ઞાનસાગર,** દીજીઈ સમકિત વરૂ. ૧૨

પ્રકાશિત : ૧. વિધિપક્ષ જિનપૂજા સ્ત. સંગ્રહ, ભી.મા. પૃ.૧૨૦થી ૧૨૭.

**(૩૯૦૦) + ભાવપ્રકાશ સ.** [અથવા **છ ભાવ સઝાય**] ૯ ઢાળ ર.સં.૧૭૮૭ આસો માસ ગુરુવાર બુરહાનપુરમાં

**આદિ –** રાગ દેશી ચોપાઇ.

શ્રી સદ્ગુરૂના પ્રણમી પાય, **સરસ્વતિ** સ્વામિની સમરી માય;
છએ ભાવનો કહું સુવિચાર, **અનુયોગદ્વાર** તણે અનુસાર. ૧
પહેલો જાણો ઉદયિકભાવ, બીજો કહીએ ઉપશમભાવ;
ત્રીજો ક્ષાયિકભાવ પવિત્ર, ચોથો ઉપસમભાવ વિચિત્ર. ૨
પારિણામિક તે પંચમ જાણ, છઠો સન્નિપાતક સુવખાણ;
એહનો હવે યથાર્થ કહું, જેહવો ગુરૂ-આગમથી લહું. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંત** – ઢાલ ૯મી. હો મતવાલે સાજના એ દેશી.

તે તરીયા ભવિ તે તરીયા, જે ભાવવિચારે ભરીઆ રે;
સૂત્ર આગમ પંચાંગી, સપ્ત ભંગીના દરીઆ રે. તે. ૧

*

ધર્મધુરંધર પુણ્યપ્રભાવક, **કસ્તુરચંદ** સૌભાગી રે;
જિન પૂજે જિન ચૈત્ય કરાવે, સૂત્ર સિદ્ધાંતના રાગી રે. તે. ૬
શા **ભોજા** ને **દોશી દુર્લભ**, બીજા બહુ ભવિપ્રાણી રે;
શ્રી **મહાભાષ્ય વિશેષાવશ્યક**, સાંભલે ચિત્તમાં આણી રે. તે. ૭
તેહ તણા આગ્રહથી એ શુભ, ભાવસ્વરૂપ વિચાર્યો રે;
**અનુયોગદ્વાર ષડશીતિક**માંથી, આણ્યો અતિ વિસ્તારો રે. તે. ૮
ભણતાં ગુણતાં સુણતાં સંપત્તિ, લીલાલચ્છિભંડારો રે;
જિનવાણી રંગે સાંભલતાં, નિતનિત જયજયકારો રે. તે. ૯
**અંચલ**ગચ્છે ગિરૂઆ ગચ્છપતિ, **વિદ્યાસાગર** સૂરિરાયા રે;
**બુરહાનપુર** શહેરે ગુરૂમેહરે, **ભાવપ્રકાશ** મેં ગાયા રે. તે. ૧૦

કલશ.

ઈમ કહ્યા ભાવવિચાર સુંદર, જેહવા ગુરૂમુખે સુણ્યા;
જિનરાજવાણી હીએ આણી, નિર્જરાકારણ થુણ્યા.
**સત્તર નય મદ** આશ્વિન, સિદ્ધિયોગ ગુરૂવાસરે;
શ્રી સૂરિ **વિદ્યા** તણો વિનયી, **જ્ઞાનસાગર** સુખ કરે. ૧૧

[મુપુગૃહસૂચી.]

પ્રકાશિત: ૧. સ.મા.ભી. પૃ.૨૦૩-૨૦૯. ૨. વિધિપક્ષ ગચ્છીય મુનિકૃત શ્રી જિનપૂજા સ્તવન સંગ્રહ, ભી.મા. પૃ.૬૯-૮૦.

**(૩૯૦૧)** + **ગુણવર્મા રાસ** [અથવા **ચરિત્ર**] ૬ ખંડ ૯૫ ઢાળ ૪૩૭૧ કડી ૨.સં.૧૭૯૭ આષાઢ શુદિ ૨ સુરતમાં

**આદિ** – દૂહા.

સુખસંપત્તિદાયક સદા, પાયક જાસ સુરિંદ;
પ્રણમું **પાસ** જિનેસરૂ, **ગોડી** સુરતરૂ કંદ. ૧
શાસનનાયક પ્રણમીએ, **વર્ધમાન** જિનચંદ;
**સિદ્ધારથ**નૃપકુલતિલક, **ત્રિશલાદેવી**નંદ. ૨
વળી બ્રાહ્મી લીપિ પ્રણમીએ, **ભગવઈ** અંગે જેહ;
**ગૌતમ** સરીખા જસ નમે, હું પણ પ્રણમું તેહ. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંચલ**ગચ્છે અધિપતિ, **વિદ્યાસિંધુ** સુરિંદ;
પદપંકજ તે ગુરૂ તણા, પ્રણમ્યા પરમાણંદ. ૪
સદગુરૂના સુપસાયથી, પૂજાને અધિકાર;
**ગુણવર્મા** રાજા તણો, રાસ રચું સુવિચાર. ૫

**અંત** – ઢાલ ૧૫. દીઠો દીઠો રે વામાકો નંદન દીઠો – એ દેશી
પાયો પાયો રે ભલે મેં જિનશાસન પાયો.
સ્યાદ્‌વાદ અનંત નયાત્મક આગમ મુઝ મન ભાયો રે – ભલે મેં. ૧
ધનધન **વિધિપક્ષ**ગચ્છપરંપરા, **આર્યરક્ષિત** સૂરિરાય;
ક્રિયાઉદ્ધાર કરી કર્યું શાસન, ઉજ્વલ નિર્મોહી નિર્માય –
ભલે મેં જિનશાસન પાયો. ૨
શ્રી **જયસિંહ** પાટે તે પણ તસ પ્રતિરૂપ,
વાદ કરી દિગપટ્ટને જીત્યા, પ્રતિબોધ્યો **જયસિંહ** ભૂપ રે. ભલે. ૩
સાત કોટિ ગ્રંથ મુખે જેહને, કીધા શ્રાવકવૃંદ;
તસ પાટે **ધર્મઘોષ** સૂરીસર, જસ નમે બહુ નરિંદ રે. ભલે. ૪
જસ ઉપદેશે **વિમલ** મંત્રીસર, ત્રીજો તીર્થ નિપાયો,
**અર્બુદાચલ** ઉપર હરખે, જિનપ્રસાદ કરાયો રે. ભલે. ૫
સુવર્ણ પ્રમાણે પૃથવીતલમાં, વિહાર કર્યા મનરંગે,
ગુરૂ પ્રસાદે છે નામો જ રાખ્યો જિનશાસનપ્રસંગે રે. ભલે. ૬
તસ પટ્ટ ઉદયાચલ દિનકર, શ્રી ગુરૂ **મહેંદ્રસિંહ**;
સૂરિશિરોમણિ **સિંહપ્રભ** ગુરૂ, તસ પટે **અજિતસિંહ** રે. ભલે. ૭
શ્રી **દેવેંદ્રસિંહ** સૂરીસર, **ધર્મપ્રભ** સૂરીંદ;
**સિંહતિલક** ગુરૂ ગચ્છપતિ સોહતાં, **મહેંદ્રપ્રભ** મુનીંદ રે. ૮
ગણનાયક **મેરૂતુંગ** સૂરીસર, જસ મહિમા અત્યંત;
નાગર વાણિયા શ્રાવક કીધા, પ્રણમત સુર મુનિ સંત રે. ૯
તસ પટ ગયણાંગણ શશિ સરિખા, સૂરિ શ્રી **જયકીર્તિ**;
શ્રી **જયકેશર**સૂરિ સુખાકર, અદ્દ્‌ભુત ધર્મની મૂર્તિ રે. ૧૦
શ્રી **સિદ્ધાંતસાગર** મુનિપતિ, જાણે જૈન સિદ્ધાંત;
**ભાવસાગર** ગુરૂ ભવતારણ ભણી, અદ્દ્‌ભુત નાવ મહંત રે. ૧૧
જ્ઞાનાદિક ગુણમણિરોહણ સમ, **ગુણનિધાન** ગુરૂરાજ;
મહાવ્રત પાલી નિજ અજુઆલી, સાર્યાં આતમકાજ રે. ૧૨
તસ પટ ઉદયાચલ વાસરમણિ, **ધર્મમૂર્તિ** સૂરીંદ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાઉદ્ધાર કરી ચારિત્ર ચિત્ત ધરી, જીત્યા વાદીના વૃંદ રે. ૧૩
થોકેથોકે જન તસ ગુણ ગાવે, આજ લગે વિખ્યાત;
શ્રી **કલ્યાણોદધિ** સૂરિશિરોમણિ, બુદ્ધિ સરસ્વતી સાક્ષાત રે. ૧૪
તસ પટ ગગને ચંદ્ર સુધાસ્રવી, **અમરસાગર** સૂરિરાય;
અભિનવ જાણે સુરપતિ સરિખા, સહુ જનને સુખદાય રે. ૧૫
તસ પટ અંબુજ વિકસત, ભાસ્કર **વિદ્યાસાગર**સૂરિ;
સંપ્રતિ સમયે તસ ગુણ અતિઘણા, કહેતાં વાધે નૂર રે. ૧૬
આગમનિગમને જાણે જે ગુરૂ, જૈન ન્યાય લહે જેહ;
લક્ષણ સાહિત્ય અલંકાર છંદનાં, પાર લહ્યાં ગુણગેહ રે. ૧૭
તસ પદપંકજ મધુકર સરિખા, વિનયી વહે ગુરૂઆણ;
**જ્ઞાનસાગર** કહે સુગુરૂકૃપાથી એ ભાખી સવિ ઠાણી રે. ૧૮
રસના વસે જે પુન્યાધિકપણું, પ્રભુમારગથી વિરૂદ્ધ,
તે સહું ચઉવિહ સંઘને સાખે, મિચ્છાદુકડ સુધ રે. ૧૯
સંવત **નય નિધિ મુનિ શશિ (૧૭૯૭)**, **સુરતી** રહી ચોમાસ,
અષાડ શુદિ દ્વિતીયા સિદ્ધિ જોગે, પૂરણ કીધ એ રાસ રે. ૨૦
શ્રી **શ્રીમાલી** જ્ઞાતી શિરોમણિ, **સંઘાનાથ**જી સાર,
**આબુ સીધાંચલ**નાં સંઘ કાઢ્યા, ખર્ચ્યાં દ્રવ્ય અપાર રે. ૨૧
તસ સુત રવિ સમ **કપૂરચંદ** શા, લક્ષ્મિવંત ઉદાર,
આચાર્યપદ-મહોત્સવ કીધા, સંઘનાયક શ્રીકાર રે. ૨૨
ચોરાસી ગચ્છના સાહમી જમાડ્યા, કરી પકવાન અનેક,
**હુંબડ**ના પણ સામી સંતોખ્યા, રાખી જિનધર્મ ટેક રે. ૨૩
તેહના પુત્ર શશિ સમ નિર્મલ, શાહ **ખુશાલચંદ** સાર,
ગચ્છનાયકને ચોમાસું રાખી, ધન ખરચે શ્રીકાર રે. ૨૪
નવે ક્ષેત્રે ધન બહુ વાવરે, જાચકને દીએ દાન,
**સિદ્ધાચલ**ની જાત્રા કરી ભલી, ઇણી જુગે **ભરત** સમાન. ૨૫
તિમ વળી **પોરવાડ** જ્ઞાતે સોહતા, મહેતા **ગોડીદાસ**,
**જીવણદાસ** એ બેહુ બંધવ, ગુરૂ ધર્મરાગી જાસ રે. ૨૬
જીવદયાદિક ધર્મક્રિયા કરે, દિયે સુપાત્રે દાન,
સંઘભક્તિ ગુરૂભક્તિ કરે સદા, આપે વસન અન્નપાન. ૨૭
**ઓશવાલ** જ્ઞાતે અતિ ઘણું દીપતા, **ધર્મચંદ્ર** ધર્મવંત,
ગુરૂઉપદેશે અતિ આડંબરે, કીધા પ્રતિષ્ટા મહંત. ૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્રતધારી ગુરૂ રાગી અતિ ઘણાં, **હાંસશા**ના સુત સાર,
સુગુરૂએ કૃપાએ જીવાદિક તણાં, અર્થ લહે સુવિચાર રે. ૨૯
શાહ **ગુલાબ(લ)ચંદ** જૈનાગમ રૂચિ, પંડિત શું ધરે પ્રીતિ,
આગ્રહથી રાસ રચ્યો ભલો, ધરી આગમની પ્રતીતિ. ૩૦
ચઉવિહ સંઘ તણાં મન હરખ્યા, સાંભલી એહ સંબંધ,
આદરજો ભવી શ્રી જિનસેવા, એ ઉપસમ અનુબંધ રે. ૩૧
છઠે અધિકાર એ ઢાલ પન્નરમી, સિદ્ધના ભેદ સમાન,
સુણતાં ભણતાં પાતિક નાસે, મંગલ લહે પરધાન રે. ૩૨
સર્વ મિલીને ઢાલ પંચાણું, ઇક એકથી અભિખાસ.
ગ્રંથાગર બહુતર સત સાધિક, શ્લોક પ્રમાણે રાસ રે. ૩૩
શ્રી **ગોડી** પ્રભુ **પાસ**ની સંનિધે, મનહ મનોરથ સિદ્ધ,
સુખસંપતિ વધતી દિન દોલત, નવનિધિ ને અડસિદ્ધિ રે. ૩૪
**ન્યાયસાગર** ને **સકલચંદ** લખ્યો, પ્રથમાદર્શ એ રાસ,
સોવન ફુલે વધાવો ભવીજન, જિમ પુહચે મનઆસ રે. ૩૫

(૧) ઇતિશ્રી અંચલગચ્છાધીરાજ સકલભટ્ટારકચક્રવર્ત્તિ સમાન વિદ્વત્પર્ષદ્દભામનીભાલસ્થલતિલકાયમાન પુજ્ય પુરંદર પુજ્ય ભટ્ટારક શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રી **વિદ્યાસાગર** સૂરીસ્વરાણાં શિષ્ય પંડિત શ્રી **જ્ઞાન**સાગરાણિ વિરચિતે શ્રી પૂજાધિકારે ગુણવર્મા ચરિત્રે પ્રાકૃતબંધે પુન્ય પવિત્રે સપ્તદસપૂજાકથાવર્ણનો નામ ષષ્ટમોધિકાર સંપૂર્ણ. પ્રથમ ખંડે સર્વ ૬૬૬ દ્વિતીય ખંડે ૯૬૫ તૃતીય ખંડે સર્વ ૮૩૧ ચતુર્થ ખંડે સર્વ ૬૬૯ પંચમ ખંડે સર્વ ૭૨૪ ષષ્ઠમ ખંડે સર્વશ્લોક ૫૧૬ ગ્રંથાગ્રંથ ૬૨૨૫ વિશુદ્ધ છે. સં.૧૮૫૧ માધવ માસે શુકલ પક્ષે ૩ તિથૌ લિખિતમીદં પુસ્તકં શ્રી **ભાવનયરે**. પ.સં.૨૨૮-૧૧, આ.કે.૨. (૨) સં.૧૮૨૭ માહ શુદિ ૭ બુધવારે લિ. **સંઘવી** ફતેચંદ **સૂરસંઘ પાલણપુર** મધ્યે. **પ.સં.૧૧૦-૧૫**, રત્ન.ભં. દા.૪૧ નં.૩૦. (૩) એટલે સર્વગાથા લિખિતે ૪૩૭૧. ગ્રંથાગ્રંથ શ્લોકમાન ૭૨૨૫ ઇતિશ્રી ગુણવર્મા રાસ સંપૂર્ણ. સં.૧૯૨૪ના વર્ષે ભાદ્રપદ માસે શુકલપક્ષે ૧૩ ત્રયોદશી તિથૌ વાર બુધે શ્રી **ભાવપુર** નગરે શ્રી **તપા**ગચ્છે મું. શ્રી શ્રી પં. હેમવિજેજી **મો**તિવિજેયજી શ્રી **ભાવપુરે** લપીકૃતયં. શ્રી શાંતિનાથ પ્રસાદાત. શ્રી નેમિનાથ પ્રસાદાત. શ્રી સિદ્ધચક્ર પ્રસાદાત. શ્રી શ્રી શ્રી. [ભં.?] (૪) સં.૧૮૨૭ શાકે ૧૬૯૩ વૈ.શુ.૧૦ બુધે. ભ. **વિજય**દાનસૂરિ શિ. ગંગવિજયગણિ શિ. **મે**ઘવિજયગણિ શિ. **ભા**ણવિજય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિ. લક્ષ્મીવિજયગણિ શિ. પ્રતાપવિજયગણિ શિ. અમૃતવિજયગણિ લિ. ગોત્રકા મધ્યે. ઘોઘા ભં. દા.૧૬ નં.૧. (૫) લી. વકીલ વરજલાલ વેણીદાસ ખેડા મધ્યે ભીડભંજન પાર્શ્વનાથ પ્રસાદાત્ સં.૧૯૩૦ ભા.વદી ૮ સનિ. પ.સં.૧૪૨-૧૮, ખેડા ભં. દા.૮ નં.૧૨૧. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. પ્રકા. જૈન ધર્મ પ્રસારક વર્ગ.]

**(૩૯૦૨) + કલ્યાણસાગરસૂરિનો રાસ** (ઐ.) ર.સં.૧૮૦૨ શ્રા.શુ.૬ માંડવીમાં

**આદિ-** દુહા.

પ્રણમી શ્રી જિન **પાસને**, ધરી મનમાં ગુરૂધ્યાન
**સરસતી** માત પસાયથી, કરશું ગુરૂગુણગાન. ૧
ગુરૂગુણ ગાવાથી થશે, ભવસાગરનો પાર
તે માટે કરૂં ભાવથી, ગુરૂગુણનો વિસ્તાર. ૨
અતિશય જેના અતિઘણા, જ્ઞાન તણો નહિ પાર,
**કલ્યાણસાગર** સુરિવરા, છે જગમાં નિરધાર. ૩
**અંચલ**ગચ્છ દીપાવતા, વિચર્યા દેશવિદેશ,
શુભ સંજમને ધારતા, દીયે ભવિ ઉપદેશ. ૪
ગચ્છાધિષ્ઠાયિક સુરિ, **મહાકાલી** ધરે નેહ,
ગુરૂજી પર બહુભાવથી, જાણીને ગુણગેહ. ૫
એવા તે ગુરૂરાયનો, રાસ રચું ઉલ્લાસ,
શ્રોતાજન સહુ સાંભલો, થાશે લીલવિલાસ. ૬
જિનશાસન દીપાવવા, ધર્મકાર્ય હિતકાર,
જે-જે કીધાં તેમણે, કરશું તસ વિસ્તાર. ૭

**અંત -** ઢાલ પર, કલશ.

ગાયા ગાયા રે મેં આજ સૂરીશ્વર ગાયા,
**કલ્યાણસાગરજી** સૂરીશ્વરના, આજે મેં ગુણ ગાયા -
**અંચલ**ગચ્છ ચોસઠમી પાટે, તેહ થયા સુરિરાયા,
મહા પ્રભાવિક અતિશયવંતા, જગમાં જેહ ગવાયા રે. મેં. ૧
તસ પાટે શ્રી **અમરસાગરજી**, થયા સૂરીશ્વરરાયા,
શ્રવણ કરી જેના ઉપદેશો, ભવિજન અતિ હરખાયા રે. મેં. ૨
તસ પાટે છે **વિદ્યાસાગરજી**, શોભે છે મુનિરાયા,
મુજ ગુરૂવર તે પંડિતગણમાં, શોભે અધિક સવાયા રે. મેં. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તસ પાટે છે **ઉદયસાગરજી**, પામ્યા સુગુરૂ પસાયા,
રચના તિણે એહ રાસની કીધી, મનહરખે ઉભરાયા રે. મેં. ૪
સંવત **અઢારસો બેની** સાલે, શ્રાવણ સુદ છઠ પાયા,
એહ રાસ સંપૂર્ણ કરીને, સંઘની આગલ ગાયા રે. મેં. ૫
**માંડવી** નગરે રહી ચોમાસું, રાસ એહ રચાયા,
સંભલાવી ભવિજનને કંહે, મંગલમાલા ઠાયા રે. મેં. ૬
ગાસે ભણસે એ ગુરૂવરનાં, જે કોઇ ગુણ સુખદાયા,
લેસે તે સુખસંપદ આંહી, પછી મુક્તિપદ પાયા રે. મેં. ૭
ગુરૂગુણ ગાવાના આવેશે, જે કોઇ ઇહ દોષ પાયા,
કવિજન બુધજન ખમશે તે મુજ, કરી મુજ પર સુપસાયા રે. મેં. ૮
યાવત ચંદ્રદિવાકર જગમાં, રાસ એહ રસદાયા,
બુધજનમનને મંગલદાયી, થજો સદા ઇમ ધ્યાયા રે. મેં. ૯

(૧) સંવત ૧૮૦૩ કાર્તિક સુદ બીજ **માંડવી** મધ્યે **દેવશંકર રાજગરે** લિ.

પ્રકાશિત : ૧. પ્રકા. સાહ ગેલાભાઈ તથા દેવજીભાઈ માણેક સં. ૧૯૮૧.

**(૩૯૦૩) સ્થૂલિભદ્ર સ.**

(૧) વિદ્યા.

**(૩૯૦૪) [+] ચોત્રીસ અતિશયનો છંદ**

[પ્રકાશિત : ૧. જૈન કાવ્યપ્રકાશ ભા.૧. ૨. જૈન સઝાયમાલા (બાલાભાઈ) ભા.૧.]

**(૩૯૦૫) + શીયલ સ.**

**આદિ**– સુણસુણ પ્રાણી શીખડી.

પ્રકાશિત : ૧. સ.મા.ભી. પૃ.૧૯૫-૯૭.

**(૩૯૦૬) + ષડાવશ્યક સ.**

**આદિ**– શ્રી સદ્‌ગુરુને સદા પ્રણમીજે.

પ્રકાશિત : ૧. સ.મા.ભી. પૃ.૨૦૧-૧૩.

**(૩૯૦૭) લઘુ ક્ષેત્રસમાસ બાલા.**

(૧) સં.૧૮૫૬, પ.સં.૫૮, લીં.ભં. નં.૬૨૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૭૪-૮૧, ભા.૩ પૃ.૧૨-૧૪ તથા ૧૪૫૫-૫૬. ભા.૩ પૃ.૧૪૫૫ પર 'ગુણવર્મા રાસ'નો ર.સં.૧૯૧૭ દર્શાવાયેલો તે છાપભૂલ જણાય છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૧૫૫. કલ્યાણસાગરસૂરિશિષ્ય

આ ઉપરના ઉદયસાગર હોવા સંભવિત છે.

**(૩૯૦૮)** [+] **સિદ્ધગિરિ સ્તુતિ** ૧૦૯ કડી

**આદિ –** દુહા.

શ્રી **આદીશ્વર** અજર અમર, અવ્યાબાધ અહનીશ,
પરમાતમ પરમેસરૂ, પ્રણમુ પરમ મુનીશ. ૧
જયજય જગપતિ જ્ઞાનભાસિત લોકાલોક,
શુદ્ધ સ્વરૂપ સમાધિમય, નમત સુરાસુરથોક. ૨
શ્રી **સિદ્ધાચલ**મંડણો, **નાભી**નરેસર-નંદ,
મિથ્યામતિ-મત-ભંજણો, ભવાંકુર દાકરચંદ. (?) ૩

**અંત –** કલશ.

ઇમ તીર્થનાયક સ્તવનલાયક સંથુણ્યો શ્રી **સિદ્ધગિરિ**,
અઠોતરિસય ગાહ સ્તવને, પ્રેમભકતે મન ધરી.
શ્રી **કલ્યાણસાગરસૂરિશિષ્યે**, શુભ જગીસે સુખ કરી,
પુણ્યમહોદય સકલમંગલ, વેલિ સુજસે જયસિરિ. ૧૦૯

(૧) પ.સં.૩-૧૮, મો.સેં.લા. [મુપુગૃહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૨).]

[પ્રકાશિત : ૧. જૈન રત્નસંગ્રહ. ૨. પ્રાચીન સ્તવન સઝાયાદિ સંગ્રહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪-૧૫.]

## ૧૧૫૬. જયસૌભાગ્ય

**(૩૯૦૯)** [+] **ચોવીશી** [અથવા **ચતુર્વિંશતિ જિન સ્તુતિ**] લ.સં. ૧૭૮૭ પહેલાં

(૧) લિ.સં.૧૭૮૭ વૈ.વ.૭ સોમે **ખંભાત** બંદિરે વાસ્તવ્ય શા. **શાંતિદાસ** પુત્ર **સૌભાગ્યચંદ** પઠનાર્થં. જૈનાનંદ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૩).]

[પ્રકાશિત : ૧. જૈન ગૂર્જર સાહિત્યરત્નો ભા.૧ (પાંચ સ્તવનો).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૬૫.]

## ૧૧૫૭. શાંતસૌભાગ્ય (ત. રાજસાગરસૂરિ–વૃદ્ધિસાગર–લક્ષ્મીસાગર–કલ્યાણસાગરસૂરિ–સત્યસૌભાગ્ય ઉ.–ઇંદ્રસૌભાગ્ય ઉ.–વીરસૌભાગ્ય–પ્રેમસૌભાગ્યશિ.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંદ્રસૌભાગ્ય માટે જુઓ ભા.૪માં નં.૮૯૧ પૃ.૨૫૨.

**(૩૯૧૦) અગડદત્ત ઋષિની ચોપાઈ** ૨.સં.૧૭૮૭ પાટણમાં

(૧) ભાં.ઇ.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૬૨.]

## ૧૧૫૮. સિંહ (કનકપ્રિયશિ.)

**(૩૯૧૧) + શાલિભદ્ર શલોકો** ગા.૧૪૭ ૨.સં.૧૭૮૧

(૧) સં.૧૯૦૦ વૈ.વ.૨ **આસકરણજી** લિ. પુસ્તકાકારે લાંબો આકાર, પ.સં.૮, જિ.ચા. પો.૮૦ નં.૧૯૭૯. (૨) પ.સં.૬, જય. પો.૬૫.

પ્રકાશિત : ૧. રત્નસાગર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૩૯.]

## ૧૧૫૯. માણેકવિજય (ત. રૂપવિજયશિ.)

**(૩૯૧૨) ૨૪ જિન સ્તવન** અથવા **ચોવીશી** લ.સં.૧૭૮૮ પહેલાં

**આદિ –** દેસી – વારિ માહરા સાહિબા.

શ્રી **નાભિરાયાં**-કુલ-દિનમણી હો રાજ, **મારૂદેવી**માત-મલાર,
વારિ મારા સાહિબા.
સકલતીરથ-સિરસેહર હો રાજ, **શેત્રુંજ**ગિરિ સણગાર,
વારિ મારા સાંહિબા.

*

શ્રી **રૂપવિજય** કવિરાજનો હો રાજ, **માંણિક** કહે મુઝ તાર.
–વારિ મારા સાહિબા. ૭

**અંત –** ૨૫મું – સિદ્ધાર્થરાયકુલ તણો એ દેશી.

**રિષભ** જિણેસર નિત નમૂં એ, બીજા **અજિત** જિણંદ તો,

*

શ્રી **રૂપવિજય** ગુરૂ સેવતાં એ, **માંણિક**ને મંગલમાલ તો. ૭

(૧) ઇતિ શ્રી ચઉવીસ તીર્થંકર સ્તુતિઃ ૨૫ સં.૧૭૮૮ વર્ષે માગશિર વદિ ૫ તિથૌ. પ.સં.૯–૧૩, હા.ભં. દા.૮૨ નં.૧૩૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૫૭–૫૮.]

## ૧૧૬૦. લાવણ્યવિજય (ત.)

**(૩૯૧૩) યોગશાસ્ત્ર બાલા.** લ.સં.૧૭૮૮ પહેલાં

(૧) ચતુર્થ પ્રકાશે ગ્રં.૪૦૫૧ મહો. **વિનયવિજયગણિ** વાચક શિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પં. **માન**વિજયગણિ શિ. **અમર**વિજયેન લિ. સં.૧૭૮૮ ઉષ્ણકાલે ચૈત્ર કૃ.૬ ગુરૂ **શાણંદ** નગરે ચાતુર્માસ **ગુજ્જર** દેસે માહારાજારાજે. પ.સં.૫૦, ભાગ્યરત્ન મુનિ ખેડા. દા.૨ નં.૨૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૪૧-૪૨.]

## ૧૧૬૧. વિનયકુશલ (ત. લક્ષ્મીસાગરસૂરિ-વિબુધકુશલશિ.)

**(૩૯૧૪) ચોવીસી** સં.૧૭૪૫ અને ૧૭૮૮ વચ્ચે

**આદિ**- સુવિધિ સ્ત.

શ્રી **લક્ષ્મીસાગર**સુરી નામથી પગપગેં નવેય નિધાન,

**વિબુધકુશલ** સુપસાયથી, **વિનય** રચ્યું કોડિ કલ્યાણ.

**અંત**- વીર સ્તવન. તે તરીયા રે ભાઈ તે તરીયા એ દેશી

**વીર**જિણંદ જય જગત ઉપગારી સાસનસોહ વધારીજી - વીર.

(૧) પ.ક્ર.૫થી ૯, આદિનાં ૪ પત્ર તથા છેલ્લું પત્ર નથી. ભાગ્યરત્ન મુનિ ખેડા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૨૭. સમયનિર્દેશ તપ. સાગરશાખાના લક્ષ્મીસાગરસૂરિના આચાર્યકાળ (સં.૧૭૪૫-૧૭૮૮)ને આધારે મુકાયો છે. પણ આ કવિ એ લક્ષ્મીસાગરસૂરિની પરંપરાના જ હોવાનું માનવું કે કેમ તે પ્રશ્ન છે.]

## ૧૧૬૨. રામવિજય-રૂપચંદ (ખ. ક્ષેમશાખા શાંતિહર્ષ-જિનહર્ષ-સુખવર્ધન-દયાસિંહશિ.)

આ કવિએ સંસ્કૃતમાં ગૌતમીય મહાકાવ્ય સં.૧૮૦૭ જોધપુર, ગુણમાલા પ્રકરણ સં.૧૮૧૪, ચતુર્વિંશતિ જિનસ્તુતિ પંચાશિકા સં.૧૮-૧૪ ભા.વ.૩ વિકાનેર, સિદ્ધાંત ચંદ્રિકા વૃત્તિ સુબોધિની પૂર્વાર્ધ ગ્રં.૬૦૦૦, સાધ્વાચાર ષટ્ત્રિંશિકા, પાર્શ્વ સ્ત. સટીક રચેલ છે.

જિનહર્ષ જુઓ નં.૮૫૫.

**(૩૯૧૫) ભર્તૃહરિશતકત્રય બાલા.** ર.સં.૧૭૮૮ કા.વ.૧૩ સોજત છાજડ મંત્રી જીવરાજ પુત્ર મનરૂપના આગ્રહથી.

**આદિ** - સર્વદર્શનમાનસ્ય **રૂપચં**દ્રયતિઃ કવિઃ

**સન્નીતિશતક**સ્યાસ્ય બ્રૂતેઽર્થં લોકભાષયા. ૧

(૧) સં.૧૮૫૦ શાકે ૧૭૧૫ માર્ગશીર્ષ વદિ ૧૧ ભૃગૌ પુરબિંદર નયરે ભ. **વિજયદેવસૂરિ** શિ. ઉ. **વિનીતવિજય** શિ. પં. **તેજવિજય**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ. શિ. પં. **માનવિજયગણિ** શિ. પં. **ગુણવિજય** ઉ. શિ. પં. **કનકવિજય** લિ. **વિજયજિનેંદ્રસૂરિ**રાજ્યે ચાતુર્માસિક સ્થિતિ કૃત્વા લિ. વેબર. નં.૨૧૭૨. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૮૪).]

**(૩૯૧૬) અમરુશતક બાલા.** ર.સં.૧૭૯૧ આશ્વિન શુદિ ૧૨ સોજત

**(૩૯૧૭) સમયસાર બાલા.** ર.સં.૧૭૯૮ આશ્વિન સ્વર્ણગિરિમાં ગણધરગોત્રી જગન્નાથ હેતવે.

**(૩૯૧૮) ભક્તામર સ્તોત્ર બાલા.** ર.સં.૧૮૧૧ જે.શુ.૧૧ કાલાઉના

**(૩૯૧૯) નવતત્ત્વ બાલા.** ર.સં.૧૮૩૪ અજીમગંજ અબલસિંહ પઠનાર્થે.

**(૩૯૨૦) વિવાહપડલ ભાષા.**

**(૩૯૨૧) મહાવીર ૭૨ વર્ષાયુ ખુલાસા પત્ર**

(૧) શ્રી જિનલાભ સૂરિણામાજ્ઞયા પાઠકશ્રી **રામવિજયજિદ્**ગણિનાં કૃતં **મેડતાનગરે** લિષં જૈકરણ **સોઝત** પતને સં.૧૮૩૭ આ.સુ.૬ **અહિપુરી**ગણીનાં શાખાયાં. જિ.ચ.

**(૩૯૨૨) ચિત્રસેન પદ્માવતી રાસ** ૪૯૫ કડી ર.સં.૧૮૧૪ પોષ શુ.૧૦ બિકાનેરમાં

**આદિ** – શ્રી **રિસહેસર** પયકમલ, પણમિય ધરિ આણંદ
દાનધરમ ગુણ વરણવૂં, સુણો સભાનરવૃંદ. ૧
સુગતિપંથ ચ્યારે અછે, દાન શીલ તપ ભાવ
વિણ જગગુરૂ પહીલો કીધો, દાન તણો પ્રભા(સ્તા)વ. ૨

**અંત** – ભવિયણ! સાચો એક ધર્મ ભાઇ,
ભવકંતાર ભમંતા જીવને એહિ જ હોઈ સહાઈ – ભ.
ધરમપદારથ સાર જગતમેં, જિહાંતિહાં ગ્યાનીએ ગાયૌ
તિણ ઊપરિ **ચિત્રસેણ** નરિંદનૈ, એ દસટાંત સુણાયૌ – ભ. ૧
દાન સીલ તપ શુભફલદાયક, જૈ હુઇ ભાવ સમેલા,
શુભ પરિણામ વિના સહૂ નિસ્ફલ, તાનેઈ એહ ઇકેલા – ભ. ૨
કરમ તણો બંધ કરમનિરજરા, એ સહૂ આતમ સારૈ
એ **ચિત્રસેણ** ચરિત્ર શ્રવણે સુણિ, એ પરમારથ ધારૈ – ભ. ૩
**અઠારહ સૌ** ઊપરિ વરસે, **ચવદોતર** વહંત
પોસ માસ શુદિ દસમિ તણે દિન, રાસ રચ્યૌ મન ખંતે – ભ. ૪
**શ્રી જિનલાભ સૂરીસર** રાજે, **ખરતર**ગચ્છ વડભાગી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખેમસાખ શ્રી **શાંતિહરષ** સિષ, શ્રી **જિનહરષ** વૈરાગી – ભ. ૫
તાસ સીસ વાચક **સુખવરધન,** કલાનિધાંન કહાયાં,
તાસ સીસ વાણારસપદધર, શ્રી **દયાસિંઘ** મુનિરાયા – ભ. ૬
તાસુ ચરણરજકણ સુપસાયૈ, **સરસતિ** સુનિજરિ પાઈ,
**રામવિજૈ** ઉવઝાય એ ચૌપાઇ, **વીકાનેર** વણાઈ – ભ. ૭
પંડિત ચતુર સાધુ જણ પેરણ, એ ઉદ્યમ ઉપજાયૌ,
એ સંબંધ સુણાવૌ ગાવૌ, લ્યૌ સોભાગ સવાયૌ – ભ. ૮

(૧) સર્વગાથા ૪૯૫ ઇતિ શ્રી દાનધર્માનુમોદનાધિકારે ચિત્રસેન પદ્માવતી ચતુ:પદી સમાપ્તા: લિખિતા ચ શ્રી **તોલીયાસર** મધ્યે સંવત્ ૧૮૪૬ વર્ષે મિતી ફાગુણ સુદિ ૭ દિને આદીતવારે. જૈન શ્વે. કોન્ફરન્સ (૨) સં.૧૮૪૯, રાય ધનપતિસિંહ ભં. અજીમગંજ (નોંટિસીઝ ઑવ્ સંસ્કૃત મેન્યુ. વૉ.૯ કલકત્તા) (૩) સં.૧૮૮૨ મિતિ પ્રથમ શ્રાવણ વદિ ૩ દિને લિખિતં ઋષિ **ભારમલ્લ** અર્કવાસરે **નાગોર** મધ્યે. પ.સં.૨૧–૧૫, ગુ. નં.૧૩–૧૨. (૪) પ.સં.૨૧–૧૬, વિ.ને.ભં. નં.૪૫૯૭. (૫) સં.૧૮૫૨ દ્વિ.ભા.વ.૬, પ.સં.૨૦, દાન. પો.૪૫. (૬) સં.૧૮૨૬ જે.શુ.૫ **વીકાનેર** મધ્યે **વિનયચંદ** લિ. પ.સં.૨૪, વર્દ્ધમાન પો.૧૦ નં.૬૨. (૭) પ.સં.૨૮, દાન. પો.૮૦ નં.૧૯૭૫.

**(૩૯૨૩) આબુ યાત્રા સ્ત.** ૨.સં.૧૮૨૧

જિનલાભસૂરિ અને ૮૫ સાધુ સાથે યાત્રા.

**(૩૯૨૪) ફલોધી પાર્શ્વ સ્ત.** ૨.સં.૧૮૨૩ માગ.વ.૮

**(૩૯૨૫) નેમિ નવરસો**

[મુપુગૂહસૂચી.]

**(૩૯૨૬) સ્તવનાદિ**

અલ્પબહુત્વ સ્ત. ગા.૧૪, વીરાયુ ૭૨ વર્ષ સ્પષ્ટીકરણ સં.૧૮૩૭ આ.શુ.૬ મેડતા, નયનિક્ષેપા સ્ત. ગા.૩૨, સહસ્રકૂટ સ્ત. ગા.૧૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૫–૫૬, ૩૨૩–૨૪ તથા ૧૬૪૨.]

## ૧૧૬૩. ત્રિલોકસિંહ (ગુજરાતી લોં. જયરાજજીશિ.)

**(૩૯૨૭) ધર્મદત્ત ધર્મવતી ચોપાઈ** ૪ ખંડ ૩૦ ઢાળ ૨.સં.૧૭૮૮ આષાઢ વદ ૧૩ સોમ

**આદિ** – પ્રથમ નમું ચોવીસ જિન, તારણ તરણ જિહાજ
ભવિજન સમરે ભાવ સું, સીઝે વાંછિત કાજ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમરૂં સદગુરૂ સરસ્વતી, ગ્યાંનઅક્ષરદાતાર
તાસ પ્રસાદે ગ્રંથ રચું, ચોપી ઢાલ રસાલ. ૨
સાંભલિજ્યો અતિ હેત સું, વિકથા વાત નિવાર
આલસનીંદ દૂરે તજો, સરસ સુણો અધિકાર. ૩
દાન સીલ તપ ભાવના, ચારે સરસ અધિકાર
પિણ ઈણ જાગ્યા દાનનો, અતિ મોટો ઉપકાર. ૪
દાંને દોલતિ જિમ લહી, **ચંદ્રધવલ** મહારાય
તિમ વલિ **ધર્મદત્ત** ગ્રહપતિ, તે સુણજ્યો ચિત્ત લાય. ૫

**અંત –** સંવત **સતરે અઠયાસી,** અસાઢ મહિનૈ વિમાસી હો
નગર નગીનો નીંકો, તિહાં અવિચલ રાજ હીંદૂકો.
ન્યાયે નીત ગુણરાગી મહારાજ ભલો વડભાગી
**વખતસિંઘજી** તિહાં રાજ, વાજે નિત નોબત વાજા
**લુંકાગચ્છ** ગુરૂ રાજે, **ગુજરાતી** અધિક દિવાના
**જયરાજજી** ગચ્છનાયક આચારિજ બહુગુણલાયક
તાસ તણે પરભાવે, મુનિ **તિલોકસિંહ** ગુણ ગાવે
ચતુર સુણે નરનારી, તિહાં સુણતાં લાગે પ્યારી
દેશી રાગ વખાંણી, નરનારી અધિક સુહાંણી
વદિ તેરસ શશિવારે, સંપૂર્ણ કરી અધિકાર
ખંડ ચ્યાર દોય સારા, સાંભલતા લાગે પ્યારા
ઢાલ ભણી હોય તીસ, કવિજન-મન આધક જગીસ. ૧૩

(૧) પ.સં.૧૧–૧૩, વિ.ને.ભં. નં.૪૪૯૨.
[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૮૧–૮૨.]

## ૧૧૬૪. રઘુપતિગણિ–રૂપવલ્લભ (ખ. વિદ્યાનિધાનશિ.)

**(૩૯૨૮) વિમલજિન સ્ત.** ર.સં.૧૭૮૮ મા.શુ.૧૩

**(૩૯૨૯) ગોડી પાર્શ્વનાથ સ્ત. ત્રણ** ર.સં.૧૭૯૨ ચૈત્ર શુ.૧૫ ગુરુ

**૧ આદિ –** ધીંગધવલ **ગોડી** ધણીજી લો, પરતા-પૂરણહાર હો.

**અંત – સતરે બાણવૈ** સંવતેજી લો, વરદાયક ગુરૂવાર હો,
ચૈત્ર પૂનિમ નિસિ ચાંદણીજી લો, સપરિવાર શ્રીકાર. ૮
અવસર જાણી આપણોજી લો, મહિર કરી નિતમેવ હો,
નિજસેવક **રૂઘનાથ**નેજી, સુખદાયક દ્યો સેવ હો. ૯

**૨ આદિ –** ધીંગધવલે મુઝ ધરતા ધ્યાંન, આવીયા દરસણ આપ રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંત** – **સતર** સંવત તણે **બાણુવે** સાર, ચૈત્ર પૂનિમ નિસ ચોંપ સું,
સિદ્ધિયોગેં લહ્યો દરસ શ્રીકાર, હરષ થયો મુઝ હીયડે. ૮
સુગુરૂ શ્રી **વિદ્યાનિધાન** પસાય, જાત્ર કરી જિનરાયની,
વંદતાં જિનવર સફલ વિહાય, વિનય સું **રૂઘપતિ** વીનવે. ૯

૩ **આદિ** – સબલો થલવટ દેશ સુહાવો હો, **ગોડીચા** રાયજી
**અંત** – નિતનિત ત્રિવિધ ત્રિવિધ સિર નામી હો,
પરચો પામી હો ગાવે **રૂઘપતિ**ગણી ૫.

(૧) મિતિ **આષાઢ** વદિ **૧૧ પં. ગણેશ** લિષતં. પ.સં.૧-૧૩, ક.મુ.

**(૩૯૩૦) નાકાડા પાર્શ્વ સ્ત.** ર.સં.૧૭૯૨ વૈ.

**(૩૯૩૧) જૈન સાર બાવની** ગા.૬૨ ર.સં.૧૮૦૨ ભા.શુ.૧૫ નાપાસર

**(૩૯૩૨) નંદિષેણ ચોપાઈ** ર.સં.૧૮૦૩ ચોમાસું કેસરદેસરમાં

**આદિ** – વર્ત્તમાન ચઉવીસનૈ, નમતાં નવનિધ થાય
ત્રિભુવન સુખદાયક તિકે, જગનાયક જિનરાય. ૧
ગુરૂના ચરણ ગ્રહી કરી, પૂજી **સરસતિ** માય
ગુણ મુનિવરના ગાઈસ્યું, થિર સમકિત થાય. ૨
**નંદિષેણ** નાંમે મુની, પરસિદ્ધ તાસ પ્રકાસ
વચનકલા સારૂ વિબુધ, આખે મનઉલ્હાસ. ૩

**અંત** – **શિવલોચન સિવ સિધ શશિ**, સંવત એ સુવિચારો રે
પ્રથમ દિવસ લઘુકલપનેં, એ પૂરણ અધિકારો રે. ૫
છે સગવટ નવ જાતની, જે સગવટ વિધિ જાણે રે
તે ખાંચા તાણો કરી, અક્ષર પરચે આણે રે. ૬
ઇહાં કારણ કોઇ ન છે, પિણ ઇણમેં તો આણી રે
અક્ષરથી છે ઓપણી, સગવટ તેણ સુહાણી રે. ૭
**વોહરા રિધ**વાસી વસે, ઈણ ધુરના અધિકારી રે
મુનિજનને બહુ માંનતા, આસથાવંત ઉદારી રે. ૮
તિણ **કેસરદેસર** તણો, ચતુર કરે ચોમાસો રે
શ્રાવકલોક સુખી સદા, નિરભય સુખનિવાસો રે. ૯
યુગપ્રધાન જતીસરૂ, શ્રી **જિનસુખ** સૂરીંદો રે
ગુણવંતા **ખરતર**ગણી, માંને સકલ મુણીંદો રે. ૧૦
જિસ્યાં માંહિ સિરોમણી, વાચકપદ વર દાંનો રે
સાધુગુણે કરી શોભતા, નિરૂપમ **વિદ્યાનિધાનો** રે. ૧૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**રઘુપતિ** નિજ મનની રૂલી, જુગતિ કથા મન જાણી રે
મતિસારૂ કીધી મુદૈં, સુકવિ નરાં સહિનાણી રે. ૧૨
ચરિત્ર કથા રસ ચૌપઇ, રચતાં રંગ રસાલો રે
કંઈસઇ કરિ રાખુ મન મારી છયછબીલે છત્ર હુતઇ સો
છાડી ચલે નિહારી રે. સહી. ૧ એ આંકણી
**સમુદ્રવિજય શિવાદેવીય** નંદન સ્યામ શરીરકે ધારી રે. સહીયાં.
નવભવકે **નેમીશર** પ્યારે તબહીફી મે પ્યારી રે. સહીયાં. ૨

**અંત –** સ્વામી પે સંયમ લેવો શ્રી જિનધર્મ્મ વિચારી રે. સ.
હુઈ સાધવી સતીયસિરોમણિ કામકષાય નિવારી રે. સ. ૭
કર્મ્મ ખપાવી કેવલ પામી સિદ્ધિ આતમ તારી રે. સ.
શ્રી **જ્ઞાનચંદ** ગણીશર સેવક **શ્રીદેવ** તસ બલીહારી રે. સહીયાં. ૮

—સંપૂર્ણેડયં.

(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૧થી ૨.

**(૪૨૨૬) [રાજિમતી રહનેમિ સજ્ઝાય]** ૭ કડી

**આદિ –** દેવર દુરિ ખડા રહો તેરા દિલ્લ ફિરેગા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેરા સીયલ હરૈગા તો પાપે પિંડ ભરેગા. દેવ. એ આંકણી. ૧
ઝિરમર ઝિરમર મેહ વરસઇ તિણિ થયા ઘોર અંધેરા
**રાજિમતી રહનેમી** દોનું એક ગુફા ઉત્તારા દે. ૨

**અંત** – સાધો સંયમ પાલી દોનુ પાવઇ મોખિ વિસાલા
કહે **શ્રીદેવ** સદા મુઝ હોજ્યો વંદન વેગ ત્રિકાલા. ૭
—ઇતિ સંપૂર્ણેઽયં.
(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૨.

**(૪૨૨૭) [સીમંધર વિનતિ]** ૮ કડી

**આદિ** – રાગ રામગરી
**શ્રીમંધર** સ્વામી સુણો ત્રિભુવનધણી એક કરુ અરદાસ ત્રિ.
તુમ ચરણ વિણુ સ્વામજી ત્રિ. વસાયો હું ભવવાસ ત્રિ. ૧
કાલ અનાગત નિગોડ મે ત્રિ. દીઠી મે દુખરાસિ ત્રિ.
સાઢા સતરઇ ભવ કીયા ત્રિ. તે મે એક ણિસાસ ત્રિ. ૨

**અંત** – ભવિભવિ હોજ્યો મુઝ ઇસુ ત્રિ. તું સાહિબ હું દાસ ત્રિ.
નિજ સેવક **શ્રીદેવ**ની ત્રિ. પુરવજ્યો એ આસ ત્રિ. ૮
(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૩થી ૪.

**(૪૨૨૮) [જિન વિનતિ]** ૭ કડી

**આદિ** – જિન જાણે જિન દ્યુ ગતિ મેરે દિલદી
મોહ ઉદય મુઝ કૌલ ચલાદી તૌ કુમતિ મહેલી ખિલદી જિન.
કાલ અનાદિ નિગોડ રુલંદી તૌ માનવયોનિ ન મિલદી. ૧ જિન.
ભ્રમદ ભ્રમદ મૈં સબ જગ ભરમ્યા તૌ વેર ન સૂઇ ઘિલદી. જિન.
લખિ ચઉરાસી યોનિ મૈં ફરસી તૌ સુખદુખ દી રિતિ ભિલદી. ૨ જિન.

**અંત** – શ્રી જિનધર્મ્મ દી પ્રીતિ લહી જે કિરમજી રાગ રંગિલદી જિન.
**જ્ઞાનચંદ** ગુરુ સીસ યૂં આખિતૌ **શ્રીદેવ** વાણી હિલદી. ૭ જિન.
—ઇતિ સંપૂર્ણા.
(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૧.

**(૪૨૨૯) [ધન્ના માતા સંવાદ]** ૧૧ કડી

**આદિ** – જિનવચને વઇરાગીયો હો મે હો **ધન્ના** માગે માત આદેશ
કહે જનતી મત મુકજે હો **ધન્ના** વહુર જો વનવેશ
તું મુઝ પ્યારા પ્રાણથી હો **ધન્ના** હું તુઝ જા ન દેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હુંઉ વારી **ધન્ના** તું મુઝ પ્યારા બે. એ આંકણી. ૧
એ તુમ સું અનુરાગણી હો **ધન્ના** કુવરી કામ-નિદેશ
તું સુકમાલ સુહામણો હો **ધન્ના** સુંદર રૂપ સુકેશ
તુમ વિરહે એ દોહિલી હો ધન્ના મીન જ્યું નિરજલ દેશ.
હું વારી ધન્ના. ૨

**અંત –** કુમાર કહે માત ભણી હો અમ્મા એ સંસાર
જનમ જરા મરણે ભર્યો હો અમ્મા કોઈ ન રાખણહાર. ૬
હો મોરી અમ્મા મોહ ન કીજે બે.

*

**વીર** વખાણ્યો સૂત્ર હો અ. ધન્યો **ધન્નો** અણગાર
સર્વારથ સિદ્ધ ઉપનો હો અમ્મા માસ કીય સંથાર
હો મોરી અમ્મા. ૯
એક ભવે શિવ પામસઇ હો અમ્મા ખેત્ર **વિદેહ** મઝારિ
અજરામર સુખ સાસતા હો અમ્મા લહસઇ લાભ અપાર
મોરી અમ્મા મોહ ન કીજઇ બે. ૧૦
**આલ્હપુરમઇ** એ રચ્યો હો અમ્મા **ધન્નાનો** અધિકાર
કહઇ **શ્રીદેવ** એ ગાવતાં હો અમ્મા હુવઇ જયજયકાર
મોરી અમ્મા મોહ ન કીજઇ બે. ૧૧

—સંપૂર્ણોઽયં.

(૧) ઉપયુક્ત પ્રત, પ.ક્ર.૩.

**(૪૨૩૦) [ધન્ના સજ્ઝાય]** ૯ કડી

**આદિ –** રાગ સોરઠ

ધન્ય **ધનો** સાધુ સંપાડે કા
કાકીડી પુરીસો ધસ ધર થાઇ વસે વાસ સુભ પાડે કા ધન્ય.
જા કી કમલદલ કોમલ કાયા કરતા સુખ સંપાડે કા ધન્ય. ૧
જા કે કનક કામની કલ રિતિ નાટિક નિપુણ અખાડે કા ધન્ય.
કામકેલિ તજી સુખ સંયમ ભજી તપ તપે કર્મ્મ કુહાડે કા ધન્ય. ૨

**અંત –** છટ્ઠા-તપ-પારણે ભિખ્ય ભોજન આંબિલ અતિ ઉખરાડે કા ધન્ય.
**વીર** વખાંણ્યો દુષ્કર કારક વિરહ બડા વપુ ઝાડે કા ધન્ય. ૭
દેખી મુનિવર **શ્રેણિક** પુછદે અચિરજ અરિ નિરદ્ધાડે કા ધન્ય.
સરવારથસિદ્ધ વિલસઇ વંછિત નાથ જઇસઇ નિદ્ધિ ગાડે કા ધન્ય. ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જનમંતરિ પ્રભુપદ પાવૈગા સિદ્ધ વર લાડે કા ધન્ય.
**શ્રીદેવ** સાધુ તણા ગુણ ગાવઇ લાભ લિયે નિજ જાડે કા ધન્ય. ૯
—ઇતિ પૂર્ણોયં.

(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૨. [મુપુગૂહસૂચી.]

**(૪૨૩૧) [મેઘકુમાર સજ્ઝાય]** ૧૦ કડી

**આદિ –** તેરે રે કારણિ **મેહા** જિનવર આયા
ધરમ સુણી રે મેહા સંયમ પાયા
ત્યાગી વઇરાગી મેહા જિન સમઝાયા
જિન સમઝાયા મેહા ફિર ઘર નાયા ત્યા. એ આંકણી
**શ્રેણિક**સુત તસુ **ધારણી** માયા
**વીર** સમીપે મેહા સાધુ કહાયા ત્યા. ૧

**અંત –** એ અધિકાર કહ્યો સુય નાયા
**શ્રીદેવ** સેવક મુનિગુણ ગાયા ત્યાગી. ૧૦

(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૪.
[જૈહાપ્રોસ્ટા પૃ.૨૬૧, ૨૬૯, ૪૨૨, ૫૨૧–૨૨ તથા ૫૪૨.]

## ૧૦૫૪. ઉદયરત્ન (ત. શિવરત્નશિ.)

[જુઓ આ પૂર્વે પૃ.૭૬.]

**(૩૬૧૪) છૂટાં સ્તવનો**

[આ પૂર્વે પૃ.૧૧૩–૧૪.]

**૮ પંચમી સ્તવન**

**આદિ – સરસતી** સમાણી સમરી માય હીયડે સમરી શ્રી ગુરુરાય
પંચમી તપનો મહીમા ઘણો ભવિઅણ ભાવેં કહેં તા સુણો. ૧
કરુણાસાગર શ્રી ગુરુચંદ દરિસણ દીઠઈ પરિમાણંદ
**નેમજી રાજિમતી** ભરતાર વસુધા મંગલ કરે વિહાર. ૨

**અંત –** સુરીસિરોમણિ ગુંણનીલઓ મહીમાં મેરુ સમાંન
શ્રી **વિજયસંઘ**સુરી જગ જયો જગમંડન જગભાંણ. ૩

કલસ.

એમ **નેમિ** જિમ જિનવર નમિત સૂરવર સિદ્ધ-વધુ-વરનાયકો
આણંદ આણી ભવીક પ્રાંણી સુખ-સંપતિ-વરદાયકો. ૪
વરવિસુદ્ધભૂષણ દલિતદૂષણ **સંકર** સોભાગી કવેસરો
તસ સીસ **ઉદય** ઇણિ પરિં બોલઈ સયલ સંઘ મંગલ કરો. ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

—ઇતિ શ્રી પંચમીસ્તવનં સંપૂર્ણં.

(૧) સં.૧૮૧૦, લિ. મુનિ **રંગસૌભાગ્ય પાલ્હણપૂર** મધ્યે. પ.સં. ૧૧-૧૨(૧૪), પ.ક્ર.૧થી ૨, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૬.૨૭૭/૨૫૩૭.

**૯ ભીડભંજન સ્તવન** ૬ કડી

**આદિ** – જિનરાજ જોવા નિતક જાઈ છેં રે
ખરાં દુખડાં ખોવા નિતક જાઈ છેં રે
હલુયાં-કરમી હોવા નિતક જાઈ છેં રે
ભગવંત ભજવા નિતક જાઇ છેં રે...

**અંત** – ભીડભંજન પ્રભુ **પાસ** જિનેસર
પુજતાં પાય પલાઈ છેં રે. જિ.
**ઉદયરતન**ચો અંતરજામી
બુડતાં બાંહિં સાહિં છેં રે. જિ. ૬

—ઇતિ શ્રી ભીડભંજનસ્તવનં.

(૧) સં.૧૮૧૦, મુનિ **રંગસૌભાગ્ય** લિખિતં **પાલ્હણપુર** મધ્યે શ્રી પાર્શ્વ પ્રસાદાત્. પ.સં.૧૧-૧૨(૧૪), પ.ક્ર.૫થી ૬, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૬.૨૭૭/૨૫૩૭.

**૧૦ અજિતનાથ સ્તવન** ૧૫ કડી

**આદિ** – દિઇ **સરસતિ** મઝ મતિ પરમ આનંદિ
હમિ હરિખિસિઉં વીનવિસિઉં **અજિય** જિણંદ
**મંડવગઢ** એ મઢ તઇં કરી સોહઇ
તઈ મીઠડાઈ દીઠડાઇ તિહુયણુ મોહઇ. ૧

**અંત** – ઈણિં સયલ નઇ મહીયલ ભમઈ રાજિઈ ન કાજ
પાય લાગૂંય માગૂય એતલૂં આજ
તઈ સદાઈ એ **ઉદય** મૂં સાર કરેવી
મૂં નવિનવિ ભવિ ભેટ તઈ દેવી. ૧૫

—ઇતિ શ્રી અજિતનાથસ્તવનં.

(૧) પ.સં.૪-૧૩, પ.ક્ર.૪, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૨૪૨/૧૬૬૮.

**(૩૬૧૫) સઝાયો**

[આ પૂર્વે પૃ.૧૧૪.]

**૧ ચેત આસ સજઝાય** ૧૧ કડી

પ્યારી રે તે પ્રીઉ પ્રીછવેં પેખી નજિક પ્રયાંણ રે પંથિડા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વટાંઢા રે આજનો વાંસો
તું તો ઇહાં વસ્યો રે કાલનાં કિહાં હોસ્યેં મેલાંણુ રે. પંથિ. ૧

**અંત** – ચેતન નિજ પીઉને ચેત માં રે બાલા બુઝવે એમ રે. પં.
એ ચેત સાથેં એહવી આસકી રે કોહોનેં કીજેં કેમ રેં. પં. ૧૦
**ઉદય** વડે જો અરિહંતને રેં અસકી થાસ્યેં અતીવ રેં. પં.
પડસ્યેં નહિ જે મોહના પાસમાં રે મુગતિ જાસ્યેં તે જીવ રેં.
પં. ૧૧

—ઇતિ શ્રી ચેત આસકી સજઝાય સમાપ્તાં.

(૧) લિખિતં મુ. રંગસૌભાગ્યેન લિપિકૃતં સં.૧૮૧૦ના ફાગુણ સુદિ બીજ સોમવારે શુભં ભવતુ કલ્યાણમસ્તુ શ્રી **પાલ્હ**ણપુરે શ્રી **પાલ્હ**-વિહાર પાર્શ્વ પ્રસાદાત્. પ.સં.૧૧-૧૨(૧૪), પ.ક્ર.૪થી ૫, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૬.૨૭૭/૨૫૩૭.

**૨ ચાર કષાય ચરિત્ર વિનતી** ૧૫ કડી

**આદિ** – પ્રભો પાય પૂજી પવિત્રેય હોઈ
નમૂં નિમ્મલ ભાવિહિ સામિ જોઈ
ઘણા કાલનૂં ખામિ મઈ આજ દીઠુ
મઝ લાગઉં ચિંતિઉ અમીય મીઠુ. ૧

**અંત** – અઈ નિમ્મલ ભાવિહિ બુદ્ધિ સ્વભાવિહિ **ઉદય** મજઝઇ જિનસાર તૂંય,
વલીવલી થૂણીઇ ઘણું કિસિઉં ભણીઇ આવાગણ નિવારિ મૂય. ૧૫

—ઇતિ ચ્યારિ કષાય ચરિત્ર વીનતી સ.

(૧) પ.સં.૪૧૩, પ.ક્ર.૩થી ૪, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૨૪૨/૧૬૬૮.

[જૈહાપ્રોસ્ટા પૃ.૨૧૨, ૨૬૦-૬૧, ૨૯૪ તથા ૪૨૧. માત્ર 'ઉદય' નામછાપ ધરાવતી કૃતિઓ આ ઉદયરત્નની જ હોવાનું નિશ્ચિતપણે ન કહી શકાય, પણ નિશ્ચિતપણે ઉદયરત્નની કૃતિની સાથે એ જ પોથીમાં મળતી કૃતિઓ એની હોવાની સંભાવના ગણાય.]

## ૧૦૭૦. (બ્રહ્મ) જ્ઞાનસાગર-જ્ઞાનસમુદ્ર (દિ. કાષ્ઠાસંઘ-શ્રીભૂષણશિ.)

[જુઓ આ પૂર્વે પૃ.૧૭૯.]

**(૪૨૩૨) નિસલ્યાષ્ટમી વ્રતકથા** ૬૪ કડી

**આદિ** – શ્રી ગણેશાય નમઃ અથ નિસલ્યાષ્ટમી વ્રતકથા લિખ્યતે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ નમૂ શ્રી **નેમકુમાર સારદ** ગણધર પ્રણમૂ સાર
સહગુરુપદ વંદૂ હિતકાર સકલ સાધુ વંદૌ હિતકાર. ૧
કથા નિસલ્યાષ્ટમ મનચંગ સુનજ્યો ભવિક કહૂ મનરંગ
**વીર** જિનેંદ્ર કથા ઉચ્ચરે **શ્રેણુક** નરપતિ શ્રવન હિ ધરે. ૨

**અંત** – **કાષ્ટાસંઘ** કુલાં વરચંદ **શ્રીભૂષણ** ગુરુ પરમાનંદ
તસ પદપંકજ-મધુકરતાર **ગ્યાનસમુદ્ર** કથા કહૈ સાર. ૬૪
—ઇતિ નિસલ્યાષ્ટમી વ્રતકથા સમાપ્તાઃ.

(૧) પ.સં.૧૦–૨૪, પ.ક્ર.૧થી ૪, ઇંડિયા ઓફિસ લાયબ્રેરી નં.સં-૧૫૯૬સી.

**(૪૨૩૩) શ્રવણદ્વાદશી કથા**

**આદિ** – અથ શ્રવણ દ્વાદશી કથા લિખ્યતે.
પ્રથમ નમું શ્રી જિનવરપાય પ્રણમું ગણધર **સારદ** માય સહગુરુ-પદપંકજ મન ધરું સાર કથા બારસની કરું.

**અંત** – નવીન ચ્યાર પ્રતિમા કીજિયે કલસ છત્ર ઘંટા દીજિયે ચંદે પક ચા...

(૧) જુઓ આ પૂર્વેની કૃતિને અંતે, પ.ક્ર.૯થી ૧૦.
[કૅટલૉગગુરા પૃ.૭૩–૭૪.]

**૧૦૭૨. દીપચંદ** (ગુજરાતી લોંકાગચ્છ ધર્મસિંહ–વર્ધમાનશિષ્ય)
[જુઓ આ પૂર્વે પૃ.૧૮૪.]

**(૪૨૩૪) પુણ્યસેન ચોપાઈ** ર.સં.૧૭૭૬ ભા.શુ.૧૦ ગુરુ

**આદિ** – શ્રી ગણેશાય નમઃ.
કારણ શિવ સંપતિ કરણ, તારણ ભવદધિ તીર,
વિઘનાવિદારણ વંદીયૈ, વિસ્તારણ બૂધિ વીર. ૧
ચંઇ વલિ જિનવરવયણ, તિકરણ સૂધ ત્રિકાલ,
દાન તણા ફલ દાખિસૂ રિ, ચિસ્યૂ ચરિત રસાલ. ૨
દોલિત વાધૈ દાંનથી, દાંનૈ દાલિય દૂર,
દાનૈ સૂખ સંપતિ દસા, પ્રગટૈ જગિ જસપૂર. ૩

**અંત** – સંવત **સતરે** વરસ **છિહતર** ભાદ્રવ માસ સજલતરૂ,
સૂદિ દશમી તીથ વાર સૂરાંગર શ્રી સીધયોગ સૂહકરૂ. ૮

*

તખતઇ તેહનેં વખતેં તાજૈ ગુણભરીયૌ નિત ગાજેજી,
રવિ જિમ **ધર્મસિંહ** ગુર રાજૈ વસૂ જસ સહિત વિરાજેજી. ૧૦પૂ.
સાખા તામ તણી સિરદાર પાટિ ભગત પરિવારજી,
શ્રી ગૂર **વૂધમાન** સૂખકાર સિષ્ય તેહના સૂવિચારજી. ૧૧ પૂ.
સૂન્યો ચરિત જિમ સૂગર સમીપૈ દાખવીયો મૂનિ **દીપૈ**જી,
જે ભણતાં સૂણતાં જસ જીપૈ, છિનભરિ પાય ન છીપૈજી. ૧૨ પૂ.
ભવિક જિકો એ ચોપી ભણસ્યૈ, સાચેવિત સાભલસ્યૈજી,
દુખદોહગ ત્યા દૂરૈ ટલસ્યૈ સકલ મનોરથ ફલસ્યૈજી. ૧૩ પૂ.

(૧) ઇતિ શ્રી પૂન્યસેણ ચૌપઇ સંપૂરણ લિખતં **પાનો**શ્રી માહાસતીજી ચલી સંમત ૧૬ઠારસ. પ.સં.૨૬-૧૩, ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં.૨ા-૨. [મુપુગૂહસૂચી.]

[કૅટલૉગગુરા પૃ.૧૪૮-૪૯.]

## ૧૨૦૩. લાભકુશલ

**(૪૨૩૫) સ્થુલભદ્ર ચોપાઈ** ૨.સં.૧૭૫૮ ચૈ.વ.૧૦ ગુરુ આમેટમાં

**આદિ** – અથ શ્રી થુલભદ્રની ચઉપી લિખતે. દુહા ૧૦
જયજયકરણ જિણેસરૂ **ત્રિસલાનંદન વીર**
**વર્દ્ધમાન** શાસનધણી પ્રણમું સાહસધીર. ૧

**અંત** – **વીર** પરંપર પાટઇ આયો **તપ**ગચ્છ કેરો રાય રે
**સુમતિસાધુ**સૂરિ ભટ્ટારક પ્રણમઇ સુર જસ પાય રે. ૨ ઇણ.

*

કવિયણ માહેં મુકુટ કહીજઇ શ્રી **વૃદ્ધિકુશલ** દીવ સીસો રે
મુઝ ભાગી કરિ મઝનઇ મિલીયા એ ગુરુ વીસવાવીસો રે. ૯ ઇણ.
તાસ સીસ ઇમ **લાભકુશલ** કવિએ રાસ રચ્યઉ કવિ કાજઇ રે
તેહ તણા વલી વડ ગુરુભાઈ **રાજકુશલ** કવિ રાજઇ રે. ૧૦ ઇણ.
ગચ્છનાયક ગુરુ કહીયઇ ગિરુઅઉ **વિજયપ્રભ** સુરન્દો રે
તસ પટોધર ગણધર જેહવો **વિજયરત્ન** મુનિન્દો રે. ૧૧ ઇણ.
તેહ તણી આજ્ઞાએ આવી સહર **આમેટ** ચોમાંસ રે
શ્રી **શંખેસર પાસ** પસાયઇ કીધો એ તિહાં રાસ રે. ૧૨ ઇણ.
સંવત **સતર આટ્ઠાવન** વરસઇ પખ ક્રિષ્ણ ચઇત્ર માસ રે
વાર બૃહસ્પતિ દશમી દિવસઇ પૂરણ હૂઓ તિહાં રાસ રે. ૧૩ ઇણ.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

—ઇતિ શ્રી સીલઅધિકાર થુલભદ્ર કોસ્યા નાયકા ચતુપ્પદી સંપૂર્ણં સમાપ્તં. શ્રી.

(૧) સં.૧૮૨૮ વર્ષે શાકે ૧૬૭૪ પ્રવર્ત્તમાંને માહા મંગલીક સરદઋતૌ માસોત્તમ માસે આસોજ માસે કૃષ્ણપક્ષે ૪ ચોથા તિથૌ રવિસૂતવાસરે ચતુથ પહરે પ્રથમ ઘટિકાયાં તત્સમએ અમૃતવેલાયાં સંપૂર્ણ. પં. શ્રી શ્રી શ્રી **શાંતિહર્ષજી** સુશિક્ષ પં. શ્રી ૧૦૮ શ્રી **સિદ્ધહર્ષજી** તત્સિક્ષ પં. શ્રી ૧૦૮ શ્રી **દોલતહર્ષજી** તસ્ય સિક્ષ પં. **મયાહર્ષ** તસ્ય છાત્ર સુસિક્ષ ગણી **રૂપહર્ષ** લિખતં શ્રી **પ્રતાપસિંઘજી** ગ્રામ **ગુડા** મદ્ધે વાસ્તવ્યં સંવત ૧૮૧૯ વર્ષે શિંગીબધ આલઉ કરાવતાં તત્ર આલા મદ્ધે અનાર વૃક્ષે છાયાયાં તાક અગ્રે લિખતં સંપૂરણં. પ.સં.૨૩-૧૭, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૧૨૭/૨૦૩૪.

[જૈહાપ્રોસ્ટા પૃ.૧૧૧૩-૧૪. પુષ્પિકામાં સં.૧૮૨૮ પછી ૧૮૧૯ કેમ આવે છે તે સમજાતું નથી. સં.૧૮૨૮ને રચનાવર્ષ તો ગણી શકાય તેમ નથી જ, કેમકે ર.સં.૧૭૫૮ સ્પષ્ટ મળે છે.]

## ૧૦૮૪. દેવવિજય (ત. વિજયરત્નશિ.)

[જુઓ આ પૂર્વે પૃ.૨૦૮.]

**(૪૨૩૬) આત્મશિક્ષા સ્વાધ્યાય** ૭ કડી

**આદિ –** સંભવ જિનવર વીનતી એ દેશી.

જીવન ચેતન ચેતીઇ પાંમીનેં નરભવસાર રેં
સાર સંસારમાં લહિ કરી ચલી લહિ ધર્મ ઉદાર રેં, જીવન. ૧

**અંત –** શ્રી **વિજયરત્ન** સૂરીસ્વરૂ **દેવવિજય** ચિત ધાર રે
ધર્મથી શિવસુખ સંપજેં જિમ લહો સૂખ અપાર રેં
જીવન ચેતન ચેતીઇં. ૭

—ઇતિ આત્મશિષ્યા સ્વાધ્યાયઃ.

(૧) લપીકૃતં **દાંતવિજય**. પ.સં.૫-૧૩(૧૪), પ.ક્ર.૫, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૬.૧૦૨/૨૪૬૩.

[જૈહાપ્રોસ્ટા પૃ.૪૦૯.]

## ૧૨૦૪. સિંહવિમલ

**(૪૨૩૭) અનાથી ઋષિ સ્વાધ્યાય** ૧૯ કડી લ.સં.૧૭૬૦ પહેલાં

**આદિ – મગધ** દેશનો રાજરાજેસર હય-ગજ-રથ-પરવરિઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રેણિક ચેલણા**દેવી વાલેસર રય વાડી સંચરીઓ કે. રાજન. ૧

**અંત – અનાથી** ઋષિ ચરિત્ર પાલી કીધી શિવપુરવાસ

**સીહવિમલ** કર યોડી બોલેં છોડવજ્યો ગર્ભવાસ કે. રાજન.૧૯

ઋષિરાય પંચમહાવ્રતધારી.

—ઇતિ શ્રી અનાથીઋષિસ્વાધ્યાય સંપૂર્ણ.

(૧) લિખિતં સં.૧૭૬૦ વર્ષે ચૈત્ર વદિ ૨ દિને શ્રીમ. પ.સં.૧–૧૩, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૨૪૮/૧૬૭૯. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૩).]

[જૈહાપ્રોસ્ટા પૃ.૪૯૨–૯૩.]

## ૧૨૦૫. અજ્ઞાત

**(૪૨૩૮) + શાંતિજિન સ્તવન** ૨ કડી લ.સં.૧૭૬૨ પહેલાં

રાગ ગોડી

જઈ જઈ આરતિ **સાંતિ** તમારી ચરણકમલકી મઇ જ્યાઉં બલીહારી. જઈ.

**વિશ્વસેન અચરા**જીકો નંદો **સાંતિનાથ** મુખ પુન્યમચંદો. જઈ. ૧

ચાલીસ ધનુષ સોવનમેં કાયા મૃગલંછ પ્રભુ પાયે સોહાયા. જઈ.

ચક્રવૃત્તિ પંચમા સોહેં સોલમા જિનવર સુરમન મોહેં. જઈજઈ.

કર જોડી સેવક ગુણ ગાવેં ધન નરનારી પ્રભુ મુગતિ પાવેં

જઈજઈ આરતિ સાંતિ તમારી. ૨

—ઇતિ શાંતિજિનસ્તવન. આરતિ.

(૧) સં.૧૭૬૨ વર્ષે આસો વદિ ૫ બુદ્ધે લિખિતં શ્રી **સ્તં**ભતીર્થે પં. શ્રી ૫ શ્રી રત્નહંસગણિ શિષ્ય પં. શ્રી **રાજહંસેન** સ્વયં વાચનાર્થં. શિષ્ય ગણિ **ત**ત્ત્વહંસ ગુરુભ્રાતા ગણિ ઉત્તમહંસ. પ.સં.૧૦–૧૭, પ.ક્ર. ૧૦, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૫.૧૯૨/૨૨૩૩.

[જૈહાપ્રોસ્ટા પૃ.૨૬૩.]

## ૧૧૨૫. ઋષભદાસ (કલ્યાણશિષ્ય)

[જુઓ આ પૂર્વે પૃ.૨૮૮.]

**(૪૨૩૯) [શ્રાવકનામ વર્ણન]** ૧૫ કડી ર.સં.૧૭૮૫ ચોમાસું ગગડાણમાં

**આદિ** – ધ્યાન વિનય વિઉસગ ધરૌ એ દેસી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રણમી જિનવર વીરજી રે સમરી ગુરુ કલ્યાણ
શ્રાવકશ્રાવિકા ગુણ ભણૂ રે સુત્ત તણા પરિમાણ રે. ૧
સુંદર સાંભલૌ શ્રાવક નામ જિમ થાયૈ રૂડા કામ રે
સુંદર સાંભલૌ શ્રાવકનામ એ આંકણી.
શંખસતક ધોરી કહ્યા રે સાસનિ **વીરનૈં** એહ
**સુલસા રેવતી** તિમ વડી રે દાખ્યા કલપૈ જેહ રે. ૨ સુંદ.

**અંત –** **નંદ** શ્રાવક મહાવ્રત રે શાસન **નેમિ** મુનીંદ
**શ્રેયાંસ સુભદ્રા** જસ લીયઉ રે **ઋષભદેવ** જિનેંદા રે. ૧૪ સું. સાં.
સંવત **સતર પચ્યાસીય** રે **ગગડાણુ**ઇ ચઉમાસ
ગુણગરુઆ શ્રી શ્રાવક સહુ રે ઇમ કહ **ઋષભદાસ** રે. ૧૫
સુંદર સાંભલૌ શ્રાવકનામ.

(૧) સં.૧૮૧૧ મીતી કાતિ સુદિ ૧૪ લિ. (પછીથીઃ કાતી સુ.૧૫ લીખી) પૂજ શ્રી **જમલજી**ત તસિ [જેમલજી તસ સિષ્ય ?] **તેજા ગગડાંણે** મધે. પ.સં.૫–૧૮(૨૩), પ્રથમ પત્ર નથી, પ.ક્ર.૫, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૫. ૧૮૨/૨૨૨૩.

**(૪૨૪૦) [વીરજિન સ્તવન]** ૧૭ કડી

**આદિ–** ઉદયો પૃથિવી ઉપરૈ **વીર** જિનેસર ભાણ
આરી જાઉં પ્રગટયૌ પુન્ય પ્રજા તણો જાણ
ઇસ હીય સુ જાણ
આરી જાઉં સ્વામીરો દર્શન ભલો. એ આંકણી. ૧
ઊગી સૂરિજ દિન કરૈ રમંતી આવૈ રાતી, આરી.
કેવલ એક અનોપમ તોરો લોકવિખ્યાત. ૨ આ. સ્વામી.

**અંત –** દેજ્યો સેવા દયા કરી મુઝ મન મોટી આસ, આ.
તારક તૂં પ્રભુ માહરો એ જાણો અરદાસ. ૧૬ આ. સ્વા.
સુખકારી સદગુરુ ભલો નામૈ શ્રી **કલ્યાણ**, આ.
**ઋષભદાસ** ઇ પરિ કહ સમરણ હોય સુજાણ. ૧૭ આ. સ્વા.
—સમત્તં.

(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૫.

[જૈહાપ્રોસ્ટા પૃ.૩૨૦ તથા ૪૧૨–૧૩. ત્યાં આને કવિ ઋષભદાસ શ્રાવક (નં.૬૩૨ ભા.૩ પૃ.૨૩) માનેલા, પણ આ ગગડાણમાં ચોમાસું કરનાર સાધુકવિ છે, એનો સમય પણ એક સૈકો પાછળ છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૨૦૬. જિનભક્તિસૂરિ

જીવનકાળ સં.૧૭૭૦–૧૮૦૪. [સૂરિપદ સં.૧૭૮૦.]

**(૪૨૪૧) [+] આદિનાથ સ્તવન** ૧૧ કડી

**આદિ –** સુણિ સુણિ **સેત્રુંજ**ગિરિ-સાંમી જગજીવન અંતરજાંમી,
હું તો અરજ કરું સિર નાંમી કૃપાનિધિ વીનતી અવધારો. ૧

**અંત –** જયકારી **ઋષભ** જિણંદા પહ સ ધમર પરમ આનંદા,
વંદે શ્રી **જિનભક્તિ** સુરિન્દ્રા. ૧૧ કૃ.
—ઇતિ શ્રી આદિનાથ સ્તવનં.

(૧) સ્તવનસંગ્રહ, પ.સં.૩૫–૧૨, પ.ક્ર.૩૦, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૪.૪૨૦/૨૧૧૪.

[પ્રકાશિત : ૧. અભયરત્નસાર.]

**(૪૨૪૨) [હોરી]**

**આદિ –** રાગ વસંત.
માઇ રંગ ભરી ખેલઇ ગેહ માલ
હમ મીતિ મિલઇ **અશ્વસેન**-લાલ. મા. ૧

**અંત –** અઇસઇ **પારસ** પ્રભુજી અંગણ આય
**જિનભક્તિ** રમઇ જિનવર સુહાય. મા. ૫

(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૭.

[જૈહાપ્રોસ્ટા પૃ.૨૪૯ તથા ૪૫૫.]

## ૧૨૦૭. જયસાગર

**(૪૨૪૩) ચોવીસ જિન સ્તવન** ૧૫ કડી

**આદિ –** પહિલઉં પણમું **આદિ** જિણંદ જિણિ દીઠઇ મનિ પરમાણંદ
પૂજઉં **અજિતનાથ** જિનરાય ઝલહલત કંચણમય કાય. ૧

**અંત –** ચંદન કેસર નઇ કપ્પૂરીઇ જો જિન પૂજઇ ન(વ)રસપૂરઇ
સો નર વર ચિંતામણિ તોલઇ ભગતિઇં શ્રી **જયસાગર** બોલઇ. ૧૫
—ઇતિ શ્રી ચઉવિસજિનસ્તવનં.

(૧) પ.ક્ર.૧૫થી ૩૧, પં.૧૫, તેમાં પ.ક્ર.૧૯, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૨૦૮/૧૯૪૫.

[જૈહાપ્રોસ્ટા પૃ.૨૩૭. નિર્દિષ્ટ પ્રતમાં અન્ય ઘણી કૃતિઓ સં.૧૫મી સદી સુધીની છે, તેથી આ કવિ નં.૬૭ (ભા.૧ પૃ.૫૯)ના જયસાગર હોવાની સંભાવના છે. કદાચ ત્યાં નોંધાયેલ ૧૪ કડીની ‘૨૪ જિન સ્તોત્ર’

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જ આ કૃતિ હોય. જોકે અહીં ભાષા એટલી પ્રાચીન જણાતી નથી ને કવિ પોતાને ઉપાધ્યાય તરીકે ઓળખાવતા નથી.]

## ૧૨૦૮. હેમસાર

**(૪૨૪૪) પંચ પરમેષ્ઠિ નવકારસાર વેલિ** ૯ કડી

**આદિ–** **સરસતિ** સતિ રતિ બોલડા આવહિ તિમ કરિ માઇ

જિમ ગાવઉં ગુરુણુ વેલડી સામિણિ તુજઝ પસાઇ. ૧

પરમ મંત પરમક્ષર ત્રિભુવનિ મહિમા ગુરુ નવકારુ.

મનિહિ ન મેહલિયઇ.

**અંત –** પરમક્ષર એ પરમગુરુ એ પરમમંત્ર દાતાર

પરમદૈવ તારુણુ તરુણુ આદિઇ અનાદિ અપાર

મનિ તનિ વચનિ જપઉ ભો ભવીયા ઇમ બોલઇ **હેમસાર.** ૯

મનિહિ ન મેહલીઇ.

—ઇતિ શ્રી પંચ પરમેષ્ઠિ નવકારસારવેલિ સમાપ્તા.

(૧) પ.સં.૪–૧૩, પ.ક્ર.૩, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૨૪૨/૧૬૬૮.

**(૪૨૪૫) સપ્ત વ્યસન વેલિ** ૯ કડી

**આદિ–** અરિહંત દેવ સુસાધુ સાવય કુલિ જિણધમ્મ

પામી પુણ્ય પસાઉલઇ હારિમ માનુસજમ્મ. ૧

**અંત –** વસણ ફલાફલુ જાણિ કરિમ કરહુ અનુ મિચ્છતુ

ભવિય હુએ કુ જિ પાલીયઇ

જિનભાષિત સમકિતુ **હેમસાર** ભણઇ એ પરમક્ષર

એ પરમારથતત્વ હિય. ૯

—ઇતિ સપ્તવ્યસનવેલિ સમાપ્તા.

(૧) ઉપરની પ્રતમાં પ.ક્ર.૨.

[જૈહાપ્રોસ્ટા પૃ.૧૯૨–૯૩ તથા ૪૬૪–૬૫.]

## ૧૨૦૯. રામચંદ્ર ચૌધરી

**(૪૨૪૬) ચતુર્વિંશતિ જિન પૂજા**

**આદિ–** અથ ચઉવીસ તીર્થંકરપૂજા લિખ્યતે.

દુહા.

સિદ્ધિ વુદ્ધિદાય કર્મજિત ભરમહરણ ભયભંજન

ચઉવીસૂં જિન ઘઉ મુઝઇ જ્ઞાન નમૂં પદકંજ. ૧

જિન અષ્ટોત્તર નમસ્કાર......

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંત** – **વૃષભ** આદિ ચઉવીસ જિનેસ્વર ધ્યાયહી
અર્ઘ કરઇ ગુણ ગાય તૂર વજાવહી
તે પાવઇ સિવ સર્મ ભક્તિ સુરપતિ કરઇ
રામચન્દ સક તાહી કીર્ત્તિ જગ વિસ્તરે.

—ઇતિ શ્રી પૂર્ણાર્ધં. ઇતિ શ્રી ચતુરવિંશતિપૂજા ચૌધરી રામચંદ-કૃત સંપૂર્ણં.

(૧) પ.સં.૭૫-૧૦, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૬.૨૪૭/૨૫૦૮.

[જૈહાપ્રોસ્ટા પૃ.૧૬૭-૬૮.]

## ૧૨૧૦. પર્વત ધર્માર્થી

**(૪૨૪૭) સમાધિતંત્ર બાલા.**

મૂળ પૂજ્યપાદની મનાતી દિગંબર કૃતિ.

**આદિ** – અર્થ – જિનૈ અનાદિકાલકી મોહનિદ્રકો ઉપસમ (વિ)રમીનઈ આપણુપો આપણુ પાસિ **દેખ્યો** અનઇ આપણુ હુતી બીજો પુદ્ગલ પ્રપંચ તે સર્વ આપણા ગુણુ હુંતી અતિ વિગલો દેખીઈ સો અક્ષય સાસ્વતો બોધ દર્શન જ્ઞાન પ્રકાશરૂપ છઇ.

(૧) ઇતિ શ્રી પર્વત ધર્માર્થીકૃત બાલાબોધ સમાધિ. પ.સં.૧૬૯-૧૦(૧૩), ખંડિત પ્રત, ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૧૩૯૯.

[કૅટલૉગગુરા પૃ.૧૫૩.]

## ૧૨૧૧. ઋદ્ધિહર્ષ

**(૪૨૪૮) નેમિકુમાર ધમાલ** ૫ કડી

**આદિ** – ગઢ **ગિરનારકી** તલહટી ખેલઇ શ્રી **નેમિ**કુમાર
ઇક દિસિ સાયર જલ ભર્યઉ દિસિ દૂજી વર **ગિરનારિ**
વિચિ **સહસાંવન** સોભતઉ તિણુ માંહે ખેલઇ **નેમ**કુમાર. ૧ ગ.

**અંત** – **નેમ** હથીહથ નાં તજઇ સમઝાયઉ જો રે જગનાથ
**રિદ્ધિહરષ** મન હુઈ સુખી વાત સાંભલિ **સિવાદેવી** માત. ૫ ગ.

—ઇતિ નેમકુમારધમાલ.

(૧) સ્તવનસંગ્રહ, પ.સં.૩૫-૧૫, પ.ક્ર.૭, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૪.૪૨૦/૨૧૧૪.

[જૈહાપ્રોસ્ટા પૃ.૨૬૬.]

## ૧૨૧૨. લબ્ધિ

**(૪૨૪૯)** [+] **મનક મહામુનિ સજઝાય** ૧૦ કડી લ.સં.૧૮૧૦ પહેલાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આદિ**– નમો નમો **મનક** મહામુનિ બાલ થકી વ્રત લીધો રે
પ્રેમ પિતા સ્યું પરઠીઓ સ્યું મોહ ન કીધો રે. ૧
**અંત** – **લબ્ધિ** કહે ભવિઅન તમે મ કરો મોહવિકારો રે
તો તમે **મનક** તણી પરે પાંમો સદગતિ યારો રે. ૧૦ નમો.
—ઇતિ શ્રી મનકમહામુનિજી સજ્ઝાય સંપૂર્ણં.

(૧) સં.૧૮૧૦, મુનિ રંગસોભાગ્ય લખિતં **પાલ્હનપુર** મધ્યે શ્રી પાર્શ્વપ્રસાદાત્. પ.સં.૧૧–૧૨(૧૪), પ.ક્ર.૬, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૬.૨૭૭/૨૫૩૭. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૯).]

[પ્રકાશિત : ૧. મોટું સજ્ઝાયમાળા સંગ્રહ તથા અન્યત્ર.]

[જૈહાપ્રોસ્ટા પૃ.૫૩૬.]

## ૧૨૧૩. માણિક્ય

**(૪૨૫૦)** [+] **માંકણ ભાસ** ૮ કડી લ.સં.૧૮૧૦ પહેલાં

**આદિ** – માંકણનો ચટકો દોહિલો
કેહને નવિ લાગે સોહિલો રે માંકણ મુબાલો
એ તો નિલજ ને નહિં કાંન
એહને હીયડે નહિં સાંન રે. માં. ૧
એક હતો પાટ પલંગ માંહિં આવે
ચટકો દેઈ છાંનો જાવે રે. માં. ૨
**અંત** – **માંણિક્ય** મુનિ કહે સુણો સરણા
તુમે જીવની કરજો જયણા રે. માં. ૭
માંકણ **ભરુઅચ્છ** નગરથી આવ્યો
**રાયધનપુર** માંહિં ગવાયો રે. માં. ૮
—ઇતિ શ્રી માંકણભાસઃ.

(૧) સં.૧૮૧૦, મુનિ રંગસૌભાગ્ય લખિતં **પાલ્હનપુર** મધ્યે શ્રી પાર્શ્વ પ્રસાદાત્. પ.સં.૧૧–૧૨(૧૪), પ.ક્ર.૬, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૬.૨૭૭/૨૫૩૭.

[પ્રકાશિત : ૧. સ.મા.ભી.]

[જૈહાપ્રોસ્ટા પૃ.૪૫૫–૫૬.]

## ૧૨૧૪. કાનો

**(૪૨૫૧)** + [**માંકણ ભાસ**] ૨ કડી લ.સં.૧૮૧૦ પહેલાં
માંકણ માઠાં માણસાં એહથી રહીઇ દુરિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર જોડિ કાંનો કહિં વિજઓ નદીપુર. ૧
માંકણ માઠાં માણુસાં ઢાંકયાં ન રહે લિગાર
કર જોડિ કાંનો કહે વદન તણું વિકાર. ૨

(૧) સં.૧૮૧૦, મુનિ રંગસૌભાગ્ય લખિતં પાલ્હનપુર મધ્યે શ્રી પાર્શ્વ પ્રસાદાત. પ.સં.૧૧-૧૨(૧૪), પ.ક્ર.૬, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૬.૨૭૭/૨૫૩૭.

[જૈહાપ્રોસ્ટા પૃ.૪૫૬.]

## ૧૨૧૫. અજ્ઞાત

**(૪૨૫૨ ક) ઇચ્છાપરિમાણ** ૭૪ કડી

**આદિ** – પણમીય **વીર** જિનંદ દેવ સમરીય ગુરુ **ગોઇમ**
પભણિસુ સમકિતમૂલ સાર શ્રાવકવ્રત ઇમ. ૧

**અંત** – એણિઇ ભવિ રે એહ જ નીમ પાલસું
નવિ કરસિઉં રે ધ્યાન ઘણાં આરંભનું
એક વરસનું રે બીજઇ વરસિં હૂં કરૂં
તિમ માસિં રે દિવસિં એ વિધિ મનિ ધરૂં. ૭૪

—ઇતિ ઇચ્છાપરિમાણં સંપૂર્ણું.

(૧) બાઈ હરખાઈ પઠનાર્થં. પ.સં.૪-૧૧, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૨૨૪/૧૭૦૬.

**(૪૨૫૨ ખ) પ્રકીર્ણ પદ્ય**

**આદિ** – રાઈ મીંચૂ મણ પંચ સહી ખારૂં સાલણૂં મણ પંચ રે
તિલ તે મઝનિ સહી ચુરી નિશ્રાં તે હોઇ રે. ૧ સાં.

(૧) ઉપરની પ્રતમાં અંતે.

[જૈહાપ્રોસ્ટા પૃ.૧૩૮ તથા ૧૪૪.]

## ૧૨૧૬. અજ્ઞાત

**(૪૨૫૩) [વ્રતપાલન વિશે]** ૨૩ કડી

**આદિ** – ઢાલ સફલ સંસારની એ.
ધન સાસન **વીર** જિનવર તણઉ
જાસ પરસાદ ઉપગાર થાયઇ ઘણઉ
સૂત્ર સિદ્ધાંત ગુરુમુખ થકી સાંભલી
લહિયા સમકિત્ત નઇ વિરતિ લહીયઇ વલી. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંત** – પરિગ્રહવિરમણ દોષપ્રસંગ લીજઇ ગુણવ્રત માંહે ભંગ
ચ્યાર શિખ્યાવ્રત અતિચારે આંબિલ ત્રિણ પ્રત્યઇકઇ ધારે. ૨૩
તિહાં જો રાગદોષ જણાય ક્રિયા નઇ ફ...

(૧) સ્તવનસંગ્રહ, પ.સં.૩૫-૧૫, વચ્ચે પત્રો નથી, પ.ક્ર.૧ પછી અપૂર્ણ, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૪.૪૨૦/૨૧૧૪.

**(૪૨૫૪) રાજુલ ગીત**

તોરણ આયા **નેમ**જી પસૂઆં કરી પુકાર
રથ ફેરી પાછા વલ્યા હો પરહરિ **રાજુલ**નારિ
બહિની પજાઇ મનાવઉ **જાદિવ**ઉ અરજ કરું કર જોડિ, બહિ. ટેક

(૧) સ્તવનસંગ્રહ, પ.સં.૩૫-૧૫, પ.ક્ર.૧૦, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૪.૪૨૦/૨૧૧૪.

[જૈહાપ્રોસ્ટા પૃ.૨૬૫ તથા ૪૩૦-૩૧.]

## ૧૨૧૭. અજ્ઞાત

**(૪૨૫૫) જીરાઉલા દેવ વિનતિ ૧૦ કડી**

**અંત** – (પ્ર)ભુ તૂં જિ ધ્યાઈ તે ઊતરી સંકટ પારિ જાઇ. ૭
જે દ્રવ્યહીણા મુખિ દીન ભાખઇ જે દેહખીણા દિનરાત્રિ ખાસૈં
જે આગિ નૈં માગિ પડચાં જિ ધ્યાઇ તે ઊતરી સંકટ પારિ જાઇ. ૮
જે રાજવિગ્રહિ પડચા ન છુડઇ ફિરીફિરી ફારક દેહ કુટૈં
જે લોહિ બાધા પ્રભુ તૂં જિ ધ્યાઇ તે ઊતરી સંકટ પારિ જાઈ. ૯
તું **પાસ** આસ્યા અમ્હા એક પૂરિ દુઃકર્મનાં દુઃખ સમગ્ર ચૂરિ
સત્કર્મની સંપતિ એક આપૌ કૃપા કરી સેવક મઝ થાપૌ. ૧૦
—ઇતિ શ્રી જીરાઉલાદેવવીનતી સમાપ્તાઃ.

(૧) ખંડિત પ્રત, પ.ક્ર.૨૭થી ૩૪ પં.૧૫, તેમાં પત્ર ૨૭ પર, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૫.૨૪૪/૨૨૭૫.

[જૈહાપ્રોસ્ટા પૃ.૨૯૨.]

## ૧૨૧૮. અજ્ઞાત

**(૪૨૫૬) ચોવીસ તીર્થંકર ભાસ**

**આદિ** – રાગ ધન્યાસી.

**સરસતિ** ગજગતિ કાઇં દિઉ મઝ નિરમલ મતિ
ભગવતિ ગાઉં ગુણ શ્રી જિન તણાં એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે નર નારીઅ અલસ અંગિ નિવારીઅ ભગતિ કરેસિ એકમનાં
એ. ૧

**અંત** – ઈમ સેવક ગુણુ ગાઇ [સુ]ણુ બંધવ સજન સાહુ ઇ
એકમનાં તુઝ ધ્યાઇ લહીઇ સુખ સંપતિ બહુ એ. ૪
—ઇતિ ચઉવીસ તીર્થંકર ભાસ સમાપ્ત.

(૧) પ.સં.૮-૧૧, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૫.૨૫૨/૨૨૮૦. [મુપુગૂહ-સૂચી – સેવકને નામે.]

[જૈહાપ્રોસ્ટા પૃ.૨૩૭-૩૮.]

## ૧૨૧૯. અજ્ઞાત

### (૪૨૫૭) સુભાષિત

સંસ્કૃત તથા ગુજરાતી.

**આદિ** – સુભાષિતં ઇદં.
મલિનં પરવસ્ત્રં ચ સ્ત્રીવસ્ત્રં હિ તથૈવ ચ
ખંડં ચ મૂખૈર્વિદ્ધમ્ અગ્નિદગ્ધં ચ વર્જયેત. ૧

*

મુખ દેખઇકી પ્રીતિ સો તો સવ કોઈ કરે
વિકુણિ ન્યાર મીતિ વિછુરે નઇ દૂની ધરે. ૧

**અંત** – ઇહામુત્ર ચ જંતૂનાં ઉન્નત્યઇ પૂજ્ય પૂજનં
તાપં તત્રાનુબધ્નાતિ પૂજ્ય-પૂજ્ય-વ્યતિક્રમઃ. ૧
આસાં સંપતિ અખઇ ધનરિદ્ધિ ન કયું જીવંત
ચોરી પીંડા દેવીકણુઇં હિરએ પાંમાલ ચરંત. ૧

(૧) છૂટાં પત્રો, પ.ક્ર.૧૨, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૭.૧૨૬/૨૬૦૬ઃ
[જૈહાપ્રોસ્ટા પૃ.૪૭૯.]

## ૧૨૨૦. અજ્ઞાત

### (૪૨૫૮) કૃષ્ણુ વિવાહલો

**આદિ** – પ્રથમ જિણેસર પણમું સુખકર સુભમતિ જોડિ
**કાહ્નડ** આલ પ્રકાસસું મતિ કોઇ લાવઇ ખોડિ. ૧
**મિથુલા** નયરી ઊપનૌં **કંસાસુરનો** કાલો
**દેવકી** નેં **જસોદા** ઊભી ઊભી સરવરપાલો. ૨

**અંત** – **કિસન** ભણુઇ સુણિ **રુખમણી** તું તો નિલજ નારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યો ન કીધો કેહનો મન જોઇ વિચાર. ૨૪
મુરછા આવી ધરણી ઢલી સહીયર ઢોલઇ વાય
કર પહ **કિસન** બઇઠી કર હાર મોતીનૌ રાય. ૨૫
**નેમ** વંદણ **રુખમણ** ગઈ મન ધર્યો વઇરાગ
પંચ મહાવ્રત આદર્યાં સીધો મુગતિનો માગ. ૨૬
—ઇતિ શ્રી કૃષ્ણજીરો વિવાહલો સંપૂર્ણ.
(૧) પ.સં.૬-૧૪, મુ.સ્ટે.લા. નં.૧૮૯૭.૧૯૧/૨૬૬૮.
[જૈહાપ્રોસ્ટા પૃ.૯૯૪-૯૫.]

## ૧૨૨૧. અજ્ઞાત

### (૪૨૫૯) તાપસ ખંધાની સઝાય

**આદિ** – શ્રી જિનધર્મ લહ તેહ પ્રાણી જેહ ઇકરિ ષરિ ષોજિ
**ષંધાની** પરિ નિરહંકારી જ્ઞાન તણી લહઇ સોઝિ રે. ૧
પરિણિત પ્રાણી જ્ઞાન અભ્યસો
માન તજી નઇ જ્ઞાની ગુરૂનો સેવો પાસો રે. ૨ પરિણિ. આંચલી
**સવત્થી** નગરીઇ તાપસ **ખંધો** નામિ મહંત
વેદ ચઉ[નઉ] પાઠક પૂરો પંડિત પ્રવર કહંત રે. ૩ પરિ.

(૧) પહેલી નવ કડીઓ, પ.સં.૧-૧૩, ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૩૬૧૪ઓ.

[કૅટલૉગગુરા પૃ.૫૩. એ જ પ્રતમાં પહેલાં નં.૯૪૭ શાંતિવિજય-શિષ્ય માનવિજયની કૃતિ (પૃ.૪૦૩) હોવાથી આ પણ એમની રચના હોવાનો સંભવ છે.]

## ૧૨૨૨. અજ્ઞાત

### (૪૨૬૦) સાધુવંદના અથવા સાધુગુણ અથવા અણગારગુણ ૧૫ કડી

**આદિ** – શ્રી જિણવર સવિ કરી પ્રણામું શ્રવગનિ પુત્ર તણા લિઉં નામુ
અનેકિ ભવદુઃખ આણઇ અંત તે ભાવેહિં વંદઉ ભગવંત. ૧
મોખ્ખા તણી જે સાધન કરઇ સતર ભેદ સંજમ આદરઇ
પાંચ સુમતિ તિનિ ગુપતિ દયાલ ઇસા સાધુ વંદઉ ત્રિકાલ. ૨
**અંત** – ચઉદહ નામ ગુણ બોલ્યા સારુ ગુણ અનંત વિલાભઇ પારુ,
તરણ તારણ સદા સમરથ સેવકનઇ દેજો પરમથુ. ૧૫
—ઇતિ અણગારગુણ સમાપતં.
(૧) લિખતં ઋષિ કૃસના પઠનાર્થં શ્રાવકાનત્થો. પ.સં.૧-૧૧,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૩૬૧૪ઈ. (૨) લિખતં ઋષિ મેઘન વાચનાર્થં શ્રાવકા સમરાઇ યોગ્ય. પ.સં.૧-૧૧, ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૩૬૧૪જે.

[કેટલૉગગુરા પૃ.૬૧-૬૨.]

## ૧૨૨૩. અજ્ઞાત

### (૪૨૬૧) ત્રિષષ્ટિ સલાકા સ્તવન

**આદિ** – વંદિય જિણ ચઉવીસ એ ચક્કી વર વાર જગીસ એ
નવ નવ **વસુ બલદેવ** એ પડિસત્રૂ નવ બલિ હેવ એ. ૧
આદિ હિ **આદિ** જિણંદ એ ચક્કીસર **ભરહ** નરિંદ એ
અનજિત **અજિત** જિણેસુ એ સાગર બલિ ચક્કિ નરેસુ એ. ૨

**અંત** – માતા તણાઇ વિશેષિ એ જિનનામ ઠવ્યા સંખેપિ એ
ટીકા ઘણઉ વિત્થાર એ ત્રિહુકા(લ ભણ્યં વિચારિ એ)

(૧) અપૂર્ણ, પ.સં.૧-૧૧, ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૩૬૧૪ એલ.

[કેટલૉગગુરા પૃ.૬૨-૬૩.]

## ૧૨૨૪. અજ્ઞાત

### (૪૨૬૨) મહાવીર સ્તવન ૧૬ કડી

**આદિ** – અવતર્યા શ્રી **સિદ્ધારથ** કુલે માત **તિસલા** તણી કુખિ રે
માસ આસોજ રલિયામણો તેરસી સાવલી પખિ રે
શ્રી **મહાવીર** જિણ વંદીએ. ૧
છિદીએ ભવદુઃખપાસ રે
ભાવ મનિ સુદ્ધ આરાધીએ દેય સુખ અવિચલ વાસ રે. શ્રી. ૨
ચેયત્ત સુદિ તેરસી જન્મીયો ત્રિભુવન થયો આનંદ રે
ભક્તિધર મેરુગિરિ લે ગયો તિહ મિલ્યા ચઉસટ્ઠિ ઇંદ રે. શ્રી. ૩

**અંત** – નગર અપાપા થાપીયા ઇગ્યારહ ગણધર રે
ચઉદ સહસ મુનિવર હુવા ચરણ કરણ ગુણધારો રે. ૧૬

(૧) પ.સં.૧-૧૧, ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૩૬૧૪પી.

[કેટલૉગગુરા પૃ.૫૯.]

## ૧૨૨૫. અજ્ઞાત

### (૪૨૬૩) સાધુવંદના લ.સં.૧૮૧૧ પહેલાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આદિ** – (આદિપત્ર નથી)

*

...મુનિવર એહ ભાખ્યા સંજતિ
શ્રી **ઋષભ** નૈ વલી **અજિત** અતર હિવ સુણૌ કહું સુભમતી
પંચાસ લાખ એ કોડિ સાગર તિહાં અસંખ કેવલી
જે થયા પ્રણમું તેહ મુનિવર અસુભ દુરમતિ નિરદલી. ૩

**અંત** – કલસ.

ચઉવીસ જિનવર પરથમ ગણધર ચક્રી હલધર જે હૂઆ
સંસારતારક કેવલી વલી શ્રમણશ્રમણી સંજૂઆ
સંવેગ શ્રુતધર સાધુ સુખકર આગમ જે સુણ્યા. ૧૩

—ઇતિ શ્રી આગમોક્ત સાધુવંદના સંપૂર્ણં.

(૧) સં.૧૮૧૧ મીતી કાતિ સુદિ ૧૪ લિ. (પછીથી : કાતી સુ ૧૫ લીખી) પૂજ શ્રી **જમલજીત** તસિ [**જેમલજી** તસ સિષ્ય ?] **તેજા ગગડાંણે** મધે. પ.સં.૫–૧૮(૨૩), પ્રથમ પત્ર નથી, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૫.૧૮૨/૨૨૨૩.

[જૈહાપ્રોસ્ટા પૃ.૩૧૬–૧૭.]

## ૧૨૨૯. અજ્ઞાત

**(૪૨૬૪) જિનપ્રતિમાસ્થાપના** લ.સં.૧૮૫૮ પહેલાં

પ્રાકૃત ગાથાઓ સાથે.

**આદિ** – ગાથા સિદ્ધાંત માંહિ :

અરિહં દેવો ગુરુણો સુસાહુણો જિણમયં મહપમાણં
ઉચ્ચ-આઇ-સુહો ભાવો સંમત્તં બિંતિ જગગુરુણો. ૧
વિહરંતા કહીયઇ અરિહંત સિદ્ધિ પહુતા સિદ્ધિ અનંત
ચેઇ જે પ્રતિમા શ્રુતિ કહી એહ વાત જાણેવી સહી. ૨
પ્રવચન જિનભાષિત સિદ્ધાંત આચારિજ આચારિહિ જુત્ત
સર્વ સાધુ ચરિત્ત પવિત્ત એહ તિ ભગતિ કરઉ ઇકચિત્ત. ૩
ગાથા શ્રી ભત્તપયન્ના માંહિ :
અરિહંત સિદ્ધ ચૈય...ભાવેણ. ૪

**અંત** – ગાથા શ્રી કર્મગ્રંથે :

જિનપૂયા-વિગ્ઘકરો હિંસાઇ પરાયણો ય મિચ્છત્તિ
દંસણ મોહં બંધઇ જિણમુણિ ચૈસુ પડિણીઓ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

—ઇતિ જિનપ્રતિમાસ્થાપના.

(૧) સં.૧૮૫૮ વર્ષે માર્ગશીર્ષ કૃષ્ણ ચતુર્થી ચંદ્રે લિખિતં દેવીકોટા ગ્રામે. પ.સં.૧-૧૭(૧૫), પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૫૧૧/૧૭૮૪.

[જૈહાપ્રોસ્ટા પૃ.૧૫૦.]

## ૧૨૨૭. અજ્ઞાત (ગદ્યકૃતિઓ)

### (૪૨૬૫) ષડાવશ્યક

સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી.

(૧) સં.૧૭૧૮ વર્ષે આસુ વદિ ૧૨ દિને ગણિ શ્રી વૃદ્ધિસૌભાગ્ય તચ્ચિષ્ય કર્પૂરસૌભાગ્યેનાલેખિ. પ.સં.૯-૧૩, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨. ૧૩૭/૮ ° ૫૦૭.

### (૪૨૬૬) સડ્ઢદિણકિચ્ચ ટબો

મૂળ પ્રાકૃત.

**આદિ**– (વી)રં કહીઇ શ્રી **મહાવીર** પ્રતિં નમિઊણ કહીઇ નમસ્કરીનિં ...બોલીસિ શ્રાવકનું દિવસનું કરણી વીતરાગ તેહનું જે મુખ તેથી નિંસર્યું જે સિદ્ધાંત તણિઇ કરી બોલું (૧) જાગ્યો અનિં નોકારઃ નમો અરિહંતાણં કહઇ, સંભારવો શ્રાવકનિં કહસ્યઇ વ્રત માહરાં કહિસ્યઇ ૩...(૨)

**અંત** – કરીનિ શ્રાવકનું દિનકૃત્ય...(૩૩૯) અજાણપણઇ કરીનઇ...બુદ્ધિનઇ વિભ્રમપણઇ મહાર્થ-સંયુક્ત જે મે ઇહાં અવિરુદ્ધ કહ્યું હોઇ તે મુઝનેં હો ત્રિવિધ મિચ્છામિ દુક્કડં (૩૪૦)

—ઇતિ ટબાર્થ સંપૂર્ણઃ.

(૧) સં.૧૭૪૪ વર્ષે દ્વિતીય આસાઢ વદિ ૨ દિને લિખિતો યં ગ્રંથઃ. પ.સં.૪૫-૪+૧થી ૩, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૪૦૮/૧૯૬૩.

### (૪૨૬૭) કાર્તિકપંચમી કથા ટબો

મૂળ કનકકુશલકૃત સંસ્કૃત.

**આદિ**– લક્ષ્મીવંત **પાર્શ્વનાથ** જિનનાં ઠાકુર...

**અંત** – લક્ષ્મીવંત **તપ**ગચ્છ રૂપ...(૧૫૦)...ગણિ **વિજયસુંદર**ના કહીણઇં કીધા કથા મૈં પહિલિ બાબાઇ લખી તેહ જ **મેડતા** નગરેનૈ વિષઇ.

(૧) સકલપંડિતશિરોવતંસ પંડિત શ્રી ૬ શ્રી શ્રી **ચતુરસૌભાગ્ય**-ગણિ ક્રમાંભોરુહચંચરિક ગણિ **દીપસૌભાગ્યે**ન લિખિતં ગણિ **માનસૌભાગ્ય**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાચનાર્થં. સં.૧૭૪૫ વર્ષે શ્રાવણ માસેઽસિત પક્ષે ક્ષિતિતનય વારકે સાણંદ ગ્રામે ચતુર્માસકે લિખિતં. પ.સં.૨૪–૭ + ૨, પ.ક્ર.૧૬થી ૨૪, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૧૬૧/૨૦૨૮.

**(૪૨૬૮) દીપાલિકાકલ્પ ટબો**

મૂળ મલધારી હેમચંદ્રકૃત ટબો.

**આદિ** – થાન્હો શ્રી **વર્ધમાન** સ્વામીના સુખનઇ કાજિં પગના જે નખ ઉત્તમ નઇ...

**અંત** – એહવઇ ભગવંતનું નિર્વાણ સાંભલિનઇ હવઇ **ગૌતમ** ઇન્દ્રે કહ્યું : એ નિર્માન ઉપરિ મમત્વ કિમ કરાઇ? ઇમ ચિંતવતાં કેવલનો મહિમા કીધો શ્રી **ગૌતમ**નો ઇન્દ્રપ્રમુખ દેવતાઇ. (૨૬૫)

—એ દિવાલીકલ્પઃ.

(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૧થી ૧૬.

**(૪૨૬૯) વિચારકાવ્ય બાલા.**

મૂળ સંસ્કૃત.

**આદિ** – નવ તત્વ (૯) : જીવ (૧) અજીવ (૨) પુન્ય (૩) પાપ (૪) ...

**અંત** – એ સર્વ એકઠાં મિલ્યાં તીર્થંકરના ૩૪ અતિશય જાંણવા. એવં કારઇ સર્વ બોલ ૨૫૨ એ કાવ્ય માહઇ છઇ, સર્વ દ્વારા ૨૬ છઇ.

—ઇતિ વિચારકાવ્યં.

(૧) સં.૧૭૫૮ વર્ષે ફાગુણ માસે. પ.સં.૨–૨ + ૧૪, પ્ર.ક્ર.૧, પ્રુ. સ્ટે.લા. નં.૧૮૯૫.૧૭૪/૨૨૨૦.

**(૪૨૭૦) વિચારકાવ્ય બાલા.**

મૂળ સંસ્કૃત.

**આદિ** – લજ્જા થકીઽદ્ધર્મંદિત **નાગિલા** મૂંકી **ભવદેવ** વિધવ **ભવદેવ**ની પરઈ ચારિત્રધર્મ લહઈ તે કથા થકી ભાવાર્થ જાંણવઉ (૧)...

**અંત** – એ અઢારઇ દ્દષ્ટાંતઇં ધર્મ આરાધ્યાંના ફલ ઊપરિ છઇ. ધર્મ સેવ્યાંથી એહવા ફલ પાંમઇં ઇમ જાંણી ધર્મ કીજ્યો. અતેઃ ધર્મ્મં પ્રાપ્યતે.

—ઇતિ શ્રી વિચારકાવ્યં સંપૂર્ણં.

(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૧થી ૨.

**(૪૨૭૧) ચઉશરણ ટબો**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળ પ્રાકૃત.

**આદિ** – યત એ શ્રાવક ઉભયકાલ ષડાવશ્યક કરીયઇનઇ મંગલિકપણા હુંતિ છહે આવશ્યક વખાણુઇ...

**અંત** – તેહિ જ ચઉસરણઉ અધ્યયન ધ્યાવઇ જે તિહું સંઝનઇ વિષઇ સફલ કરણ છઇ મોક્ષના સાસતાં સુખનઉ (૬૩)

—ઇતિ ચઉસરણઉ પયન્નઉ પૂરઉ થયઉ.

(૧) સં.૧૭૬૩ વર્ષે પોસ સુદિ ૧૧ દિને શ્રી **નાપાસર** મધ્યે વાચનાચાર્ય શ્રી **જ્ઞાનનિધાનગણિજી** શિષ્ય પં. **વીરા** લિખિતં. પ.સં.૬–૬ + ૩, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૪૯૩/૧૭૬૫.

## (૪૨૭૨) દીપાલિકાકલ્પ ટબો

મૂળ જિનસુંદરકૃત સંસ્કૃત.

**આદિ** – શ્રી **વર્ધમાન** તીર્થંકર છે કેહવા મંગલીનો જે પ્રકાસ કરવો તેહનેં વિશેં દીપક સમાન છઇ સુવર્ણવર્ણ છઇ...

**અંત** – સંવત્સરે ક. કેહા સંવતનઇ વિષઇ અગ્નિ ક. તીન ૩ દ્વીપ ક. સાત ૭ વિશ્વ ક. ચઉદ ૧૪ સંમિતે ક. સંવત... **જિનસુંદર** આહ્વયઃ ક. નામ છઇ જેહનું (૪૩૩...૪૩૪)

—ઇતિશ્રી દીપાલિકાકલ્પ સમાપ્તઃ.

(૧) સં.૧૭૭૬ વર્ષે કાર્ત્તિક વદિ ૧૩ તિથૌ ગુરુવાસરઇ **મલકાપુરે.** પ.સં.૩૪–૬ + ૧થી ૩, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૩૦૨/૧૮૧૦.

## (૪૨૭૩) યતિપ્રતિક્રમણ સૂત્ર સ્તબક

મૂળ પ્રાકૃત.

**આદિ** – પ્રણમ્ય શ્રી **મહાવીરં** સર્વમંગલદાયકં
પ્રતિક્રમણસૂત્રસ્ય સ્તિબુકો લિખ્યતે મયા. ૧
નમો અરિહંતાણં ઇતિ પ્રકટાર્થો ન વ્યાખ્યાતઃ

**અંત** – ઈણઇ આલોચના નિન્દિય પહીનઈ દુગંછીનઇ સમ્યક્ પ્રકારિ તિવિહેણ પડિક્કમઉં જિન ચઉવીસ પ્રતિ.

—ઇતિ શ્રી સાધપ્રતિક્રમણ સમાપ્તં.

(૧) શ્રી **રાજનગર** મધ્યે લિપીકૃતા સં.૧૭૮૨ રા વર્ષે મિતી. પ.સં. ૫–૬ કે ૭ + ૨, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૧૩૮/૨૦૦૦.

## (૪૨૭૪) ત્રીસ બોલ

**આદિ** – દંડક (૧) લેશ્યા (૨) ઠીતી (૩) અવગાહણા (૪) વિરહ કાલએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચેવ (૫) ભવણુ (૬) ગત્તાગતી (૭) સંઘયણુ (૮) સંઠાણુ (૯) વેદે ય (૧૦) (૧) યોગ (૧૧) ઉવઓગ (૧૨) સરીરં (૧૩) ગુણુઠાંણું (૧૪) દિઠ્ઠ (૧૫) પજ્જંતી (૧૬) પાણુ ય (૧૭) નાણુ અનાણે (૧૮) સંજઈ (૧૯) મ-આઇણુ આહારે (૨૦) (૨) આહાર ઇચ્છા (૨૧) આહારે (૨૨) કાયઠ્ઠિઇ (૨૩) સમુઘાઉ (૨૪) કુલા (૨૫) આઉ (૪૬) દેવ (૨૭) જરાઉ (૨૮) પરિગ્ગહઉ (૨૯) સંતરં ચેવ (૩૦) (૩) હિવઇ પ્રથમ દંડકના બોલાનું દુવાર લિધીયઇ છઇ. સાતે નરકે થઈ એક દંડક. તે સાત નરકના નામ ઘંમા (૧) વંસા (૨) ...

**અંત** – હિવઇ નિરંતર આઠ સમા લગઈ મોક્ષ જાય તિવાર પછી અંતર પડઇ એક સમઇ ઉત્કૃષ્ટા કેટલા મોક્ષ જાય એક સો આઠ. ૧૦૮. ઇતિ સંતર-દારં સમત્તં. (૩૦)

—એ ત્રીસ બોલ સમાપ્તં.

(૧) સં.૧૭૯૧ કાર્તિક માસે કૃષ્ણુ પક્ષે દ્વિતીયાયાં તિથઉ ગુરુવાસરે શ્રી કૃષ્ણુગઢ મધ્યે લિપીકૃતોડયં. પ.સં.૨૩–૧૫, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨. ૩૮૯/૧૭૯૯.

## (૪૨૭૫) સિંદૂરપ્રકર ટબો

મૂળ સોમપ્રભકૃત સંસ્કૃત.

**આદિ** – શ્રી જિનેસ્વર ભગવાંનનઇ નમસ્કાર કરીનઇં સીન્દૂરપ્રકર સુભાષિતસૂત્ર ટબાર્થ લિખઇ છઇ. સિદૂર સમૂહ તપ હસ્તી મસ્તક મધ્યભાગ ક્રોધાદિક બન...

**અંત** – સેવતઉ હૂઓ **અજિતદેવા**ચાર્યકા પાટ રૂપી ઉદયાચલનઇં પુનઃ સૂર્ય **વિજયસિંહ** આચાર્યકા ચરણુકમલાંકઇ વિષઇ...**સોમપ્રભ** નાંમ આચાર્ય રચ્યા મુનિ...રાં કી આજના પાઇ સુભાષિત રૂપી મોટચાંકી પંક્તિ.

(૧) સં.૧૭૯૯ વર્ષે વઇશાખ વદિ ૮ શુકરવારે લિખિતં પંડિત **મયાચંદ** સ્વેતાંબર મહિપાલાણી સાહજી શ્રી શ્રી શ્રી **આનંદરામ**(...) રા સાહજી શ્રી **નિર્ભઇરામજી** પઠનાર્થે. પ.સં.૧૪–૯+૩, પ્રુ.સ્ટે.લા. નં. ૧૮૯૩.૩૭૩/૨૦૮૨.

[જૈહાપ્રોસ્ટા પૃ.૨૨–૨૩, ૬૮–૬૯, ૭૭–૭૮, ૧૩૨, ૨૦૬–૦૭, ૨૦૯, ૨૧૦, ૩૪૭, ૩૫૧, ૪૬૦ તથા ૪૭૮.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧૨૨૮. અજ્ઞાત** (ગદ્યકૃતિઓ)

**(૪૨૭૬) કલ્પસૂત્ર બાલા.**

**આદિ** – ગ્રામ ક્રીટી નર થયા. બ્રાહ્મણુ કુંડગ્રામ નગર. **ઋષભદત્ત** એહવૈ નામૈ બ્રાહ્મણુ **કોડાલ**ગોત્રનઉ ધરણુહાર. તેહની ભાર્યા **દેવાનંદા** નામિઇ બ્રાહ્મણી **જાલંધર**ગોત્રની ધરણુહાર. આધિ રાત્રિ ગઇ આધી રાત્રિનૈ વિષૈ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનૈ વિષૈ ચંદ્રમા જોગ આવૈ થકૈ. દેવતાનો આહાર છોડયા દેવતાના ભવ છોડયા દેવતા સંવંધીયા વૈક્રી દેહ છોડી. કુક્ષિનૈ વિષે ગર્ભપણે ઊપના. શ્રમણુ તપશ્વી ભગવંત શ્રી **મહાવીરદેવ**. તિહુ ન્યાને કરી સહિત હિસા. મતિ શ્રુતિ અવધિ. ચવનના કાલ જાણુઇ ભગવંત. ચવિવાનઉ કાલ ન જાણૈ ચવ્યા પછે જાણૈ ચવ્યઉં.

**અંત** – તેણૈં કાલિ તેણૈં સમૈ શ્રમણુ ભગવંત શ્રી **મહાંવીર ઇંદ્રભૂતિ** પ્રમુખ ચૌદાહ સહશ્ર મુનીસ્વર ઉત્કૃષ્ટ શ્રમણાની સંપદા હૂઈ. શ્રમણુ ભગવંત શ્રી **મહાંવીર**દેવકી આર્યા **ચંદનબાલા** પ્રમુખ છત્તીસ હજાર આર્યા ઉત્કૃષ્ટ આર્યાની સંપદા હૂઈ. શ્રમણુ ભગવંત દેવ શ્રી **મહાવીર**દેવ **સંષસત્તક** પ્રમુખ શ્રમણોપાસક શ્રાવક એકલક્ષ ઉણુસઠ્ઠિ સહસ્ર ઉત્કૃષ્ટી શ્રાવકની સંપદા હૂઈ. શ્રમણુ ભગવંત શ્રી **મહાવીર**દેવ **સુલસા રેવતી** પ્રમુખ શ્રમણોપાસિકા શ્રાવિકા તિનિ લાખ અઠ્ઠાર સહસ્ર ઉત્કૃષ્ટી સુશ્રાવિકા પુન્યપ્રભાવિકાની સંપદા હૂઈ શ્રમણુ ભગવંત શ્રી મહાવીર ત્રિનિ સય ચૌદસ પૂર્વધર હૂયા. સર્વજ્ઞ નહી પરૂ સર્વજ્ઞ સરીખા સર્વાક્ષર સર્વ વર્ણસંજોગ જિનની પરૈ સાચૌ અર્થ બોલૈ છૈં.

(૧) સંવત્ ૧૭૧૩ વર્ષે જ્યેષ્ટ માસે સુકલ નવમ્યાં તિથૌ ગુરુ દિને શ્રીમદ્ ઉત્તરાધ્યગચ્છે શ્રીમત્ **સિંઘરાજ્ય**સ્ય સિષ્ય: **અમરમુનિ:** તસ્ય શિષ્ય **સુફેરચંદમુનિ** તસ્યાંતેવાસિના **સદાનંદમુનિ**નેદમલેખ્યામાર્થં કલ્પસૂત્રાભિધાનં પુસ્તકં વિગૃહ્ય **સુંદરમુનિ** પાર્શ્વાત્ શ્રીમદ્ **સદાનંદસૂરિ**વિદ્યમાને શ્રીમત્ **કટક** નગરે લેખકપાઠકયોઃ શુભં ભૂયાત્.

વંકગ્રીવા કટિભગ્નં, ઉર્દ્ધજાનુમહોસિર,
કષ્ટેન લિખ્યતે પુસ્તકં જતનેન પ્રતિપાલિતં. ૧
તેલં રક્ષે જલં રક્ષે, રક્ષેતુ સિત્થલબંધનાત્



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂર્ખહસ્તે ન દાતવ્યં, અવં વદત્ પુસ્તકં. ૨

(બાલા.ને અંતે) લિખિતં પ્રાલ્હાદર્ષિ: તત્શિષ્ય સૂરતિ ઋષિ આત્માર્થે.

પ.સં.૧૪૯-૧૫(૨૩), ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં.સં-૩૩૪૯.

**(૪૨૭૭) એકવીસ થાણુ પ્રકરણ ટબાર્થ**

મૂળ કૃતિ સિદ્ધસેનસૂરિની પ્રાકૃત ભાષામાં.

**આદિ** – **આદિનાથન**ઉ પિતા નાગકુમાર માહિ ઉપના...આઠ તીર્થંકરના પિતા વીજૈ દેવલોકિ ગયા. આઠ માહેંદ્ર ૫ દેવલોકિ ગયા. ૧૧

**અંત** – નવ કોડિ મુન. નવ કોડાકોડિ સાગરોપમઇં ઊણા છાસઠિ ૬૬ લાખ વરિસ ઊણા. ૨૬ હજાર વરિસઇ ઊણા. ૨૮.

(૧) સકલભટ્ટારકપુરંદરસુંદર **ત**પાગચ્છાધિરાજ ભટ્ટારક શ્રી **વિજય-સેનસૂરિ** શિષ્યમુખ્ય મહોપાધ્યાય શ્રી **કીર્ત્તિવિજયગ**ણિ શિષ્ય પં. **જિન-વિજયગ**ણિના લિખિતં. સં.૧૭૨૨ વર્ષે આશ્વિન માસે કૃષ્ણ પક્ષે ષષ્ટચાં બુધે શ્રી **આગરા** નગરે. (પછીથી ઉમેરેલું) સકલશ્રાવિકામુખ્ય શ્રાવિકા શ્રી **કમ**નાજી પઠનાર્થં. **આગરા** નગર મધ્યે. પ.સં.૧૧-૧૦, ૧૦મું પત્ર નથી, ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં.સં-૩૪૦૧.

**(૪૨૭૮) વીસ નમસ્કાર**

**આદિ** – શ્રી ગુરૂભ્યો નમઃ સં.૧૭૩૦ વર્ષે.

૧ ઓં હ્રીં નમો અરિહંતાણં. અરિહંતનો પ્રસાદ કરાવવો નહી તો ન ઘરો મુંકઇ

૨ ઓં હ્રીં નમો સિદ્ધણં. શીદ્ધતી ભગતી કરઇં પ્રતીમા મરાવીઇ.

૮ ઓં હ્રીં નમો નાણસ્સ. જે ભણ્યું ગણ્યું હુઇ તે સંભારઇ.

૯ આં હ્રીં નમો દંસણસ્સ. લાડ અપે સામીની ભગત કરે.

**અંત** – ૨૦ ઓં હ્રીં નમો તીથસ્સ. સંઘની ભક્તિપ્રભાવના કરઇ.

(૧) પ.સં.૧-૧૮, પ.ક્ર.૩૨૫, ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૩૪૦૦ જી.સી.

**(૪૨૭૯) પૃથ્વીરાજ વેલી** અથવા **કૃષ્ણરુક્મિણી વેલી બાલા.**

શબ્દાર્થ અને સળંગ વિવરણ રૂપે.

**આદિ** – વાચાલ હુઉં ગ્રથિલ મનસા સાર્દ્ધં ધાવમાન મારગ...

*

કિરિ જાણે. કાજલરૂપ જલ વાલ્યો છઇ. ઇમ બાણ બરાબરી નયનબાણ સમર્થાં = ૪ = નાસિકારૂપ હડિ. ભુહરૂપી ગુસરિકા =

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અલક સમાસ્યા કે સનિ લાટ ઉપરિ છઇ લટ વક્ર નીકલી તે =
૧ = જન્જાણે વિસહર સર્પ તિયાંરી રાશિ હુઇ =...

**અંત** – પૃથુવેલિકિ પંચવિધિ પ્રસિધ પ્રનાલિ. આગમ નિગમ કજિ અખિલ...

*

પંચ પ્રકાર આગમ કહ્યા. સૂત્ર ભાષા નિર્યુક્તિ ટીકા (    )
૫ જિકા રૂપ ગ્રંથરી નિગમરસ કાઢવારી પ્રગટ પ્રનાલિ છઇ=૨.

(૧) સં.૧૭૩૫ ફાલ્ગુન સુદિ ૫ **બારેજા**. પ.સં.૧૭–૧૩, ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૧૫૭૧એ.

## (૪૨૮૦) (નારચંદ) જ્યોતિઃસાર પર ટબાર્થ

**આદિ** – શ્રી ગણેશાય નમઃ શ્રી અરિહંતનૈ માહરઉ નમસ્કાર. (કે)હવા છઇ અરિહંત રાગાદિ વયરી જીતા છઇ. શ્રી **નારચંદ્ર** ઇસઇ નામઇ બુદ્ધિવંત યોતિષનઉ રહસ્ય સાર ઉધાર કરિનઇ કાઈ એક જ્યોતિષરૂપીયો સમુદ્ર એ તીણરી નિધિકહતાં ધૃતસાર કહિસ...

**અંત** – સસિનાડી વામી સૂર્યરી જીમણી નાડિ વહઇ. સસિનાડી પુત્રી હવઇ. રવિનાડીયૈ પુત્રનૌ જન્મ જાણિવૌ. વેવેસ્વર વહઇ તો ગર્ભનૌ વિણાસ જાણિવઉ. ઇતિ સ્વર ગર્ભ જ્ઞાનં...

(૧) સં.૧૭૫૧ વર્ષે વૈશાખ માસે શુક્લપક્ષે ચતુર્થ્યાં તિથૌ ભૌમવાસરે. શ્રીમન્**મૌલત્રાણનગર** મધ્યે પંડિત **નેતસીહેને** લિપીચક્રે. પ.સં.૧૩–૭, મૂલ સાથે, ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૩૩૧૫.

## (૪૨૮૧) રાજપ્રશ્નીય સૂત્ર બાલા.

પહેલા અધિકાર સુધી.

**આદિ** – **પાર્શ્વ**મભિગચ્ય=જેણઇ અવસર્પિણી કાલ ચઉથઇ આરઇ તેણઇ સમઇ જેણુ સમઇ દેવ તે નાટક દેખાડચા **આમલકપ્પા** નયરી પૂર્વ હુંતી ધનધાન-સમરિધ પૂર્ણ્ય દેખવા જોગ્ય વર્ણન જાણવો પ્રહ્લાદકારી મનોજ્ઞ વિશેષ દેખવા જોગ્ય તે **આમલકપ્પા** નગરીઇં બાહિર ઉત્તરપૂર્વ વિચ ઈસાન કૂણઇ આમ્રસાલવન નામ ચેતયક્ષાયતનહું જૂનઉ છે =

**અંત** – તેહ જ ફેરીનઇ ચાપચારુ ચર્મ દંડ ખડ્ગ પાસના ધરણહાર આત્મરક્ષક ભાવ પ્રતઇ પામ્યા છઇ ગોપી કરઇ પ્રવેસ કરઇ યુક્ત જોગ્ય છઇ પ્રતેકઇ પ્રતેકઇ સામય અધાર વિનય થકી કિંકર રૂપની પરિ રહઇ હિવઇ **ગૌતમ** પૂછઇ **સૂર્યાભ**ની પૂજ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેતલી કાલ સ્થિત આયરિત્યર્થ: ગૌતમ = ચારિ પલ્યપમ સ્થિતયે છઇ કહી સૂર્યાભની હે પૂજ્ય દેવની સામાન્યક અભ્યંતર પરષદની વસણહાર દેવની મહાર્દ્ધિ મહાક્રાંતિનો ધણી...

(૧) લ.સં.૧૭૬૩ વર્ષે કાર્ત્તિક માસ દસમ્યાં કૃષ્ણ પક્ષે લિખતં જઇસિંઘ ઋષિ ગુરુદેવ સૂરત ઋષિ અર્થે લિપીકૃતં સુલતાનપુર નગર મધ્યે. પ.સં.૮૩-૮(૧૬), ઋષિ. ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૩૩૬૬.

**(૪૨૮૨) નવતત્ત્વ બાલા.**

**આદિ** – પહિલો જીવતત્વ જીવતો જ્ઞાનમય સુખદુઃખ ભોક્તા તે જીવ કહીઈ ૧. જીવતત્વ બીજું જે ચેતનારહિત સુખદુઃખ ન જાણઇ તેડજીવતત્વ ૨. શુભ કર્મના પુદ્ગલ જીવ અંગીકરેં તે પુણ્ય-તત્વ ત્રીજું ૩. અશુભ કર્મના પુદ્ગલ જીવ અંગીકરે તે પાપ-તત્વ ૪. તેણેં કર્મ કરી આત્મા ભારી થાઇં તે આશ્રવતત્વ ૫. જે પાપના ભાર આવતા રાખઇં તે સંવરતત્વ ૬. જે બાંધ્યા કર્મ ટલેં જિમ સૂર્યકિરણે જલ સૂકાયે તિમ કર્મ જેથી ટલેં તે નિર્જરાતત્વ ૭. જીવનેં કર્મનેં ડંધ પાણીની પરે એકઠા થાઇં તે બંધતત્વ ૮. સુભ તથા અસુભ કર્મથી આત્મા મુંકાઇં કેવલ જ્ઞાનક સ્વરૂપ આવેં તે મોક્ષ તત્વ ૯.

*

હિવેં ભાગ અભવ્ય થકી અનંત ગુણે સિદ્ધ અધિકા છેં તોહિ પણિ ત્યારિં સર્વ જીવ આણા જોઇઇ જીવારઇ સર્વ જીવનેં અનંતમઇં ભાગેં સીદ્ધ છેં એ ભાગરૂપ સાતમો ભેદ ૭ હિવેં આઠમો ભાવભેદ કહેં છે જે સીદ્ધ તે કહેંવા છેં અનેં ભાવના બિં ભેદ તે જીમ ક્ષયિક ભાવ ૧ પારિણામિક ભાવ ૨ પહિલો ખાઇક ભાવ તે બે ભેદે તે જીમ દાન લબ્જિ ૧ ભાવ લબ્જિ ૨ વીર્ય લબ્જિ ૩ ભોગ લબ્જિ ૪ યોગ લબ્જિ ૫ સમ્યકત ૬ ચારિત્ર ૭ કેવલજ્ઞાન ૮ કેવલદર્શન ૯...

**અંત** – અંતર્મુહૂર્તમાત્ર પણિ સ્પર્સ્યું જેણિ ભવ્યજીવેં સમ્યક્ત્વ હુઇં = તેહને અર્દ્ધપુદ્ગલ સંસાર પર્યટન કરતાં મોક્ષસિદ્ધિ સહી. ૪૫

(૧) ઇતિ નવતત્ત્વ ટબાર્થ: સંપૂર્ણં સંવત ૧૭૭૪ વર્ષે પોસ વદિ ૯ દિન ઇતિશ્રેય. પ.સં.૬-૩(૪), ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૩૨૮૭સી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪૨૮૩) દીપાલિકાકલ્પ ટબાર્થ

**આદિ** – શ્રી ગુરુભ્યો નમઃ. શ્રી સારદાય નમઃ. શ્રી ગણુપતી નમઃ. અજ્જ-માહા પ્રતિહાર્યની શ્રી શૌભાઇ યુક્ત એહવા શ્રી **વર્ધમાન** સ્વામી મંગલિકના દીપક છે. કેહવા છઇ પ(?)ના છઇ કિર્ત(ર્ત્તિ) જેહની. દેઉ અતૂલ અનોપમ કલ્યાંણુ આરોગ્ય.

**અંત** – માહરા નિર્વાણુ થકી ત્રાણું અધિક નવશત વર્ષ ગયે હુંતઇ **કાલિક** એહવે નામઇ આચાર્ય થાસ્યૈ. કેહવા ઇંદ્ર તેણે વંદિત છઇ. એતલે ૯૯૩ વર્ષે વિરાત્ તે શ્રી **કાલિકાચાર્ય** પર્જૂસણ પર્વ ભાદ્રપદ સુદિ ૫ વા ચોથેં આણુસૈં. તદાકાલિત સર્વ આચાર્યનઇ અનૂમતઇ અક્ષરનઇ કોઈક હેતુ કારણુ દેખીનઇ આંણુસ્યઇ. સર્વ સંમતપણેં કરીને પોતાને વાંદો નહી. બાર સત અનેં સત્યરિ વર્ષ ૧૨૭૦ માહારો નિર્વાણુ થકા શ્રી **બપભટ્ટિ** નાંમા આચાર્ય થાસ્યૈ. કથંચિત્ પૂર્વાશ્રયી તત સમપ-ગતસર્વવિદ્યાનિપુણુ થાસ્યૈ.

(૧) ઇતિ શ્રી દીપાલીકલ્પ ટબાર્થેન લિખિતં. સંવત્ ૧૭૮૬ વર્ષે જ્યેષ્ઠ વદિ ૧૦ દિનૈ લખિતમિંદં પં. પુન્યકુશલ વાચનાર્થં. (નીચે) પં. શાંતિકુશલગણી લિખિતં. શ્રી જીર્ણદુર્ગ મધ્યે. પ.સં.૩૧–૧૬(૧૯), ઇંડિયા ઓફિસ લાયબ્રેરી નં. બુહ્લર-૩૦૫.

[કેટલૉગગુરા પૃ.૧૮–૧૯, ૨૮, ૩૬–૩૭, ૪૨–૪૩, ૪૫, ૬૩, ૧૦૮, ૧૫૪–૫૫.]

□ □ □

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુજરાત હમેશનું ઋણી

'જૈન ગૂર્જર કવિઓ' આમ તો છે હસ્તપ્રતોની એક ઉત્તમ યાદી જ, પણ અનેકવિધ ભાષાકીય સંશોધન માટે એમાંથી કેટલીબધી સામગ્રી મળે તેમ છે તે અભ્યાસીઓ જ સમજી શકે. અહીં ધર્મ છે, સાહિત્ય છે, ઇતિહાસ છે, ભૂગોળ છે, પ્રેરક ચરિત્રો છે, વ્યવહારની વીગતો છે, નીતિબોધ પણ છે.

ગુજરાતી ભાષા અને સાહિત્યના અભ્યાસીને વિપુલ સામગ્રી પૂરી પાડતા દળદાર ગ્રંથો આપી સ્વ. મોહનલાલ દેશાઈએ એક ગંજાવર કાર્ય હાથ ધરી તેને પૂરું કર્યું હતું તે માટે ગુજરાત એમનું હમેશનું ઋણી છે. જે જમાનામાં સંશોધન માટે આવશ્યક દૃષ્ટિ, ઝીણવટ અને સમુચિત યોજનાનો આપણે ત્યાં ખાસ ખ્યાલ ન હતો તે જમાનામાં એકલપંડે ગજબની સંશોધનવૃત્તિ ને શકિત મોહનભાઈએ દાખવી એ જેવીતેવી વાત નથી.

આવા એક અસામાન્ય ગ્રંથનું નવસંસ્કરણ કરવું એ જેવીતેવી વાત નથી. જયંતભાઈ પોતાની આગવી ઝીણવટ; શાસ્ત્રીય ચોકસાઈ અને નિષ્ઠાપૂર્વકના ઊંડા અભ્યાસ માટે એટલા જાણીતા છે કે 'જૈન ગૂર્જર કવિઓ'ના નવસંસ્કરણ માટે એમની થયેલ વરણી સર્વથા સમુચિત અને પ્રશસ્ય છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વૈવિધ્યભરી પ્રશસ્ય પ્રવૃત્તિઓમાં આ ગ્રંથનું પ્રકાશનકાર્ય મહત્ત્વનો ઉમેરો છે. અને એ માટે એ સંસ્થા ને તેના સંચાલકોને ધન્યવાદ ઘટે છે.

ભૂપેન્દ્ર બા. ત્રિવેદી

(ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક, ઑક્ટો–ડિસે. ૧૯૮૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org